

Dhanraj Group

દેશ-પરદેશની આજકાલ

રાજકોટ, જામનગર, ભાવનગર, પોરબંદર અને અમદાવાદથી એક સાથે પ્રગટ થતું એક માત્ર દૈનિક

શહેર આવૃત્તિ
પાના-૧૪
શનિવાર-રાજકોટ
Dt. 28.11.2026



▶ અંક : ૧૮ ▶ વર્ષ - ૩૧ ▶ કારતક વદ - ૪/૫ ▶ સં. : ૨૦૮૩ ▶ કિંમત રૂા. ૪.૦૦ ▶ ફોન : ૦૨૮૧-૨૪૮૧૫૫૭-૫૮ ▶ RNI No. 66361/97 ▶ Postal Reg. No. 541/2019-2021 POST AT RMS RAJKOT www.aajkaaldaily.com dgaajkaal@gmail.com

કોરોનાની રસીની સાઈડ ઈફેક્ટ હતી જ: મસ્ક

એક્સ પ્લેટફોર્મ પર ઝકરબર્ગ રસીકરણ કાર્યક્રમ સાથે જોડાયેલી આડઅસરો વિશે ચર્ચા કરી રહ્યા હતા જેમાં ઈલોન મસ્કે વીડિયો પર પ્રતિક્રિયા આપી

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

ઈલોન મસ્કે કોવિડ-૧૯ રસીઓની આડઅસરો અંગે એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. એક્સ પ્લેટફોર્મ પર, તેમણે ફેસબુકના કો-ફાઉન્ડર અને મેટાના સીઈઓ માર્ક ઝકરબર્ગના એક વીડિયો પર માત્ર હા લખીને પ્રતિક્રિયા આપી છે. આ વીડિયોમાં ઝુકરબર્ગ રસીકરણ કાર્યક્રમ સાથે જોડાયેલી આડઅસરો વિશે ચર્ચા કરી રહ્યા હતા. ઝુકરબર્ગે જણાવ્યું હતું કે કેવી રીતે યુનાઈટેડ સ્ટેટ્સમાં બાઈડેન વહીવટીતંત્રે તેમને આવી માહિતી દબાવવા માટે દબાણ કર્યું હતું.



અમેરિકામાં, સોશિયલ મીડિયા પર કોવિડ-૧૯ રસીઓની વિવિધ આડઅસરો અંગેના દાવા વારંવાર સામે આવતા હોય છે. વિશ્વના સૌથી ધનિક વ્યક્તિએ આ રીતે પ્રતિક્રિયા આપીને પોતાની સહમતી દર્શાવી છે, જેનાથી કોવિડ-૧૯ રસીની આડઅસરો અંગે ચાલી રહેલી ચર્ચા વધુ તીવ્ર બની છે. આ પોસ્ટ સેયર જી નામના એક યુઝર દ્વારા કરવામાં આવી હતી, જેમણે ધ જો રોગન એક્સપિરિયન્સ પોડકાસ્ટ દરમિયાન મેટાના સીઈઓ માર્ક ઝુકરબર્ગ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓનો ઉલ્લેખ કર્યો હતો. પોસ્ટમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે મેટા પર કોવિડ-૧૯ રસીઓની સંભવિત આડઅસરો સંબંધિત માહિતી હટાવવા માટે દબાણ કરવામાં આવ્યું હતું.

આજે સવારે, ઈલોન મસ્કે એક્સ પ્લેટફોર્મ પર માર્ક ઝુકરબર્ગના એક જૂના ઈન્ટરવ્યુની ક્લિપ શેર કરી અને તેની સાથે માત્ર હા લખ્યું. આ પ્રતિક્રિયા મસ્કની સહમતી સૂચવે છે. વીડિયોમાં, ઝકરબર્ગ રસીઓની આડઅસરો વિશે ચર્ચા કરે છે. ખાસ કરીને અમેરિકી સરકારની કાર્યવાહીના સંદર્ભમાં.

(અનુ. ૧૧મા પાને)

સીમાંકન બિલને લઈને વિપક્ષ આકરા તેવરમાં ખડગેએ તેને લોકશાહી માટે ખતરો ગણાવ્યું

કેન્દ્ર સરકાર દ્વારા પ્રસ્તાવિત બંધારણીય સુધારા ખરડાનો સખત વિરોધ વ્યક્ત કરવા માટે ઈન્ડિયા ગઠબંધનના નેતાઓએ દિલ્હીમાં સંયુક્ત પત્રકાર પરિષદ યોજી મોદી સરકાર પર કર્યા આકરા પ્રહાર

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

સંસદના વિશેષ સત્ર પૂર્વે, સીમાંકન ખરડાને લઈને રાજકીય ખેંચતાણ તીવ્ર બની છે. કેન્દ્ર સરકાર દ્વારા પ્રસ્તાવિત બંધારણીય સુધારા ખરડાનો સખત વિરોધ વ્યક્ત કરવા માટે 'ઈન્ડિયા' ગઠબંધનના નેતાઓએ દિલ્હીમાં સંયુક્ત પત્રકાર પરિષદ યોજી હતી.

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અને રાજ્યસભામાં વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ સીમાંકન બિલ અંગે પ્રેસ કોન્ફરન્સમાં એક મહત્વપૂર્ણ

(અનુ. ૧૧મા પાને)

મતદાર યાદીમાંથી ગડબડ કરનારને સીમાંકનની જવાબદારી સ્વીકાર્ય નહીં

ખડગેએ કહ્યું, સીમાંકનની જવાબદારી ચૂંટણી પંચને સોંપવામાં આવી રહી છે. એ જ ચૂંટણી પંચ કે જેણે મતદાર યાદીમાંથી ૧૦ કરોડથી વધુ લોકોના નામ હટાવી દીધા છે. આ અમને સ્વીકાર્ય નથી. જ્ઞાનેશ કુમાર શંકાના દાયરામાં છે. જો આ પ્રક્રિયા તેમના નેતૃત્વ હેઠળ હાથ ધરવામાં આવશે, તો તેનાથી માત્ર વધુ અનિયમિતતાઓ જ સર્જાશે. આસામ અને જમ્મુ-કાશ્મીરમાં સીમાંકન કેવી રીતે કરવામાં આવ્યું હતું તે આપણે જોઈ ચૂક્યા છીએ. આ તેના સ્પષ્ટ ઉદાહરણો છે. તેઓ પોતાના સ્વાર્થને સાધવા માટે ભૌગોલિક સીમાઓ ફરીથી નક્કી કરે છે. તેઓ સંપૂર્ણ સત્તા હસ્તગત કરવા માટે આક્રમક રીતે કામ કરી રહ્યા છે.

કેન્દ્રમાં સુપ્રિયા સુલેને મંત્રી પદ મળશે?

જો બિલ પસાર થાય તો સૌની નજર મોદી કેબિનેટમાં સંભવિત ફેરફાર પર રહેશે. શરદ પવારની એનસીપી (એસપી) સીમાંકન બિલને સમર્થન આપવાના બદલામાં સત્તામાં હિસ્સો ઇચ્છે છે. કેન્દ્રમાં અને મહારાષ્ટ્ર સરકારમાં પણ. અહેવાલો સૂચવે છે કે કેન્દ્રમાં સુપ્રિયા સુલે માટે મંત્રી પદ અને મહારાષ્ટ્ર સરકારમાં પક્ષના અન્ય નેતાઓ માટે કેબિનેટમાં સ્થાન મેળવવા અંગે ચર્ચાઓ ચાલી રહી છે.

અમારી બેઠક જતી કરીને પવારને સાંસદ બનાવ્યા

સંસદમાં સરકારની તરફેણમાં મતદાન કરવાના વલણને લઈને કોંગ્રેસે શરદ પવાર પક્ષ પર કટાક્ષ કર્યો છે; મહારાષ્ટ્ર કોંગ્રેસે એક્સ પર લખ્યું, કોંગ્રેસ પક્ષે ૮૫ વર્ષની વયે શરદ પવાર રાજ્યસભામાં પાછા ફરે તે સુનિશ્ચિત કરવા માટે અંત સુધી તેમનો મક્કમતાથી સાથ આપ્યો. સુપ્રિયા સુલેએ શરદ પવારની ઉમેદવારી માટે કોંગ્રેસના નેતાઓ પાસે સમર્થન માંગ્યું હતું. રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેએ કોઈપણ ખચકાટ વિના સંમતિ આપી દીધી. કોંગ્રેસે તે બેઠક પરનો પોતાનો દાવો જતો કર્યો અને શરદ પવારની ઉમેદવારીને સમર્થન આપ્યું હતું.

કાશ્મીરમાં હાડ ધ્રુજાવતી ઠંડી, શ્રીનગરમાં માઈનસ ૪.૨, શોપિયાંમાં માઈનસ બે ડિગ્રી

દેશના અન્ય ભાગોમાં પણ રાત્રે ઠંડી વધવાની શક્યતા

આજકાલ પ્રતિનિધિ
શ્રીનગર

જમ્મુ-કાશ્મીરમાં નવેમ્બરના અંતિમ દિવસોમાં ઠંડીનું જોર ઝડપથી વધી રહ્યું છે. કાશ્મીર ખીણના અનેક વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન શૂન્યથી નીચે ઊતરી ગયું છે. દક્ષિણ કાશ્મીરના શોપિયાંમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૪.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જ્યારે શ્રીનગરમાં પારો માઈનસ બે ડિગ્રી સુધી ઊતર્યો છે. સવાર અને રાત્રિના સમયે ઠંડીની અસર વધુ અનુભવાઈ રહી છે.

૨૭ નવેમ્બરે જાહેર થયેલા તાપમાનના આંકડા અનુસાર શોપિયાંમાં માઈનસ ૪.૨ ડિગ્રી સાથે સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી. પુલવામામાં માઈનસ ૩.૪ ડિગ્રી, કુલગામ જિલ્લાના ખુડવાનીમાં માઈનસ ત્રણ ડિગ્રી, અનંતનાગમાં માઈનસ ૨.૭ ડિગ્રી અને કાજીગુંડમાં માઈનસ ૨.૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

આ આંકડાઓ દર્શાવે છે કે કાશ્મીર ખીણના દક્ષિણ વિસ્તારોમાં ઠંડીનું જોર વધુ છે. તાપમાન શૂન્યથી નીચે જતાં ખુલ્લી જગ્યાઓ પર રહેલો ભેજ થીજીને હિમના પાતળા પડમાં ફેરવાઈ શકે છે. આ સ્થિતિ ખેતી, બાગાયતી પાક અને વૃક્ષો માટે મુશ્કેલી ઊભી કરી શકે છે.

કાશ્મીરમાં સફરજન સહિતના બાગાયતી પાકોનું મહત્વ વધારે છે. સતત નીચું તાપમાન રહે તો છોડ અને ખેતીની કેટલીક પ્રવૃત્તિઓ પર તેની અસર પડી શકે છે. પાણીની પાઈપલાઈન અને ખુલ્લા જળસ્રોતોમાં પાણી થીજવાની સમસ્યા પણ ઊભી થઈ શકે છે.

હવામાનમાં આ ફેરફાર પાછળ પશ્ચિમી વિક્ષોભ, પવનની દિશા, વાદળોની સ્થિતિ અને સ્થાનિક ભૌગોલિક પરિસ્થિતિ જેવા પરિબળો જવાબદાર હોય છે. પર્વતીય વિસ્તારોમાં રાત્રે જમીન ઝડપથી ઠંડી પડવાથી તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. બીજી તરફ દિલ્હી અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં પણ રાત્રિના તાપમાનમાં ઘટાડો અને સવારના સમયે ધુમ્મસની શક્યતા દર્શાવવામાં આવી છે. જોકે કાશ્મીરમાં ઠંડી વધે એટલે દિલ્હીમાં પણ એટલા જ પ્રમાણમાં ઠંડી વધશે એવું જરૂરી નથી.

દિલ્હી અને કાશ્મીરના હવામાનને અસર કરતાં પરિબળો અલગ હોવાથી બંને વિસ્તારોના તાપમાનમાં એકસરખો ફેરફાર થતો નથી. ઉપલબ્ધ અહેવાલ અનુસાર દિલ્હી અને આસપાસના વિસ્તારો માટે તે સમયે સત્તાવાર શીતલહેરની ચેતવણી જાહેર કરવામાં આવી નહોતી.

બેટરી લો હોય તો બ્લિંકિટ ભાવ વધારી દે અન્ય એપ, બેટરી વગેરેની માહિતી મેળવે

કંપનીએ માર્કેટિંગ માટે માહિતી વાપરવાનો આરોપ નકારી કાઢ્યા

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

ઓનલાઈન કરિયાણું અને ઘરવપરાશની વસ્તુઓ પહોંચાડતી બ્લિંકિટ એપ ગ્રાહકોના મોબાઈલ ફોનમાંથી કેટલી માહિતી મેળવે છે તે અંગે નવો વિવાદ ઊભો થયો છે. એક ટેકનોલોજી નિષ્ણાતે બ્લિંકિટની એન્ડ્રોઇડ એપના કોડનું વિશ્લેષણ કરીને દાવો કર્યો છે કે એપ ગ્રાહકના ફોનમાં રહેલી અન્ય એપ, વાઈફાઈ નેટવર્ક, બેટરી અને ફોનની કેટલીક સેટિંગ્સ અંગે માહિતી મેળવી શકે છે. જોકે બ્લિંકિટે આ માહિતીનો ઉપયોગ ગ્રાહકોની ખરીદીની આદતોનું શોષણ કરવા માટે થતો હોવાના આરોપોને નકાર્યા છે.

સોશિયલ મીડિયા પર અનિકા બેરી નામની કન્ટેન્ટ ક્રિએટરે બ્લિંકિટની એન્ડ્રોઇડ એપના કોડની તપાસ કરી હોવાનો દાવો કર્યો હતો. તેમના જણાવ્યા પ્રમાણે એપ ફોનમાં લગભગ ૨૧ અન્ય એપ હાજર છે કે નહીં તેની તપાસ કરી શકે છે. તેમાં ઈન્સ્ટાગ્રામ, ઝોમેટો, વોટ્સએપ અને સ્લેક જેવી એપનો સમાવેશ થાય છે.

આવી માહિતીના આધારે ગ્રાહકની રુચિ, વ્યવસાય અને રોજિંદી પ્રવૃત્તિઓ અંગે અનુમાન લગાવી શકાય છે. જોકે ફોનમાં કોઈ એપ હોવી અને તેનો ગ્રાહક કેટલો ઉપયોગ કરે છે તે બંને અલગ બાબતો છે.

અનિકા બેરીએ એવો પણ દાવો કર્યો છે કે બ્લિંકિટ ફોનમાં અક્ષરોનું કદ, સ્ક્રીન ઝૂમ અને સ્ક્રીન રીડર જેવી સુવિધાઓની માહિતી મેળવી શકે છે. આ વિગતોના આધારે ગ્રાહકની ઉંમર અથવા ખરીદીની ટેવો અંગે અંદાજ બાંધવાની શક્યતા દર્શાવવામાં આવી છે. જોકે મોટા અક્ષરો વાપરનાર વ્યક્તિ વૃદ્ધ જ હોય અથવા ભાવની સરખામણી ન કરતી હોય તેવો કોઈ વિશ્વસનીય પુરાવો રજૂ થયો નથી.

વિવાદનો બીજો મુદ્દો વાઈફાઈ નેટવર્કની માહિતી છે. એક જ ઘરના જુદા સભ્યો એક જ વાઈફાઈ નેટવર્કનો ઉપયોગ કરતા હોય તો તેમના ખાતાં વચ્ચે સંબંધ હોવાનું અનુમાન લગાવી શકાય છે. આ માહિતીના આધારે પરિવારની ખરીદીની ટેવો જાણી શકાય તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે.

(અનુ. ૧૧મા પાને)

સમુદ્ર મધ્યે એન્જિન ખોટવાતા બોટ ત્રણ દિવસ અફળાતી રહી, ૧૪નાં મોત, ૯૦નો બચાવ થયો

આફ્રિકન દેશ ગેમ્બિયાથી યુરોપ જઈ રહેલા પ્રવાસીઓ સાથે સ્પેનના કેનેરી ટાપુ પાસે દુર્ઘટના, બોટમાં વધુ મુસાફરો ભર્યા હતા

આજકાલ પ્રતિનિધિ
મેડ્રિડ

યુરોપ પહોંચવાના પ્રયાસમાં આફ્રિકન દેશ ગેમ્બિયાથી નીકળેલા પ્રવાસીઓ સાથે મોટી દુર્ઘટના સર્જાઈ છે. સ્પેનના કેનેરી ટાપુ નજીક પ્રવાસીઓથી ભરેલી એક હોડીનું એન્જિન સમુદ્રની વચ્ચે બગડી જતાં હોડી દરિયામાં ફસાઈ ગઈ હતી. આ દુર્ઘટનામાં ૧૪ લોકોનાં મોત થયાં છે, જ્યારે આશરે ૯૦ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. હોડીમાં બાળકો સહિત લગભગ ૧૦૦ લોકો સવાર હતા.

સ્પેનની દરિયાઈ બચાવ સેવાએ આ બચાવ અભિયાન હાથ ધર્યું હતું. આ હોડી કેનેરી ટાપુસમૂહના અલ હિએરો ટાપુથી આશરે ૭૨ કિલોમીટર દક્ષિણે દરિયામાં મળી આવી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે હોડીનું એન્જિન ત્રણ દિવસ પહેલાં જ બગડી ગયું હતું. ત્યારથી હોડી દરિયામાં ભટકી રહી હતી.

મળતી માહિતી પ્રમાણે, આ હોડી ગેમ્બિયાની રાજધાની બાંજુલથી આશરે ૧૦ દિવસ પહેલાં રવાના થઈ હતી. તેમાં સવાર લોકો એટલાન્ટિક મહાસાગર પાર કરીને સ્પેન પહોંચવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જોકે, દરિયાની વચ્ચે એન્જિન બગડી જતાં તેમની મુશ્કેલી વધી ગઈ હતી. સ્પેનની દરિયાઈ બચાવ સેવા અને સિવિલ ગાર્ડે હોડીની જાણ થતાં જ બચાવ અભિયાન શરૂ કર્યું હતું. આ અભિયાનમાં બચાવ જહાજો ઉપરાંત હેલિકોપ્ટરની પણ મદદ લેવામાં આવી હતી.

બચાવ અભિયાન દરમિયાન ગંભીર હાલતમાં મળી આવેલા છ લોકોને હેલિકોપ્ટર દ્વારા અલ હિએરો ટાપુની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. અન્ય ૮૪ લોકોને દરિયાઈ બચાવ સેવાના જહાજ દ્વારા લા રેસ્ટિંગા બંદરે પહોંચાડવામાં આવ્યા હતા. સિવિલ ગાર્ડની પેટ્રોલિંગ હોડીએ પ્રવાસીઓની હોડીને ખેંચીને લા એસ્ટાકા બંદર સુધી પહોંચાડી હતી. બચાવાયેલા લોકોને તબીબી સહાય અને અન્ય જરૂરી સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી.

કેનેરી ટાપુસમૂહ એટલાન્ટિક મહાસાગરમાં ઉત્તર-પશ્ચિમ આફ્રિકાના દરિયાકિનારાની નજીક આવેલો સ્પેનનો વિસ્તાર છે.

આ ટાપુઓ પર પહોંચ્યા બાદ પ્રવાસીઓ સ્પેન અને યુરોપિયન સંઘના વિસ્તારમાં પ્રવેશી શકે છે. આ કારણે પશ્ચિમ આફ્રિકાના દેશોમાંથી યુરોપ જવા માગતા પ્રવાસીઓ માટે આ માર્ગ મહત્ત્વનો બની ગયો છે.છેલ્લા કેટલાક મહિનાઓમાં આ ટાપુઓ પર પહોંચનારા પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. ૨૫ નવેમ્બરે એક જ દિવસમાં ૨,૧૦૦થી વધુ પ્રવાસીઓ કેનેરી ટાપુઓ પર પહોંચ્યા હતા. આ અત્યાર સુધીનો એક દિવસમાં નોંધાયેલો સૌથી મોટો આંકડો છે.સ્પેનના ગૃહ મંત્રાલયના આંકડા પ્રમાણે, ૨૦૨૬માં જાન્યુઆરીથી નવેમ્બરના મધ્ય સુધીમાં ૨૪,૩૬૪ પ્રવાસીઓ કેનેરી ટાપુઓ પર પહોંચ્યા હતા. ગયા વર્ષના સમાન સમયગાળામાં આ આંકડો ૧૪,૬૯૦ હતો.

ગોવા બાદ બંગાળમાં પણ બિસલેરીના પાણીમાં મળ્યા ખતરનાક બેક્ટેરિયા

બે લેબોરેટરીમાં બેક્ટેરિયા મળતાં કેસને મંજૂરી: એક બેચના વેચાણ પર પ્રતિબંધ

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

દેશમાં બોટલબંધ પીવાના પાણીની જાણીતી કંપની બિસલેરીની મુશ્કેલીઓ વધી છે. ગોવા બાદ હવે પશ્ચિમ બંગાળમાં પણ કંપનીના પાણીના નમૂના તપાસમાં અસુરક્ષિત જણાયા છે. પશ્ચિમ બંગાળના જલપાઈગુડી જિલ્લામાં આવેલા બિસલેરીના પ્લાન્ટમાંથી લેવામાં આવેલા પાણીના નમૂનામાં કોલિફોર્મ બેક્ટેરિયા મળી આવ્યા છે. બે અલગ લેબોરેટરીમાં તેની પુષ્ટિ થયા બાદ ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ, એફએસએસએઆઈએ કંપની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની મંજૂરી આપી છે. એક જ સપ્તાહમાં કંપની સામે આ પ્રકારની બીજી કાર્યવાહી કરવામાં આવી છે.

જલપાઈગુડી જિલ્લાના તેલીપાડા ગામમાં આવેલા બિસલેરીના પ્લાન્ટમાંથી પાણીનો નમૂનો લેવામાં આવ્યો હતો. પ્રાથમિક લેબોરેટરીમાં તેની તપાસ કરતાં કોલિફોર્મ બેક્ટેરિયા મળી આવ્યા હતા. ત્યારબાદ નમૂનાને રેફરલ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો હતો. ત્યાં પણ બેક્ટેરિયાની હાજરીની પુષ્ટિ થઈ હતી. બંને તપાસમાં પાણી પીવા માટે અસુરક્ષિત જણાતાં ખાદ્ય સુરક્ષા વિભાગે કાર્યવાહી શરૂ કરી હતી.



કોલિફોર્મ બેક્ટેરિયા શું છે અને તે કેટલા જોખમી?

કોલિફોર્મ બેક્ટેરિયા પાણીની સ્વચ્છતા તપાસવા માટે મહત્વના સૂચક ગણાય છે. ગટરનું પાણી ભળવાથી, પાઇપલાઇનમાં ખામી હોવાથી અથવા પાણીના શુદ્ધીકરણમાં બેદરકારીને કારણે પીવાના પાણીમાં તેમનો પ્રવેશ થઈ શકે છે. પીવાના પાણીમાં તેમની હાજરી દૂષણની શક્યતા દર્શાવે છે. કેટલાક પ્રકારના જીવાણુઓથી ઝાડા, ઊલટી અને પેટના ચેપ જેવી સમસ્યાઓ થઈ શકે છે.

આ પહેલાં ગોવામાં આવેલા બિસલેરીના પ્લાન્ટમાંથી લેવામાં આવેલા પાણીના નમૂનામાં પણ ખામી મળી હતી. પ્રાથમિક તપાસમાં પાણીમાં બ્રોમેટ

(અનુ. ૧૧મા પાને)

ઈટાલીની શાળાઓમાં બુરખા અને નકાબ ઉપર પ્રતિબંધ

વિદ્યાર્થીઓને ઓળખ છુપાય તેવી રીતે ચહેરો ઢાંકવાની મંજૂરી નહીં: ઉલ્લંઘન બદલ ૧,૦૦૦ યુરોનો દંડ થશે

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

ઈટાલીએ શાળાઓમાં બુરખા અને નકાબ પર પ્રતિબંધ મૂક્યો છે. નવા કાયદા હેઠળ, વિદ્યાર્થીઓને હવે તેમના ચહેરાને એવી રીતે ઢાંકવાની મંજૂરી નથી કે જેનાથી તેમની ઓળખ છુપાઈ જાય. આ નિયમ વર્ગખંડોમાં બુરખા અને નકાબ પર અસરકારક રીતે પ્રતિબંધ મૂકે છે; જોકે, ચહેરાને ઢાંકતી એવી વસ્તુઓ કે જેનાથી વ્યક્તિની સ્પષ્ટ ઓળખ થઈ શકે, તે માન્ય રહેશે. ચહેરાને ઢાંકવા અંગેના આ નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ૧,૦૦૦ યુરો સુધીનો દંડ થઈ શકે છે.

૨૬ નવેમ્બરના રોજ, ઈટાલીની 'ચેમ્બર ઓફ ડેપ્યુટીઝ' (સંસદનું નીચલું ગૃહ) એ આ વિવાદાસ્પદ શિક્ષણ કાયદાને અંતિમ મંજૂરી આપી હતી. આ કાયદાની તરફેણમાં ૧૪૨ અને વિરોધમાં ૧૧૨ મત પડ્યા હતા, જ્યારે ચાર સભ્યો મતદાન સમયે ગેરહાજર રહ્યા

(અનુ. ૧૧મા પાને)

ખેતર વેચવાનું છે
2 એકર
ગામ : સણોસરા, તા. જી. રાજકોટ.
સાત હનુમાન પાછળ, અમદાવાદ રોડ
Mo. 98257 55828

2BHK
ફ્લેટ વેચવાનો છે
ફર્નિચર સાથે સ્વામી ચોક
કિંમત : 25
82386 75455

પાડવા લાયક
મકાન વેચવાનું છે
144 વાર
અયોધ્યા ચોક
૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ.
Mo. 98257 55828

3BHK
કોપર ગ્રીન સીટીમાં ફ્લેટ
વેચવાનો છે
ઈસ્ટ વેસ્ટ ઓપન, ૬ઠ્ઠો માળ,
કારપેટ-750
કિચન ફર્નિચર, R.O. વોટર, લાઇટ, પંખા સાથે
કિ. 35 લાખ
પાણીના ટાંકાની સામે, નવુ રેલનગર મેઈન રોડ, રાજકોટ
99798 50585

Snackeo
શિયાળામાં માણો
ગરમા-ગરમ નાસ્તો
વેરાયટી of વડાપાઉ
પેરી-પેરી & સેઝવાન વડાપાઉ
છોલે કુલચા • દાલ મખની રાઈસ બાઉલ
જેવી અન્ય વેરાયટી મળશે.
આપના પ્રિય સમોસા અને કચોરી તો ખરાજ...
RACHIT Eatery
Sweets and namkeen
આધ્યા આંખની હોસ્પિટલની નીચે, પંચાયત ચોક પાસે,
યુનિવર્સિટી મેઈન રોડ, રાજકોટ-5. 93777 42006
હવે zomato | SWIGGY ઉપલબ્ધ

તમારા ગ્રહો



આદિત્ય જૈન (મો.૯૭૨૪૩ ૩૩૦૪૪)

મેષ

સપ્તાહની શરૂઆતમાં સારો આર્થિક લાભ આપી જશે. આમ સપ્તાહની શરૂઆત સારી જવાની છે. જો કે કોઈપણ કારણસર માનસિક ટેન્સન પણ રહેવાનું છે. સપ્તાહના છેલ્લ । દિવસોમાં કોઈ જૂની ફસાયેલી ઉઘરાણી છૂટી થાય કે યેનકેન પ્રકારે હાથ ઉપર મોટી રકમ આવશે. સપ્તાહ દરમિયાન કોઈ લકઝરી ચીજવસ્તુની ખરીદીની પણ શક્યતાઓ ઉભી થશે. કોઈ મહત્વના કાર્યમાં સમજીને કોઈ ઉપર વિશ્વાસ મુકવો. જેથી કોઈ વિપરીત પરિણામ ન આવે. આ સપ્તાહમાં પણ નોકરી કે વ્યવસાયમાં કોઈ ફેરફારોને અવકાશ નથી. અંગત સ્વાસ્થ્ય બાબત કાળજી લેવાની સલાહ છે.

વૃષભ

સપ્તાહ દરમિયાન તમારી રાશિનો માલિક શુક્ર છે. ઘણા સમયથી અટકતા કાર્યમાં સફળતા મળવાની છે. કોઈ વહેવારીક કાર્યો હાથ ધરાશે. આર્થિક સંજોગો માટે સપ્તાહ સારુ કહી શકાય. માતા-પિતા સાથે કોઈ દલીલબાજીમાં ન ઉતરવું કે તેઓને મનદુ:ખ થાય તેવી વર્તુણક કરવાથી દૂર રહેવું. વ્યવસાયકો કે નોકરીયાતોને સપ્તાહના છેલ્લ । દિવસો સાધારણ મુશ્કેલીવાળા જવાની શક્યતાઓ છે. જેથી આ સમય દરમિયાન કુનેહપૂર્વક કામ લેવું હીતાવહ છે. સંતાનોના વધુ અભ્યાસ અર્થે નાણાકીય ખર્ચ રહેવા પામે. આરોગ્ય બગડે તેવા ખોરાકથી દૂર રહેવુ જરૂરી છે. ઉશ્કેરાટથી દૂર રહેવાથી લાભ રહેવાનો.

મિથુન

સપ્તાહ દરમિયાન વેપારમાં કોઈ ફેરફાર ન કરવા. નવી ભાગીદારી સફળ થાય. કાર્યશક્તિ વધવાની, નોકરીમાં અધિકારી વર્ગનો સહકાર રહે. હરીફો ઉપર વર્ચસ્વ વધે. સ્વાસ્થ્ય બાબત માથાનો દુ:ખાવોરહે. મહત્વના કાર્યો તમારે પોતે જ કરવા. પ્રતિષ્ઠ ામાં વધારો થાય. આર્ટ લાઈનથી લાભ રહે. વિદેશથી લાભ રહે. સંસ્થામાં હોદ્દો મળે. આત્મવિશ્વાસ વધવાનો. પ્રવાસ શકય બને. શુક્ર, શનિવાર લાભદાયક રહે.

કોમ્પ્યુટર લાઈનથી વિશેષ લાભ રહેવાનો. પરિવારના વડીલ વર્ગના સ્વાસ્થ્ય બાબત સાધારણ નબળો સમય રહેવાનો. રચનાત્મક કાર્યોમાં સફળતા મળવાની. લગ્નોત્સુકોને લગ્ન કે સગાઈના કાર્યમાં સફળતાવાળો સમય રહેવાનો. વાણી ઉપર કાબુ રાખવો. યુવા વર્ગને રોમાન્સમાં મતભેદો ન થાય તેનું ધ્યાન રાખવું.

કર્ક

સપ્તાહ દરમિયાન નોકરીમાં કર્મચારી વર્ગ સાથે સુમેળ રાખવો. સ્થાનફેરની શક્યતા રહે. વેપારમાં કર્જ કરીને કોઈ સાહસ ન કરવું. હાડકાને લગતી તકલીફથી જાળવવું. જમીન-મકાનથી લાભ રહે. વિદેશનો પ્રવાસ શક્ય બને. જમીનગીરીથી દૂર રહેવું. ભાઈ-બહેનો કે મિત્રોનો સાથ સહકાર સારો રહે. કોર્ટ કેસમાં સમાધાનથી લાભ રહે. સોમવાર સફળતાવાળો.

ઉશ્કેરાટને કાબુમાં રાખવો. મળતી તક માટે સાવધાની રાખવી. પરિવારમાં માંગલીક પ્રસંગોને લઈને ખર્ચ રહેવાનો. સીઝનલ ધંધામાં લાભ રહે. આત્મવિશ્વાસ કેળવવો. સાથે સાથે મહત્વકાંક્ષાઓને કાબુમાં રાખવી. માતુશ્રીના સ્વાસ્થ્યને લઈને સાધારણ તનાવ રહે. આધ્યાત્મિક વિચારોમાં વધારો થાય.

સિંહ

સપ્તાહ દરમિયાન કારણ વગરનું ટેન્સન રહેવા પામે. કોઈ ખોટો ડર કે વહેમ તમોને અંદરથી કોરી ખાશે, જેથી વિચારવાયુથી દૂર રહેવું. તમારે અંગત સ્વાસ્થ્ય બાબત સાવધાની રાખવાની જરૂરત રહેશે, તેવું ગ્રહધાન સપ્તાહ દરમિયાન રહેવા પામશે. વાહન ચલાવતા કે રસ્તે ચાલતા કોઈ નાની એવી શારિરીક ઈજાઓ ન થાય તેનું ધ્યાન રાખવાનું છે. આંખને લગતી કોઈ મુશ્કેલી ઉભી ન થાય તેનું ધ્યાન રાખશો. કોઈ વીલ વારસાનો લાભ મળવાની શકયતાઓ ઉભી થાય કે ફસાયેલા નાણા છુટા થાય. માતુશ્રીની તબીયત બાબત ચિંતા રહેવા પામે. યુવા વર્ગને સગાઈ બાબતમાંકોઈ વિઘ્ન આવવાની શકયતાઓ છે. સંતાનોના અભ્યાસ બાબત ચિંતા રહેવાની. મુસાફરીની કોઈ યોજના સફળ થાય.

કન્યા

સપ્તાહની શરૂઆત સારી રહેવા પામે છતાં કોઈ નાણાકીય બાબતોથી મુશ્કેલી ઉભી ન થાય તેનું ધ્યાન રાખશો. ધાર્મિક કાર્ય નિમિત્તે ધન ખર્ચ થવાનો છે. કોઈ મોટી રકમની લોન મેળવવાનું કાર્ય સફળ થતા નાણાકીય સ્થિતિમાં સુધારો થાય. આવકના નવા સાધનો ઉભા થવાની શક્યતાઓ છે. અપરણિતોને સગાઈ કે લગ્ન અંગેની કોઈ સમસ્યાઓ હશે તો તે દૂર થવાની છે. ભાઈ-બહેનો તરફથી નાણાકીય સહાય મળવાની શક્યતાઓ છે. સપ્તાહ દરમિયાન મુસાફરીથી પણ લાભ મળવાનો છે. ધંધાના વિકાસમાં આવતી અડચણો દૂર થવાની છે. નોકરીયાતોને બદલી કે સ્થળાંતર થવાની શક્યતાઓ ઉભી થાય. બહારનું કોઈ કામકાજ પણ મળવાની શક્યતાઓ ઉભી થાય.

તુલા

સપ્તાહ દરમિયાન નોકરીમાં લાભ રહે. પ્રમોશનના ચાન્સ ઉભા થાય. ભાઈ-બહેનો સાથે સુમેળ વધે. રોકાયેલા નાણા છુટા થાય. લખાણ દસ્તાવેજના કાર્યમાં સફળતા રહે. એજન્સી લાઈનથી લાભ રહે. વડીલોનો સહકાર રહે. નવી મિલ્કત બાબત સફળતા. આરોગ્ય બાબત પાચન જેવી તકલીફો રહે. વિદેશથી લાભ. રવિ, સોમ લાભદાયક રહે.

વીલ વારસાના પ્રશ્નોમાં સફળતા રહે. પુરૂષાર્થનું ફળ મળવાનું. હરીફો ઉપર વર્ચસ્વ વધવાનું છે. યાદશક્તિમાં વધઘારો થવાનો. શેર સટ્ટાથી સંભાળીને કામ કરવું. રહેણાકના મકાનમાં કોઈ મહત્વના ફેરફારોની શક્યતા ઉભી થાય. ધાર્મિક યાત્રા-પ્રવાસની ઈચ્છા પૂર્ણ થાય.

વૃશ્ચિક

સપ્તાહ દરમિયાન નોકરીમાં કાર્યભાર રહે. ફેરફારો ઈચ્છનીય નથી. આર્થિક લાભ રહે. ઉશ્કેરાટને કાબુમાં રાખવો. સ્નેહીજનો સાથે મતભેદો ટાળવા, નવી ભાગીદારી સફળ થાય. જીવનસાથીનો સહકાર રહે. પરિવારના સભ્યો સાથે સુમેળ રાખવો. ઉધારી ધંધાથી દૂર રહેવું. બહારની ખાણીપીણીથી જાળવવું. મંગળ, બુધ લાભદાયક રહે.

અપરણિતોને લગ્ન કે સગાઈનું કાર્ય સફળ થવાનું. યુવા વર્ગને રોમાન્સમાં સફળતાવાળો સમય રહે. પુણ્ય વયના સંતાનોની સગાઈ કે લગ્નનું કાર્ય પણ સફળ થાય. મહત્વના કાર્યો તમારે પોતે જ કરવા. પ્રવાસમાં અવરોધોનો સામનો રહેવાનો. જમીન-મકાનના કાર્યમાં ધીરજપૂર્વક નિર્ણયો લેવા, અંધશ્રધ્ધાથી દૂર રહેવું.

ધન

સપ્તાહ સંઘર્ષવાળુ જવાનું છે. ચાલુ કાર્યમાં પણ વિઘ્ન આવવાની શક્યતા છો. ખાસ કરીને નોકરી કે વ્યવસાય ક્ષેત્રે તકલીફવાળો સમય કહી શકાય. નોકરીમાં કારણ વગરનું ટેન્સન રહેવા પામે કે સહ કર્મચારીઓ સાથે કામકાજ બાબત મનદુ:ખ થાય. તંદુરસ્તીની દ્રષ્ટિએ બીપી કે ડાયાબીટીસવાળાઓએ સજાગ રહેવું હીતાવહ છે. ભાઈ-બહેનો સાથે તનાવપૂર્ણ વહેવાર રહેવા પામે. નાણાકીય બાબત માટે કોઈ નવું રોકાણ સમજીને કરવું, લાભદાયક રહેવા પામે. કોઈ વડીલોપાર્જીત મિલ્કતથી લાભ રહેવાનો છે. જીવનસાથીના સ્વાસ્થ્ય બાબત સાધારણ નબળો સમય રહેવા પામે. જીવનસાથીને સમજી શકવાથી વાતાવરણ સુમેળ ભર્યુ રહેવા પામશે.

ગ્રહોની પોઝીશન તા.૨૮-૧૧-૨૦૨૬થી તા.૦૪-૧૨-૨૦૨૬



આ સમય દરમિયાન સૂર્યનું ભ્રમણ વૃશ્ચિકમાં રહેશે. જ્યારે ચંદ્રનું ભ્રમણ મિથુન, કર્ક, સિંહ અને કન્યામાં રહેશે. મંગળનું ભ્રમણ સિંહમાં, બુધ તુલામાં, તા.૩થી બુધ વૃશ્ચિકમાં, ગુરૂ સિંહમાં, શુક્ર તુલામાં, શનિ મીનમાં, રાહુ કુંભમાં, કેતુ સિંહમાં, હર્ષલ વૃષભમાં, નેપચ્યુન મીનમાં, પ્લુટો મકરમાં ભ્રમણ કરશે.

મકર

સપ્તાહ સારું જવાનું છે. ભાઈ-બહેનો સાથેના સંબંધોમાં સુધારો થવા પામે. યુવાન યુવક-યુવતીઓને સગાઈ કે લગ્ન બાબત સફળતા મળવાની છે. તમારો સ્વભાવ અહંકારી હશે તો તમારા જીવનમાં મુશ્કેલી ઉભી થવાની શક્યતાઓ છે. નાણાકીય બાબતો માટે સપ્તાહ સારુ જવાનું છે. કોઈ બેંક બેલેન્સ કે થોડી બચત પણ થઈ શકશે. શેર સટ્ટાનું કામકાજ કે નવું રોકાણ કોઈ લાભ આપી જશે, છતાં જન્મના ગ્રહો મહત્વનું કાર્ય કરશે. સ્વાસ્થ્ય બાબત નબળો સમય રહેવા પામે. દામ્પત્ય જીવન બાબત કઈ કોર્ટ કેસ ચાલતો હશે તો તમારી ઈચ્છા મુજબનું પરિણામ મેળવી શકશો. મિત્રો તરફથી સારો સહકાર રહેવા પામે. કોઈ નવા કરજથી દૂર રહેવું. મુસાફરીમાં અનુકુળતા રહેવા પામે.

કુંભ

સપ્તાહ દરમિયાન નોકરીમાં પરિવર્તન થાય. કર્મચારી વર્ગ સાથે મતભેદો ટાળવા. પ્રવાસમાં સાવધાની રાખવી. ભાઈ-બહેનોથી લાભ. મિત્ર વર્તુળનો સહકાર રહે. સ્વાસ્થ્ય બાબત યેનકેન પ્રકારે નબળો સમય રહે. ઉશ્કેરાટથી દૂર રહેવું. નાણાકીય બાબતોને લઈને પરેશાની રહે. લેખન કાર્યથી લાભ રહે. રવિ, સોમવાર મહત્વના, કાર્યમાં સફળતા.

જમીન-મકાનના કાર્યમાં સફળતા મળવાની છે. યુવા વર્ગને રોમાન્સમાં લાભ રહે. ઈમ્પોર્ટ એક્સપોર્ટના વ્યવસાયથી વિશેષ લાભ બતાવે. નવુ કર્જ કરીને કોઈ સાહસ ન કરવું. આત્મવિશ્વાસ વધારવો લાભમાં રહે.

મીન

સપ્તાહ દરમિયાન નોકરીમાં લાભ રહે. પ્રમોશનના ચાન્સ ઉભા થાય. વેપારી વર્ગને નવી એજન્સી મળે. કોમ્પ્યુટર લાઈનથી લાભ. સ્વાસ્થ્ય બાબત વિચારવાયુ રહે. ભાઈ-બહેનો સાથે મતભેદો ટાળવા. માતાના સ્વાસ્થ્ય બાબત નબળો સમય રહે. જમીન-મકાનના કાર્યથી દૂર રહેવું. સંતાનોની સગાઈનું કાર્ય સફળ થાય. મંગળવાર સફળતાવાળો રહે.

લગ્ન ઈચ્છુકોને લગ્ન કે સગાઈનું કાર્ય સફળ થવાનું છે. વિદેશ જવાનું કાર્ય આગળ વધે. મોસાળ પક્ષેથી લાભ, ભાગ્યોદયની તક પ્રાપ્ત થાય. મહત્વના નિર્ણયો ધીરજપૂર્વક લેવા જરૂરી રહે. રોમાન્સમાં કોઈ ગેરસમજ ન થાય તેનું ધ્યાન રાખવું. ધાર્મિક કાર્ય કે યાત્રા-પ્રવાસ થાય.

આવતીકાલનું રાશી ભવિષ્ય

મેષ (અ.લ.ઈ.)
રાજકીય રીતે કોઈ લાભ મળવાનો. તમારી મહેનત જરૂર તમોને સફળતા તરફ લઈ જશે. ઔધોગિક પ્રગતિ રહે.

વૃષભ (બ.વ.ઉ.)
વ્યવસાયને લઈને પ્રવાસ થાય. નોકરીમાં નવી ઓફર બાબત કોઈ ઉતાવળ ન કરવી. માતુશ્રીનો સહકાર રહે.

મિથુન (ક.છ.ઘ.)
રોજીંદા કાર્યને વળગી રહેજો. અંધશ્રધ્ધાને જીવનમાં સ્થાન ન આપતા. તમારો ચાર્મ સંસ્થાને લાભ અપાવશે.

કર્ક (ડ.હ.)
સામાજિક સ્તરે તમો છવાયેલા રહેવાના. નવી ઓળખાણથી લાભ રહે. યુવા વર્ગને રોમાન્સમાં સફળતા.

સિંહ (મ.ટ.)
કારણ વગરનો માનસિક તનાવ રહેવાનો, જેથી આત્મવિશ્વાસ વધારવો. લગ્નજીવનમાં મતભેદો ટાળવા.

કન્યા (પ.ઠ.ણ.)
આવક વધારવાના પ્રયત્નો ફળવાના. મિત્રોમાં વધારો થાય. મિલ્કતના પ્રશ્નોમાં કોઈ ઉતાવળ ન કરવી.

તુલા (ર.ત.)
તમો ખૂબજ મહેનત કરશો. તમારા ધ્યેય તરફ પહોંચી શકશો. મનગમતી વ્યક્તિની મુલાકાત થાય. કર્જમાં રાહત.

વૃશ્ચિક (ન.ય.)
સામાજિક પ્રતિષ્ઠ । વધારવાના પ્રયત્નો ફળવાના. નોકરીમાં ચીવટ રાખજો. વિદેશથી નાણાકીય લાભ મળવાનો.

ધન (ભ.ધ.ઢ.ફ.)
તબીયત બાબત જાળવવું. આત્મવિશ્વાસને કાબુમાં રાખજો. મહત્વના કાર્યોને પ્રાધાન્ય આપજો. મિલ્કતથી લાભ મળવાનો.

મકર (ખ.જ.)
આવકની સાથે ખર્ચ પણ રહેવાનો છે. મહત્વના કાર્યોને પ્રાધાન્ય આપજો. અધિકારીઓ સાથે સુમેળ રાખવો. પ્રવાસ થાય.

કુંભ (ગ.સ.શ.ષ.)
નાણાકીય બાબતોમાં સતર્કતા રાખજો. નોકરીમાં લાભ રહે. મહત્વના કાર્યોમાં અનુકુળતા રહે. કર્જમાં રાહત.

મીન (દ.ચ.ઝ.થ.)
આવક વધારવાના પ્રયત્નો ફળવાના. વડીલો પાર્જીત મિલ્કતના પ્રશ્નોમાં અનુકુળતા જોવા મળે. વિદેશથી લાભ રહે.

ગોચરના ગ્રહો

સૂર્ય-વૃશ્ચિક	મંગળ-સિંહ	રાહુ-કુંભ	કેતુ-સિંહ
બુધ-તુલા	ગુરૂ-સિંહ	હર્ષલ-વૃષભ	પ્લુટો-મકર
શુક્ર-તુલા	શનિ-મીન	નેપચ્યુન-મીન	ચંદ્ર-કર્ક

તારીખીયું

તા.૨૯-૧૧-૨૦૨૬ ★ રવિવાર
તિથિ કારતક વદ-૬, સૂર્યોદય ૭-૦૯
સૂર્યાસ્ત ૬-૦૦, જૈન નવકારશી ૭-૫૭

બાળકોની રાશિ: કર્ક

હળવદ ભાજપમાં મોડી રાત સુધી પ્રદેશ મહામંત્રી અનિરુદ્ધ દવેની હાજરીમાં બેઠકોનો દોર

કાઉન્સિલરો સાથે વન-ટુ-વન બેઠક યોજી સ્થાનિક રાજકીય સ્થિતિનો તાગ મેળવ્યાની ચર્ચા;આંતરિક વિખવાદ અને ભ્રષ્ટાચારના આક્ષેપો અંગે પ્રદેશ ભાજપની સંભવિત કાર્યવાહી પર સૌની નજર

આજકાલ પ્રતિનિધિ
હળવદ





(તસવીર : મયુર રાવલ-હળવદ)

હળવદ ભાજપમાં ચાલી રહેલા આંતરિક વિખવાદ અને ભ્રષ્ટાચારના આક્ષેપો વચ્ચે રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરુદ્ધ દવેની હાજરીમાં મોડી રાત સુધી બેઠકોનો દોર ચાલ્યો હોવાની ચર્ચાએ સ્થાનિક રાજકારણમાં ફરી ગરમાવો લાવી દીધો છે.

મળતી ચર્ચા મુજબ, અનિરુદ્ધ દવેએ હળવદના કાઉન્સિલરો સાથે વન-ટુ-વન બેઠક યોજી સ્થાનિક રાજકીય પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. નગરપાલિકામાં ચાલી રહેલા વિવાદો, સંગઠનની સ્થિતિ અને કાર્યકરોમાં પ્રવર્તતા અસંતોષ અંગે પણ ચર્ચા થઈ હોવાની રાજકીય વર્તુળોમાં ચર્ચા છે.

જોકે, આ બેઠક અંગે પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરુદ્ધ દવેએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે, કોઈ ઈમરજન્સી બેઠક નહોતી, કાર્યકર્તાઓ સાથે અગાઉથી નિશ્ચિત બેઠક હતી. ભાજપના કાર્યકર્તાઓ વિકાસનાં કામો સાથે જોડાયેલા છે અને લોકોનાં કામ કરી રહ્યા છે.

બીજી તરફ, હળવદ ભાજપમાં જૂથવાદ અને ભ્રષ્ટાચારના આક્ષેપો અંગે પૂછવામાં આવતા અનિરુદ્ધ દવેએ ખુલ્લેઆમ કોઈ નિવેદન આપવાનું ટાળ્યું હતું. જેના કારણે રાજકીય વર્તુળોમાં અનેક તર્ક-વિતર્ક શરૂ થયા છે.બે દિવસ અગાઉ જિલ્લા ભાજપ પ્રમુખો પણ તપન દવે અને વિશાલ રાવલ વિરુદ્ધ અરજીઓ મળી હોવાનું સ્વીકાર્યું હતું. ત્યારે હવે પ્રદેશ કક્ષાના મહામંત્રીની હળવદ મુલાકાત અને બેઠકો બાદ આ વિવાદમાં સંગઠન શું નિર્ણય લે છે તે અંગે સૌની નજર મંડાઈ છે.હવે સૌથી મોટો સવાલ એ છે કે હળવદ ભાજપમાં ચાલી રહેલા આંતરિક વિખવાદ અને નેતાઓ સામે થયેલી ગંભીર ફરિયાદો અંગે પ્રદેશ ભાજપ કોઈ તપાસ કે શિસ્તભંગનાં પગલાં ભરશે કે કેમ?

હળવદ ભાજપનો આંતરિક વિખવાદ શાંત થશે કે પછી આગામી દિવસોમાં સંગઠનમાં વધુ રાજકીય ભૂકંપ સર્જાશે? તે જોવું રહ્યું.

જૂનાગઢ કડિયાવાડમાંથી ૨.૭૦ લાખના દારૂ સાથે બુટલેગર ઝબ્બે

૨૦૬૪ બોટલ દારૂ, કાર સહિત ૭.૭૫ લાખનો મુદ્દામાલ કબ્જે, ત્રણ બુટલેગરોને ઝડપવા તજવીજ

આજકાલ પ્રતિનિધિ
જૂનાગઢ



(તસવીર : શૈલેષ પારેખ-જૂનાગઢ)

જૂનાગઢ એલસીબીએ કડીયાવાડ વિસ્તારમાં બુટલેગરના મકાનમાં દ્રોડો પાડી કારમાંથી ૨.૭૦ લાખની કિંમતના ૨૦૬૪ નંગ વિદેશી દારૂ અને બિયરના ટીન મળી આવ્યા હતા. પૂછપરછમાં ત્રણ બુટલેગરોના નામ ખુલ્યા હતા. એ ડિવિઝને અન્ય ત્રણ બુટલેગરોને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ જૂનાગઢમાં રહેતા વિજયસિંહ અરવિંદસિંહ ચુડાસમા અને પરેશ ઉર્ફે જાડા ભરત સોંદરવા દ્વારા કડિયાવાડ વિસ્તારમાંથી વિદેશી દારૂની હેરાફેરી થતી હોવાની બાતમીને આધારે એલસીબી પીઆઈ ચેતરીયા, પીએસઆઈ પટેલ, ભાટી સહિતની ટીમે પરેશ ઉર્ફે જાડા ના મકાન પાસે દ્રોડો પાડ્યો હતો. સ્થળ પર રહેલી બોલેરો કારની તલાસી લેતા કારમાંથી ૨.૭૦ લાખની કિંમતના ૨૦૬૪ નંગ વિદેશી દારૂ અને બિયરના ટીન સાથે સમીર અબુબકર જાન મોહમ્મદ બલોચ (ખામધ્રોળ રોડ) ને ઝડપી લીધો હતો. પોલીસે દારૂ, કાર અને મોબાઈલ સહિત રૂપિયા ૭.૭૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. તેમજ એ ડિવિઝનમાં સમીર અબુ બકર બ્લોચ, વિજય સિંહ અરવિંદસિંહ ચુડાસમા, મગન ઉર્ફે ગિરનારી, અને પરેશ ઉર્ફે જાડો સોંદરવા વિરુદ્ધ ગુનો નોંધી અન્ય બુટલેગરોને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરી છે.

કેશોદમાં આર્થિક સંકળામણથી કંટાળી યુવકનો આપઘાત

નોકરી મળતી ન હોવાથી પારિવારિક ટેન્શનમાં યુવકે ગળેફાંસો ખાધો

આજકાલ પ્રતિનિધિ
જૂનાગઢ

કેશોદમાં આર્થિક સંકળામણ અમે પારિવારિક ટેન્શનના યુવકે ગળે ફાંસો ખાઈ મોત મીઠું કર્યું હતું. યુવકના આપઘાતથી પરિવારમાં શોકનુ મોજુ છવાયું છે.

આ અંગે પ્રાપ્ત વિગત મુજબ કેશોદમાં મધુસુદન નગર વિસ્તારમાં રહેતા ધવલકુમાર રામકૃષ્ણ લશ્કરી (ઉ.વ.૩૮) ને નોકરી ધંધો મળતો ન હોય આ ઉપરાંત તેના માતાને કેન્સરની બીમારી અને બહેનના લગ્ન કરવાના હોય જેના કારણે ટેન્શનમાં રહેતો હતો અને આર્થિક સંકળામણ મળતી કંટાળી યુવકે તેના ઘરે જ મકાનની છત પર પંખા સાથે દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. યુવકના આપઘાત અંગે તેના પિતા રામકૃષ્ણ ભાઈ લશ્કરીએ પોલીસમાં જાહેર કર્યું છે.

સગાઈ તૂટી જતાં જૂનાગઢના યુવાને જીવન ટૂંકાવી લીધું

રવેશમાં ગળેફાંસો ખાઈ મોત મીઠું કર્યું, પરિવારમાં ગમગીન

આજકાલ પ્રતિનિધિ
જૂનાગઢ

જૂનાગઢમાં રહેતા યુવકની સગાઈ તૂટી જતા લાગી આવતા ઘરે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. યુવકના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ છે.પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ ખામધ્રોળ રોડ પર રહેતા પરેશ દિલીપભાઈ કાપડી(ઉ.વ.૨૫) ની ૯ મહિના પૂર્વે સગાઈ થઈ હતી. દસ દિવસ પૂર્વે સગાઈ તૂટી જતા યુવકને લાગી આવ્યું હતું અને તેના મકાનના ફળિયામાં ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.યુવકના મોત અંગે કલ્પેશભાઈ રાઠોડે પોલીસમાં જાહેર કર્યું છે.

ડી.પી.જોશી પબ્લિક લાઈબ્રેરીની ગ્રંથગોષ્ઠીની બેઠક બીજી ડિસેમ્બરે યોજાશે

આજકાલ કાર્યાલય
રાજકોટ

પ્રિન્સિપાલ ડી. પી. જોશી પબ્લિક લાઈબ્રેરીના ઉપક્રમે રાજકોટ શહેરના સાહિત્યરસિકો દર મહીને સિસ્ટર નિવેદિતા નિરંતર શિક્ષણ કેન્દ્ર, ૩-બાલમુકુંદ પ્લોટ્સ, રાજકોટ ખાતે ગ્રંથગોષ્ઠિ સાહિત્ય સભામાં એકત્ર થઈ વિવિધ ભાષાની ઉત્તમ સાહિત્ય કૃતિઓ, સાહિત્યના ઉદ્ભવ કાર્યક્રમોની દશ્ય-શ્રાવ્ય માધ્યમ દ્વારા પ્રસ્તુતિ તેમજ જ વિવિધ ક્ષેત્રના તજજ્ઞોઓની જ્ઞાનવાણીનો આસ્વાદ માણે છે. આ માસની ૩૩૨મી ગ્રંથગોષ્ઠિ બેઠક તા. ૨/૧૨/૨૦૨૬, બુધવારે સાંજના ૫ વાગ્યે મળશે. આ બેઠકમાં જાણીતા લેખક અને પત્રકાર રાજેશ દવે આચાર્ય પીયૂષ લિખિત પુસ્તક સનાતન સંસ્કૃતિના પ્રતીકોનો સ્વાદ કરાવશે.

ગોંડલમાં પિતા-પુત્ર પર પાડોશી પરિવારનો હુમલો: ગીલોલથી પાણો મારતા આંખમાં ઈજા

પૈસાની ઉઘરાણી બાબતે યુવાનને માર મારતા છોડાવવા વચ્ચે જતા પિતા પર પણ હુમલો: ત્રણ સામે ગુનો નોંધાયો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

ગોંડલમાં બાલાશ્રમ પાસે રહેતા પરિવાર પર પાડોશમાં રહેતા પિતા-પુત્રોએ હુમલો કર્યો હતો. યુવાનને મારમારતા તેના પિતા છોડવવા વચ્ચે પડતા તેમને ગીલોલથી પાણો મારતા આંખ પાસે ઈજા પહોંચાડી હતી. આ શખસોએ ધમકી આપી હતી કે, હવે મારા પૈસા આપી દેજે નહીંતર તને જાનથી મારી નાખીશ. બનાવ અંગે પ્રૌઢની ફરિયાદ પરથી ગોંડલ સિટી પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે ગોંડલમાં બાલાશ્રમ પાસે ખાડામાં રહેતા રમેશભાઈ કનુભાઈ સોલંકી(ઉ.વ ૫૦) દ્વારા નોંધવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે રૂપસીંગ રમણીકભાઈ સોલંકી, ભાવસીંગ રમણીકભાઈ સોલંકી અને રમણીક સોલંકીના નામ આપ્યા છે. પ્રૌઢે ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે મજૂરીકામ કરી મારા પરિવારનું ગુજરાન ચલાવે છે. સંતાનમાં ત્રણ પુત્ર અને એક પુત્રી છે.

ગઈકાલ રાત્રીના આઠેક વાગ્યે પ્રૌઢ તથા તેઓ દીકરો અજય અને પત્ની મુન્નીબેન ઘરે જમતા હોય ત્યારે ઘરની થોડે દૂર રહેતો રૂપસિંગ રમણીકભાઈ સોલંકી ઘર પાસે બહાર રોડ ઉપર આવી બૂમ પાડી પ્રૌઢના પુત્ર અજયને બોલાવેલ જેથી ફરિયાદી તથા તેના પત્ની મુનીબેન પણ જતા રૂપસિંગ ફરિયાદીના દીકરાને કહેવા લાગ્યો હતો કે તું જે મારા પૈસા લઈ ગયો છો તે મને આપી દે તેમ કહી ગાળો બોલવા લાગ્યો જેથી ફરિયાદી તથા તેમના પત્નીએ તેને ગાળો દેવાની ના પાડતા રૂપસિંગ ઉશ્કેરાઈને ફરિયાદીના દીકર સાથે ઝપાઝપી કરવા લાગ્યો હતો.

દરમિયાન રૂપસિંગનો ભાઈ ભાવસિંગ તથા તેના પિતા રમણીકભાઈ આવી ગયા હતા અને તે ફરિયાદીના દીકરાને મારવા લાગ્યા હતા જેથી પ્રૌઢ અને તેમના પત્ની મુનીબેન દીકરા અજયને છોડાવવા જતાં ભાવસિંગ ગીલોલથી પાણો પ્રૌઢના જમણા આંખના નેણ પાસે મારી દીધો જેથી તેમને લોહી નીકળવા લાગ્યુ હતુ. એટલામાં આજુબાજુના લોકો આવી જતા આ લોકો ત્યાંથી જતા રહ્યા હતાં. જતા પહેલા ફરિયાદીના પુત્ર અજયને કહેવા લાગ્યા હતા કે હવે મારા પૈસા આપી દેજે નહીંતર તને જાનથી મારી નાખીશ. પ્રૌઢને ઈજા પહોંચી હોય જેથી તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં.

બાદમાં તેણે આ પિતા- પુત્રો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે સિટી પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

Printer and Publisher : Chandresh Dhanraj Jethani, Owner : Dhanraj News & Media Pvt. Ltd., Printed at Aajkaal Printing Press, 1 - Rajput Para, Near Gaisford Talkies, Rajkot.
and Published from Aajkaal Karyalaya, 9th Floor, Dhanrajni Bldg., Dr. Yagnik Road, Rajkot, Gujarat. *Editor Kana Bantva, Responsible for Selection and Publication of News under PRB Act.

ગોંડલમાં રાત્રે તેલના વેપારીની દુકાનમાં ઘુસી તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા

મૃતકનું સ્પ્લેન્ડર બાઈક પણ ગાયબઃ રાજકોટ ગ્રામ્ય એસપી વિજયસિંહ ગુર્જર સહિતનો ઉચ્ચ પોલીસ કાફલો ઘટનાસ્થળે; ડોગ સ્કવોડ, એફએસએલ અને એલસીબીની ટીમો દ્વારા સીસીટીવી ફૂટેજનાં આધારે તપાસ તેજ

આજકાલ પ્રતિનિધિ
ગોંડલ

ગોંડલમાં સનસનાટીભરી હત્યાની ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. શહેરની ચુનારા શેરીમાં આવેલી તેલની દુકાનમાં ૬૧ વર્ષીય વૃદ્ધ વેપારીની અજાણ્યા શખ્સોએ મોઢાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી નિર્મમ હત્યા નિપજાવી છે. ઘટના બાદ મૃતકનું હોન્ડા સ્પ્લેન્ડર બાઈક પણ ગાયબ હોવાથી આ હત્યા લૂંટના ઈરાદે થઈ છે કે અન્ય કોઈ કારણોસર, તે દિશામાં ગોંડલ એ-ડિવિઝન પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગોંડલના રામ મંદિર પાસે આવેલી અરુણ કોલોનીમાં રહેતા ભરતભાઈ નાનભા ડાભી (ઉં.વ. ૬૧) ચુનારા શેરીમાં મહાવીર ટ્રેડર્સ નામે તેલનો વેપાર કરતા હતા. ભરતભાઈ નિત્યક્રમ મુજબ ફરજ઼ાજ રાત્રે ૧૦ વાગ્યે



પોતાની દુકાન વધાવીને ઘરે જતા રહેતા હતા. પરંતુ ગત રાત્રે ૧૧:૩૦ વાગ્યા સુધી તેમની દુકાન ખુલ્લી જણાતા આસપાસના પડોશીઓને શંકા ગઈ હતી. પડોશીઓએ દુકાનમાં તપાસ કરતા ભરતભાઈ લોહીલુહાણ હાલતમાં મૃત પડેલા જોવા મળ્યા હતા.હત્યારાઓએ દુકાનની અંદર જ ભરતભાઈના મોઢાના ભાગે તીક્ષ્ણ હથિયાર વડે જીવલેણ ઘા ઝીંકી તેમને મોતને ઘાટ ઉતારી દીધા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ભરતભાઈનું હોન્ડા સ્પ્લેન્ડર બાઈક પણ ઘટનાસ્થળેથી ગાયબ છે. દુકાનમાંથી રોકડ રકમની લૂંટ થઈ છે કે કેમ તે હજુ સ્પષ્ટ થયું નથી, પરંતુ બાઈક ગાયબ હોવાથી લૂંટના ઈરાદે હત્યા કરવામાં આવી હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે.

બનાવની જાણ થતા જ એ-ડિવિઝન પીઆઈ જાડેજા સહિતનો પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. મૃતકની દુકાનની અંદર સીસીટીવી કેમેરા નથી, પરંતુ બહારના ભાગે લાગેલા કેમેરા અને આસપાસના વિસ્તારના ફૂટેજ પોલીસે કબજે કરીને આરોપીઓનું પગેરું મેળવવા તપાસ હાથ ધરી છે. ગુર્જર રાજપૂત સમાજના અગ્રણી વેપારીની હત્યાથી વેપારી આલમમાં ભય અને રોષની લાગણી ફેલાઈ છે.મૃતક છેલ્લા ૪૦ વર્ષથી આ વિસ્તારમાં પોતાનો વ્યવસાય કરતા હતા અને અહીંના જાણીતા વેપારી હતા. મૃતકને સંતાનમાં એક ૧૬ વર્ષનો દીકરો છે, જે સેન્ટ મેરી સ્કૂલમાં ધોરણ ૧૦માં અભ્યાસ કરે છે. આ દુઃખદ ઘટનાને પગલે પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી ગયો હતો. પોલીસે સમગ્ર વિસ્તાર અને બોર્ડરને કોર્ડન કરીને નાકાબંધી કરી દીધી છે તેમજ ઘટનાસ્થળે જરૂરી પંચનામા અને ઈન્વેસ્ટની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ મૃતદેહને પ્રથમ ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યારબાદ હત્યાના ચોક્કસ કારણો જાણવા માટે મૃતદેહને ફોરેન્સિક પીએમ અર્થે રાજકોટ ખસેડવામાં આવ્યો છે.આરોપીઓને ઝડપી પાડવા માટે હાલ પોલીસે સમગ્ર રાજકોટ જિલ્લાની વિવિધ ચેકપોસ્ટ પર નાકાબંધી કરી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.



લૂંટની આશંકા અને પોલીસની કાર્યવાહી

હત્યા કર્યા બાદ આરોપીઓ મૃતક ભરતસિંહનું સ્પ્લેન્ડર બાઈક લઈને ફરાર થઈ ગયા હોવાનું સામે આવ્યું છે, જેના કારણે આ હત્યા લૂંટના ઈરાદે કરવામાં આવી હોવાની પ્રબળ શકયતા છે. બનાવની જાણ થતા જ રાજકોટ ગ્રામ્ય એસપી વિજયસિંહ ગુર્જર, ડીવાયએસપી કે.જી. ઝાલા, એલસીબી પીઆઈ જે.પી. રાવ, ગોંડલ એ-ડિવિઝન પીઆઈ જે.આર. ઝાલા, બી-ડિવિઝન પીઆઈ જી.એસ. ગઢવી અને તાલુકા પીઆઈ યુ.આર. ડામોર સહિતનો મસમોટો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

રાજકોટ ગ્રામ્ય એસપી વિજયસિંહ ગુર્જરનું નિવેદન

ઘટનાસ્થળની મુલાકાત લીધા બાદ રાજકોટ ગ્રામ્ય એસપી વિજયસિંહ ગુર્જરે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, રાત્રે ૧૦ થી ૧૧ વાગ્યાની વચ્ચે ગોંડલની નાની બજારમાં વર્ષોથી તેલ અને બેસનનો હોલસેલ વેપાર કરતા ૬૧ વર્ષીય ભરતસિંહ નાનભા ડાભીની તેમની જ દુકાનમાં ચાકુના ઘા મારીને હત્યા કરવામાં આવી છે. પ્રાથમિક દ્રષ્ટિએ ચાકુના ઘાથી હત્યા થઈ હોવાનું સામે આવ્યું છે, પરંતુ આ હત્યા લૂંટના ઈરાદે થઈ છે કે કેમ તે હાલ ચોક્કસપણે કહી શકાય નહીં. ઘટનાની ગંભીરતાને જોતા સમગ્ર જિલ્લાની પોલીસ ટીમો અહીં કાર્યરત કરી દેવામાં આવી છે. ડોગ સ્કવોડ (હેરી ડોગ) દ્વારા તપાસ કરવામાં આવી છે અને એફએસએલની ટીમ પણ પુરાવા એકત્ર કરી રહી છે. આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસવાની કાર્યવાહી હાલ ચાલુ છે, જેમાં અમુક શંકાસ્પદ વાહનો નજરે પડ્યા છે. મૃતદેહને ઇન્કવેસ્ટ અને પોસ્ટમોર્ટમ અર્થે સિવિલ હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યો છે. જેમ-જેમ તપાસમાં વિગતો કન્ફર્મ થશે તેમ માહિતી શેર કરવામાં આવશે.

બજેટ ખર્ચ, યોજનાકીય લક્ષ્યાંકોની સમીક્ષા માટે ભુપેન્દ્રભાઈ એકશનમાં

એક જ દિવસમાં ૧૬ વિભાગોની કામગીરીનું સરવૈયું મેળવ્યું, ખર્ચની ધીમી ગતિ અને લક્ષ્યાંકથી પાછળ રહેતા વિભાગો પર ફોકસ

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

ગુજરાત સરકારના વિવિધ વિભાગોની કામગીરીની સમીક્ષા વધુ સઘન બનાવવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એક જ દિવસમાં ૧૬ સરકારી વિભાગોની કામગીરીનું સરવૈયું મેળવ્યું હતું. શુક્રવારે, ૨૭ નવેમ્બરે દિવસભર યોજાયેલી શ્રેણીબદ્ધ બેઠકોમાં મુખ્યમંત્રીએ વિભાગવાર બજેટની ફાળવણી, અત્યાર સુધી થયેલો ખર્ચ, યોજનાકીય લક્ષ્યાંકો સામેની પ્રગતિ અને કામગીરીનાં પરિણામોની વિગતો મેળવી હતી. સરકારની યોજનાઓના અમલીકરણમાં ગતિ લાવવા અને બજેટની જોગવાઈઓનો અસરકારક



ઉપયોગ થાય તે દિશામાં આ સમીક્ષા મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

નોંધનીય છે કે અગાઉ સરકારી વિભાગોમાં બજેટની ફાળવણી સામે ખર્ચની ગતિ એપ્રિલથી ડિસેમ્બર સુધી ધીમી રહેતી હતી. ત્યારબાદ નાણાકીય વર્ષના અંતિમ ત્રણ મહિનામાં ખર્ચની ગતિ અચાનક વધારી દેવામાં આવતી હતી. એટલું જ નહીં, કેટલાક વિભાગો તો તેમને ફાળવવામાં આવેલી બજેટની રકમનો પણ સંપૂર્ણ ઉપયોગ કરી શકતા નહોતા. આ પ્રકારની સ્થિતિને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીએ બજેટ ખર્ચની માત્રા કરતાં તેના અસરકારક ઉપયોગ અને યોજનાઓના વાસ્તવિક પરિણામો પર વિશેષ ભાર મૂક્યો હતો.

મુખ્યમંત્રીએ વિભાગોના વરિષ્ઠ સચિવો અને વિભાગીય વડાઓ પાસેથી પ્રેઝન્ટેશન મારફતે કામગીરીની વિગતો મેળવી હતી. પ્રથમ સત્રમાં નાણાં, માર્ગ અને મકાન, શહેરી વિકાસ, કૃષિ અને સહકાર, ઉદ્યોગ, અન્ન અને નાગરિક પુરવઠા, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ, સામાજિક ન્યાય અને અધિકારિતા તથા આદિજાતિ વિકાસ સહિતના નવ વિભાગોની સમીક્ષા કરવામાં આવી હતી.

જ્યારે બપોર પછીના સત્રમાં પોર્ટ્સ, વન અને પર્યાવરણ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, મહિલા અને બાળ કલ્યાણ, મહેસૂલ, રમતગમત-યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા કલાયમેટ ચેન્જ વિભાગની કામગીરીની સમીક્ષા થઈ હતી. આ બેઠકોમાં મુખ્યમંત્રીએ રજૂ થયેલી વિગતોના આધારે સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. ખાસ કરીને બજેટની જોગવાઈઓનો સમયસર ઉપયોગ થાય, યોજનાકીય લક્ષ્યાંકો નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ થાય અને સરકારી ખર્ચનું પરિણામ નાગરિકો સુધી પહોંચે તે બાબતો પર ભાર મૂક્યો હતો.

આ સમીક્ષા બેઠકોમાં મુખ્ય સચિવ એમ.કે. દાસ, મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડો. હસમુખ અઢિયા સહિત વિવિધ વિભાગોના અધિક મુખ્ય સચિવો, મુખ્યમંત્રીના અગ્ર સચિવ, અધિક અગ્ર સચિવ અને સચિવો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી દ્વારા હાથ ધરાયેલી આ કવાયતથી વિભાગોની કામગીરી અને બજેટ ખર્ચ પર સીધી દેખરેખ રાખવાનો સંદેશ સ્પષ્ટ થયો છે.

દેલવાડા ગામે મરઘા ઉછેર કેન્દ્રમાં ઘુસીને દીપડાએ ૮૦થી વધુ મરઘાનો શિકાર કર્યો

વન વિભાગે દીપડાને ઝડપી લેવા પાંજરું ગોઠવ્યું; લોકો ભયભીત





આજકાલ પ્રતિનિધિ
ઉના

ઉના તાલુકાના દેલવાડા ગામની સીમમા વાડી વિસ્તારમા લક્ષ્મણભાઈ મશરીભાઈ બામભણીયાની વાડી ફાર્મ હાઉસ આવેલ છે. તેમાં એક મરઘાં ઉછેર કેન્દ્ર બનાવેલ હોય તેમાં ગઈકાલે રાત્રીના એક દીપડો શિકારની લાલચમા વાડીમા ઘુસી જઈ જ્યાં મરઘાં રાખેલ હતા ત્યાં ઘુસી જઈ ૮૦ થી વધુ દેશી મરઘાંનો શિકાર કરી મારી નાખી નાસી ગયો હતો. સવારે વાડી માલિક આવી જોતા મરઘાંઓ મૃત હાલતમા હતા. મોટુ આર્થિક નુકશાન ગયેલ છે. દેલવાડા સીમ વાડી વિસ્તાર મા ઘણા દિવસો થી દીપડા નો ત્રાસ વધેલ છે. પાલતુ પશુ, પ્રાણીઓ ઉપર હુમલો કરી શિકાર કરે છે. ખેડૂતો રાત્રીના વાડીએ રાખોપુ કરવા જતા ભય અનુભવે છે. તો તુરંત દીપડા ને પાંજરે પુરી લોકો ને ભય મુકતા કરવા માંગણી છે. વન વિભાગ ને જાણ થતા વન વિભાગ ના કર્મચારિયો સ્થળ ઉપર આવી તપાસ હાથ ધરી છે.

ચોટીલા-રાજકોટ હાઈવે પર અકસ્માતમાં મા-દીકરીનું કરુણ મોત, અન્ય એકને ઈજા

પરિવાર પ્રસાદ લેવા માટે રોડ ક્રોસ કરી રહ્યા હતા તે અરસામાં પૂરપાટ આવતી લોધીકાની ઓડી કારે જોરદાર ટક્કર મારતા અકસ્માત સર્જાયો

આજકાલ પ્રતિનિધિ
ચોટીલા

ચોટીલા-રાજકોટ હાઈવે પર ચોટીલામાં આપાગીગાના ઓટલા પાસે ઓડી કારની અડફેટે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં માતા-દીકરીનાં કરુણ મોત નીપજતાં સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાઈ ગઈ છે. જ્યારે અકસ્માતમાં એક પુરુષને ઈજા પહોંચતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, પરિવાર પ્રસાદ લેવા જઈ રહ્યો હતો તે દરમિયાન આપાગીગાના ઓટલા પાસે ઓડી કારની અડફેટે આવતા આ ગોઝારી દુર્ઘટના સર્જાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે તેમાંઅર્ચનાબેન અશ્વીનકુમાર જોષી (ઉ.વ આશરે ૪૮) તથા નયનાબેન વસંતકુમાર દીક્ષીત (ઉ.વ આશરે ૭૦)ના કરુણ મોત નીપજ્યાં હતાં. જ્યારે પરિવારના એક પુરુષ વિકાસ કુમાર વસંતલાલ દીક્ષીત (રહે. તમામ ખેડબ્રહ્મા જીલ્લો સાબરકાંઠા)ને ઈજા પહોંચતા તેમને વધુ સારવાર માટે રાજકોટ લઈ જવામાં આવ્યા હતા.આકસ્મિક ઘટનાને પગલે હાઈવે પર લોકોનાં ટોળાં એકત્ર થઈ ગયાં હતાં અને વાહનોની અવરજવર ખોરવાતાં ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી. અકસ્માતનો ભોગ બનનાર પરિવાર ખેડબ્રહ્માનો છે જેઓ કુવાડવા કોલેજ ખાતે અભ્યાસ કરતા સભ્યની ડીગ્રી લેવા આવેલ પરત આપા ગીગાના ઓટલાની રોડ પર સામેની સાઈડ કાર પાર્ક કરી પ્રસાદ લેવા માટે રોડ ક્રોસ કરી રહ્યા હતા તે અરસામાં પુરપાટ આવતી ઓડી કારે જોરદાર ટક્કર મારતા અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે. કારની ઝડપ અને અકસ્માતની ગંભીરતા રોડ ઉપર જોવા મળેલ હતી ભોગ બનનાર મહિલાનો આખો પગ કટ થઈ છુટ્ટો પડી અલગ ફંગોળાળેલ હાઈવે ઉપર પડેલ જોવા મળેલ હતો.અકસ્માત સર્જનાર ઓડી પુરપાટ ઝડપે ચલાવી અકસ્માત સર્જનાર કાર નંબર ઉપરથી રામજી જેઠાભાઈ પાદરીયા (રહે ભરવાડ શેરી, લોધીકા રાજકોટ) હોવાની માહિતી પ્રાપ્ત થાય છે. આ ગમખ્વાર અકસ્માતે ફરી એકવાર હાઈવે પર વાહનચાલકોની બેદરકારી અને માર્ગ સલામતીના પ્રશ્નો સામે ગંભીર ચિંતા ઊભી કરી છે.



આપાગીગાના ઓટલા પાસે વારંવાર સર્જાતી દુર્ઘટનાઓ છતાં કાયમી ઉકેલનો અભાવ?

ચોટીલા-રાજકોટ હાઇવે પર આપાગીગાના ઓટલા પાસે વારંવાર અકસ્માતોના બનાવો સામે આવી રહ્યા છે. આ સ્થળે અગાઉ પણ અનેક અકસ્માતોમાં લોકો જીવ ગુમાવી ચૂક્યા છે,વારંવાર નિર્દોષ લોકોના જીવ જોખમમાં મુકાતા હોવા છતાં અકસ્માતો અટકાવવા માટે કાયમી અને અસરકારક વ્યવસ્થા ઊભી કરવાની તાતી જરૂરિયાત ઊભી થઈ છે. આ સ્થળે અકસ્માતોનાં કારણો અંગે સંબંધિત માર્ગ અને વાહનવ્યવહાર વિભાગ દ્વારા તાત્કાલિક ટેકનિકલ તપાસ કરવામાં આવે અને જરૂરી હોય ત્યાં સ્પીડ બ્રેકર, ચેતવણી સૂચક બોર્ડ, યોગ્ય લાઇટિંગ, માર્ગ સલામતીનાં ઉપાયો તથા અન્ય જરૂરી વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી રહી છે.

૧૫૧ ફુટ લંબાઇ, ૫૫ ફુટ પહોળાઇ અને ૨૭ ફુટ ઉંચાઇ ધરાવતું વેરાવળમાં ૧૬ કરોડના ખર્ચે તૈયાર થનાર ૨૨૦૦ ટનનું વિરાટ જહાજ તરતું થશે

આજકાલ પ્રતિનિધિ
સોમનાથ

સાગર ખેડુ માછીમાર સમાજનું ગૌરવ વધારનારા અને દેશના વિકાસના મહત્વના કદમ સમું એક વિરાટ મહાકાય જહાજ વેરાવળ બંદર ખાતે બની રહ્યું છે

જે અંગે અખિલ ગુજરાત માછીમાર મહામંડળના પ્રમુખએ એક મુલાકાતમાં જણાવ્યું કે આ જહાજ ૨૨૦૦ ટનનું બનેલ છે. જેની લંબાઈ ૧૫૧ ફૂટ અને પહોળાઈ ૫૫ ફૂટ અને ઉંચાઈ ૨૭ ફૂટ છે. સમગ્ર જહાજ બનતા અંદાજે રૂપિયા ૧૨થી ૧૪ કરોડ થવા જાય છે. આ જહાજ બનવામાં સાલુડ નામનું લાકડું અને ૧૫૦ ગાંડી બાવળનું લાકડું વપરાય છે જે એક



ગાડીમાં ૧૦ ટન લાકડા હોય છે પર ઘન ફૂટ ખોખું તૈયાર કરવામાં રૂપિયા ૬૫,૦૦૦ જેટલો ખર્ચ આવે છે. જહાજ બનતાં દોઢ વર્ષ જેટલો સમય લાગે પણ જો આર્થિક કારણસર વિલંબ થાય તો ત્રણથી ચાર વર્ષ લાગે. જહાજના ફીટીંગમાં ખીલાની જગ્યાએ નટ બોલ્ટ વપરાય છે, સમુદ્રમાં જહાજ સંચાલન માટે ૧૨ માણસો કાર્યરત રહેતા હોય છે જેમાં તેનો મુખ્ય ટંડેલ હોય છે. આ જહાજ બનવામાં ૩૦થી ૩૫ કારીગરો કાર્યરત કરતા હોય છે આ જહાજમાં કિચન, એસી રૂમ, લેટ્રીન, નાસ્તા રૂમ, સ્ટોર રૂમ, આમ ઘર જેવું હોય છે વહાણને દરિયાની ખારાશ ન લાગે તે માટે ખાસ પ્રકારનો કલર લગાડવામાં આવે છે આ વહાણ બનાવવા સ્વરોજગારી અને સ્વદેશી રીતે બનાવાયેલ છે.

આ જહાજ દરિયામાં તરતું થશે ત્યારે સ્વદેશી ઉદ્યોગ ક્ષેત્રે ભારતની શાન અને ગૌરવ વધારશે તૈયાર થયા બાદ જહાજ ઓખા-દુબઈ સોમાલિયા સહીત દેશ-વિદેશના ફેરા કરશે અને વેરાવળ તો પછી વર્ષમાં માત્ર એકાદ વખત આવવાનું થાય તો થાય તેવી કામગીરી રહેશે.

અમારા કહ્યામાં નથી



હું નીચે સહી કરનાર છગનભાઈ જાદવભાઈ ઉસદડીયા, ધંધો-ખેતી, ઉ.વ.આ. ૬૫, રહે. સોંદરડા, તા. કેશોદ, જી. જુનાગઢ વાળા આ નોટીસથી જાહેર કરીએ છે કે, આ ફોટા વાળા મારો પુત્ર કલ્પેશ છગનભાઈ ઉસદડીયા. અમારા કહ્યામાં નથી જેથી કોઈપણ વ્યક્તિએ અમારા નામે રોકડ કે કોઈપણ રીતે કોઈપણ જાતનો નાણાકીય વ્યવહાર કોઈપણ પ્રકારનો કરવો નહીં અને જે વ્યક્તિ વ્યવહાર કરશે તો અમારી કોઈપણ જાતની જવાબદારી નથી અને વ્યવહાર કરનારની તમામ જવાબદારી રહેશે અમોએ અમારા પુત્રની મીલ્કતના ભાગની અવેજ આપીને અમોની મીલ્કતમાં બેદખલ કરેલ છે. જેની લાગતા વળગતાને નોંધ લેવી આ નોટીસ બાદ કોઇપણ પ્રકારનું લેતી દેતી કરો તો તેની જવાબદારી તમારી અંગત રહેશે.

તા. ૨૭-૧૧-૨૦૨૬
સ્થળ : માળીયા હાટીના

સહી : છગનભાઈ જાદવભાઈ ઉસદડીયા

:: જાહેર નોટીસ ::

આ જાહેર નોટીસથી લાગતા વળગતા તથા જાહેર જનતા તમામને જાણ કરવાની કે, રાજકોટ જીલ્લાના ગોંડલ તાલુકાના વાસાવડ ગામના નીચે જણાવેલ સર્વે નંબર તથા તેની સામે જણાવેલ ક્ષેત્રફળ વાળી ખેતીની ખેડવાણ જમીન નીચે જણાવેલ માલીક ની માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે.

ક્રમ	વેંચાણ આપનાર	રેવન્યુ સર્વે	હે.આરે.ચો.મી	ખાતા નં.
૧.	કમલેશભાઈ રાજુભાઈ સીંધવ	૨૬૬ પૈકી ૨	૧-૬૧-૮૮	૧૩૭૬

ઉપર જણાવેલ ખેતીની જમીન અમારા અસીલ તેઓ પાસેથી ખરીદ કરવા માંગે છે.

સબબ આ નોટીસથી જાહેર જનતાને જણાવવાનું કે ઉપરોક્ત મિલકતના માલીકી બાબતે કે તેના ટાઈટલ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો હકક અંગે અગરતો અન્ય કોઈ રીતે કોઈપણને દરદાવો, વારસાઈ હકક કે ભરણ પોષણ, વાંધો, તકરાર હોય કે આ મિલકત ઉપર કોઈનું કોઈ પ્રકારે કરજ, ગીરો, લેણું, બોજો, લાગભાગ, હકક, હિત, હિસ્સો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાથી દિવસ-૧૨ (બાર) માં નીચે જણાવેલ સરનામા ઉપર લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી, મુદત દરમ્યાન કોઈના વાંધા તકરાર નહી આવે તો કોઈને કોઈપણ પ્રકારે વાંધો-તકરાર નથી અને હોય તો પણ તે તમામ જતાં (WAIVE) કરેલ છે, તેમ માની અમારા અસીલ સદરહું મિલકત ખરીદવા અંગે કાર્યવાહી પુરી કરવા માટે જરૂરી દસ્તાવેજ કરાવી અનેઆકાશ થી પાતળ સુધીના તમામ હકો, સાથે નો શાંત, ખાલી નિર્ભય અને પ્રત્યક્ષ કબજો તેના હદ નિશાન દડી, બાણ, શેઢા, પાળા વાડ, ઝાડ, રસ્તા ના હકકો સહીત તેના તમામ પ્રકારના સુખાધિકાર ના હકકો સાથે સ્થળ ઉપરનો કબજો સંભાળી લેશે, અને ત્યારબાદ ઉઠાવવામાં આવેલ કોઈપણ પ્રકારના વાંધા-તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહિં. જેની તમામ જાહેર જનતાએ નોંધ લેવી.

ગોંડલ, તા. ૨૫-૧૧-૨૦૨૬
ઓફીસ : વિકમસિંહજી કોમ્પલેક્ષ, ઈ-એફ, પહેલા માળે, ઓફીસ નં. ૧૭-૧૮-૨૨, જુની કોર્ટ બિલ્ડીંગ સામે, ગોંડલ. મો. ૯૯૯૮૧ ૮૦૫૯૭

પરેશકુમાર એ. રામાણી
હિતેશકુમાર બી. રામાણી
એડવોકેટસ

The Rajkot Commercial Co. Operative Bank Ltd
Web : rcc.bank.in
Ph. : 0281-2238946

ગ્રાહકોના અતુટ વિશ્વાસ થકી મજબુતી સાથે અડીખમ, સમૃધ્ધ અને ભારતભરમાં પ્રોફીટીબીલીટીમાં નંબર ૧

૨૫ માસથી વધુ ૩૬ માસ સુધીની મુદત માટે ડિપોઝીટનો આકર્ષક વ્યાજદર (તા.૦૧.૦૭.૨૦૨૬ થી અમલમાં)

6.50% જનરલ ડિપોઝીટર માટે
7.00% વરીષ્ઠ નાગરીકો માટે

૨૫ લાખ સુધીના સિકયોર્ડ ધિરાણ
9.00 % વ્યાજના રાહતદરે

વધુ માહિતી માટે સંપર્ક ધર્મેશ હિંડોયા 94093 29051, શૈલેષ પટેલ 94294 72052

'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.

જાહેર નિવિદા
મોરબી વન વિભાગ મોરબી

મોરબી વન વિભાગના કાર્યક્ષેત્ર હેઠળની ગોંડલ ક્ષેત્રિય રેંજના કાર્યક્ષેત્ર વિસ્તારમાં Construction of a Rubble Masonry Protection Boundary Wall ની કામગીરી ભાવો https://tender.nprocure.com પર ઓનલાઇન ઇ-ટેન્ડર દ્વારા મંગાવવામાં આવે છે. આ અંગેની વિગતવાર માહિતી વેબસાઇટ પર ઉપલબ્ધ છે.
ઓનલાઇન ટેન્ડર બીડ ભરવાની છેલ્લી તા.૧૧/૧૨/૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધીની રહેશે

અ નં	ટેન્ડર નોટીસ નંબર	ઈ-ટેન્ડર આઈ.ડી. નંબર	રેન્જનું નામ
1	31/2026-27	368081	ગોંડલ

નાયબ વન સંરક્ષક
મોરબી વન વિભાગ મોરબી
સરનામુ :
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી
મોરબી વન વિભાગ,અરૂણોદય મીલ રોડ, મોરબી-૨
પીનકોડ-૩૬૩૬૪૨
ફોન નં. ૦૨૮૨૨-૨૪૧૬૧૧, Email: dcfmorbi@gmail.com

માહિતિ/રાજ/૧૧૯૧/૨૬-૨૭

દેશ-પરદેશની આજકાલ
Dhanraj Group
નોટીસ છપાવો ફેંસલો લાવો આજકાલ માં
જાહેર નોટીસ | જાહેર ચેતવણી
કોર્ટ નોટીસ | દાવાનાં સમન્સ
રાજકોટ એડીશન
જાહેરખબરના ભાવ ફકત રૂા. 110 પ્રતિ કોલમ સે.મી. અંદર પાને
ઓલ એડીશન ફકત રૂા. 400 પ્રતિ કોલમ સે.મી. અંદર પાને
(રાજકોટ • જામનગર • ભાવનગર • પોરબંદર • અમદાવાદ)
સંપર્ક Mo. 99984 70400

:: સીવીલ કોર્ટ નોટીસ ::

રાજકોટના મહે. ૨ માં અધિક સીવીલ જજ શ્રી વસુધા ત્યાગી સાહેબની કોર્ટમાં **દિ.પ.અ.નં. ૨૩૨૬/૨૦૨૬** ના અરજદારે જ્યોત્સનાબેન રાજુભાઈ વોરા, રહે. ભક્તિધામ સોસાયટી શેરી નં. ૨, બ્લોક નં. ૬૪, અમૃતસાગર પાર્ટી પ્લોટ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ વાળાએ દાખલ કરી ગુજ. રાજેશભાઈ ઉર્ફે રાજુભાઈ વલ્લભભાઈ વોરાએ દિ.પ.અ.નં. ૭૮૩/૨૦૧૬ ના કામમાં આંક-૧૯ થી આપવામાં આવેલ હેરશીપ સર્ટીફીકેટમાં ટાઈપોગ્રાફી ભુલ સુધારવા અંગે અરજી દાખલ કરેલ છે. જે દિ.પ.અ.નં. ૭૮૩/૨૦૧૬ ના કામમાં અરજદારોને આપવામાં આવેલ આંક-૧૯ ના હેરશીપ સર્ટીફીકેટના પાના નં. ૧ ઉપર દર્શાવવામાં આવેલ "CIVIL MISC.APPL., No. 1158/'16" ના બદલે "CIVIL MISC. APPL., NO. 783/'16" મુજબનો સુધારો કરી આપવા અરજી ઉપરોકત નંબરવાળી અરજીથી અરજદારના **વકીલશ્રી સોરભ પી. પટેલ તથા ધ્રિજેશ આર. મંજુશા મારફતે** દાખલ કરી વારસા સર્ટીફીકેટમાં સુધારો કરવા અરજી કરેલ હોય આ અરજી સામે કોઇને વાંધો તકરાર હોય તો આ અદાલતમાં **મુદત તા. ૧૩-૦૧-૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે** રજુ કરવા. મુદત દરમિયાન કોઇનો વાંધો તકરાર નહી આવે તો અરજદારશ્રી તરફેણમાં યોગ્ય કાયદેસર હુકમ કરવામાં આવશે.
આજ તા. ૨૭-૧૧-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટમાં સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર એમ. પી. જોષી આસીસ્ટન્ટ | કોર્ટનો સિકકો | હુકમથી એન. આર. વ્યાસ રજીસ્ટ્રાર

મહિલા મિત્રની બબાલમાં વચ્ચે પડતા સગર્ભાને ઢસડી પેટમાં પાટુ મારી પછાડી દીધીઃ ધમકી

મહિલા મિત્રને પૂર્વ પ્રેમી ઘરાર સાથે આવવાનું કહેતા સગર્ભાએ આવું ન કરવા કહેતા માર માર્યોઃ કોઠારીયા સોલવન્ટ વિસ્તારનો બનાવ

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

શહેરના કોઠારીયા સોલવન્ટમાં સગર્ભાને પેટના ભાગે પાટુ મારી ખૂનની ધમકી આપવામાં આવી હતી. મહિલા મિત્રનો પૂર્વ પ્રેમી તેણીને ઘરાર સાથે આવવા દબાણ કરતો હોય સમજાવટ કરવા વચ્ચે પડતા સગર્ભાને મિત્રના પૂર્વ પ્રેમીની બહેન સહિતે માર માર્યો હતો. બાદમાં સગર્ભાને પેટમાં દુખાવો ઉપડતા જનાના હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. સમગ્ર મામલે આજીડેમ પોલીસે બે મહિલા સહીત ત્રણ શખસો સામે ગુનો નોંધ્યો હતો.

બનાવ અંગે કોઠારીયા વિસ્તારની સીતારામ સોસાયટી શેરી નં.-૧ માં રહેતી ૧૯ વર્ષીય પરિણીતા દિશાબેન કૃણાલભાઈ બગથરીયાએ આરોપી તરીકે નિખિલ ચાવડા, નિખિલની બહેન નિકિતા અને મધુ ગોહેલનું નામ આપી જણાવ્યું હતું કે, હાલ તેને પાંચ મહિનાનો ગર્ભ છે. અગાઉ તેની સાથે અભ્યાસ કરતી મારી મિત્ર સોનલ ગોસ્વામી કે જેના માતા-પિતા ન હોય અને તેના લગ્ન બાદ છુટાછેડા થઈ ગયેલ હોય તેણી અમારી સાથે રહેતી હતી. સોનલને નિખિલ ચાવડા નામના શખસ સાથે અગાઉ પ્રેમ સંબંધ હતો.

પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા.૨૭/૧૧/૨૦૨૬ ના સાંજના છ વાગ્યાની આસપાસ મારી મિત્ર સોનલે ફરિયાદીને કહ્યું હતું કે હું મારા માસાના ઘરે કપડાં લેવા જાઉં છું અને રાત્રે આઠ વાગ્યે ઘરે આવી જઈશ કહી તેણી ઘરેથી નીકળી ગઈ હતી. રાત્રીના આઠ વાગ્યે સોનલ ઘરે આવેલ નહીં, જેથી ફરિયાદીએ સોનલને ફોન કરતા તેણીએ કહેલ કે, હું અહીં સોલ્વન્ટ ફાટક પાસે નાસ્તો પાર્સલ કરાવી ઘરે આવું છું. થોડો સમય જવા છતાં સોનલ ઘરે નહિ આવતા ફરીવાર તેણીને ફોન કરતા તેનો મોબાઈલ સ્વીચઓફ આવ્યો હતો. જેથી ફરિયાદી તથા તેના પતિ સોનલને શોધવા માટે અમારા ઘરેથી સોલવન્ટ ફાટક બાજુ જતા હતા. પોણા નવ વાગ્યાની આસપાસ હુશૈની ચોક પાસે પહોંચતા રોડ ઉપર સોનલ તથા નિખિલ ચાવડા, નિખિલની બહેન નિકિતા અને નિખિલના જાણીતા મધુ ગોહેલ વાતચીત કરતા હતા. જેથી ફરિયાદીએ સોનલને પુછ્યુ હતું કે, શું થયું? તો તેણે કહ્યું હતું કે નિખિલ મને તેની સાથે આવવા કહે છે પણ મારે તેની સાથે જવું નથી. જેથી ફરિયાદીએ નિખિલને સમજાવેલ કે, તારી સાથે રહેવા માંગતી નથી. જે સાંભળી નિખિલ, નિકિતા અને મધુ ઉગ્ર થઈ ગયેલ હતા અને બોલાચાલી કરવા લાગેલ હતા.

મધુ ગોહેલે કહેવા લાગેલ કે, આ તમારી મેટર નથી, તમે અહીંથી ચાલ્યા જાઓ. પરંતુ ફરિયાદી ત્યાંથી ન જતા નિકિતાએ હાથ પકડી લીધેલ અને મને ઢસડી થોડે દૂર લઈ ગયેલ હતી. મધુ કહેવા લાગેલ કે તને બહુ પાવર છે, તારો પાવર કાઢી નાખવો છે તેમ કહી પેટના ભાગે પાટુ માર્યુ હતું. જેથી ફરિયાદીએ નિખિલને કહેલ કે, નિકિતા અને મધુ મારી સાથે મારામારી કરે છે. તું એમને સમજાવી દે નહિતર હું કેસ કરીશ. બાદ નિખિલે કહેલ કે, તારે જ્યાં કેસ કરવો હોય ત્યાં કરી દે અને બીજી વાર અમારી મેટરમાં પડતી નહીં, નહીંતર તને તો હું જાનથી મારી નાખીશ તેમ કહી જોરજોરથી ગાળો બોલવા લાગ્યો હતો.

બાદ પરિણીતા તેનો પતિ અને સોનલ ત્યાંથી નીકળી ગયા હતા. ત્યારબાદ ગર્ભવતી પરિણીતાને પેટમાં દુખાવો ઉપડતા તેણીને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે જનાના હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ હતી. સમગ્ર મામલે આજીડેમ પોલીસે પરિણીતાની ફરિયાદ પરથી બે મહિલા સહીત ત્રણેય શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જાળિયા ગામ પાસે રાત્રીના સગીરાને કારમાં અપહરણ કરી ગયાની ફરિયાદ

દીકરી નજરે ન પડતા પિતાએ તુરંત આસપાસ જોતાં એક કાર ફુલ સ્પીડે અહીંથી નીકળતા નજરે પડીઃ સગીરાના સગડ મેળવવા તપાસ

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ તાલુકાના જાળીયા ગામ પાસે સીમ વિસ્તારમાં રહેતા પરિવારની ૧૭ વર્ષની સગીરાને કોઈ અજાણ્યો શખસ કારમાં અપહરણ કરી ગયા અંગે સગીરાના પિતાએ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી સગીરાના સગડ મેળવવા શોધખોળ શરૂ કરી છે.

મૂળ બગસરાના સાપર ગામના વતની અને હાલ જાળીયા ગામ પાસે રહેતા આધેડે કુવાડવા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમને સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. જેમાં દીકરી ૧૭ વર્ષ ચાર મહિનાની છે.

ગઈ તા. ૨૬-૧૧ ના રાત્રીના પરિવારના સભ્યો જમીને સુઈ ગયા બાદ એકાદ વાગ્યા આસપાસ દીકરીએ કહ્યું હતું કે, મને પેટમાં દુખે છે અને ઊંઘ આવતી નથી. બાદમાં પરિવારના સભ્યો ફરી ઊંઘી ગયા હતા. ત્યારબાદ રાત્રિના અઢી વાગ્યા આસપાસ આધેડની પત્ની તથા બે બાળકો ઠંડારો કરતા આધેડની ઊંઘ ઊડી હતી અને પત્નીએ કહ્યું હતું કે, દીકરી ઘરમાં નથી ક્યાંક જતી રહી છે. આમ વાત કરતા આધેડે મકાનની આસપાસ જોતા એક અજાણી કાર ફૂલ સ્પીડમાં જતી હતી અને તેમાં તેમની દીકરીને લઈ ગયાની શંકા સાથે સગીરાના પિતાએ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અપહરણનો ગુનો નોંધ્યો છે.

સગીરાના પિતાએ વધુમાં જણાવ્યું હતું કે, તેઓ દીકરીની શોધખોળ કરતા હતા ત્યારે નજીકમાં આવેલી હોટલે તપાસ કરતા હોટલમાં કામ કરનાર યુવાને કહ્યું હતું કે, તેણે અહીં સ્ક્રીપિયોમાં કેટલાક શંકાસ્પદ શખસોને જતા જોયા હતા અને તેમાં સગીરા પણ હોવાની તેણે શંકા વ્યક્ત કરી હતી. જેથી આ મામલે પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે સગીરાના સગડ મેળવવા શરૂ કરી છે. આ અંગે વધુ તપાસ પીએસઆઈ એમ.આર. મકવાણા ચલાવી રહ્યા છે.

નોકરે ઘરની સાથે માલિકનું એકાઉન્ટ સાફ કરી દીધું: મોબાઈલ ચોરી રૂા.૫.૫૬ લાખ તફડાવ્યા

રાજકોટમાં પાણીપુરીના ધંધાર્થીને કામ પર રાખેલા દિલ્હીના શખસે કરી કારીગરીઃ મોબાઈલ ચોરી લઈ બાદમાં એકાઉન્ટમાંથી નાણા તફડાવી લીધા

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટમાં નોકરે ઘરની સાથે માલિકનું એકાઉન્ટ પણ સાફ કરી નાખ્યાનો બનાવ બન્યો છે. રામાપીર ચોકડી પાસે શાસ્ત્રીનગરમાં રહેતા આધેડે દિલ્હીમાં રહેતા શખસને કામ પર રાખ્યો હતો. જે શખસે તેમનો મોબાઈલ ફોન ચોરી લઈ ફોન દ્વારા બેંક એકાઉન્ટમાંથી રૂ.૫.૫૬ લાખ તફડાવી લીધા હતાં. જે અંગે યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધવવામાં આવી છે.

બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ, રામાપીર ચોકડી પાસે શાસ્ત્રીનગર શેરી નં.૦૭ માં રહેતાં મૂળ મધ્યપ્રદેશના વતની મનોજ સંતોષીલાલ બાથમ (ઉ.વ.૫૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે દિલ્હીના પુનીતનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા આઠેક વર્ષથી રાજકોટ ખાતે પાણીપુરીનો વેપાર કરે છે. તેમની સાથે અહીં અન્ય બીજા સાત લોકો સાથે રહે છે જેઓને વ્યવસાય અર્થે પગાર પર રાખેલા છે.

વધુમાં જણાવ્યું કે, અગાઉ સાતેક વર્ષ મુંબઈ મહારાષ્ટ્ર ખાતે પાણીપુરી વેપાર કરતો હતો અને ત્યા પણ સાથે માણસો કામ કરતા હોય તેમાથી આકાશ નામનો છોકરો સાથે કામ કરતો હતો. આશરે બે મહિના પહેલા આ આકાશનો ફોન આવેલ કે, કામ માટે માણસોની જરૂર હોય તો હું ત્યા માણસો લઈને આવુ તેમ કહેતા આકાશને કહેલ કે, મારે એક માણસની જરૂર છે, તો તેણે કહેલ કે, હુ અને મારો મિત્ર પુનિત બન્ને આવશું.

બાદ તા.૧૨/૧૦ ના આકાશ અને તેનો મિત્ર પુનિત રાજકોટ આવેલ અને તેઓએ એક દિવસ કામ કરેલ બાદ તા.૧૪/૧૦ રોજ વેપારી કામ પર હતો ત્યારે આ આકાશ બપોરના સમયે જાણ કર્યા વગર કામ પરથી જતો રહેલ અને સાંજે પરત આવી ગયો હતો. જ્યારે ફરીયાદી રાત્રીના સમયે ઘરે પરત આવી પોતાનો મોબાઈલ ફોન બાજુમાં રાખી સુઈ ગયા બાદ સવારે ઉઠી બાજુમાં રાખેલ મોબાઈલ જોતા તે જગ્યા પર મોબાઈલ જોવા મળ્યો ન હતો. જેથી ઘરમાં જઈ તપાસ કરતા મોબાઈલ ક્યાય મળી આવેલ નહીં અને સાથે રહેતો પુનિત પણ ત્યા હાજર ન હતો. જેથી તેઓએ સાથે રહેતા બીજા છોકરાઓને ફોન બાબતે તેમજ પુનિત બાબતે પુછતા તેઓએ જણાવેલ કે, પુનિત તા.૧૫/૧૦ ની રાત્રે બે વાગ્યાની આસપાસ અહિંથી નીકળી ગયા છે. બાદ બીજા ફોનમાથી રીંગ કરતા રીંગ ગયેલ પરંતુ ફોન ઉપાડેલ નહીં. તા.૧૭/૧૦ ના રોજ આકાશનો ફોન આવ્યો હતો કે, તારો ફોન પુનિત પાસે છે અને તે બેંક એકાઉન્ટમાંથી પૈસા ઉપાડી રહ્યો છે તેમ જણાવતા તેઓ તરત જ બેન્ક ઓફ બરોડામાં એન્ટ્રી કરાવવા ગયેલ અને જોયેલ તો તેમાંથી તા.૧૫/૧૦ થી તા. ૧૭/૧૦ એમ ત્રણ દિવસમાં આ પુનિતે અલગ અલગ જગ્યાએથી જાણ બહાર કુલ રૂ.૫,૫૬,૮૪૫ ઉપાડી લીધા હતાં. જેથી તેઓએ ૧૯૩૦ માં ફોન કરી બેંક એકાઉન્ટને લગત ઓનલાઈન ટ્રાન્ઝેકશન બંધ કરાવેલ બાદ પોલીસ ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

સિવિલ હોસ્પિટલ ચોક પાસેથી ખંભાળિયાનો શખસ ૪૦૦ વિદેશી સિગારેટ સાથે ઝડપાયો

દુબઈથી પ્રતિબંધિત સિગારેટ લાવી વતન પહોંચે તે પૂર્વે એસઓજીએ ઝડપી લીધો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

શહેરના સિવિલ હોસ્પિટલ ચોક પાસેથી ખંભાળિયાના શખસને પ્રતિબંધિત ૪૦૦ વિદેશી સિગારેટના જથ્થા સાથે એસઓજીની ટીમે ઝડપી લીધો હતો. આ શખસ દુબઈથી સસ્તી સિગારેટ લાવી વતન પહોંચે તે પુર્વે પોલીસની ઝપટે ચડી ગયો હતો.



જાણવા મળતી વિગતો મુજબ, શહેર પોલીસ કમિશનર બ્રિજેશ કુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય મંડલિક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ ભરત બસીયાએ ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી કરવાની આપેલી સૂચનાથી એસઓજી પીઆઈ એન.બી. ચૌધરીની રાહબરી હેઠળ પીએસઆઈ બી.વી.ચુડાસમા અને ટીમ તપાસમાં હતી.

દરમિયાન એએસઆઈ રવિભાઈ વાંક, સિધ્ધરાજસિંહ જાડેજા, રાજેશ બાળા તથા હેડ કોન્સ્ટેબલ સ્નેહ ભાદરકાને સીવીલ હોસ્પિટલ ચોક નજીક એક શખ્સ ગેરકાયદે સિગારેટ સાથે ઉભો હોવાની મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમે દરોડો પાડ્યો હતો. એસઓજીની ટીમે જાકીર અબ્રાહમ સંધાર (ઉ.વ.૪૦),(રહે. ભરાણા ગામ, ખંભાળિયા, દેવભૂમિ દ્વારકા) ને ઝડપી લેવામાં આવ્યો હતો. તેની પાસેથી ચાર અલગ-અલગ બ્રાન્ડની કુલ ૪૦૦ વિદેશી સિગારેટ રૂ.૮ હજારનો મુદ્દામાલ કબજે કરી પુછતાછ આદરી હતી.

પોલીસે જણાવ્યું હતું કે, ઝડપાયેલો શખસ જાફર દુબઈમાં રહીને મજૂરીકામ કરે છે, તે દુબઈથી જ સિગારેટના પેકેટ લઈને રાજકોટ પહોંચ્યો હતો. તે પોતાના વતન જઈ તે સિગારેટનું વેચાણ કરે તે પહેલા જ એસઓજીએ દબોચી લીધો હતો.

અત્રે ઉલ્લખનીય છે કે, વિદેશી સિગારેટના બોક્સ પર ભારત સરકારના નિયમ મુજબની આરોગ્યલક્ષી ચેતવણી અને ધુમ્રપાનથી થતા નુકસાનની જાહેરાત છપાયેલી ન હોવાથી તેનું વેચાણ ગેરકાયદે બને છે. સિગારેટના પેકેટ પર ફરજિયાત ચિત્રાત્મક આરોગ્ય ચેતવણી ન હોવી એ કાયદાકીય કાર્યવાહીનું કારણ બની શકે છે.

લાપાસરી રોડ પર એક્ટિવાની ડેકીમાંથી રૂપિયા ૩૦ હજાર રોકડની તફડંચી થઈ

ઈંટનો ભઠ્ઠો ચલાવનાર પ્રૌઢ સાંજે શ્રમિકોને મજૂરીના પૈસા ચૂકવવા એક્ટિવાની ડેકી ખોલતા રોકડ ચોરી થયાનો ખ્યાલ આવ્યો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

લાપાસરી રોડ પર ઈંટના ભઠ્ઠા પાસે એકટિવાની ડેકીમાંથી કોઈ શખસ રૂ.૩૦ હજારની રોકડ ચોરી કરી ગયા અંગે આજીડેમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવવામાં આવી છે. ઈંટનો ભઠ્ઠો ચલાવનાર પ્રૌઢ સાંજે મજૂરોને મજૂરીની રકમ ચૂકવવા માટે એકટિવાની ડેકી ખોલતા તેમાં રાખેલ રોકડ રકમ ચોરી થઈ ગયાનું માલુમ પડ્યું હતું.

શહેરના દૂધસાગર રોડ પર ચુનારાવાડ શેરી નંબર-૧ માં રહેતા રસિક લાલજીભાઈ જાદવ (ઉ.વ.૫૯) નામના પ્રૌઢે આજીડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ લાપસરી રોડ પર ઈંટનો ભઠ્ઠો ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે તેમની પાસે પુત્ર સંદીપના નામનું એકટીવા નંબર જીજે ૩ કેડી ૨૫૯૯ છે.

ગઈ તા. ૨૩-૧૧ ના સવારના આઠેક વાગ્યે આસપાસ તેઓ એકટીવા લઈ લાપસરી રોડ પર આવેલા ઈંટના ભઠ્ઠા ખાતે ગયા હતા. ત્યારે એકટીવાની ડેકીમાં રૂપિયા ૩૦,૦૦૦ ની રોકડ મજૂરોને ચૂકવવા માટે રાખી હતી. સાંજના પાંચેક વાગ્યે આસપાસ મજૂરોને મજૂરીના પૈસા આપવા માટે એકટીવાની ડેકી ખોલતા તેમાં રાખેલા રૂપિયા ૩૦,૦૦૦ રોકડ જોવા મળ્યા ન હતા. જેથી આસપાસ તપાસ કરતા પૈસા ક્યાં મળી આવ્યા ન હતા. ત્યારબાદ પોતાની રીતે તપાસ કરી હતી પરંતુ પૈસા મળી ન આવતા અંતે આ અંગે આજીડેમ પોલીસ સ્ટેશનમાં પોતાના એકટીવામાંથી રૂપિયા ૩૦,૦૦૦ રોકડની કોઈ શખસ ચોરી કરી ગયા અંગે ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પરસાણાનગરમાં અજાણ્યા શખસે યુવાનના એકસેસને આગ ચાંપી દીધીઃ ગુનો નોંધાયો

યુવાન ઘર બહાર નીકળી વાહન લેવા જતા સીટ સળગેલી હતી, બાજુમાં દિવાસળીઓ પણ પડી હતી

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

પરસાણાનગર મેઈન રોડ પર રહેતા યુવાનના એકસેસમાં કોઈ અજાણ્યા શખસે આગ લગાવી સ્થિત સળગાવી નાખી હતી. જે અંગે યુવાને પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે યુવાનના વાહનને આગ ચાંપનાર શખસને શોધી કાઢવા તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગતો મુજબ, પરસાણાનગર-૧ મેઈન રોડ પુલ પાસે મીરા નિવાસ નામના મકાનમાં રહેતા કમલેશ હોથચંદભાઈ થારવાણી (ઉ.વ. ૨૯) નામના યુવાને પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખસ વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે. યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈ તા. ૧૫-૧૧ ના સવારના દસેક વાગ્યા આસપાસ તેને મહિલા પોલીસ સ્ટેશન ખાતે નિવેદન લખાવવા માટે જવાનું હોય જેથી ઘરથી બહાર નીકળી રસ્તા પર રાખેલુ પોતાનું એકસેસ નંબર જીજે ૩ એલ.જે. ૧૫૧૭ લેવા માટે ગયો હતો.



અગાઉ પણ એક વખત યુવાનના વાહનમાં આગ ચાંપી દેવાઇ હતી, એકવાર કોઇ એક્ટિવા ઉઠાવી ગયું હતું

ફરિયાદી કમલેશ થારવાણીએ જણાવ્યું હતું કે, અગાઉ ચાલુ વર્ષે જાન્યુઆરી માસમાં આ જ પ્રકારે તેના ઘર પાસે રાખેલું તેના એકટિવામાં કોઇ આગ ચાંપી દઇ વાહન સળગાવી નાખ્યું હતું. બાદમાં ઓગસ્ટ માસમાં તેનુ એકટિવા જે ઘર પાસે રાખ્યું હતું તે કોઇ ઉઠાવી ગયું હતું.

બાદમાં ઘર બહાર રાખેલ એકસેસ જોતા તેની સીટ થોડી સળગી ગઈ હોય તેવું જણાયું હતું અને આસપાસ બાકસની દીવાસળી પડી હોય અને કેરોસીનની વાસ પણ આવતી હતી. જેથી કોઈ અજાણ્યા શખસે યુવાનના એકસેસને આગ લગાવી હોવાનું માલુમ પડ્યું હતું. જેથી આ અંગે યુવાને ફરિયાદ નોંધાવતા પ્ર.નગર પોલીસે ગુનો નોંધી અહીં આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસતા એક શખસ અહીં આવી આગ ચાંપવાની કોશિશ કરતો નજરે પડયો હતો. જેના આધારે વાહનને આગ ચાંપનાર અજાણ્યા શખસને શોધી કાઢવા તપાસ હાથ ધરી છે.

પતિના કેન્સરની પીડાની સાથે આર્થિક ભીંસમાં આવી જતા મહિલાનો આપઘાત

કોઠારીયા રોડ વિવેકાનંદનગરમાં બનાવ પરિવારમાં અરેરાટી મચી જવા પામી

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

શહેરમાં ગઈકાલે ત્રણ કલાકમાં ત્રણ આત્મહત્યાના બનાવ બાદ વધુ એક મહિલાએ ઝેરી દવા પી આત્મહત્યા કરી લેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે. પતિને કેન્સરની બીમારી હોય તેની પીડા ન જોઈ શકવાની સાથે આર્થિક મુસીબતમાં આવી જતા ચિંતામાં પગલું પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ વિવેકાનંદનગર શેરી નં. ૧૪માં રહેતા આશાબેન જગદીશભાઈ વિરાણી (ઉ.વ.૪૯)એ ગઈકાલે સવારે ઘરે ઝેરી દવા પી લેતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યા ટૂંકી સારવાર દરમિયાન મૃત્યુ થતાં બનાવ અંગે હોસ્પિટલ સ્ટાફ દ્વારા પોલીસને જાણ કરતા ભક્તિનગર પોલીસે કાર્યવાહી કરી હતી. આપઘાત કરનારા આશાબેનના પતિ રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. પતિને મોઢાના કેન્સરની બીમારી હોઈ અગાઉ ઓપરેશન કરાવ્યા હતા. વધુ એક ઓપરેશન કરાવવાનું કહેતા અમદાવાદ જવાનું હોય અને બીમારીના કારણે મોટો ખર્ચ થઈ જતા આર્થિક મુશ્કેલીમાં પણ મુકાઈ ગયા હતા. જેના કારણે ચિંતામાં આવી જઈ દવા પી લીધી હોવાનું જાણવા મળ્યું છે. વધુ તપાસ ભક્તિનગર પોલીસે હાથ ધરી છે.

જંકશનના વેપારીને હાઈબ્રીડ ગાંજો, ચરસ એમડી સપ્પ્લાય કરનાર શખસ ઝડપાયો

ડ્રગ્સ સાથે ફુટના વેપારીને ઝડપી લીધા બાદ સપ્લાયર તરીકે અમદાવાદના શખસનું નામ ખુલ્યું હતું: પેરોલ ફર્લો સ્કવોડની કાર્યવાહી

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

જંકશનના વેપારીને હાઈબ્રીડ ગાંજો, ચરસ, એમડી ડ્રગ્સ સપ્લાય કરનાર શખસને અમદાવાદથી પેરોલ ફર્લોની ટીમે ઝડપી લીધો હતો. ડ્રગ્સ સાથે ફુટના વેપારી રમેશ ઉર્ફે મુનાને એસઓજીની ટીમે દબોચ્યા બાદ સપ્લાયર તરીકે અમદાવાદના પ્રવીણનું નામ ખુલ્યું હતું.

શહેર પોલીસના ઉચ્ચ અધિકારીઓએ રાજ્યના પેરોલ જમ્પ તથા નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવાની આપેલ સુચનાથી પેરોલ ફર્લો સ્કવોર્ડના પીઆઈ પી.એન. પઢિયારની રાહબરી હેઠળ પીએસઆઈ એસ.બી.ઘાસુરા તથા ટીમ તપાસમાં હતા. જે દરમિયાન હ્યુમન સોર્સ તેમજ ટેકનીકલ એનાલીસીસનાં આધારે પ્ર.નગર પોલીસ સ્ટેશનના એનડીપીએસના ગુનામાં નાસતા ફરતા આરોપી પ્રવિણ ઉર્ફે પવો વસંત પરબ (ઉ.વ.૪૮ રહે,બ્લોક નં-એ-૨૬ અંબીકા પાર્ક કો.ઓ.હા. સોસાયટી નવા નરોડા અમદાવાદ) ને અમદાવાદ ખાતેથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી આગળની તપાસ પ્ર.નગર પોલીસ સ્ટેશનને સોંપવા તજવીજ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, જંકશન વિસ્તારમાંથી લાખોનો હાઈબ્રીડ ગાંજો, ચરસ, એમડી સહિતના ડ્રગ્સ ફુટના વેપારી રમેશ ઉર્ફે મુનાને એસઓજીની ઝડપી લઈ કાર્યવાહી કરી હતી. તેમની પુછતાછમાં તેમને હાઈબ્રીડ ગાંજો, ચરસ, એમડી સહિતનું ડ્રગ્સ પ્રવિણ ઉર્ફે પવાએ આપ્યાનું ખુલ્યા બાદ આરોપી પોલીસ પકડથી બચવા નાસ્તો ફરતો હતો

ગોકુલધામ સોસાયટી પાસે ગાંજા સાથે કોઠારીયાનો શખસ ઝડપાયો

આજકાલ પ્રતિનિધિ-રાજકોટ

ગોકુલધામ સોસાયટી નજીકથી ગાંજાના જથ્થા સાથે કોઠારીયા ગામ નજીક રહેતા શખસને ઝડપી લેવાયો હતો. માલવિયાનગર પોલીસે દરોડો પાડી ગાંજાનો જથ્થો કબ્જે કરી એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

જાણવા મળતી વિગતો મુજબ, માલવિયાનગર પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ એસ ડી ફુલતરીયાના માર્ગદર્શન હેઠળની ટીમો પ્રયત્નશીલ હતી. દરમિયાન પોલીસ ટીમને હકીકત મળી હતી કે, પંચશીલ સોસાયટી મેઈન રોડ પર ગોકુલધામ આવાસ યોજના ક્વાર્ટર પાસે મધર ટેરેસા સ્કૂલ પાસે જાહેરમાં એક શખ્સ માદક પદાર્થના જથ્થા સાથે હાજર છે. જે હકીકતના આધારે માલવિયાનગર પોલીસે દરોડો પાડી મધર ટેરેસા સ્કૂલ પાસે જાહેરમાંથી ૩૩.૫૧ ગ્રામ ગાંજા સાથે આર્યન હર્ષદભાઈ મકવાણા (ઉવ ૨૨ રહે. આશોપાલવ પાર્ક શેરી નં.-૧, સાંઈ બાબા સર્કલ પાસે, કોઠારીયા ગામ, રાજકોટ)ની ધરપકડ કરી એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે અહીંથી ગાંજો અને બે મોબાઈલ મળી રૂ. ૭૬૭૫ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

થોરાળાની સર્વોદય સોસાયટીમાં આધેડનો એસિડ પી આપઘાત

બીમારીથી કંટાળીને પગલું ભર્યું હોવાનું તારણઃ સારવારમાં દમ તોડ્યો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

શહેરના નવા થોરાળા પાસે સર્વોદય સોસાયટીમાં રહેતા આધેડે એસીડ પી લેતા સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા જેનું આજે સવારે સારવાર દરમિયાન મૃત્યુ થતા પરિવારમાં શોક છવાયો છે, આધેડ કમળાની બીમારીથી કંટાળી પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત મુજબ થોરાળામાં સર્વોદય સોસાયટી શેરી નં-૧માં રહેતા જયેશભાઈ અમુભાઈ પરમાર (ઉ.વ. ૫૨)નામના આધેડએ ગઈકાલે રાત્રે નવ વાગ્યે ઘરે હતા ત્યારે એસિડ પી લેતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર મળે તે પહેલાં જ દમ તોડી દેતા બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરી હતી. મૃતક સીસીટીવી ફિટિંગનું કામ કરતા હતા અને કેટલાક સમયથી કમળાની બીમારી હોય તેની દવા પણ લીધી હતી એમ છતાં સારું ન થતા થી કંટાળીને આપઘાત કર્યા હોવાનું લાગી રહ્યું છે.

મૃતક ત્રણ ભાઈ ત્રણ બહેનમાં વચ્ચેટ હતા અને સંતાનમાં બે પુત્ર છે. બનાવથી પરિવારમાં ગમગીની છવાઈ છે.

એઆઇના યુગમાં ડિજિટલ એવિડન્સ ખૂબ જરૂરીઃ જસ્ટિસ એચ.ડી.સુથાર

નારીશક્તિનું સન્માન, ટેકનોલોજીના જ્ઞાનનો સંગમઃ રાજકોટ બાર એસો.નો અનોખો પહેલરૂપ કાર્યક્રમઃ ૨૫ વર્ષથી વધુ વકીલાતનો અનુભવ ધરાવતા વરિષ્ઠ મહિલા ધારાશાસ્ત્રીઓ સહિત વકીલ કોર્પોરેટરોનું વિશેષ સન્માન કરાયું

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ બાર એસોસિએશન દ્વારા આજે અટલ બિહારી વાજપેયી હોલ ખાતે 'નારી વંદના' કાર્યક્રમ સહિત ત્રિવેણી સંગમ સમાન ભવ્ય લીગલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. નારીશક્તિના સન્માન, કાયદાકીય જ્ઞાનના આદાનપ્રદાન અને આધુનિક ટેક્નોલોજીના કાનૂની ક્ષેત્રમાં વધતા ઉપયોગને કેન્દ્રમાં રાખીને યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સિનિયર અને જુનિયર ધારાશાસ્ત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. બાર એસોસિએશનના પ્રમુખ સુમિતભાઈ વોરાએ સ્વાગત પ્રવચન કરી ઉપસ્થિત મહાનુભાવો અને ધારાશાસ્ત્રીઓને આવકાર્યા હતા. ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ મહેમાનોનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં







તસવીર : દર્શન ભટ્ટી

આવ્યું હતું. કાર્યક્રમનું વિશેષ આકર્ષણ ૨૫ વર્ષથી વધુ સમયથી વકીલાતના વ્યવસાયમાં નિષ્ઠાપૂર્વક યોગદાન આપતી વરિષ્ઠ મહિલા ધારાશાસ્ત્રીઓનું સન્માન રહ્યું હતું. તેમને સન્માનપત્ર અને વિશેષ ભેટ અર્પણ કરી તેમની વર્ષોની સેવાઓને બિરદાવવામાં આવી હતી. ગુજરાતમાં આટલી મોટી સંખ્યામાં મહિલા ધારાશાસ્ત્રીઓનું એકસાથે સન્માન કરવાનો આ પ્રથમ પ્રસંગ હોવાનું આયોજકોએ જણાવ્યું હતું. આ ઉપરાંત વકીલાતના વ્યવસાયની સાથે લોકસેવામાં સક્રિય રહી રાજકોટ મહાનગરપાલિકામાં કોર્પોરેટર તરીકે ચૂંટાયેલા એડવોકેટ પરેશભાઈ ઠાકર, કિશનભાઈ ટીલવા, ઘનશ્યામભાઈ હેરભા, રક્ષિતભાઈ કલોલા, મનીષભાઈ ભટ્ટ, પ્રદીપભાઈ ડવ, કૌશિકભાઈ ટાંક અને જયરાજસિંહ જાડેજાનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. વકીલ કોર્પોરેટરોનું આ રીતે સન્માન કરવાની પહેલ રાજકોટ બાર એસોસિએશન દ્વારા પ્રથમવાર કરવામાં આવી હોવાનું જણાવાયું હતું. મેયર નેહલભાઈ શુકલ નિર્ધારિત કાર્યક્રમોમાં વ્યસ્ત હોવાને કારણે ઉપસ્થિત રહી શક્યા નહોતા, પરંતુ તેમણે સંદેશ પાઠવ્યો હતો. બીજી તરફ, ધારાશાસ્ત્રીઓના વ્યવસાયિક જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી ખાસ લીગલ સેમિનાર યોજાયો હતો. જેમાં ડિજિટલ એવિડન્સ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને મહિલા સંબંધિત કાયદા જેવા વર્તમાન સમયના અત્યંત મહત્ત્વપૂર્ણ વિષયો પર ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એચ.ડી. સુથાર તેમજ નિષ્ણાત ધારાશાસ્ત્રીઓ ધ્રુવ ટોળિયા અને આદિત્ય ભટ્ટે માર્ગદર્શન આપ્યું હતું. બાર એસોસિએશનના પ્રમુખ સુમિત વોરા, સેક્રેટરી નિલેશ પટેલ, ઉપપ્રમુખ એસ.કે. જાડેજા, જોઈન્ટ સેક્રેટરી જયેન્દ્રભાઈ ગોંડલિયા અને પ્રગતિબેન માકડિયા, લાઈબ્રેરી સેક્રેટરી કેતનભાઈ મંડ તથા બાર કાઉન્સિલના કો-ચેરમેન દિલીપ પટેલના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળ રહ્યો હતો. કારોબારી સભ્યો સહિત મહિલા બાર, નોટરી એસોસિએશન, રેવન્યુ બાર અને ક્લેમ બારના હોદ્દેદારોએ આયોજનમાં જહેમત ઉઠાવી હતી. આમ, નારીશક્તિના સન્માન સાથે કાયદાકીય જ્ઞાન અને આધુનિક ટેકનોલોજીનો સમન્વય કરતો કાર્યક્રમ રાજકોટના કાનૂની જગતમાં વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

રાજકોટ જિલ્લા પંચાયતનું બાંધકામ-પેમેન્ટ રોકો; રાજ્યના ગવર્નરને રજૂઆત

રાજ્ય કક્ષાની ક્વોલિટી કંટ્રોલ સંસ્થા દ્વારા તપાસ કરાવવા માગ ન્યાય નહીં મળે તો હાઈકોર્ટના દ્વાર ખખડાવવાની ચીમકી

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ જિલ્લા પંચાયતના નવનિર્માણ પામી રહેલા નવા બિલ્ડિંગના બાંધકામને લઈને હવે ગંભીર સવાલો ઊભા થયા છે. બાંધકામની ગુણવત્તા અને નિયમોના પાલન અંગે આક્ષેપો સાથે જિલ્લા પંચાયતનાં સભ્ય આરતીબેન જેતાણીએ રાજ્યના ગવર્નરને લેખિત રજૂઆત કરી સમગ્ર પ્રકરણમાં સરકારી ક્વોલિટી કંટ્રોલ મારફતે તપાસ કરાવવા અને તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી બાંધકામ અને પેમેન્ટ અટકાવવાની માંગ કરી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ, રાજકોટ જિલ્લા પંચાયતનું નવું બિલ્ડિંગ અંદાજે રૂ.૪૦ કરોડના ખર્ચે તૈયાર થઈ રહ્યું છે. જોકે, બાંધકામમાં પાયાના કામથી જ ગુણવત્તા અને નિયમોના પાલન અંગે પ્રશ્નો ઊભા થયા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જૂના બિલ્ડિંગમાંથી નીકળેલા લોખંડ સહિતની સામગ્રીના ઉપયોગ અને બાંધકામમાં વપરાતી સામગ્રીની ગુણવત્તા અંગે પણ રજૂઆતમાં સવાલો ઉઠાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, બાંધકામમાં નિયમો અનુસાર જરૂરી પ્રક્રિયા અને ગુણવત્તાના માપદંડોનું પાલન થયું છે કે કેમ તે અંગે પણ તપાસની માંગ કરાઈ છે. રજૂઆતમાં વધુમાં આક્ષેપ કરાયો છે કે, કામ સમયમર્યાદામાં પૂર્ણ થયું નથી અને તપાસ વિના કામ આગળ વધતું રહે તો સરકારી નાણાંનો વ્યય થવાની શક્યતા છે. આથી રાજ્ય સરકારના બરોડાના ક્વોલિટી કંટ્રોલ વિભાગ દ્વારા સ્થળ પર તટસ્થ તપાસ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવા માંગ કરાઈ છે. આરતીબેન જેતાણીએ સ્પષ્ટ ચીમકી આપી છે કે, રજૂઆત છતાં ન્યાય નહીં મળે તો ન્યાય મેળવવા માટે નામદાર હાઈકોર્ટમાં જવાની ફરજ પડશે. હવે સવાલ એ છે કે, રૂ.૪૦ કરોડના આ સરકારી પ્રોજેક્ટમાં ઉઠેલા સવાલોની તટસ્થ તપાસ થશે કે પછી બાંધકામ પૂર્ણ થયા બાદ જ તંત્ર જાગશે?

ગુમ થયેલા પુખ્ત વયના લોકોને શોધવા માટે એસઓપી બનાવોઃ હાઈકોર્ટનો પોલીસને આદેશ

નિવૃત્ત ન્યાયાધીશ રાજેશકુમાર ઓઝા ત્રણ વર્ષથી લાપતા, પુત્રીની ફરિયાદ છતાં એફઆઈઆર નોંધવામાં વિલંબ સામે કોર્ટની નારાજગી

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

ગુમ થયેલા બાળકોને શોધવા માટે અમલમાં રહેલી સરકારી પ્રક્રિયાની જેમ હવે ગુમ થયેલા પુખ્ત વયના નાગરિકોને શોધવા માટે પણ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસ્ઓપી) તૈયાર કરવા ગુજરાત હાઈકોર્ટે પોલીસ વિભાગને આદેશ આપ્યો છે. ગુમ થયેલા વ્યક્તિઓની શોધખોળમાં પોલીસની જવાબદારી અને કામગીરી નક્કી થાય તથા ફરિયાદીઓને ધક્કા ખાવા ન પડે તે હેતુથી હાઈકોર્ટે આ મહત્ત્વપૂર્ણ નિર્દેશ આપ્યો છે.

નિવૃત્ત ન્યાયાધીશ રાજેશકુમાર ઓઝા સપ્ટેમ્બર ૨૦૨૩થી ગુમ હોવાના મામલે દાખલ થયેલી હેબિયસ કોર્પસ અરજીની સુનાવણી દરમિયાન કોર્ટનું આ કડક વલણ સામે આવ્યું હતું.

ઓઝાની પુત્રીએ પિતાને શોધવા અને પોલીસ દ્વારા એફઆઈઆર નોંધવામાં આવતી નિષ્ક્રિયતા સામે હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. ત્રણ વર્ષ જેટલો સમય વીતી જવા છતાં પોલીસ એફ આઈ આર નોંધવામાં નિષ્ફળ રહેતાં ખંડપીઠ ગંભીર નારાજગી વ્યક્ત કરી હતી.

જસ્ટિસ ભાર્ગવ કારિયા અને જસ્ટિસ હેમંત પ્રચ્છકની ખંડપીઠે પોલીસ વિભાગના વરિષ્ઠ અધિકારીઓને કોર્ટમાં હાજર રહેવા જણાવ્યું હતું. સુનાવણી દરમિયાન જસ્ટિસ કારિયાએ પોલીસની કામગીરી સામે સવાલ ઉઠાવતાં ટકોર કરી હતી કે પોલીસ જંગલમાંથી ચકલી પણ શોધી શકે તેવી સત્તા અને ક્ષમતા ધરાવે છે. આવી સ્થિતિમાં નાગરિકો સાથે ઉદાસીનતાભર્યું વર્તન થવું જોઈએ નહીં. આવા કેસોની તપાસ માટે નિયમિત કામગીરીને અસર ન થાય તે રીતે અલગ ટીમો બનાવવાની પણ ટકોર કરી હતી.

હાઈકોર્ટે મે મહિનામાં સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા આદેશનો પણ ઉલ્લેખ કર્યો હતો. જેમાં ગુમ થયેલા બાળકોને શોધવા માટેની પ્રક્રિયાના આધારે પુખ્ત વયના ગુમ થયેલા લોકોને શોધવા માટે માર્ગદર્શિકા નક્કી કરવામાં આવી છે.

કોર્ટે અમદાવાદ પોલીસ કમિશનર અને શાહીબાગ પોલીસ ઈન્સ્પેક્ટર પાસે સોગંદનામું માગ્યું છે. તેમાં અત્યાર સુધી કરવામાં આવેલી તપાસ, લેવામાં આવેલા પગલાં અને ભવિષ્યમાં શોધખોળ માટેની કાર્યયોજનાની વિગતો રજૂ કરવાની રહેશે. આ માટે ૪ ડિસેમ્બર સુધીની મુદત આપવામાં આવી છે.

ખાસ કરીને ટેકનોલોજી પરના વધુ પડતા આધાર સામે પણ કોર્ટે ચિંતા વ્યક્ત કરી હતી. પોલીસ માનવ સ્રોતો મારફતે માહિતી મેળવવાની પરંપરાગત તપાસ પદ્ધતિઓને અવગણી શકે નહીં તેવી સ્પષ્ટ ટકોર કરી હતી.

બીજી તરફ, એફ આઈ આર નોંધાઈ ન હોવાથી પુત્રી પિતાના ફેમિલી પેન્શન સહિતની પ્રક્રિયા આગળ વધારી શકતી ન હોવાની રજૂઆત પણ કરવામાં આવી હતી. આખરે સરકારી વકીલની ખાતરી બાદ શુક્રવારે મોડી રાત્રે શાહીબાગ પોલીસ સ્ટેશનમાં નિવૃત્ત ન્યાયાધીશ રાજેશકુમાર ઓઝાના ગુમ થવા અંગે એફઆઈ આર નોંધવામાં આવી હતી. હવે ૪ ડિસેમ્બરની સુનાવણીમાં પોલીસ તપાસ અને એસઓપી અંગેનો અહેવાલ મહત્ત્વનો બની રહેશે.

મ્યુનિ.બેદરકારીથી મોતને ભેટેલ મહિલાને ન્યાય આપો; મનપામાં રઘુવંશી સમાજ ઉમટી પડ્યો

મૃતકના નવ માસના માસૂમ બાળકના હસ્તે આવેદન પાઠવ્યુંઃ આર્થિક વળતર જોઇતું નથી જવાબદારો સામે પગલાં લેવા રજૂઆતઃ તપાસ કમિટી રચવા મેયર નેહલ શુકલની ખાતરી

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટમાં મહાપાલિકાની કથિત બેદરકારીને કારણે વોર્ડ નં.૧ના ઘંટેશ્વર વિસ્તારમાં સર્જાયેલા અકસ્માતમાં રઘુવંશી પરિણીતાની મૃત્યુ થતા આજે આ મામલે રઘુવંશી યુવા શક્તિ સંઘના નેજા હેઠળ મેયર અને મ્યુનિ.કમિશનરને આવેદન પાઠવવા માટે રઘુવંશી સમાજ ઉમટી પડ્યો હતો. મૃતક પરિણીતાના નવ મહિનાના બાળકના હસ્તે આવેદન પાઠવવામાં આવ્યું હતું, ખાસ કરીને એવી રજૂઆત કરાઇ હતી કે આર્થિક વળતર જોઈતું નથી, બનાવની તપાસ કરીને જવાબદારો સામે પગલા લ્યો તેવી માંગ છે. દરમિયાન મેયર ડો.નેહલ શુકલએ રજૂઆત સાંભળી દુઃખ વ્યક્ત કર્યું હતું તેમજ ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તેવા હેતુથી તપાસ કમિટી રચવાની ખાતરી આપી હતી. વિશેષમાં રઘુવંશી





યુવા શક્તિ સંઘના લેટરપેડ ઉપર પાઠવવામાં આવેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે, સમગ્ર રઘુવંશી સમાજ વતી ખૂબ જ દુઃખ અને આક્રોશ સાથે આપ સમક્ષ આ રજૂઆત કરીએ છીએ કે, ગત તા.૬.૯.૨૦૨૬ના રાજકોટના ઘંટેશ્વર વિસ્તારમાં એસઆરપી કેમ્પ નજીક રસ્તા ઉપર સ્ટ્રીટ લાઈટ બંધ હોવાના કારણે અંધારામાં રસ્તાની વચ્ચે આવેલી જોખમી ગટરની કુંડી સાથે અકસ્માત થતાં રઘુવંશી સમાજનાં દીકરી સ્વ.મિતાલીબેન કેસરિયાને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને ૭૮ દિવસ સુધી જીવન માટે સંઘર્ષ કર્યા બાદ તા.૨૩.૧૧.૨૦૨૬ના રોજ સારવાર દરમિયાન તેમનું દુઃખદ નિધન થયું હતું, જે ઘટનાને કારણે આજે માત્ર ૯ માસના માસૂમ બાળકના માથેથી માતાની છત્રછાયા હંમેશાં માટે છીનવાઈ ગઈ છે અને એક પરિવારનું જીવન બરબાદ થઈ ગયું છે, ત્યારે આ દુર્ઘટના માટે જવાબદાર કોણ છે તે જાણવાનો અને ન્યાય મેળવવાનો અમારો અધિકાર છે; અમારે આ સમગ્ર મામલે કોઈ આર્થિક વળતરની માંગણી નથી, પરંતુ અમારી એક જ માંગણી છે કે જે બેદરકારીના કારણે એક નિર્દોષ મહિલાનો જીવ ગયો છે, તે માટે જવાબદાર તમામ લોકો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે અને આ ઘટનામાં માત્ર કોન્ટ્રાક્ટરને જવાબદાર ઠેરવીને મનપાના અધિકારીઓ અને કર્મચારીઓને બચાવવાનો પ્રયાસ ન થવો જોઈએ, કારણ કે કોઈપણ રોડનું કામ પૂર્ણ થાય ત્યારે તેની ગુણવત્તા અને સલામતીની તપાસ કરવાની જવાબદારી સંબંધિત અધિકારીઓની હોય છે, તો સદ્ર રોડનું કામ તા.૨૬.૬.૨૦૨૬ના પૂર્ણ થયું હતું ત્યારે રસ્તો લોકોની અવરજવર માટે સુરક્ષિત છે કે નહીં તેની તપાસ કોણે કરી હતી અને રસ્તાની વચ્ચે જોખમી ગટરની કુંડી હોવા છતાં તથા સ્ટ્રીટ લાઈટની યોગ્ય વ્યવસ્થા ન હોવા છતાં રસ્તો ખુલ્લો મૂકવાની મંજૂરી કોણે આપી હતી તે બાબતે સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ, વોર્ડ નં.૧ના જવાબદાર એન્જિનિયરો, સુપરવાઈઝરો અને ટી.પી.નું કામ કરનાર એજન્સી તથા કોન્ટ્રાક્ટરની પણ તપાસ થવી જોઈએ અને માત્ર કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી કરીને અન્ય જવાબદારોને છોડી દેવામાં ન આવે તેવી માંગ છે.

ફતેપરની જમીનના રસ્તાના વિવાદ અંગેની રિવિઝન અરજી પ્રાંત અધિકારીએ નકારી

ઔદ્યોગિક બિનખેતીની જમીનમાંથી રસ્તો મેળવવાની માગણી ફગાવાઈઃ મામલતદારનો કેસ રજિસ્ટરેથી કમી કરવાનો હુકમ યથાવત

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

પડધરી તાલુકાના ફતેપર ગામની ખેતીની જમીનના રસ્તાની માંગણી માટે થયેલ રિવિઝન અરજી નામંજુર કરી કેસ રજીસ્ટરેથી કમી કરતો ચુકાદો રાજકોટ ગ્રામ્ય અધિકારી દ્વારા આપવામાં આવ્યો છે.

પડધરી તાલુકાના ફતેપર ગામના રેવન્યુ સર્વે નં.૬૭ ખેતીની જમીનમાં આવવા-જવા માટે કાયદેસરના હલણ માટેનો ગાડા માર્ગ માટે જમીનની બાજુમાં આવેલી રેવન્યુ સર્વે નં.૬૬ ની જમીન ઔદ્યોગિક બીનખેતીમાં રૂપાંતર થઈ હોય જેમાંથી રસ્તા માંગણી કરતી અરજી કરી હતી. રેવન્યુ સર્વે નં.૬૬ ના પ્લોટ નં.૧ની ચો.મી.૫૦૦૯-૦૧ ચંદ્રિકાબેન અશ્વિનભાઈ ગણાત્રાએ રજી.વેચાણ દસ્તાવેજથી મહેશભાઈ મીઠાભાઈ કોરાટ પાસેથી ખરીદ કરી હતી.

ત્યાર બાદ કરશનભાઈ નાથાભાઈ મુંગરા મોહનભાઈ ખીમાભાઈ ડોબરીયાએ પોતાની જમીન સરળ રીતે પ્રવેશ મેળવવા અંગે ચંદ્રિકાબેન અશ્વિનભાઈ ગણાત્રાની માલીકીની બિનખેડવાણ જમીન માંથી હલણ માટેનો રસ્તો મેળવવા મામલતદાર સમક્ષ દાખલ કરેલી અરજદારની અરજી મંજુર કરતો હુકમ કર્યો હતો.

મામલતદારના હુકમથી નારાજ થઈ ચંદ્રિકાબેન ગણાત્રાએ નાયબ કલેકટર રાજકોટ-ગ્રામ્ય સમક્ષ રિવિઝન અરજી દાખલ કરેલી જેમાં મમલાતદારે કરેલો હુકમ રદ કરી નવેસરથી કેસ ચલાવવા કેસ રીમાન્ડ કરતો હુકમ કર્યો હતો. મામલતદાર સમક્ષ રીમાન્ડ કેસ ચાલતા જેમા મામલતદારએ કેસના ગુણદોષમાં ઉતર્યા વિના કેસ રજીસ્ટરેથી કમી કરતો હુકમ કર્યો હતો. રીમાન્ડ કેસના હુકમને કરશનભાઈ મુંગરા મોહનભાઈ ડોબરીયાએ પ્રાંત અધિકારી રાજકોટ ગ્રામ્ય સમક્ષ ફરી પડકારતા રીવીઝન કેસ દાખલ કર્યો હતો. પ્રાંત અધિકારી સમક્ષ કેસ ચલાવા પર આવતા જેમા બંને પક્ષના વકીલની દલીલો બાદ પ્રાંત અધિકાર દ્વારા અરજદારની રીવીઝન અરજી નામંજુર કરી મામલતદાર પડધરીનો કેસ રજીસ્ટરેથી કમી કરતો હુકમ કાયમ રાખતો હુકમ ફરમાવવામાં આવેલ છે.જમીન ખરીદનારાઓ વતી એડવોકેટ પરેશ એન.કુકડીયા, પાર્થ ક્રોટક, જયદીપ કુકડીયા, મિહીર કુકડીયા, અનિમેષ ચૌહાણ, સુહેલ પઠાણ, રોકાયેલ હતા.

સરકારી યુનિવર્સિટીઓમાં બાંધકામ હવે પીડબલ્યુડી મારફતે જ કરાવવા ફરજિયાત

ખાનગી એજન્સીઓને સીધી કામગીરી સોંપવા પર ઉચ્ચ શિક્ષણ વિભાગની રોક

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

રાજ્યની સરકારી યુનિવર્સિટીઓમાં બાંધકામ, રિનોવેશન અને નવા ભવનોના નિર્માણમાં થતી અનિયમિતતાઓ અટકાવવા ઉચ્ચ શિક્ષણ વિભાગે કડક વલણ અપનાવ્યું છે. વિભાગે તમામ સરકારી યુનિવર્સિટીઓને સ્પષ્ટ આદેશ આપ્યો છે કે સરકારના બજેટમાંથી નાણાંની ફાળવણી કરવામાં આવી હોય તેવા તમામ બાંધકામનાં કામ ફરજિયાત પીડબલ્યુડી (માર્ગ અને મકાન વિભાગ) મારફતે જ કરાવવાનાં રહેશે. યુનિવર્સિટીઓ પોતાની રીતે ખાનગી એજન્સીઓને કામગીરી સોંપી શકશે નહીં.

વિભાગની અગાઉની સૂચનાઓ છતાં કેટલીક યુનિવર્સિટીઓ ખાનગી એજન્સીઓ મારફતે બાંધકામ કરાવતી હોવાનું ધ્યાન પર આવતાં આ નવો આદેશ કરવામાં આવ્યો છે. ખાસ કરીને સરકારી ગ્રાન્ટમાંથી બાંધવામાં આવતાં ભવનો, રિનોવેશન અને અન્ય માળખાકીય સુવિધાઓનાં કામમાં નાણાકીય શિસ્ત, ગુણવત્તા અને પારદર્શિતા જળવાય તે માટે આ નિર્ણય લેવાયો છે. બજેટ મંજૂર થયા બાદ યુનિવર્સિટી દ્વારા પોતાની રીતે ખાનગી એજન્સીને સોંપવામાં આવેલી કામગીરીને માન્યતા આપવામાં આવશે નહીં તેવી પણ સ્પષ્ટતા કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે, સરકારી યુનિવર્સિટીઓમાં બાંધકામની કામગીરીને લઈને અગાઉ પણ ગેરરીતિ અને ભ્રષ્ટાચારની ફરિયાદો ઊઠી ચૂકી છે. આથી ઉચ્ચ શિક્ષણ વિભાગે અગાઉ પણ તમામ યુનિવર્સિટીઓને બાંધકામની પ્રક્રિયા પીડબલ્યુડી હસ્તક રાખવા સૂચના આપી હતી. જોકે, આ સૂચનાઓનું પૂરતું પાલન થતું ન હોવાની બાબતને ગંભીરતાથી લઈને હવે ફરીથી કડક તાકીદ કરવામાં આવી છે.

બીજી તરફ, રાજ્યની વિવિધ સરકારી યુનિવર્સિટીઓમાં આગામી સમયમાં જરૂરી માળખાકીય સુવિધાઓ અને આગામી બજેટની જોગવાઈ અંગે સમીક્ષા હાથ ધરવામાં આવશે. આ માટે યુનિવર્સિટીના સત્તાધીશોને ઉચ્ચ શિક્ષણ વિભાગ સમક્ષ પ્રેઝન્ટેશન આપવા બોલાવવામાં આવ્યા છે. સંબંધિત અધિકારીઓને પણ હાજર રહેવા સૂચના અપાઈ છે. આ બેઠકમાં યુનિવર્સિટીઓની જરૂરિયાતો ઉપરાંત બાંધકામ અંગે અગાઉ આપવામાં આવેલી સૂચનાઓના અમલની પણ સમીક્ષા થઈ શકે છે.

આમ, હવે સરકારી નાણાંમાંથી થતાં યુનિવર્સિટીઓનાં બાંધકામમાં પીડબલ્યુડીની ભૂમિકા ફરજિયાત બનતાં ખાનગી એજન્સીઓને સીધી કામગીરી સોંપવાની પ્રથાને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

સીમાંકનથી રાજ્યનો રાજકીય નકશો બદલાશે સૌરાષ્ટ્ર સહિત શહેરી વિસ્તારોમાં બેઠકો વધશે

વિધાનસભાની બેઠકો ૧૮૨થી વધીને ૨૭૩ અને લોકસભાની ૨૬થી વધીને ૩૯ થવાની સંભાવનાઃ નવી મહાનગરપાલિકાઓના કારણે શહેરી રાજકારણમાં મોટો ફેરફાર

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

ક્ષેત્રાભરમાં લોકસભા અને વિધાનસભાની બેઠકોના નવા સીમાંકનને લઈને રાજકીય ચર્ચા તેજ બની છે. નારી શક્તિ વંદન અધિનિયમ અને સીમાંકનને જોડીને હાથ ધરાયેલી કવાયતના પરિણામે ગુજરાતનો રાજકીય નકશો પણ બદલાઈ શકે છે. નવી વસ્તી ગણતરી બાદ સીમાંકનની પ્રક્રિયા હાથ ધરવામાં આવે તો રાજ્યની વિધાનસભાની બેઠકો ૧૮૨થી વધીને ૨૭૩ અને લોકસભાની બેઠકો ૨૬થી વધીને ૩૯ થવાની સંભાવના વ્યક્ત થઈ રહી છે.

આ ફેરફાર માત્ર બેઠકોની સંખ્યામાં વધારા પૂરતો મર્યાદિત નહીં રહે. કયા વિસ્તારમાં નવી બેઠક રચાશે, કઈ જૂની બેઠકનું ભૌગોલિક સ્વરૂપ બદલાશે અને કઈ બેઠકોનું વિલીનીકરણ થશે તે મુદ્દા પણ મહત્ત્વના બનશે. ખાસ કરીને મહાનગરો અને ઝડપથી વિસ્તરી રહેલા શહેરી વિસ્તારોમાં મતવિસ્તારોની નવેસરથી રચના થવાની શક્યતા છે. ૨૦૨૬માં રચાયેલી નવી નવ મહાનગરપાલિકાઓને પગલે ગુજરાતમાં મહાનગરપાલિકાઓની સંખ્યા વધીને ૧૭ થઈ છે. આ શહેરી વિસ્તરણને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકા વિસ્તારોમાં અંદાજે ૫૦થી ૬૦ જેટલી વિધાનસભા બેઠકોનો વધારો થઈ શકે તેવી સંભાવના છે.

આ સીમાંકનની પ્રક્રિયામાં સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર પણ મહત્ત્વનો રહેશે. રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ, અમરેલી, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, મોરબી અને સુરેન્દ્રનગર જેવા જિલ્લાઓમાં વસ્તી, શહેરીકરણ અને મતદારોની સંખ્યાના આધારે નવી બેઠકો રચાઈ શકે છે.

ખાસ કરીને રાજકોટ અને ભાવનગર જેવા મોટા શહેરી કેન્દ્રોમાં નવી વિધાનસભા બેઠકો ઊભી થવાની શક્યતા છે. રાજકોટ મહાનગરપાલિકાનો વિસ્તાર અને તેની આસપાસ વિકસતા નવા રહેણાક વિસ્તારોને ધ્યાનમાં રાખીને મતવિસ્તારોનું વિભાજન થઈ શકે છે. જામનગર, જૂનાગઢ અને ભાવનગરમાં પણ શહેરી વિસ્તારની બેઠકોની સંખ્યામાં વધારો થઈ શકે છે.

સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સીમાંકનની અસર જોવા મળશે. હાલની કેટલીક ગ્રામ્ય બેઠકોનું ભૌગોલિક પુનર્ગઠન થઈ શકે છે. એક જ બેઠકમાં સમાવિષ્ટ ગામોનું બીજી બેઠકમાં સ્થળાંતર થઈ શકે છે. પરિણામે વર્ષોથી ચોક્કસ જ્ઞાતિ, સમાજ અને રાજકીય પક્ષોના પ્રભાવ હેઠળ રહેલી બેઠકોનાં સમીકરણો બદલાઈ શકે છે

સીમાંકનની પ્રક્રિયામાં નવી બેઠકો ઉમેરાશે એટલે હાલની તમામ બેઠકો યથાવત રહેશે એવું નથી. કેટલીક બેઠકોનું વિભાજન થશે, કેટલીકના વિસ્તાર બદલાશે તો કેટલીક બેઠકોનું બીજી બેઠકમાં વિલીનીકરણ પણ થઈ શકે છે. એટલે હાલના મતવિસ્તારોનાં નામ અને ભૌગોલિક સીમાઓમાં મોટા ફેરફારો શક્ય છે. ગુજરાતમાં હાલ ૧૮૨ વિધાનસભા બેઠકો છે. તેમાં ૯૧ બેઠકોનો વધારો થાય તો નવી રચનામાં કુલ ૨૭૩ બેઠકો થશે. આ સાથે અંદાજે ૯૧ બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાની જોગવાઈ પણ રાજકીય પક્ષો માટે ઉમેદવારીના નવા પડકારો ઊભા કરશે. જોકે અનામત બેઠકોનું અંતિમ સ્વરૂપ સીમાંકન અને અનામત ફાળવણીની પ્રક્રિયા બાદ જ સ્પષ્ટ થશે.

નવા સીમાંકનથી ભાજપ, કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષોએ પોતાની ચૂંટણી વ્યૂહરચના નવેસરથી તૈયાર કરવી પડશે. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં પાટીદાર, કોળી, ક્ષત્રિય, આહીર, દલિત અને અન્ય સામાજિક સમીકરણો ધરાવતી બેઠકોમાં નવા મતવિસ્તારોની રચના રાજકીય પ્રભાવને બદલી શકે છે. શહેરી વિસ્તારોમાં બેઠકો વધવાથી નવા નેતાઓને તક મળશે, જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં જૂના રાજકીય ગઢનું ભૌગોલિક સ્વરૂપ બદલાઈ શકે છે. આમ, સીમાંકન માત્ર બેઠકો વધારવાની પ્રક્રિયા નહીં, પરંતુ ગુજરાતના રાજકારણમાં નવા નેતૃત્વ, નવા ચૂંટણી ક્ષેત્રો અને નવા રાજકીય ગઢ ઊભા કરવાની કવાયત બની શકે છે.

દેશભરમાં લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા બેઠકો અનામત રાખવાની જોગવાઈ કરતા નારી શક્તિ વંદન અધિનિયમ (બંધારણનો ૧૦૬મો સુધારો, ૨૦૨૩) અને નવા સીમાંકન (ડિલિમિટેશન) પ્રક્રિયાને લઈને કેન્દ્ર સરકારે મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે.

દેશ–પરદેશની આજકાલ

તંત્રી સ્થાનેથી

સીમાંકન રાજકીય પક્ષોની અનુકુળતા માટે હોવું જોઈએ કે પ્રજા માટે?

લોકસભાની બેઠકોનું નવેસરથી સીમાંકન કરવા સામે કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીએ કમર કસી છે. કેન્દ્ર સરકાર સીમાંકન બિલ પસાર કરાવી ન શકે તે માટે બંને પક્ષો પોતાની તમામ તાકાત કામે લગાડશે. આ બિલનો વિરોધ કરવા પાછળ કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીનાં પોતપોતાનાં રાજકીય કારણો છે. અગાઉ દક્ષિણનાં રાજ્યોને અન્યાય થવાની દલીલ આગળ ધરવામાં આવતી હતી. હવે તમામ રાજ્યોની લોકસભાની બેઠકોમાં સમાન પ્રમાણમાં પચાસ ટકાનો વધારો કરવાની દરખાસ્ત કેન્દ્ર સરકારે કરી છે એટલે વિરોધનું એ કારણ ખાસ રહ્યું નથી. કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીની ખરી ચિંતા લોકસભાના મતવિસ્તારોની નવેસરથી થનારી રચનાની છે. ભારતમાં ચૂંટણી જીતવા માટે રાજકીય પક્ષોએ મતવિસ્તારવાર જ્ઞાતિનાં સમીકરણો ગોઠવેલાં છે. કયા મતવિસ્તારમાં કઈ જ્ઞાતિનું પ્રભુત્વ છે અને ત્યાં કઈ જ્ઞાતિના ઉમેદવારને ઊભો રાખવાથી જીતી શકાય તેમ છે તેનો હિસાબ પક્ષો પાસે છે. ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટીનું રાજકારણ મોટા ભાગે આવાં સમીકરણો પર જ ચાલે છે. સીમાંકનમાં મતવિસ્તારોની ભૌગોલિક રચના બદલાય તો વર્ષોની મહેનતથી ગોઠવેલાં આ સમીકરણો ખોરવાઈ જાય. ઉત્તર પ્રદેશમાં અત્યારે લોકસભાની ૮૦ બેઠકો છે તે વધીને ૧૨૦ થાય ત્યારે કયો મતવિસ્તાર કેવો હશે તેનો અંદાજ અત્યારે કોઈને નથી. પોતાના માટે અનુકૂળ હોય એ રીતે ભાજપ મતવિસ્તારોની રચના કરાવશે એવી આશંકા કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીને છે. બીજો ડર અનામત બેઠકોનો છે. અત્યારે જે બેઠકો પરથી દિગ્ગજ નેતાઓ ચૂંટાય છે તે બેઠકો અનુસૂચિત જાતિ, જનજાતિ કે મહિલાઓ માટે અનામત થઈ જાય તો આ નેતાઓએ નવા મતવિસ્તારો શોધવા પડે. ગાંધી પરિવારની પરંપરાગત બેઠક રાયબરેલીમાં દલિત મતદારોની સંખ્યા નોંધપાત્ર છે. ભવિષ્યમાં આ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત જાહેર થાય તો રાહુલ ગાંધીએ બીજી બેઠક પરથી ચૂંટણી લડવી પડે. સમાજવાદી પાર્ટીના અનેક નેતાઓ માટે પણ આવી સ્થિતિ ઊભી થઈ શકે. સીમાંકનથી શહેરી બેઠકોની સંખ્યા વધવાની સંભાવના છે. દેશમાં છેલ્લાં બે દાયકામાં શહેરીકરણ ખૂબ ઝડપથી થયું છે. શહેરી મતદારોમાં ભાજપનું વર્ચસ્વ રહ્યું હોવાથી શહેરી બેઠકો વધે તે ભાજપને રાજકીય રીતે અનુકૂળ આવે એમ છે. અલબત્ત, શહેરી મતદારો ભાજપને જ મત આપતા રહેશે એવું માની લેવાનું કોઈ કારણ નથી. ભાજપ શહેરી મતદારોનો વિશ્વાસ સંપાદિત કરી શકતો હોય તો કોંગ્રેસ કેમ ન કરી શકે? વિપક્ષની એ આશંકાને સાવ અવગણી શકાય નહીં કે સીમાંકનનો ઉપયોગ સત્તાધારી પક્ષ પોતાના રાજકીય લાભ માટે કરી શકે. સીમાંકન પંચની નિષ્પક્ષતા અંગે કોઈને શંકા રહે નહીં એવી વ્યવસ્થા ઊભી કરવાની જવાબદારી કેન્દ્ર સરકારની છે. કયા માપદંડના આધારે મતવિસ્તારોની રચના કરવામાં આવશે તે પણ સ્પષ્ટ થવું જોઈએ. કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીએ સીમાંકન અટકાવવા માટે તાકાત લગાડવાને બદલે સીમાંકન નિષ્પક્ષ રીતે થાય તે માટે તાકાત લગાડવી જોઈએ. દેશની લોકસભાના મતવિસ્તારોની રચના રાહુલ ગાંધી કે અખિલેશ યાદવને અનુકૂળ આવે એ રીતે કરવાની નથી અને નરેન્દ્ર મોદીને અનુકૂળ આવે એ રીતે પણ કરવાની નથી. મતવિસ્તારોની રચના મતદારોના હિતને ધ્યાનમાં રાખીને કરવાની છે. નેતાઓને ચૂંટાવામાં સરળતા રહે તે માટે મતવિસ્તારો હોય છે કે પ્રજાને યોગ્ય પ્રતિનિધિત્વ મળે તે માટે મતવિસ્તારો હોય છે?

યે પ્રેમ મોલ લિયા: બે ફળિયાંને પ્રેમ થયો ને વંડી ડેલી થઈ ગઈ!

(કોર્ટમાં) 'ફેમિલી મેટર્સ' નહીં, પણ (ઘરમાં) ફેમિલી 'મેટર્સ'નો સંદેશ આપતી ફિલ્મ

ફિલ્મ રિવ્યૂ

મૂવી પંડિત

સાડા ત્રણ દાયકાથી પણ વધુ સમયથી સતત 'મૈંને પ્યાર કિયા', 'હમ આપકે હૈ કૌન', 'હમ સાથ સાથ હૈ' અને 'વિવાહ' જેવી હિટ પારિવારિક ફિલ્મો અથવા તો એમ કહીએ કે પારિવારિક ફિલ્મોની ટેક્સ્ટબુક આપનારા સુરજ બરજાત્યા એક ડિરેક્ટર નહિ, પણ ખુદ એક જોનર છે! આ સમયગાળામાં પરિવારોમાં પેઢીઓ બદલાઈ, વિચારસરણીઓ બદલાઈ, રીત-રિવાજો બદલાયા, છતાં પ્રસ્તુત રહેવું એ કંઈ જેવી તેવી વાત નથી. એક અસામાન્ય સિદ્ધી છે. ભારતીય સંયુક્ત પરિવારના લગ્નોના કેટલાય રોમાંચ અને ઉજવણીની રીતો પર પણ બરજાત્યાની ફિલ્મો અને આદિત્ય ચોપરાની 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે'નો પ્રભાવ છે. વિશુદ્ધ ભારતીય સિનેમાની બાબતે સુરજ બરજાત્યા એક એવું શીખર છે જેની આસ-પાસ પણ કોઈ નથી. રાજશ્રી પ્રોડક્શનની મજબૂત લેગસી ધરાવતા સુરજ બરજાત્યાની 'યે પ્રેમ મોલ લિયા'ના નામમાં પણ એક કવિતા છે કે - આ પ્રેમ 'વ્હોરી' લીધો!

ફિલ્મની શરૂઆત સિગ્નેચર રાજશ્રી સ્ટાઈલ ફ્રેમ અને મ્યૂઝિકથી સાથે થાય છે. પછી તરત જ કથાપ્રવેશ અને બરજાત્યા યુનિવર્સનો ઉઘાડ ખાના, ગાના, સુંદર કપડાં અને સ્ક્રિન પર ઊભરતા આંખ ઠારે એવા સેલિબ્રેશન્સની ફીલ આપતા રંગો સાથે થાય છે. અહીં અન્યોની મદદ કરતી અને વરસાદમાં પલળતી હીરોઈન છે, ગીતો બનાવતો કલાકારહૃદયનો હીરો છે, બે પ્રકૃતિથી તદ્દન ભિન્ન પરિવારો છે, જેમાં ખુબ જ તુંડે તુંડે મતિ ભિન્ના હોવા છતાં કુટુંબને તૂટવા ન દે એવી સમજદારી ધરાવતા દાદા અને દાદી છે અને હીરોઈનનો પીછો કરતો હોવા છતાં હીરો છપરી કે સ્ટોકર નથી લાગતો. વેલકમ ટુ ધ બરજાત્યા યુનિવર્સ.

ફિલ્મની ટ્રિટમેન્ટ એવી છે કે અપવાદ બાદ કરતા છેકથી છેક સુધી તમારા ચહેરા પર એક હળવું બાળસહજ સ્મિત રહે છે. કેટલાક દૃશ્યો એવા છે જેમાં આંખ ગમગિન થઈ જાય અને હોઠ પર સ્મિત રમતું હોય, આવું જ્યાં અને જ્યારે બને ત્યારે રિરેક્ટર જીતી જતો હોય છે અને આ ફિલ્મમાં એવું અનેકવાર બને છે. સામાન્ય રીતે બરજાત્યાની ફિલ્મોમાં કોઈ મોટો કોન્ફ્લિક્ટ કે શોકિંગ મોમેન્ટ નથી હોતી, પણ અહીં એક મોમેન્ટ થોડી શોક કરી જાય, પણ એ થવું વાર્તાને વધુ પરિપક્વ બનાવવા માટે જરૂરી પણ હતું.

ભારતના શહેરીજીવનમાં નાના ઘરો, આર્થિક બાબતો અને વ્યક્તિ સ્વતંત્રતા જેવા અનેક કારણોસર સંયુક્ત કુટુંબના બદલે વિભક્ત કુટુંબો વધતા જાય છે, છતાં હજૂ એ વાસ્તવિકતા નથી બદલાઈ કે અહીં લગ્ન બે વ્યક્તિ વચ્ચે નહિ, પણ બે પરિવાર વચ્ચે થાય છે. 'યે પ્રેમ મોલ લિયા'માં સમાનતા, સંયુક્ત પરિવારની તાકાત ઉપરાંત એક સંદેશ છે કે 'ફેમિલી મેટર્સ' કોર્ટમાં ન હોવી જોઈએ, ઘરમાં ફેમિલી 'મેટર્સ' હોવું જોઈએ!

ફિલ્મની વાર્તા પરિવારોને અને એમાં પણ સ્ત્રીઓને વધુ ગમશે કારણ કે મોટા પડદે ચાલી રહેલા 'ટોક્સિક મસ્ક્યુલિનિટી'ના ટ્રેન્ડ વચ્ચે આ અલગ અલગ ટ્રોમાથી પીડાતી સ્ત્રીઓના જીવનમાં એન્ટર થઈને એમને સપોર્ટ કરતા હીરો (અને હીરોના દાદા પણ)ની વાર્તા છે. અહીં હીરો માત્ર હીરોઈનને જ નહીં, પણ એના આખા પરિવારનું દિલ જીતવાના પ્રયાસો કરે છે, જેમ ૧૯૯૫માં DDLJમાં શાહરુખે કર્યું હતું. દાયકાઓ ભલે બદલાય, પણ માનવસહજ, સ્ત્રીસહજ કે પુરુષસહજ બેઝિક નીડ્સ એની એ જ હોય છે - વ્હાલ, કેર, સપોર્ટ, પ્રોત્સાહન, હૂંફ. માત્ર એના કલેવર બદલાતા હોય છે. ફિલ્મમાં હસબન્ડ-વાઈફ સાથે મળીને જે રીતે બંને ફેમિલીને હેન્ડલ કરે છે એ સંયુક્ત કુટુંબમાં રહેતા કપલ્સને કનેક્ટ કરે એવી બાબત છે.

આ ફિલ્મમાં એક એવા લગ્ન છે જેમાં જમાઈસહજ પ્રીવિલેજ અને વહુસહજ જવાબદારીઓની બાદબાકી થઈ ગઈ છે. સ્ટોરીનો એક પાતળો તાંતણો 'કિ એન્ડ કા'ને મળતો પણ આવે છે. વાર્તામાં એ સારી રીતે વણી લેવાયુ છે કે (જેમ અગાઉ રેડિયો હતો એ રીતે) ટીવી સંયુક્ત પરિવારનું અવિભાજ્ય અંગ છે. મોબાઈલ એક જ છત નીચે રહેતા સૌને અલગ કરે છે અને ટીવી બધાંને સાથે લાવે છે. (આ છેલ્લી લાઈન ફિલ્મની વાર્તાનો ભાગ નથી, આ લેખકનું ખુદનું દોઢ ડહાપણ છે. હોવ...)

વાર્તા ઉપરાંત ફિલ્મનું સૌથી મજબૂત પાસુ એનું સંગીત છે. આ ફિલ્મના ગીતો આમ પણ હિટ છે છતાં એને સિચ્યુએશન સાથે જુઓ તો થાય કે હિમેશ રેશમિયાએ જબરી કમાલ કરી છે. સંગીત ટિપીકલ ૨૦૦૦તની મેલોડીની ફીલ અને નોસ્ટાલ્જિયા આપે છે. નિહાલે ગાયેલુ 'તુમ જીને કી વજહ હો' એક-બે વાર સાંભળતા જ ગણગણતા થઈ જવાય એવું છે. 'જય અંબે બોલ...' ફિલ્મના ગરબાના દૃશ્યમાં જામે નહિ તો જ નવાઈ, કારણ કે એની સાથે બે ટેલેન્ટેડ ગુજરાતીઓ સંકળાયેલા છે - હિમેશ રેશમિયા અને મૂળ અમદાવાદી ગીતકાર મયુર પુરી. 'ઝૂમકા પટોલા' પણ સારું છે, વાર્તાને આગળ ધપાવે છે.



કર્પૂરગૌરમ્ કરુણાવતારમ્... શ્લોકનો સંગીત-બેકગ્રાઉન્ડ સંગીતમાં આનાથી સારો ઉપયોગ ક્યારેય જોયો નથી. ક્યાંક ક્યાંક કોઈ દૃશ્ય કે બેકગ્રાઉન્ડ સ્કોરમાં વાગતી 'હમ આપકે હૈ કૌન'ની ધૂન હૃદયના તાર ઝણઝણાવી જાય છે. એક કોમેડી દૃશ્યના બેકગ્રાઉન્ડ મ્યૂઝિકમાં આયુષમાનની જ 'ડ્રિમ ગર્લ'ના ગીત 'દિલ કા ટેલિફોન'ની ધૂનનો એક ટુકડો ઘુમરને વધુ નિખારે છે.

સુરજ બરજાત્યાના 'પ્રેમ'ના પેગડામાં પગ ઘાલવાનું કામ બહુ અઘરું છે. સલમાન ખાન સિવાય ('વિવાહ'ના શાહિદનો અપવાદ બાદ કરતા) કોઈ એમાં સફળ ગયુ નથી. 'મૈં પ્રેમ કી દિવાની હું'માં રિતિક રોશન પણ નિષ્ફળ ગયેલો. જોકે, એ ફિલ્મમાં પોતાની ગટ ફિલિંગ્સ છોડી એ જમાના મુજબનું કશુંક બનાવવાના પ્રયાસમાં સુરજ બરજાત્યાએ રિતિક, અભિષેક બચ્ચન (એ પણ પ્રેમ) અને કરિના કપૂર જેવા ટેલેન્ટેડ કલાકારોને નિરાશ કરેલા, એવું એમણે પોતે નમ્રતાપૂર્વક કહીને પોતાની અસફળતા સ્વીકારી છે. એવી ધુરંધર લેગસી ધરાવતા પ્રેમના પાત્રમાં આયુષમાન સ્વાભાવિક લાગે છે. જોકે, એ સલમાન જેટલો ક્રાઉડપુલર નથી એટલે બોક્સઓફિસ પ્રદર્શન કદાચ અલગ ચિત્ર રજૂ કરે તો પણ એનું કામ નબળું નથી જ. આયુષમાન તો ઓલરાઉન્ડર છે, પણ પૂર્વાના પાત્રમાં શર્વરીની મેચ્યોર્ડ એક્ટિંગ પ્રભાવિત કરી જાય એવી છે. આવા મજબૂત રોલ્સ મળતા રહ્યાં તો એ આ ઈન્ડસ્ટ્રીમાં લાંબુ ટકીને ખુબ નામ કરી જવાની ક્ષમતા ધરાવે છે. દાદાના પાત્રમાં અનુપમ ખેર એટલા કન્વિન્સિંગ લાગે છે કે જાણે એ બન્યાં જ આ પાત્ર માટે હોય. જોકે એમના માટે બરજાત્યાનો સેટ બીજા ઘર જેવો છે એટલે તેઓ સહજ ફીલ કરતા હોય છે અને એમને ખબર હોય છે કે સુરજને શું જોઈએ છીએ.

સુપ્રીયા પાઠકની રેન્જ ગજબ છે. આ ફિલ્મમાં દાદીના પાત્રમાં એમની પ્રેમાળ અને સમજુ આંખો જોઈને કોઈને લાગે કે આ જ અદાકારાએ 'રામલીલા'માં ધનકોર જેવું ખૂંખાર પાત્ર પણ ભજવ્યું હશે અને 'ખીચડી'ની હંસાના પાત્રને લોકપ્રિય બનાવ્યું હશે! ગીતા અગ્રવાલ શર્માની બિહારી એક્સેન્ટ અને હાવભાવ મજાના છે. સીમા પાહવા હંમેશાની જેમ પોતાની છાપ છોડી જાય છે. ગીતકાર તરીકે વધુ જાણીતા સ્વાનંદ કિરકિરે વેદ મિશ્રાના પાત્રમાં એક સરપ્રાઈઝ પેકેજ છે. શ્રુતિ સેઠને જોઈને ખ્યાલ આવી જાય કે એક સમયની સ્મોલ સ્ક્રિન ક્વિન શ્રુતી સેઠ હવે આધેડાવસ્થાની કગાર પર છે. સૌમ્યા ટંડન, સુરભિ તિવારી, ગીરીશ કુલકર્ણી અને જમીલ ખાન સહિતની સપોર્ટિંગ કાસ્ટે પણ પોતાનું શ્રેષ્ઠ આપ્યુ છે. 'સારાભાઈ વર્સિસ સારાભાઈ'માં રોશેષના પાત્રથી લોકપ્રિયતા મેળવનાર રાજેશ કુમારની આ ફિલ્મમાં સ્ક્રિન પ્રેઝન્સ દમદાર છે. આટલી જબરદસ્ત એક્ટિંગ રેન્જ ધરાવતા એક્ટરના લાઈફમાં એક દુર્ઘટના એવી ઘટી કે એમણે એક્ટિંગ છોડીને વતન જઈને ખેતી શરૂ કરી, એમાં અમુક કારણોસર એવું નુકસાન થયુ કે એમના પર બે કરોડનું દેવું ચડી ગયુ. મોદીસાહેબ પણ ખેડુત તરીકેની આવક બમણી ન કરી શક્યા અને એમણે ફરી એક્ટિંગ શરૂ કરી એ દર્શકોના તો ફાયદામાં જ છે.

ફિલ્મના સંવાદો ખુબ સરસ છે. જેમ કે કોર્ટના એક દૃશ્યમાં પ્રેમ કહે છે કે, 'આપકી કોર્ટ મૈં કઈ ફેમિલી મેટર્સ આતી હોંગી, કોર્ટ મૈં ફેમિલી મેટર્સ મૈં ઈન્સાન જીત જાતા હૈ મગર પરિવાર હાર જાતા હૈ.' બે કુટુંબ વચ્ચે સુમેળ કરાવવાનો પ્રયાસ કરનારા જજનો એક ડાયલોગ ચુંદર છે કે, 'અગર બાતોં સે બાત બન જાતી હૈ તો ક્યા બાત હૈ!' ફિલ્મના તકિયા કલામ જેવો એક ડાયલોગ કે 'અબ ઈતના ભી ના કિયા તો ક્યા પ્યાર કિયા!' વધુ એક ડાયલોગ નોંધનિય છે કે - જબ શાદી હોગી ના તુમ્હારી, તબ પતા ચલેગા કી એક લડકી કે લિએ ઉસકા પરિવાર કિતના માયને રખતા હૈ.'

જાતે પત્રકાર હોવાના કારણે એક દૃશ્યમાં લોકો પાઈલટ ટ્રેન રોકીને ઊભેલી શર્વરીને કહે છે કે, 'રેલવે પુલીસ કો બુલાઉં ક્યા?' ત્યારે શર્વરી સ્વેગ સાથે પ્રેસકાર્ડ બતાવીને કહે છે કે, 'ન્યૂઝ મૈં કામ કરતી હું કિસી સે નહીં ડરતી.' એ ડાયલોગ ગમી જાય છે અને ખુદના વ્યવસાય પર ગૌરવ થઈ આવે છે. ઓવરઓલ, મકાન અને ઘર વચ્ચેનો ભેદ સમજાવતી આ ફિલ્મ સહપરિવાર ખાસ જોવાલાયક છે.

(શિર્ષક પંક્તિ: મિલિંદ ગઢવી)

એક્સ્ટ્રા શોટ: સુરજ બરજાત્યા જે રીતે કોઈ શોર-શરાબા, ડેકોરેશન કે છમકલાંઓ વગર જેટલા કન્વિક્શનથી પારિવારિક ફિલ્મો બનાવે છે અને એની જે માવજત કરે છે એવું મારા ખ્યાલથી હિન્દુસ્તાનના સિનેમામાં છેલ્લા ચાલીસેક વર્ષથી પારિવારિક ફિલ્મોમાં કોઈએ કર્યું નથી.

- અભિષેક જૈન

ક્રોસ વર્ડ

1	2	3	■	4		5	6	7
8			■		■	9		
	■	10			11	■		■
12	13		■	■	14	15	■	16
■		■	17	■	18			
19	■	20		21		■	22	
	■	23			■	24		
25	26		■	27		■	28	
29		■	30		■	31		■

આડી ચાવી

૧. હિંસામાં હોમાયેલું રાજ્ય (૩)
૪. પકડાયેલું, એરેસ્ટ (૫)
૮. ઠંડું, કૂલ (૩)
૯. હાથ નીચેનું, મદદગાર, ડેપ્યૂટી (૩)
૧૦. ભાગ્ય, નસીબ (૪)
૧૨. પારસીઓના ગોર (૩)
૧૪. ચામડી ઉપર બાઝેલી ગોળ ગાંઠ (૨)
૧૮. મેલા પાણીની નીક (૨)
૨૦. રાણી જેવી ભાગ્યશાળી સ્ત્રી (૪)
૨૨. અંગચેષ્ટ, અભિનયની છટા (૨)
૨૩. ઊલટી, બકારી (૩)
૨૪. સ્ત્રી, મહિલા, નારી (૩)
૨૫. શ્રીકૃષ્ણને ભાવતી વસ્તુ (૩)
૨૭. સહેલાઈથી સમજી શકાય એવું (૨)
૨૮. ત્રણ ફૂટ જેટલું માપ (૨)
૨૯. બધું, સઘળું (૨)
૩૦. વેગ, સ્પીડ (૨)
૩૧. સૂરજ, રવિ (૨)

ઊભી ચાવી

૧. આશિષ, દુવા (૪)
૨. અઠવાડિયાના દિવસ કેટલા (૨)
૩. નફો, કમાણી (૪)
૪. ભીડ, જમાવ (૩)
૫. નાશ પામેલું, પાયમાલ (૨)
૬. નાટકીય વર્તન કે દેખાવ કરવો (૩)
૭. પરમેશ્વર, પરવરદિગાર (૨)
૧૧. તોફાન, ધિંગાણું, હુલ્લડ (૪)
૧૩. બુદ્ધના અવશેષો ઉપર ઘુમ્મટ જેવું બાંધકામ (૨)
૧૫. મારનો શરીર પર પડતો આંકો (૨)
૧૬. ઊંઝા-ઉનાવા નજીક આવેલી જાણીતી દરગાહ (૫)
૧૭. પચી જવું તે, પાચન થવું (૩)
૧૯. અધિક માસ, પુરુષોત્તમ માસ (૪)
૨૦. લંકાપતિ, લંકેશ (૩)
૨૧. ઝાડ-પાન-છોડ વગેરે (૪)
૨૨. જે નિવારી ન શકાય એવું (૪)
૨૬. હજાર કરોડ (૨)

ગઈકાલનો ઉકેલ

વિ	લા	સ	રા	વ	દે	શ	યુ	ખ
લા	■	હ	વ	ન	■	હી	■	ર
ચ	ક્રી	ન	■	રા	જ	દ	■	ડો
ત	■	શી	■	જી	વા	■	વ	■
■	ચ	લ	મ	■	ન	■	સ	ત્તા
દ	સ	■	દ	ર	■	મ	તિ	■
શ	ક્રો	ડુ	■	સો	ર	ઠ	■	સ
ર	■	વાં	સ	ળી	■	■	હો	હા
થ	■	ટી	■	■	શ	ત્રું	જ	ય

સ્પોર્ટ્સ

સૂર્યકુમારની કપ્તાનીમાં રમશે ભારતીય ટી-૨૦ ટીમના કેપ્ટન શ્રેયસ અય્યર

સૈયદ મુશ્તાક અલી ટ્રોફીની સુપર લીગની સ્પર્ધા માટે મુંબઈની ટીમને મોટી મજબૂતી મળી છે. ભારતીય ટી-૨૦ ટીમના કેપ્ટન શ્રેયસ અય્યર આ તબક્કામાં મુંબઈ તરફથી રમતા જોવા મળશે. સ્પર્ધાની સુપર લીગની શરૂઆત ૩૦ નવેમ્બરથી નાગપુરમાં થશે. શ્રેયસ અય્યર સૂર્યકુમાર યાદવની કપ્તાનીમાં મેદાનમાં ઉતરશે. સૂર્યકુમારે ગ્રુપ તબક્કામાં મુંબઈની ટીમની કમાની સંભાળી હતી. મુંબઈએ પોતાની સાતમાંથી છ મેચમાં જીત મેળવીને ગ્રુપ ડીમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ ગ્રુપમાંથી વિદર્ભની ટીમે પણ સુપર લીગ તબક્કા માટે સ્થાન મેળવ્યું છે.



ન્યૂઝીલેન્ડ પ્રવાસમાં મર્યાદિત ઓવરોની ક્રિકેટ સ્પર્ધા બાદ શ્રેયસ અય્યર પ્રથમ વખત ક્રિકેટ રમતા જોવા મળશે. તેમણે ન્યૂઝીલેન્ડ સામેની ટી-૨૦ શ્રેણીમાં ભારતને ૩-૨થી જીત અપાવી હતી. આ ઉપરાંત એકદિવસીય શ્રેણીની છેલ્લી બે મેચમાં પણ તેમણે ભારતીય ટીમની કમાની કરી હતી. આ બે મેચમાં ભારતે એક મેચ જીતી હતી અને એકમાં હારનો સામનો કર્યો હતો. ભારતીય ટીમે એકદિવસીય શ્રેણી ૩-૧થી પોતાના નામે કરી હતી. શ્રેયસ અય્યરના ટીમમાં જોડાવાથી મુંબઈની પહેલેથી જ મજબૂત બેટિંગ વધુ શક્તિશાળી બનશે. ટીમમાં અગાઉથી જ અંગકૃષ રઘુવંશી, મુશીર ખાન, સરફરાઝ ખાન, સૂર્યકુમાર યાદવ અને શિવમ દુબે જેવા બેટ્સમેન હાજર છે.

અય્યરના પાછા ફર્યા બાદ વિકેટકીપર બેટ્સમેન હાર્દિક તામોરેની ભૂમિકામાં ફેરફાર થઈ શકે છે. તામોરેએ અગાઉની મેચોમાં દાવની શરૂઆત કરી હતી, પરંતુ હવે તેમણે નીચલા મધ્યક્રમમાં બેટિંગ કરવી પડી શકે છે. શ્રેયસ છેલ્લા કેટલાક દિવસોથી મુંબઈના સીસીઆઈમાં અભ્યાસ કરી રહ્યા હતા. તેઓ રવિવારે ટીમના અન્ય ખેલાડીઓ સાથે નાગપુર જવા રવાના થશે. મુંબઈને સુપર લીગના ગ્રુપ બીમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ ગ્રુપમાં તેની સાથે આંધ્ર, પંજાબ અને રાજસ્થાનની ટીમો છે. મુંબઈ પોતાની પ્રથમ મેચ ૩૦ નવેમ્બરે આંધ્ર સામે રમશે. ત્યારબાદ ૨ ડિસેમ્બરે પંજાબ અને ૪ ડિસેમ્બરે રાજસ્થાન સામે તેનો મુકાબલો થશે. સુપર લીગના બંને ગ્રુપમાં પ્રથમ સ્થાન મેળવનારી ટીમો વચ્ચે ૬ ડિસેમ્બરે અંતિમ મુકાબલો રમાશે. મુંબઈની ટીમ અત્યાર સુધી બે વખત સૈયદ મુશ્તાક અલી ટ્રોફીનો ખિતાબ જીતી ચૂકી છે.

જયસ્વાલનો શરમજનક રેકોર્ડ, ચારેય એસઈએનએ દેશોમાં શૂન્ય રને આઉટ થનારો પ્રથમ ભારતીય

ભારતીય ક્રિકેટ ટીમના યુવા ઓપનર બેટ્સમેન યશસ્વી જયસ્વાલના નામે એક શરમજનક રેકોર્ડ નોંધાયો છે. ન્યૂઝીલેન્ડ સામે ક્રાઈસ્ટચર્ચમાં રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચની પ્રથમ ઈનિંગમાં તેઓ ખાતું ખોલાવ્યા વિના જ આઉટ થઈ ગયા હતા. આ સાથે તેઓ ચારેય એસઈએનએ દેશોમાં શૂન્ય રને આઉટ થનારા પ્રથમ ભારતીય બેટ્સમેન બની ગયા છે.



એસઈએનએ એટલે દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેન્ડ, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા. આ ચારેય દેશોમાં શૂન્ય રને આઉટ થનારા ભારતીય ખેલાડીઓની યાદીમાં જયસ્વાલ પહેલાં પણ પાંચ ખેલાડીઓનાં નામ સામેલ હતાં, પરંતુ આ તમામ ખેલાડીઓ બોલર હતા. જયસ્વાલ આ યાદીમાં સામેલ થનારા પ્રથમ સંપૂર્ણ બેટ્સમેન છે. નોંધનીય છે કે તેમની ટેસ્ટ કારકિર્દીમાં આ આઠમી વખત છે જ્યારે તેઓ ખાતું ખોલાવ્યા વિના આઉટ થયા છે.

યશસ્વી જયસ્વાલ પહેલાં આ યાદીમાં અનિલ કુંબલે, હરભજન સિંહ, ઝહીર ખાન, ઈશાંત શર્મા અને જસપ્રીત બુમરાહનાં નામ સામેલ હતાં. આ તમામ ખેલાડીઓ મુખ્યત્વે બોલર તરીકે ઓળખાય છે. આથી જાયસવાલ ચારેય એસઈએનએ દેશોમાં શૂન્ય રને આઉટ થનારા પ્રથમ ભારતીય બેટ્સમેન બન્યા છે. ફાઈસ્ટચર્ચ ટેસ્ટના બીજા દિવસે ચાના વિરામ સુધી ભારતીય ટીમે ત્રણ મહત્ત્વપૂર્ણ વિકેટ ગુમાવી દીધી હતી. યશસ્વી શૂન્ય રને આઉટ થયા બાદ ભારતીય બેટ્સમેનોએ ઈનિંગ સંભાળવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ન્યૂઝીલેન્ડના ઘાતક બોલિંગ આક્રમણ સામે તેઓ ટકી શક્યા નહોતા.

જયસ્વાલ બાદ દેવદત્ત પડિક્કલ ૨૦ બોલમાં ૨૧ રન બનાવીને આઉટ થયા હતા. ત્યારબાદ કેપ્ટન શુભમન ગિલ પણ ૨૯ બોલમાં ૧૭ રન બનાવીને પેવેલિયન પરત ફર્યા હતા. બંને બેટ્સમેન આક્રમક રીતે રમી રહ્યા હતા, પરંતુ ન્યૂઝીલેન્ડના બોલરોએ તેનો ફાયદો ઉઠાવ્યો હતો. ન્યૂઝીલેન્ડ તરફથી કાયલ જેમિસને અત્યાર સુધી બે વિકેટ ઝડપી હતી, જ્યારે મેટ હેનરીને એક સફળતા મળી હતી. બીજી તરફ કેએલ રાહુલ ૩૪ બોલમાં ૧૭ રન બનાવીને અણનમ રહ્યા હતા. ચાના વિરામ સુધી ભારતનો સ્કોર ત્રણ વિકેટના નુકસાન પર ૧૮૯ રન હતો.

ઓટો

એડવેન્ચર બાઈકના શોખીનો માટે ડુકાટીની નવી બાઈક ડેઝર્ટએક્સ વીર ભારતમાં લોન્ચ

ઈટાલીની જાણીતી બાઈક ઉત્પાદક કંપની ડુકાટીએ ભારતમાં પોતાની નવી પેઢીની એડવેન્ચર બાઈક ડુકાટી ડેઝર્ટએક્સ વીર લોન્ચ કરી છે. આ બાઈકની એક્સ-શોરૂમ કિંમત ૧૯.૯૯ લાખ રૂપિયા રાખવામાં આવી છે. કંપનીએ દેશભરની પોતાની તમામ ડીલરશીપ પર બાઈકનું બુકિંગ શરૂ કરી દીધું છે.



નવી ડેઝર્ટએક્સ વીરમાં ૯૯૦ સીસીનું નવું વીર ટ્વિન-સિલિન્ડર એન્જિન આપવામાં આવ્યું છે. આ ઉપરાંત તેમાં છ રાઈડિંગ મોડ, આધુનિક સુરક્ષા સુવિધાઓ અને લાંબી મુસાફરી માટે ઉપયોગી અનેક સુવિધાઓ આપવામાં આવી છે. નવી ડુકાટી ડેઝર્ટએક્સ વીરમાં ૯૯૦ સીસીનું નવું વીર ટ્વિન-સિલિન્ડર એન્જિન આપવામાં આવ્યું છે. આ એન્જિન ૯,૦૦૦ આરપીએમ પર ૧૧૦ હોર્સપાવરની શક્તિ અને ૭,૦૦૦ આરપીએમ પર ૯૨ એનએમનો મહત્તમ ટોર્ક ઉત્પન્ન કરે છે.

કંપનીના જણાવ્યા અનુસાર, ૩,૦૦૦ આરપીએમ પર જ બાઈકને મહત્તમ ટોર્કના લગભગ ૭૦ ટકા જેટલી શક્તિ મળવા લાગે છે. ડુકાટીનો દાવો છે કે આ તેનું અત્યાર સુધીનું સૌથી હલકું ચાર વાલ્વ પ્રતિ સિલિન્ડર ધરાવતું ટ્વિન-સિલિન્ડર એન્જિન છે.

આ બાઈકમાં ઈન્ટેક વેરિએબલ ટાઈમિંગ ટેકનોલોજી પણ આપવામાં આવી છે. ગિયરબોક્સમાં પ્રથમ ચાર ગિયરને અગાઉની સરખામણીએ ટૂંકા રાખવામાં આવ્યા છે, જેથી મુશ્કેલ રસ્તાઓ પર બાઈક ચલાવવામાં સરળતા રહે. જ્યારે છઠ્ઠો ગિયર લાંબો રાખવામાં આવ્યો છે, જેથી ધોરીમાર્ગો પર આરામદાયક મુસાફરી કરી શકાય. ડેઝર્ટએક્સ વીરમાં એલ્યુમિનિયમ મોનોકોક ફ્રેમ આપવામાં આવી છે, જે એરબોક્સ તરીકે પણ કામ કરે છે. આ ઉપરાંત પાછળ ટ્રેલિસ સબફ્રેમ અને ડબલ સાઈડેડ એલ્યુમિનિયમ સ્વિંગઆર્મ આપવામાં આવ્યો છે.

બાઈકમાં સસ્પેન્શનની જવાબદારી કેએવાયબી કંપનીને સોંપવામાં આવી છે. આગળના ભાગમાં ૪૬ મિમીનો સંપૂર્ણપણે એડજસ્ટ કરી શકાય તેવો અપસાઈડ ડાઉન ફોર્ક આપવામાં આવ્યો છે, જેમાં ૨૩૦

મુખ્યમંત્રીએ રાજ્યમાં સુખ, સમૃદ્ધિ માટે દ્વારકાધીશને પ્રાર્થના કરી

શિવરાજપુર બ્લુફ્લેગ બીચ ખાતે પહોંચીને મુખ્યમંત્રીએ વિકાસ કાર્યોની તખતીનું કર્યું અનાવરણઃ રેત શિલ્પ બન્યા આકર્ષણનું કેન્દ્રઃ સાંસદ પુનમબેન માડમ, ધારાસભ્યો મુળુભાઈ બેરા, પબુભા માણેક સહિતનો કાફલો જગતમંદિરમાં સી.એમ.ની સાથે રહ્યા






આજકાલ પ્રતિનિધિ
દ્વારકા

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પવિત્ર યાત્રાધામ દ્વારકાની મુલાકાત દરમિયાન જગત મંદિર ખાતે ભગવાન શ્રી દ્વારકાધીશજીના દર્શન કરી પૂજા-અર્ચના કરી હતી. આ પાવન અવસરે મુખ્યમંત્રીએ ભગવાન શ્રી દ્વારકાધીશજીના ચરણોમાં શીશ ઝુકાવી રાજ્યની સુખાકારી, શાંતિ, સમૃદ્ધિ અને નાગરિકોના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.

શિવરાજપુર બીચ ખાતે પહોંચીને રૂા. ૧૦૨.૬૮ કરોડના વિકાસ કાર્યોનું લોકાર્પણ કર્યું હતું અને તખતીનું અનાવરણ કર્યું હતું, બીચ પર મુખ્યમંત્રીએ ખાસ વાહનમાં બેસીને અદભુત રીતે બનાવાયેલા રેત શિલ્પ પણ નિહાળ્યા હતાં અને જે વિકાસ કાર્યો થયા છે તેની સમિક્ષા કરી હતી. આ વેળાએ સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય મુળુભાઈ બેરા અને પબુભા માણેક એમની સાથે રહ્યાં હતાં.

મુખ્યમંત્રીએ જગતમંદિરમાં ભગવાન શ્રી દ્વારકાધીશજીના દર્શન કરી ધન્યતાની અનુભૂતિ કરી હતી. તેમણે ભગવાન શ્રી દ્વારકાધીશજીના આશીર્વાદ મેળવી ગુજરાત રાજ્ય વિકાસ, પ્રગતિ અને સમૃદ્ધિના નવા શિખરો સર કરતું રહે તેમજ રાજ્યના તમામ નાગરિકોના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ જળવાઈ રહે તેવી ભાવના વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીની દેવભૂમિ દ્વારકા મુલાકાતથી પવિત્ર યાત્રાધામની ધાર્મિક ગરિમા અને ગુજરાતની સમૃદ્ધ સાંસ્કૃતિક વિરાસત પ્રત્યેની તેમની શ્રદ્ધા અને આસ્થા પ્રગટ થઈ હતી. શ્રી દ્વારકાધીશ મંદિર ટ્રસ્ટ, જિલ્લા કલેક્ટર રાજેશ તન્ના તેમજ પૂજારી દ્વારા મુખ્યમંત્રીનું દ્વારકાધીશની છબી અર્પણ કરી અને ખેસ પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેકટર રાજેશ તન્ના, જિલ્લા પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળા, પ્રાંત અધિકારી યશપાલ ગઢવી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

રોટરી ડિસ્ટ્રિક્ટ ૩૦૬૦ના ગવર્નર રોટરી ક્લબ ઓફ મિડટાઉનની મુલાકાતે પહોંચ્યા

વિવિધ સેવાકીય પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ અને સમીક્ષા સાથે જ ડિસ્ટ્રિક્ટ ગવર્નરના હસ્તે ક્લબના અનેક નવા સેવાકીય પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરાશે

આજકાલ કાર્યાલય
રાજકોટ

રોટરી ક્લબ ઓફ રાજકોટ મિડટાઉન માટે આજ આગામી ૨૮ નવેમ્બરનો દિવસ વિશેષ મહત્વ ધરાવશે. આ દિવસે રોટરી ડિસ્ટ્રિક્ટ ૩૦૬૦ના ડિસ્ટ્રિક્ટ ગવર્નર નિલેશ શાહ ક્લબની સત્તાવાર મુલાકાતે પધારશે.રોટરી ડિસ્ટ્રિક્ટ ૩૦૬૦માં કુલ ૧૦૫ રોટરી ક્લબ અને આશરે ૫૪૦૦ રોટરી સભ્યોનો સમાવેશ થાય છે. આ સમગ્ર ડિસ્ટ્રિક્ટની રોટરી પ્રવૃત્તિઓ, સેવાકાર્યો અને ક્લબોના માર્ગદર્શન તથા સંકલનની મહત્વપૂર્ણ જવાબદારી ડિસ્ટ્રિક્ટ ગવર્નર નિલેશ શાહ સંભાળી રહ્યા છે.આ સત્તાવાર મુલાકાત દરમિયાન ક્લબ દ્વારા હાથ ધરવામાં આવેલા વિવિધ સેવાકીય પ્રોજેક્ટ્સનું નિરીક્ષણ અને સમીક્ષા કરવામાં આવશે. સાથે જ ડિસ્ટ્રિક્ટ ગવર્નરના હસ્તે ક્લબ દ્વારા તૈયાર કરવામાં આવેલા અનેક નવા સેવાકીય પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને લોકાર્પણ કરવામાં આવશે.આ પ્રોજેક્ટ્સ દ્વારા શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ, મહિલા સશક્તિકરણ અને સામાજિક કલ્યાણ સહિતના વિવિધ ક્ષેત્રોમાં સમાજના જરૂરિયાતમંદ વર્ગો સુધી સેવાકીય પ્રવૃત્તિઓનો લાભ પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

આ મુલાકાત દરમિયાન ક્લબના સભ્યો સાથે સંવાદ, અત્યાર સુધી કરવામાં આવેલી સેવાકીય પ્રવૃત્તિઓની રજૂઆત તેમજ આગામી સમયના પ્રોજેક્ટ્સ અંગે માર્ગદર્શન અને ચર્ચા પણ કરવામાં આવશે.રોટરી ક્લબ ઓફ રાજકોટ મિડટાઉન હંમેશાં માનવસેવા, સામાજિક જવાબદારી અને સમાજના સર્વાંગી વિકાસ માટે વિવિધ સેવાકીય પ્રોજેક્ટ્સ હાથ ધરતી આવી છે. ડિસ્ટ્રિક્ટ ગવર્નરની આ મુલાકાત ક્લબના સભ્યો માટે નવી પ્રેરણા, ઉત્સાહ અને વધુ ઉમદા સેવાકાર્યો કરવાની દિશામાં મહત્વપૂર્ણ બની રહેશે.

ગુજરાતીઓ સક્રિય રોકાણકારોની સંખ્યામાં મહારાષ્ટ્રને પાછળ છોડી દેશભરમાં પ્રથમ ક્રમે

એનએસઈના ઓક્ટોબર ૨૦૨૬ના અહેવાલમાં ગુજરાતમાં ૨૮.૧ લાખ સક્રિય રોકાણકારો નોંધાયા, દેશના કુલ સક્રિય રોકાણકારોમાં ગુજરાતનો હિસ્સો ૧૯ ટકા

આજકાલ પ્રતિનિધિ
અમદાવાદ

ભારતીય શેરબજારમાં રોકાણના ટ્રેન્ડમાં મોટો બદલાવ જોવા મળ્યો છે. અત્યાર સુધી સક્રિય રોકાણકારોની સંખ્યામાં આગળ રહેલું મહારાષ્ટ્ર હવે પાછળ રહી ગયું છે અને ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમે પહોંચ્યું છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ)ના ઓક્ટોબર ૨૦૨૬ના માર્કેટ પલ્સ અહેવાલ મુજબ, ગુજરાતમાં સક્રિય રોકાણકારોની સંખ્યા વધીને ૨૮.૧ લાખ થઈ છે. જ્યારે મહારાષ્ટ્ર ૨૩ લાખ રોકાણકારો સાથે બીજા ક્રમે છે. આ યાદીમાં ઉત્તર પ્રદેશ ત્રીજા સ્થાને યથાવત



છે.એનએસઈના આંકડા પ્રમાણે, ઓક્ટોબર ૨૦૨૬માં દેશના કુલ સક્રિય રોકાણકારોમાં ગુજરાતનો હિસ્સો આશરે ૧૯ ટકા રહ્યો હતો. ખાસ વાત એ છે કે ઓગસ્ટ ૨૦૨૬માં ગુજરાતમાં સક્રિય રોકાણકારોની સંખ્યા ૧૯.૧ લાખ હતી, જે માત્ર બે મહિનામાં વધીને ૨૮.૧ લાખ થઈ ગઈ છે. આમ, બે મહિનામાં રોકાણકારોની સંખ્યામાં આશરે ૪૫.૩ ટકાનો વધારો નોંધાયો છે.

બીજી તરફ, મહારાષ્ટ્રમાં ઓગસ્ટ ૨૦૨૬માં ૨૦.૭ લાખ સક્રિય રોકાણકારો હતા, જે ઓક્ટોબરમાં વધીને ૨૩ લાખ થયા છે. રાજ્યનો કુલ રોકાણકારોમાં હિસ્સો ૧૫.૪ ટકા રહ્યો છે. બે મહિનામાં મહારાષ્ટ્રમાં રોકાણકારોની સંખ્યામાં ૧૦.૪ ટકાનો વધારો થયો છે. ગુજરાતમાં રોકાણકારોની સંખ્યામાં થયેલી ઝડપી વૃદ્ધિને કારણે મહારાષ્ટ્ર પ્રથમ સ્થાન પરથી બીજા ક્રમે સરકી ગયું છે.

સક્રિય રોકાણકારોની સંખ્યામાં ઉત્તર પ્રદેશે ત્રીજું સ્થાન જાળવી રાખ્યું છે. ઓક્ટોબરમાં રાજ્યમાં આશરે ૧૨.૭ લાખ સક્રિય રોકાણકારો નોંધાયા હતા. દેશના કુલ રોકાણકારોમાં ઉત્તર પ્રદેશનો હિસ્સો ૧૦.૧ ટકા રહ્યો હતો. એક મહિના અગાઉ આ સંખ્યા ૧૧.૫ લાખ હતી.

આ ઉપરાંત રાજસ્થાન અને હરિયાણામાં પણ શેરબજાર સાથે જોડાયેલા રોકાણકારોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. રાજસ્થાનમાં સક્રિય રોકાણકારોની સંખ્યામાં ૨૭.૯ ટકા જ્યારે હરિયાણામાં ૨૦.૮ ટકાનો વધારો નોંધાયો છે. આ આંકડા દર્શાવે છે કે શેરબજારમાં રોકાણનો વ્યાપ હવે મોટા શહેરો પૂરતો મર્યાદિત રહ્યો નથી.

જૈનમ પરિવારની યાદગાર સફરઃ અગિયાર વર્ષની સફળ નવરાત્રીના સભ્યો કેબીસીની મુલાકાતે

અમિતાભ બચ્ચનને રૂબરૂ જોવાની, તેમની સાથે વાતચીત કરવાની અને યાદગાર તસવીરો પડાવવાની અમૂલ્ય તક પણ પ્રાપ્ત થઈ

આજકાલ કાર્યાલય
રાજકોટ

જૈનમ નવરાત્રિ ૨૦૨૬ અદ્ભુત રીતે સંપન્ન થઈ. આ વખતે જૈનમ ટીમ દ્વારા પોતાની ૧૧ વર્ષની સફળ સફરને વધુ યાદગાર બનાવવા માટે એક અનોખી અને અવિસ્મરણીય ભેટ આપવામાં આવી, જેની ગુંજ હવે રાષ્ટ્રીય ટેલિવિઝન સુધી પહોંચી છે.રાજકોટ અને કદાચ સમગ્ર ગુજરાતમાં પ્રથમ વખત આ પ્રકારનો અનોખો પ્રયાસ કરવામાં આવ્યો છે. જૈનમ નવરાત્રિમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર સભ્યોને બિરદાવવા માટે તેમને ભારતના લોકપ્રિય અને નંબર વન ગેમ શો કૌન બનેગા કરોડપતિના વિશેષ શોમાં સ્ટુડિયો ઓડિયન્સ તરીકે ઉપસ્થિત રહેવાની તક આપવામાં આવી.આ અનોખી ભેટ અંતર્ગત જૈનમ પરિવારના કુલ ૩૦ સભ્યો જેમાં અનેક દંપતીઓનો પણ સમાવેશ થાય છે, કેબીસીના સેટ પર પહોંચ્યા હતા. ત્યાં તેમણે સમગ્ર એપિસોડનું પ્રત્યક્ષ નિદર્શન કર્યું હતું. સાથે જ સદીના મહાનાયક અમિતાભ બચ્ચનને રૂબરૂ જોવાની તેમની સાથે વાતચીત કરવાની અને તેમની સાથે યાદગાર તસવીરો પડાવવાની અમૂલ્ય તક પણ પ્રાપ્ત થઈ હતી. જૈનમ નવરાત્રિ દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી કરનાર સભ્યોને તેમની મહેનત અને સમર્પણ બદલ આ રીતે રાષ્ટ્રીય સ્તરના લોકપ્રિય મંચ પર પહોંચાડીને સન્માનિત કરવાનો આ એક અનોખો પ્રયાસ હતો. આ અનુભવ જૈનમ પરિવારના દરેક સભ્ય માટે જીવનભરની યાદ બની રહેશે. જૈનમ પરિવારનાં જીતુ કોઠારી, વિભાશ શેઠ, મેહુલ દામાણી, અમીષ દોશી, હિરેન દોશી, ચિરાગ દોશી અને માલીની દોશી, વૈભવ સંઘવી અને તેજલ સંઘવી, ઉમંગ ગોસલીયા અને નમ્રતા ગોસલીયા,મિલેશ મહેતા અને અવની મહેતા, કુશલ કોઠારી, વિમલ પારેખ અને કાજલ પારેખ,શ્રેણિક વોરા અને સિદ્ધી વોરા,કેવિન ઉદાણી, યશ ઉદાણી, નિખીલ ઉંચાટ અને જિગ્ના ઉંચાટ,મેહુલ શાહ અને સેજલ શાહ, રૂપલ ડેલીવાળાને કૌન બનેગા કરોડપતિનાં એપીસોડમાં જવાનો અમૂલ્ય તક પ્રાપ્ત થયેલ હતી. આ સમગ્ર આયોજન પાછળ જૈનમ કમિટીના સભ્ય જતિન શાહનો વિશેષ વિચાર અને પ્રયાસ રહ્યો હતો. તેમના આયોજન, સંકલન અને સતત મહેનતના પરિણામે જૈનમ પરિવારના સભ્યો માટે આટલી મોટી અને અનોખી તક શક્ય બની હતી. તેમની આ કામગીરીને સમગ્ર જૈનમ પરિવારે બિરદાવી હતી.જૈનમ નવરાત્રિ માત્ર નવ દિવસનો ઉત્સવ નથી, પરંતુ એક પરિવારની એકતા, ટીમવર્ક, પ્રતિભા અને સભ્યોના યોગદાનને બિરદાવવાનો એક મંચ છે. ૧૧ વર્ષની આ સફળ સફરમાં જૈનમ પરિવારે અનેક સિદ્ધિઓ મેળવી છે અનેકબીસીની આ યાદગાર મુલાકાતે આ સફરમાં વધુ એક સુવર્ણ પ્રકરણ ઉમેર્યું છે.

જૈનમનો ઉદ્દેશ હંમેશાં માત્ર ઉત્સવ ઉજવવાનો નહીં, પરંતુ ઉત્સવ સાથે જોડાયેલા દરેક વ્યક્તિને કંઈક એવું આપવાનો રહ્યો છે, જે તેમની યાદોમાં જીવનભર જીવંત રહે.આ વખતે જૈનમ પરિવારે ખરેખર એક એવી ભેટ આપી છે, જેની યાદ દરેક સભ્યના જીવનમાં હંમેશાં ખાસ રહેશે.

પતિએ ઓછા ભાવમાં વાળ વેચી નાખતા પત્નીએ પ્રાઈવેટ પાર્ટમાં માર મારતાં ઈજા

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

ગોંડલના વોરા કોટડા રોડ પર અહોમ વિચિત્ર બનાવ બન્યો છે, પતિએ ઓછા ભાવે વાળ વેંચી નાખતા ઉશ્કેરાયેલી પત્નીએ પતિને પ્રાઈવેટ પાર્ટમાં ઈજા કરતા સારવાર માટે રાજકોટ સિવિલમાં દાખલ કરવામાં આવ્યો છે. બનાવની પ્રાપ્ત વિગત મુજબ ગોંડલના વોરા કોટડા રોડ પર પંચપીરની ધાર પાસે રહેતા મહેશભાઈ સુરેશભાઈ મકવાણા (ઉ.વ.૪૦)ના યુવકને પ્રાઈવેટ પાર્ટમાં દુઃખાવો શરૂ થતા સારવાર માટે રાજકોટ સિવિલમાં દાખલ કરવામાં આવ્યો છે. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગોંડલ પોલીસને જાણ કરી હતી. યુવકના કહેવા મુજબ પોતે વાળ લે વેંચનું કામ કરે છે, દિવાળીએ વધુ કિંમતના વાળ ઓછી કિંમતમાં વેચી નાખતા પત્નીએ હિસાબ માગ્યો હતો. જેમાં પૈસા ઓછા હોવાથી અને ઓછી કિંમતે વાળ વેચી નાખ્યા હોવાનું જણાવતા પત્ની ઉશ્કેરાઈ હતી અને પતિને ગુપ્તાગમાં ઈજા કરી હતી. બનાવ અંગે ગોંડલ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

રૂા.૮.૧૬ લાખના ફ્રોડના ગુનામાં યુપીના આરોપીનો શરતી જામીન પર છૂટકારો

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

શહેરના બીગબજાર પાસે રહેતા વેપારીને ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બનાવી રૂ. ૮,૧૬,૭૪૨ની રકમ ઉપાડી લેવાના ગુનામાં સંડોવાયેલા યુપીના આરોપીને કોર્ટે શરતી જામીન પર છોડી મુકવા આદેશ કર્યો છે.

ફરિયાદ મુજબ ફરિયાદીના મોબાઈલમાં એમ-પરિવહનના નામથી ટેક્સટ્ મેસેજ આવ્યો હતો, જેમાં કારનું રૂ. ૨૦૦૦નું ચલણ હોવાની માહિતી હતી. લિંક પર ક્લિક કરતા એપીકે ફાઈલ ડાઉનલોડ કરવાનું જણાવાયું હતું, પરંતુ ફરિયાદીએ તે ડાઉનલોડ કરી ન હતી.બીજા દિવસે તા. ૧૦/૦૯/૨૦૨૬ના રોજ અજાણ્યા અલગ-અલગ મોબાઈલ નંબર ઉપરથી એમેઝોન, ફ્લિપકાર્ટ, સ્નેપડીલ સહિતની ઈ-કોમર્સ એપ્લિકેશનના આશરે ૩૦ જેટલા ઓટીપી મેસેજ આવ્યા હતા. ફરિયાદીએ પોતાની પેઢી અને બેંકમાં રજિસ્ટર્ડ મોબાઈલ ચેક કરતા તે વખતે કોઈ રકમ ડેબિટ થઈ ન હતી.બાદમાં તા. ૧૩/૦૫/૨૦૨૬ના રોજ તેમના જાણ બહાર અલગ-અલગ બેંકના અલગ-અલગ એકાઉન્ટમાં કુલ ૧૭ ટ્રાન્ઝેક્શન થયા હતા, જે મારફત કુલ રૂ. ૮,૧૬,૭૪૨ ઉપડી ગયા હતા. આ અંગે ફરિયાદ નોંધાતા પોલીસે ઉદિત સંદીપ ત્યાગીની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કર્યો હતો.આરોપીએ જામીન અરજી દાખલ કરી હતી. બંને પક્ષની દલીલો ધ્યાને લઈ કોર્ટે ઉદિત ત્યાગીને શરતી જામીન ઉપર મુક્ત કરવા હુકમ ફરમાવ્યો હતો. આરોપી વતી યુવા ધારાશાસ્ત્રી અમિત એન. જનાણી, અકરમ સુમરા, આદિત્ય મોરબીયા અને વિજય વસવેલીયા રોકાયેલા હતા.

પીએમના મેક ઈન ઈન્ડિયા મંત્રને સાકાર કરતું રાજકોટ મશીન ટુલ્સ એસોસિએશન

સૌરાષ્ટ્ર,ગુજરાત અને દેશ-વિદેશનાં મુલાકાતીઓ ઉમટ્યા,આ પ્રદર્શનથી મારો નાઈરોબીથી આવવાનો ધક્કો સફળ થયો છેઃ ઉદ્યોગકાર પરેશ ગઢ્ઢર

આજકાલ કાર્યાલય
રાજકોટ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અપાયેલ મેક ઈન ઈન્ડિયા એન્ડ મેઈડ ઈન ઈન્ડિયાના મંત્રને સાકાર કરતા છેલ્લા ૨૦ વર્ષથી સૌરાષ્ટ્રના ઔદ્યોગિક હબ ગણાતા રાજકોટ શહેર ખાતે મશીન ટૂલ્સ મેન્યુફેક્ચર્સ એસોસિએશન રાજકોટ દ્વારા મશીન ટૂલ્સનું પ્રદર્શન યોજાઈ રહ્યું છે, આ વર્ષે પણ એસોસિએશન દ્વારા ૧૦માં મશીન ટૂલ્સ પ્રદર્શનનું આયોજન કરાયું છે. ગત તા. ૨૫ ને બુધવારથી શરૂ થયેલા આ પ્રદર્શનનો આજે અંતિમ દિવસ હોય તેને નિહાળવા રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર - ગુજરાત અને દેશ - વિદેશનાં મુલાકાતીઓ ઉમટ્યા છે.

આજે અંતિમ દિવસે પણ મુલાકાતીઓનો ઘસારો અવિરત રહ્યો હતો.



પ્રદર્શનના ચાર દિવસ દરમ્યાન ૬૫૦૦૦ મુલાકાતીઓએ પ્રદર્શન નિહાળ્યું હતું અને આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

આ પ્રદર્શનમાં સ્ટોલ રાખનાર કોઈમ્બતુર ની કંપની એલએમ ડબ્લ્યુ લિમિટેડના ગુજરાત ઝોનલ હેડ ભુપેન્દ્ર ચૌહાણએ જણાવ્યું હતું કે તેઓની કંપની મશીન ટૂલ્સ ક્ષેત્રે ૧૯૮૮ થી કાર્યરત છે જેમાં તેઓ પ્રીસીસન, સીએનસી મશીન, ટર્નિંગ મશીન સહિતના અનેક મશીનનું ઉત્પાદન કરે છે. દેશ - વિદેશમાં આ કંપનીના ઉત્પાદનો જઈ રહ્યા છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે આ કંપની દેશની મશીન ટૂલ્સ ક્ષેત્રે પાયોનીયર કંપની છે જ્યારે ટેક્સટાઈલ મશીનરીમાં આ કંપની સમગ્ર એશિયામાં પ્રથમ નંબરનું સ્થાન ધરાવે છે. અન્ય ફોર્ડ મશીનરી પ્રા.લી - પુનાના ટેકનીકલ ડાયરેક્ટર દિગ્વિજય ચૌહાણએ જણાવ્યું હતું કે તેઓની કંપની મુખ્ય ચાઈના સ્થિત છે અને હાલ પુનામાં પણ તે કાર્યરત છે. તેઓની કંપની રાઉટર મશીન, વર્ટીકલ ગ્રાઈન્ડીંગ મશીન, કમ્પોઝીટ સિલિન્ડ્રિકલ મશીન બનાવે છે, આ પ્રદર્શનથી તેઓને ઘણો ફાયદો થયો છે.

આ પ્રદર્શનમાં સીએનસી લેથ તેમજ શીટ મેટલ મશીનરી ખરીદવા નાઈરોબી કેન્યાથી આવેલા પરેશ ગઢ્ઢરએ જણાવ્યું હતું કે,મેં આ પ્રદર્શનમાં જે મશીનરી ખરીદી છે તેમાં મને ગુણવત્તાવાળા માલ સાથે આર્થિક પણ ઘણો ફાયદો થયો છે. આ પ્રદર્શન યોજવા બદલ તેઓએ આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

જામજોધપુરમાં હઝરત નઝરઅલીશાહ બુખારીનો ઉર્સ મુબારક કાલે ઉજવાશે

સમૂહ લગ્નોત્સવ અને કોમી એકતા સંમેલનનું ભવ્ય આયોજન, હિન્દુ અને મુસ્લિમ સમાજનાં કુલ ૧૦ યુગલો લગ્નગ્રંથિથી જોડાશે

આજકાલ કાર્યાલય
રાજકોટ

જામનગર જિલ્લાના જામજોધપુર ખાતે હઝરત સૈયદ નઝરઅલીશાહ બાબા બુખારીના ઉર્સ મુબારક નિમિત્તે આવતીકાલ તા. ૨૯ ના રોજ ભવ્ય ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ૧૩મા સમૂહ લગ્નોત્સવ સાથે કોમી એકતા સંમેલનનું પણ આયોજન કરાયું છે.

આ કાર્યક્રમ અંતર્ગત હિન્દુ અને મુસ્લિમ સમાજનાં કુલ ૧૦ યુગલો લગ્નગ્રંથિથી જોડાઈ પોતાના દાંપત્યજીવનની નવી શરૂઆત કરશે. આ સમૂહ લગ્નોત્સવનું



આયોજન નબી ઓલાદ અલી વારિસ-એ-નજરઅલી પીર સૈયદ એડવોકેટ જાવેદમીઆગાહ કાદરી (બુખારી), ઉર્ફે સદામભાઈ દ્વારા કરવામાં આવ્યું છે.અગાઉ યોજાયેલા સમૂહ લગ્નોત્સવમાં કુલ ૧૩૪ દીકરીઓનાં લગ્ન કરાવવામાં આવ્યાં હતાં. આ સેવાકીય પરંપરાને આગળ ધપાવતાં આ વર્ષે વધુ ૧૦ યુગલોનાં લગ્ન યોજાશે. આ પ્રસંગે જામનગર, જામજોધપુર, ભાણવડ, જૂનાગઢ, રાજકોટ, કાલાવડ, પાલેજ, દેવભૂમિ, ચોરવાડ, રાજુલા, દ્વારકા અને પોરબંદર સહિતના વિસ્તારોમાંથી લોકો ઉપસ્થિત રહેશે.સવારે ૭ વાગ્યે જાનનું આગમન થશે. સવારે ૮ વાગ્યે મહેમાનોનું સ્વાગત કરવામાં આવશે. સવારે ૧૦ વાગ્યે નિકાહ યોજાશે. ત્યારબાદ ૧૦:૩૦ વાગ્યે મહાનુભાવો દ્વારા સંબોધન કરવામાં આવશે. સવારે ૧૧:૩૦ વાગ્યે ઉર્સ નિમિત્તે સંદલ શરીફની વિધિ યોજાશે. બપોરે ૧૨:૩૦ વાગ્યે ભોજન સમારંભ અને બપોરે ૨વાગ્યે જાનવિદાય સાથે સમૂહ લગ્નોત્સવ સંપન્ન થશે.

આ સમગ્ર આયોજનનો મુખ્ય ઉદ્દેશ સમાજમાં સેવાભાવના, ભાઈચારો, સામાજિક એકતા અને કોમી સદભાવનાનો સંદેશ ફેલાવવાનો છે. ધાર્મિક આસ્થા સાથે સામાજિક જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહે તેવી અપેક્ષા છે.

કાલે વાલીઓ અને થેલેસેમિયાગ્રસ્ત બાળકો માટે માર્ગદર્શન કેમ્પ

સદ્‌ગુરૂ લોકકલ્યાણ ફાઉન્ડેશન અને વિવેકાનંદ યુથ કલબના સંયુકત ઉપકમે આયોજિત કેમ્પમાં થેલેસેમિયા પ્રવૃતિમાં સહાયરૂપ થતાં દાતાઓ, બ્લડબેંકો, સંસ્થાઓ વગેરેનું સન્માન કરાશે,આયોજકો આજકાલની શુભેચ્છા મુલાકાતે

આજકાલ કાર્યાલય
રાજકોટ

સદ્‌ગુરુ લોકકલ્યાણ ફાઉન્ડેશન અને વિવેકાનંદ યુથ કલબના સંયુકત ઉપકમે રાજકોટ તેમજ સૌરાષ્ટ્ર-ગુજરાતના થેલેસેમીયા પીડિત બાળકો અને વાલીઓ માટે થેલેસેમીયા સારવારમાં પ્રગતિ, જીવનની આશા એ શીર્ષક હેઠળ મેગા મેડિકલ માર્ગદર્શન કેમ્પનું આયોજન તા. ૨૯ ને રવિવારના રોજ સવારે ૯ કલાકેથી ૩-જનકલ્યાણ સોસાયટી, એસ્ટ્રોન ચોક પાસે, રાજકોટ ખાતે જનકલ્યાણ સોસાયટીના વાતાનુકુલિત હોલમાં કરવામાં આવેલ છે.

હેમેટોલોજી અને થેલેસેમિયા ક્ષેત્રના તબીબી નિષ્ણાત ડો. એમ. બી. અગ્રવાલ,મુંબઈના જાણીતા હેમેટોલોજિસ્ટ અને હેમેટો-ઓન્કોલોજિસ્ટ ડો. મોહન બી. અગ્રવાલ



તસવીર : દર્શન ભટ્ટી

ભારતના રકતરોગ નિદાન, સારવાર, સંશોધન અને તબીબી શિક્ષણ ક્ષેત્રે લાંબા સમયથી મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. રકતરોગના દર્દીઓની સારવાર ઉપરાંત તબીબી શિક્ષણ, સંશોધન અને થેલેસેમિયા અંગેની જાગૃતિના ક્ષેત્રે તેમનું યોગદાન વિશેષ નોંધપાત્ર છે તેઓ દ્વારા થેલેસેમીયા ૨૦ સામાન્ય પડકાર અને ઉકેલ એ બાબતે થેલેસેમીક મેજર દર્દીઓ બાળકો અને વાલીઓને માર્ગદર્શન અપાશે. આ ઉપરાંત રાજકોટના જાણીતા હેમટોલોજિસ્ટ ડો.નિશાંત ધરસંડીયા થેલેસેમીયા સારવારમાં નવીન પ્રગતિ, જાણીતા એન્ડોકોલોજીસ્ટ ડો. નિલેશ દેત્રોજા થેલેસેમીયામાં અંતઃસ્રાવી ગ્રંથિઓને લગતી જટિલતાઓ તેમજ લીવરના સ્પેશિયાલિસ્ટ ડો. પારસ ડી. શાહ થેલેસેમીયામાં યકૃત અને પાચનતંત્રનું સ્વાસ્થ્ય વિશે માર્ગદર્શન આપશે. દસ વર્ષ બાદ રાજકોટમાં યોજાતા થેલેસેમિયા મેગા મેડીકલ કેમ્પમાં રાજકોટ શહેરના સમાજ જીવનના સર્વક્ષેત્રીય આગેવાનોને થેલેસેમિક બાળકોને શુભાશિષ પાઠવવા માટે નિમંત્રિત કરવામાં આવશે. કાર્યક્રમમાં આવનાર તમામ બાળકોને દાતાઓના સહયોગથી સ્મૃતિભેટ પણ આપવામાં આવશે. રિદ્ધિ સિદ્ધિ ફાર્મ વાળા લવજી પ્રજાપતિ તરફથી તમામ બાળકો વાલીઓને અમેરિકન મકાઈ નાસ્તો કરાવવામાં આવશે. મેગા મેડિકલ માર્ગદર્શન કેમ્પનું રીમોટથી ઉદ્ઘાટન જાહેરજીવનના શ્રેષ્ઠીઓ દ્વારા કરવામાં આવશે તેમજ કાર્યક્રમમાં આવનાર તમામ લોકોનું કુમકુમ તિલક કરી સ્વાગત કરવામાં આવશે. કાર્યક્રમમાં રાજકોટ શહેરમાં થેલેસેમીયા પ્રવૃતિમાં સહાયરૂપ થતા દાતાઓ, બ્લડ બેંકો, રકતદાતાઓ, ડોકટરો,સંસ્થાઓનું સન્માન કરવામાં આવશે. સમગ્ર આયોજનની સફળતા માટે સદ્‌ગુરૂ લોકકલ્યાણ ફાઉન્ડેશનના રાજુ પોબારૂ, ડો.જનક ઠક્કર, ડો.નિશાંત ચોટાઈ, ઉમેશ નંદાણી, કિશોર કોટક, જીતુલ કોટેચા, પ્રદીપ જોબનપુત્રા, હિરેન ખખ્ખર તેમજ વિવેકાનંદ યુથ કલબના અનુપમ દોશી, મિતલ ખેતાણી, ડો.રવિ ધાનાણી સહિતના શ્રેષ્ઠીઓ કાર્યરત છે. રાજકોટ અને સૌરાષ્ટ્રના તમામ થેલેસેમીયા પીડિત બાળકોને આ મેગા મેડીકલ માર્ગદર્શન કેમ્પનો લાભ લેવા અને પોતાનું નામ રજિસ્ટ્રેશન કરાવી લેવા અનુરોધ કરાયો છે.અનુપમ દોશી,જીતુલ કોટેચા,ડો.રવિ ધાનાણી,પંકજ રૂપારેલીયા,પ્રદિત જાની,નેહલ દવે,રાહુલભાઈ,હર્ષ કરિયા,ધ્રુવ રાવલે આજકાલની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

પછાત મહિલા વિકાસ મંડળ દ્વારા વૈદુ તથા ઔષધિય પ્રદર્શન મેળા યોજાશે

આદિવાસી વૈદુભગતો દ્વારા જડીબુટ્ટીનું પ્રદર્શન મુકવામાં આવશે, આયોજકો આજકાલની શુભેચ્છાઓ મુલાકાતે

આજકાલ કાર્યાલય
રાજકોટ

પછાત મહિલા વિકાસ મંડળ દ્વારા રેસકોર્સ મેદાન ખાતે આગામી તા.૧૨ થી ૧૬ ડીસેમ્બર સુધી વૈદુ તથા ઔષધીય પ્રદર્શન મેળા પ્રદર્શન મેળાનું આયોજન કરવામાં આવેલ છે. આ મેળામાં સર્વેને પ્રવેશ નિઃશુલ્ક અપાશે.આ મેળામાં ભાગ લેનાર ૩૫૦ આદિવાસી ભાઈ - બહેનો જેવો પરંપરાગત આયુર્વેદનું જ્ઞાન ધરાવતા છે. પછાત મહિલા વિકાસ મંડળ ભાવનગર તથા ઔષધિય વનસ્પતિ પ્રદર્શન મેળાની માહિતી આયોજીત ડાંગ, આહવા, વલસાડ જિલ્લાનાં ૩૦૦થી વધુ આદિવાસી વૈદુભગતો આ મેળામાં ભાગ લેનાર છે. આ વૈદુભગતોને તમામ પ્રકારના રોગો માટે પરંપરાગત આયુર્વેદનું જ્ઞાન ધરાવે છે. એક હજાર કરતાં વનસ્પતિ ઔષધીયની ઓળખ ધરાવે છે. જંગલોમાં વસનારી પ્રજાતિ પોતાના રોગોનું પોતાના મેળે સારવાર કરે છે તથા અન્ય લોકોની પણ સેવા કરે છે. માલકાંગણી, સફેલ મુસળી, આર્યોકંદ, જંગલી બટાટા, રગત રોયડો, અર્જુનસાદડ, પાદળની છાલ, ટેટની છાલ, કેસુડો, સાપુઆંબા, લોખંડી, ડવલા, મોખા, જંગલી સરગવો, શતાવરી, ઉમરો, વડ, કરીયાતું, કાકા કેરીયો, બ્રાહ્મી, અક્કલગરો, લીંડીપીપર વગેરે વગેરે



જડીબુટ્ટીનું પ્રદર્શન મુકવામાં આવશે.આ મેળામાં આદિવાસી વૈદુભગતો દ્વારા હાડકા,સાંધા કે અન્ય દર્દો માટે મસાજ કરી અપાશે.પ્રવેશ નિશુલ્ક છે પરંતુ દવાનાં રૂપિયા આપવાના રહેશે.

આદિવાસી બહેનો દ્વારા સંચાલીત નાહરી કેન્દ્રો સાથે - સાથે શુધ્ધ મધ, નાગલી બનાવટોની વાનગીઓ જેમાં અડદની દાળ, ભુરજીયું, નાગલીના રોટલા, મકાઈના રોટલા, વાંસનું અથાણું, પાપડીનું શાક, અડદ-મકાના વડા, આદિવાસી ખાણું પીરસવામાં આવશે. વાંસના રમકડાઓ, માટીના વાસણો, વગેરે મેળાનું મુખ્ય આકર્ષણ છે.પેરાલીસીસ માટે મસાજ તથા બોડી મસાજ માલકાંગણીનાં તેલ દ્વારા ક્લીનીકલ મસાજ આ કુશળ આદિવાસી ભાઈઓ-બહેનો દ્વારા સ્ટીમ-પેટી દ્વારા સ્ટીમ પણ આપવામાં આવશે. ભાઈઓ દ્વારા ભાઈઓનું તથા બહેનો દ્વારા બહેનોનું મસાજ કરવામાં આવશે. ઓર્ગેનીક ખાદ્યસામગ્રી જેમાં ચોખા, અડદની દાળ, તુવેરની દાળ, મરચું, જીરું, હળદર તથા નાગલીના બિસ્કીટ, પાપડ, લોટ વગેરેનું પણ વેચાણ થશે.આ પ્રકારના મેળાનું ગુજરાતમાં સૌપ્રથમ વખત ૨૦૧૯માં અમદાવાદ, વસ્ત્રાપુર હાટ ખાતે,૨૦૨૦માં સુરત ખાતે,૨૦૨૧માં રાજકોટ ખાતે,૨૦૨૧માં અમદાવાદ ખાતે,૨૦૨૩માં સુરત ખાતે બીજી વાર આયોજન કરેલ હતું.

રાજકોટ દૂધ સંઘ દ્વારા દૂધનાં ખરીદભાવમાં રૂા.૨૦નો ભાવ વધારો

પાણીની અછત અને ઘાસચારાના વધતા ખર્ચ વચ્ચે દૂધના ભાવમાં મળેલા વધારાથી પશુપાલકોમાં ખુશીનો માહોલ

આજકાલ કાર્યાલય
રાજકોટ

રાજકોટ દૂધ સંઘનાં અધ્યક્ષ ગોરધન ધામેલીયા અને નિયામક મંડળના સભ્યો દ્વારા સંઘ સાથે જોડાયેલા હજારો દૂધ ઉત્પાદકોના આર્થિક અને સામાજિક હિતોને ધ્યાનમાં રાખીને નિર્ણયો લેવામાં આવે છે. હાલની પરીસ્થીતીમાં ઘાસચારા અછત અને પશુઆહારના વધતા ખર્ચને ધ્યાનમાં રાખીને દૂધ ઉત્પાદકોને આર્થિક રીતે મદદ થવાનાં ઉદેશથી સંઘનાં નિયામક મંડળે પ્રતિ કિલો ફેટે રૂા.૨૦નો ભાવ વધારો કરીને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂા.૮૯૦ કરવા નિર્ણય નક્કી કરેલ છે. અત્યારે દૂધ મંડળીઓને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂા.૮૭૦ ચુકવવામાં આવી રહ્યો છે. દૂધ સંઘ દ્વારા તા.૦૧/૧૨/૨૦૨૬ થી દૂધ મંડળીઓને પ્રતિકિલો ફેટે રૂા.૮૯૦ ચુકવવામાં આવશે અને દૂધ મંડળીઓ તેના દૂધ ઉત્પાદકોને પ્રતિ કિલો ફેટનો ભાવ રૂા.૮૮૫ ચુકવશે. આ વધારો પશુપાલકો માટે દિવાળી બાદ પણ દિવાળી બોનસ જેવો માહોલ છે.

આ નિર્ણયથી દૂધ સંઘ સાથે જોડાયેલ ૫૦ હજારથી વધારે દૂધ ઉત્પાદકોને આર્થિક ફાયદો થશે. ગત વર્ષના ડિસેમ્બર માસમાંની સરખામણીમાં આ વર્ષે ડિસેમ્બર માસમાં પ્રતિ કિલો ફેટે રૂા.૭૦ વધારે ચુકવવામાં આવશે.આ જાહેરાત દૂધ સંઘના અધ્યક્ષ ગોરધન ધામેલીયા તરફથી કરવામાં આવેલ છે.

નવ નાત વણિક સમાજની ઐતિહાસિક વણિક જોડો યાત્રા ભવ્ય રીતે સંપન્ન

સમાજની એકતા, સંગઠન અને ભાઈચારાનો સંદેશ આપતી યાત્રામાં રાજકીય, સામાજિક અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં સમાજબંધુઓ જોડાયા

આજકાલ કાર્યાલય
રાજકોટ

નવ નાત વણિક સમાજ દ્વારા ઐતિહાસિક વણિક જોડો યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રાને રાજકોટના રાજવી પરિવારના ઠાકોર સાહેબ માંધાતાસિંહજાડેજા, રાજકોટ પશ્ચિમના ધારાસભ્ય મેહુલ રવાણી,રાકેશ જૈન, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, રાજકોટ શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશ દોશી, કોર્પોરેટર ધૈર્ય પારેખ, કોર્પોરેટર અરુણાબેન આડેસરા,વૈભવ ચોકસી, કોંગ્રેસનાં અગ્રણી મનીષાબા વાળા, રાજકોટ શહેર મહિલા મોરચાનાં પ્રમુખ લીનાબેન રાવલ, મહામંત્રી માધવીબેન જોગિયા, મહામંત્રી મયુરીબેન રાવલ, જૈન સમાજના અગ્રણી ભરત દોશી, મૂર્તિપૂજક જૈન સમાજના અગ્રણી તનસુખ સંઘવી, પ્રજ્ઞાનંદ કલ્યાણીભાઈ મોઢ


સહિતના રાજકીય અને સામાજિક મહાનુભાવોના હસ્તે લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.યાત્રામાં અનેક કાર, સ્કૂટર અને બાઈક સાથે સમાજના ભાઈઓ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. રાજકોટના રાજમાર્ગો પર જય વણિકના ગગનભેદી નારાઓ સાથે નીકળેલી આ યાત્રાએ સમગ્ર શહેરમાં સમાજની એકતા અને સંગઠનનો સંદેશ પ્રસરાવ્યો હતો.યાત્રાનું સમાપન રાજકોટના ઐતિહાસિક જ્યુબિલી વિસ્તારમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સૂતરની માળા અર્પણ કરીને કરવામાં આવ્યું હતું.આ ઐતિહાસિક વણિક જોડો યાત્રામાં નવ નાત વણિક સમાજના પ્રબુદ્ધ નાગરિકો, યુવાનો, વડીલો અને બહેનો મોટી સંખ્યામાં જોડાયાં હતાં.આ સમગ્ર આયોજનને સફળ બનાવવા નવ નાત વણિક સમાજના રાષ્ટ્રીય પ્રમુખ અને સંસ્થાપક પ્રશાંત શાહની આગેવાનીમાં રાજકોટની સમગ્ર ટીમે દિવસ-રાત મહેનત કરી હતી. રાષ્ટ્રીય, પ્રદેશ, સૌરાષ્ટ્ર અને જિલ્લા સ્તરના તમામ કાર્યકરોની એકતા અને સંકલિત પ્રયાસોથી આ આયોજન સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. નયન રાણપરા,દિનેશ મોદી,યોગેશ બાવીશી,મયુર શાહ,જીગ્નેશ વાગડીયા,સમીર ઘોડાદ્રા,જસ્મિન દેસાઈ,નરેન્દ્ર સોરઠીયા,વિરેન મહેતા,મહાવીર જૈન,પુષ્પક જૈન,હિરેન સંઘવી,ભરત પારેખ,મિલાપ શેઠ,સ્વીટીબેન મહેતા,દિપાલીબેન વોરા,આશાબેન ગોસાલિયા,ઋચ્વીબેન વોરા,શીતલબેન લુંભાણી આ તમામ કાર્યકરોએ અભૂતપૂર્વ સફળતા મળી હતી.

આત્મીય યુનિ.માં આનંદી કુટુંબ સમૃદ્ધ ગ્રામ અંગે રાજ્યસ્તરીય સંગોષ્ઠિ યોજાશે

બે દિવસીય સંગોષ્ઠિમાં હીવરે બજારના પદ્મશ્રી પોપટરાવ પવાર કહેશે કૃષિ સમૃદ્ધિ, સામાજિક સુમેળ, આત્મનિર્ભર અર્થતંત્ર,ગ્રામ સમૃધ્ધિના અનુભવ

આજકાલ કાર્યાલય
રાજકોટ

આત્મીય યુનિવર્સિટી, રાજકોટ દ્વારા તા. ૨૯ અને ૩૦ દરમિયાન આનંદી કુટુંબ સમૃધ્ધ ગ્રામવિષય પર બે દિવસીય રાજ્યસ્તરીય સંગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતીય જ્ઞાન પરંપરા, ચેતના વિકાસ, મૂલ્ય શિક્ષણ અને પરિવારમૂલક ગ્રામ સ્વરાજ્ય વ્યવસ્થાના આધારે સુખી, સમૃધ્ધ અને સ્વાવલંબી સમાજના નિર્માણ માટે આ સંગોષ્ઠિ એક મહત્વપૂર્ણ બૌદ્ધિક અને સામાજિક પહેલ બની રહેશે.

સંગોષ્ઠિનું વૈચારિક કેન્દ્ર સમાધાન યુગની પ્રસ્તાવના છે, જે મધ્યસ્થ દર્શન સહઅસ્તિત્વવાદના પ્રણેતા એ. નાગરાજ દ્વારા પ્રતિપાદિત માનવીય વ્યવસ્થાની દિશાદર્શક વિચારધારા છે. ચેતના વિકાસ મૂલ્ય શિક્ષણથી પરિવારમૂલક સ્વરાજ્ય વ્યવસ્થા સુધીની યાત્રાને સમજાવતો આ કાર્યક્રમ વ્યક્તિ, પરિવાર, ગામ અને સમાજને કેન્દ્રમાં રાખી સર્વાંગી વિકાસની દિશામાં માર્ગદર્શન આપશે.

આ સંગોષ્ઠિનું વિશેષ આકર્ષણ દેશના અગ્રણી ગ્રામ વિકાસ પુરુષ, પદ્મશ્રી પોપટરાવ પવારની ઉપસ્થિતિ રહેશે. પોપટરાવ પવારે માત્ર એક ગામની કાયાપલટ કરી નથી, પરંતુ સમગ્ર દેશમાં ગ્રામ વિકાસ માટે પ્રેરણાદાયી મોડેલ ઊભું કર્યું છે. તેમના નેતૃત્વ હેઠળ હીવરે બજાર આજે જળવ્યવસ્થાપન, કૃષિ સમૃદ્ધિ, સામાજિક સુમેળ, આત્મનિર્ભર અર્થતંત્ર અને લોકકેન્દ્રિત વિકાસના ક્ષેત્રે દેશ માટે માર્ગદર્શક બન્યું છે. ગ્રામોત્થાનના ક્ષેત્રમાં તેમના અસાધારણ યોગદાન બદલ


ભારત સરકારે તેમને પદ્મશ્રી સન્માનથી નવાજ્યા છે.

સંગોષ્ઠિ દરમિયાન પદ્મશ્રી પોપટરાવ પવાર હીવરે બજારના અનુભવોના આધારે ગ્રામ પરિવર્તનની વ્યવહારિક પ્રક્રિયા પર પ્રકાશ પાડશે. તેમના સંવાદથી સહભાગીઓને પાણી, કૃષિ, રોજગારી, લોકભાગીદારી અને ગ્રામ સ્વાવલંબન વચ્ચેના જીવંત સંબંધોને સમજવાની તક મળશે. ખાસ કરીને યુવાનો માટે આ સંગોષ્ઠિ ગ્રામ નેતૃત્વની નવી સંભાવનાઓના દ્વાર ખોલશે અને ગ્રામ વિકાસને માત્ર શાસકીય યોજના તરીકે નહીં પરંતુ સામૂહિક જનઆંદોલન તરીકે જોવાની પ્રેરણા આપશે.

સંગોષ્ઠિમાં યુવાનોની નેતૃત્વ ક્ષમતા વિકસાવવા, ગ્રામ સ્વરાજ્યમાં તેમની ભૂમિકાને ઉજાગર કરવા તથા માનવીય વ્યવસ્થાના પાંચ મુખ્ય આધારસ્તંભો - શિક્ષણ-સંસ્કાર, સ્વાસ્થ્ય-સંયમ, ઉત્પાદન-કાર્ય, વિનિમય-કોષ અને ન્યાય-સુરક્ષા - ના વિકાસ માટે વિશેષ ચર્ચા થશે. આ સંવાદ દ્વારા શિક્ષકો, ગ્રામ આગેવાનો, સમાજસેવકો અને નીતિનિર્માતાઓને મૂલ્યઆધારિત વિકાસની વ્યવહારુ દિશા પ્રાપ્ત થશે.

આત્મીય યુનિવર્સિટીના અધ્યક્ષ ત્યાગવલ્લભ સ્વામીના જણાવ્યા મુજબ સંગોષ્ઠિનો મુખ્ય હેતુ એવાં ગામો અને પરિવારોના નિર્માણ માટે પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડવાનો છે, જ્યાં શિક્ષણ સાથે સંસ્કાર, સમૃધ્ધિ સાથે સંયમ અને વિકાસ સાથે માનવીય મૂલ્યોનું સંતુલન જળવાઈ રહે. હીવરે બજારના સફળ પ્રયોગો અને મધ્યસ્થ દર્શનની માનવીય વ્યવસ્થાની સંકલ્પના વચ્ચેનો સંવાદ રાજ્યના ગ્રામ વિકાસ ક્ષેત્રે કાર્યરત લોકો માટે વિશેષ પ્રેરણારૂપ બનશે. આ સંગોષ્ઠીમાં રાજ્યભરના શિક્ષણવિદ્યો, યુવાનો, સમાજકર્મીઓ, ગ્રામ વિકાસ ક્ષેત્રે કાર્યરત આગેવાનો તથા રસ ધરાવતા નાગરિકોને આ સંગોષ્ઠિમાં સહભાગી થવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

હેપી બર્થ-ડે

પી એન્ડ એમ બ્રાન્ચના એડીજીપી ખુરશીદ અહેમદનો આજે જન્મદિવસ


ગુજરાત પોલીસની પ્લાનિંગ એન્ડ મોર્ડનાઇઝેશન બ્રાન્ચના એડિશનલ ડિરેકટર જનરલ ઓફ પોલીસ ખુરશીદ અહેમદનો આજે ૨૮ નવેમ્બરે જન્મદિન છે. તા.૨૮-૧૧-૧૯૭૦ના જન્મેલા ખુરશીદ અહેમદએ આજે સફળ જીવનના પ૬ વર્ષ પૂર્ણ કરી પ૭મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. વર્ષ-૧૯૯૭ની બેચના સિનિયર આઇપીએસ ઓફિસર ખુરશીદ અહેમદ રાજ્યભરમાં વિવિધ સ્થળોએ વિવિધ પદ ઉપર પ્રશંસનીય ફરજ બજાવી ચુકયા છે. કેન્દ્રીય ગૃહ વિભાગ દ્વારા તેમને વિશિષ્ટ સેવા મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. તેઓ સમયાંતરે બે વખત રાજકોટ શહેરમાં ફરજ બજાવી ચુકયા છે પ્રથમ વખત ડીસીપી તરીકે ત્યારબાદ જેસીપી (ટ્રાફિક એન્ડ ક્રાઇમ) તરીકે નિયુક્ત થયા હતા. રાજકોટ શહેર જેસીપી તરીકેના કાર્યકાળમાં તેમનું પ્રમોશન થયું હતું અને તેમને સ્પેશ્યલ પોલીસ કમિશનર તરીકે પોસ્ટિંગ અપાયું હતું આ સાથે જ જેસીપીની પોસ્ટ પણ અપગ્રેડ થઇ હતી. આજકાલ દૈનિક પરિવાર સાથે વર્ષોથી પારિવારિક નાતો ધરાવતા ખુરશીદ અહેમદ આજકાલ દૈનિક આયોજિત નવરાત્રી ગરબા મહોત્સવ સહિત અનેક ઇવેન્ટ્સમાં અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહી ચુકયા છે. આજકાલ દૈનિક પરિવારે શુભકામનાઓ પાઠવી છે. મો.નં. ૯૯૭૮૪ ૦૫૭૬૭ ઉપર શુભેચ્છા વરસી રહી છે.

રાજકોટ મનપાના ભાજપના પૂર્વ મેયર ડો.જૈમન ઉપાધ્યાયનો આજે જન્મદિવસ


હાલ અમેરિકાના કેલિફોર્નિયા સ્ટેટના પ્રવાસે રહેલા રાજકોટ મહાનગરપાલિકાના ભાજપના પૂર્વ મેયર, રાજકોટ શહેરના સુપ્રસિધ્ધ તબીબ અને બ્રહ્મ સમાજના અગ્રણી ડો.જૈમન ઉપાધ્યાયનો આજે તા.૨૮ નવેમ્બરના રોજ જન્મદિવસ છે. તા.૨૮-૧૧-૧૯૫૬ના જન્મેલા ડો.જૈમન ઉપાધ્યાયએ આજે સફળ જીવનના ૭૧મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. ત્રણ પેઢીથી તબીબ તરીકેના વારસાગત વ્યવસાયમાં કાર્યરત ડો.જૈમન ઉપાધ્યાય છેલ્લા ૪૫ વર્ષથી તબીબ તરીકે પ્રેક્ટિસ કરી રહ્યા છે, તેમના પુત્ર ડો.નમન તબીબી વ્યવસાયમાં અને પુત્રવધૂ ડો.ક્રિષ્ના હોસ્પિટલ મેનેજમેન્ટના વ્યવસાયમાં સક્રિય છે, જ્યારે તેમના પુત્રી ડો.નમ્રતા ચુએસએ ખાતે ડોકટર તરીકે કાર્યરત છે. દર્દીઓની નાડ પારખવાની સાથે રાજકારણની નાડ પારખી ગયેલા ડો.જૈમન ઉપાધ્યાય ચાર ટર્મ કોર્પોરેટર પદે ચૂંટાયા હતા અને સમયાંતરે એક ટર્મ મેયર, ત્રણ ટર્મ સ્ટેન્ડિંગ કમિટિ ચેરમેન તેમજ એક ટર્મ આરોગ્ય કમિટી ચેરમેન અને એક ટર્મ બાંધકામ કમિટી ચેરમેન તરીકે પ્રશંસનીય કામગીરી કરી હતી. આજકાલ દૈનિક પરિવાર સાથે વર્ષોથી પારિવારિક નાતો ધરાવતા ડો.જૈમન ઉપાધ્યાય આજકાલ દૈનિક આયોજિત નવરાત્રી ગરબા મહોત્સવ સહિત અનેક ઇવેન્ટ્સમાં અતિથિ વિશેષપદે ઉપસ્થિત રહી ચુકયા છે. આજકાલ દૈનિક પરિવારે શુભકામનાઓ પાઠવી છે. આજે સવારથી તેમના મો.નં.૯૮૨૪૨ ૧૦૬૫૦ ઉપર શુભેચ્છાઓ વરસી રહી છે.

રાજકોટ શહેર ભાજપના પૂર્વ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલાનો આજે જન્મદિવસ


સંગઠનના મહારથી અને રાજકોટ શહેર ભારતીય જનતા પાર્ટીના પૂર્વ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલાનો આજે તા.૨૮ નવેમ્બરે જન્મદિવસ છે. યુવાનીથી જ રાજકારણમાં સક્રિય વિરેન્દ્રસિંહ ઝાલા અગાઉ કોર્પોરેટર તેમજ વોટર વર્કસ કમિટીના ચેરમેન અને શાસકપક્ષના નેતા તરીકે પ્રશંસનીય કામગીરી કરી ચુકયા છે.તદઉપરાંત ત્રણ ટર્મ (૧૧ વર્ષ) સુધી રાજકોટ શહેર ઉપાધ્યક્ષ તરીકે જવાબદારી નિભાવી ચૂક્યા છે. ભાજપ દ્વારા તેમને સમયાંતરે સોંપવામાં આવેલી વિવિધ જવાબદારીઓ જેમાં પાંચ વર્ષ વોર્ડ નં.૧૭ના પ્રભારી, બેટી બચાવો, બેટી પઢાવો અભિયાનના રાજકોટ શહેરના ઇન્ચાર્જ, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીના મનકી બાત કાર્યક્રમના ઇન્ચાર્જ, સંગઠન પર્વના ઇન્ચાર્જ તરીકે સફળ કામગીરી કરી ચુકયા છે. રાજકોટ મહાનગરપાલિકા, વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમાં ચાવીરૂપ ભૂમિકા નિભાવી બતાવી છે. રાજકારણએ ધંધો નહીં પરંતુ લોકસેવાનું માધ્યમ છે તેવું માનતા વિરેન્દ્રસિંહ ઝાલા અનેકવિધ વ્યાપાર, ઉદ્યોગ અને વ્યવસાયમાં સક્રિય છે અને ખાસ કરીને જીટીપીએલના ડિરેક્ટર છે. આજકાલ દૈનિક પરિવાર સાથે વર્ષોથી પારિવારિક નાતો ધરાવતા વિરેન્દ્રસિંહ ઝાલા આજકાલ દૈનિક આયોજિત નવરાત્રી ગરબા મહોત્સવ સહિત અનેક ઇવેન્ટ્સમાં અતિથિ વિશેષપદે ઉપસ્થિત રહી ચુકયા છે. આજકાલ દૈનિક પરિવારે શુભકામનાઓ પાઠવી છે. આજે સવારથી તેમના મો.નં.૯૮૨૫૦ ૭૦૧૭૦ ઉપર રાજકોટ સહિત રાજ્યભરમાંથી શુભેચ્છા વરસી રહી છે.

રાજકોટના ડેપ્યુટી મ્યુનિ.કમિશનર હર્ષદ પટેલનો આજે જન્મદિવસ


રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર હર્ષદભાઇ પટેલનો આજે તા.૨૮ નવેમ્બરે જન્મદિવસ છે. તા.૨૮-૧૧-૧૯૬૯ના રોજ જન્મેલા હર્ષદભાઇ પટેલે આજે સફળ જીવનના ૫૭ વર્ષ પૂર્ણ કરી ૫૮મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે.સ્વામિનારાયણ સંપ્રદાય (વડતાલ)ના ચુસ્ત અનુયાયી હર્ષદ પટેલ અરજદારોને આવકારો આપવા માટે તેમજ તેમના હકારાત્મક અભિગમ અને રચનાત્મક કાર્ય પદ્ધતિ માટે જાણીતા છે. કોર્પોરેશનમાં ચાર ડેપ્યુટી કમિશનર છે પરંતુ મ્યુનિસિપલ કમિશનર બ્રાન્ચમાં જેમને ચેમ્બર ફાળવવામાં આવી હોય તેવા એકમાત્ર ડેપ્યુટી કમિશનર હર્ષદ પટેલ છે.મિલનસાર સ્વભાવ અને હસમુખો ચહેરો ધરાવતા હર્ષદ પટેલ ખુબ વિશાળ મિત્ર વર્તુળ અને સાથે જ વિશાળ કાર્યક્ષેત્ર પણ ધરાવે છે. આવાસ યોજના વિભાગ, સેન્ટ્રલ સ્ટોર્સ, ચુંટણી તથા વસ્તી ગણતરી વિભાગ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ બ્રાન્ચનો વાવ સેલ, એસ્ટેટ, મહાત્મા ગાંધી મ્યુઝીયમ, માર્કેટ શાખા, દબાણ હટાવ વિભાગ તેમજ જાહેર બાંધકામ, વોટર વર્કસ અને ડ્રેનેજ સહિત ૧૧ વિભાગોનો પોર્ટફોલિયો સંભાળી રહ્યા છે. આજકાલ દૈનિક પરિવાર સાથે વર્ષોથી પારિવારિક નાતો ધરાવતા હર્ષદ પટેલ આજકાલ દૈનિક આયોજિત નવરાત્રી ગરબા મહોત્સવ સહિત અનેક ઇવેન્ટ્સમાં અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહી ચૂક્યા છે. આજકાલ દૈનિક પરિવારે શુભકામનાઓ પાઠવી છે. મો. નં.૯૭૧૪૫ ૦૩૭૪૫ ઉપર રાજકોટ સહિત રાજ્યભરમાંથી શુભેચ્છાઓ વરસી રહી છે.

ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે થેલેસેમિયા ટેસ્ટ કેમ્પ યોજાયો


રાજકોટ

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, રાજકોટ ખાતે ઈન્ડિયન મેડિકલ સાયન્ટિફિક રિસર્ચ ફાઉન્ડેશન (લાઈફ બ્લડ સેન્ટર) રાજકોટના સહયોગથી ગત તા.૨૭ના રોજ તાલીમાર્થીઓ માટે થેલેસેમિયા ટેસ્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કેમ્પમાં ૩૬૬ તાલીમાર્થીઓના થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યા હતા. કેમ્પની શરૂઆત મહિલા તાલીમાર્થીઓના ટેસ્ટથી કરવામાં આવી હતી. આરોગ્ય જાગૃતિ અને થેલેસેમિયા અંગેની સાવચેતીના હેતુથી યોજાયેલા આ કેમ્પમાં સંસ્થાના તાલીમાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.સંસ્થાના આચાર્ય દ્વારા આ સેવાકીય પ્રવૃત્તિમાં સહયોગ આપનાર ઈન્ડિયન મેડિકલ સાયન્ટિફિક રિસર્ચ ફાઉન્ડેશન (લાઈફ બ્લડ સેન્ટર) તથા તમામ સહયોગીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

રાજકોટ શહેર-જિલ્લા ભાજપ અગ્રણી મનોહર બાબરિયાનો કાલે જન્મદિવસ


રાજકોટના ભાજપના પૂર્વ ધારાસભ્ય માધુભાઇ બાબરીયા અને મોંઘીબેન બાબરીયાને ત્યાં તા.૨૯-૧૧-૧૯૭૨ના રોજ રાજકોટ ખાતે જન્મેલા મનોહરભાઇનો આવતીકાલે તા.૨૯ નવેમ્બરે રવિવારે જન્મદિવસ છે. આવતીકાલે તેઓ સફળ જીવનના ૫૪ વર્ષ પૂર્ણ કરીને પંચાવનમા વર્ષમાં મંગલ પ્રવેશ કરશ

મેરા યુવા ભારત દ્વારા સૌરાષ્ટ્ર યુનિ.માં સંવિધાન દિવસ અને યુથ પાર્લામેન્ટની ઉજવણી કરાઈ

મહાનુભાઓએ બંધારણીય મૂલ્યો, યુવા શક્તિ અને નશામુક્તિનું મહત્ત્વ વિશે જાણકારી તેમજ રમત ગમતના આઈકનમાં ભાગ લેનાર પ્રતિભાગીઓને મહેમાનોના હસ્તે શિલ્ડ અને પ્રમાણપત્રો અપાયા

આજકાલ કાર્યાલય
રાજકોટ

આ કાર્યક્રમના મુખ્ય વક્તા ભજનિક હેમંત ચૌહાણ, સમાજ કાર્ય ભવનના રાજુ દ્વે તેમજ લો કોલેજના પ્રિન્સિપાલ આનંદ ચૌહાણ, માય ભારત ગાંધીનગરના ડાયરેક્ટર સચિનભાઈ, ભારતીય જનતા પાર્ટીના પ્રેસ મીડિયા અગ્રણી અસગ નિર્મળ, આદીવાસી ભીલ ભાવના લીડિયા, જિલ્લા માય યુવા ભારત અધિકારી સ્વરૂપ ઠેશભ્રતાર, માય ભારતના કો ઓર્ડીનેટર રાજુ રાઠોડ તથા હેમાલી વ્યાસ રમત ગમતના આઈકન પર્સન ખાસ ઉપસ્થિત રહ્યા હતા. યુથ પાર્લામેન્ટના નિર્ણાયક જજ તરીકે ડો. રાજુ દ્વે, ડો. નિલેશ શાહ, ડો. પ્રીતિ દ્વે, ચિરાગ ચૌહાણ, આનંદ ચૌહાણએ સેવા આપી હતી.



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ઠેશભરમાં સંવિધાન દિવસ અને યુથ પાર્લામેન્ટ કાર્યક્રમોને અનુલક્ષી અને સૂચના અનુસાર તેમજ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાના માર્ગદર્શન હેઠળ મેરા યુવા ભારત, રાજકોટ યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે સંવિધાન દિવસ અને યુથ પાર્લામેન્ટ કાર્યક્રમ ડિપાર્ટમેન્ટ ઓફ લો કોલેજના પ્રિન્સિપાલ આનંદ ચૌહાણના વડપણ હેઠળ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા યુવા અધિકારી ઠેશભ્રતાર દ્વારા ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. નશામુક્તિ યુવા સંવાદ અને સંવિધાન વિષયક આ કાર્યક્રમમાં હેમંતભાઈ ચૌહાણે સંવિધાનના મૂલ્યો અને નશામુક્તિના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે સમાજમાંથી નશાની બદીને દૂર કરવા માટે માત્ર સરકારના પ્રયાસો પૂરતા નથી. આ અભિયાનમાં સામાન્ય પ્રજાએ પણ પૂરતો સહયોગ આપવો જરૂરી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના લો ડિપાર્ટમેન્ટના રાજુભાઈ દ્વેએ સંવિધાન પર વક્તવ્ય આપતા જણાવ્યું કે, ભારતીય લોકશાહીની સાચી તાકાત અને દેશની એકતા–અખંડિતતાનો આધારસ્તંભ આપણું બંધારણ છે. તેમજ કહ્યું કે, યુવાનોએ વ્યસનથી દૂર રહેવું પોતાના પરિવાર સમાજ રાજ્ય અને દેશ માટે બહુ જ મહત્વનું છે. રાષ્ટ્ર પ્રથમ, લોકશાહી સર્વોપરી અને બંધારણ આપણું ગૌરવ છે. યુવા સંવાદ વિકસિત ભારત ૨૦૪૭ અંતર્ગત પીપીટી દ્વારા પ્રેઝન્ટેશન આપતાં સ્નેહલ જાનીએ જણાવ્યું હતું કે, ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પમાં યુવાનોની ભૂમિકા મહત્વપૂર્ણ છે. આદિવાસી ભીલ ભાવના લિડિયાએ આ તકે જણાવ્યું કે, ૨૦૪૭ સુધીમાં ઠેશમાંથી ડ્રગ્સ અને ઘરનું દૂષણ નાબૂદ કરવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંકલ્પને સાકાર કરવા દરેક નાગરિકે બાળકોને નાનપણથી જ ભારતીય સંસ્કૃતિ અને ધર્મના સંસ્કાર આપી વ્યસનમુક્ત બનાવવા જોઈએ. આ પ્રસંગે જિલ્લા યુવા અધિકારી સ્વરૂપ ઠેશભ્રતાર તથા માય ભારત ગાંધીનગરના ડાયરેક્ટર સચિનભાઈએ માય યુવા ભારત દ્વારા યોજાયેલા વિવિધ કાર્યક્રમોની માહિતી રજૂ કરી અને અંતમાં ઉપસ્થિત સહુએ નશામુક્તિના શપથ ગ્રહણ કર્યા હતા. સંવિધાન અને યુથ પાર્લામેન્ટ કાર્યક્રમમાં ઉપસ્થિત હેમાલી વ્યાસ રમત ગમતના આઈકન પર્સનનું સરકાર તરફથી વિશિષ્ટ બહુમાન કરવામાં આવ્યું તેમજ ભાગ લેનાર તમામ પ્રતિભાગીઓને ઉપસ્થિત મહેમાનોના હસ્તે શિલ્ડ અને પ્રમાણપત્રો એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન નનેરા જસ્મિતા એ કર્યું હતું. આ કાર્યક્રમના સમાપન સમારંભમાં રાજેશ રાઠોડએ બધાનો આભાર વ્યક્ત કર્યો હતો. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા મેરા ભારત ટીમના વિશાલ બારોટ, મોનિકા ધોળકિયા, યશ રાઠોડ, ર્હાના, યશ્વી ભટ્ટ તથા અન્ય સહયોગીઓનું યોગદાન રહ્યું હતું.

શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દ્વેના જન્મદિન નિમિતે સેવાકીય કાર્યો કરાયા

સિવિલ હોસ્પિટલમાં ફ્રૂટ વિતરણ, બાળકોનેઅને સદ્ભાવના વૃદ્ધાશ્રમના વડિલોને ભોજન, પર્યાવરણ સંરક્ષણના સંકલ્પ સાથે ૫૧ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું

આજકાલ કાર્યાલય
રાજકોટ



રાજકોટ શહેર પ્રમુખ ડો.માધવ દ્વેનો આજે તા.૨૭/૧૧ ના રોજ જન્મદિવસ નિમિત્તે વિવિધ સેવાકીય અને લોકહિતલક્ષી કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. ડો. માધવ દ્વેના જન્મદિવસની ઉજવણી નિમિતે સમાજના વિવિધ વર્ગો સુધી સેવા, સહયોગ અને સંવેદનાની લાગણી પહોંચે તેવા હેતુથી રાજકોટ મહાનગર ભાજપના વિવિધ મોરચાઓ દ્વારા સેવાકાર્યો હાથ ધરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ અંગે માહિતી આપતાં રાજકોટ શહેર ભાજપ કાર્યાલય મંત્રી હિતેશ ઢોલરિયાએ માહિતી આપી હતી. રાજકોટ શહેર યુવા મોરચા, કિસાન મોરચા, બક્ષીપંચ મોરચા, મહિલા મોરચા અને લઘુમતી મોરચાના કાર્યકર્તાઓ આ કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા જેમાં બક્ષીપંચ મોરચા દ્વારા સિવિલ હોસ્પિટલમાં ફ્રૂટ વિતરણ, મહિલા મોરચા દ્વારા એકરંગ સંસ્થાના બાળકોને ભોજન, લઘુમતી મોરચા દ્વારા સદ્ભાવના વૃદ્ધાશ્રમના વડીલોને ભોજન, યુવા મોરચા દ્વારા માનસિક ક્ષતિગ્રસ્ત હોસ્ટેલના બાળકો માટે નાસ્તાની વ્યવસ્થા, કિશાન મોરચા દ્વારા પર્યાવરણ સંરક્ષણના સંકલ્પ સાથે ૫૧ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ તકે વધુમાં જણાવ્યું હતું કે, ડો. માધવ દ્વેના જન્મદિવસ નિમિત્તે આયોજિત આ સેવાકીય પ્રવૃત્તિઓનો મૂળ હેતુ પણ આવો જ છે. રાજકોટ મહાનગર ભાજપના વિવિધ મોરચાઓની આ સંયુક્ત પહેલ સંગઠનની એકતા, કાર્યકર્તાઓની સક્રિયતા અને સામાજિક જવાબદારીનું ઉદાહરણ બની રહેશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓ માટે જનસેવા એ સૌથી મહત્ત્વપૂર્ણ જવાબદારી છે અને આવા કાર્યક્રમો દ્વારા સમાજ સાથેનો આત્મીયતાનો સંબંધ વધુ મજબૂત બને છે. આ સાથે રાજકોટ મહાનગર ભાજપના વિવિધ મોરચાઓના કાર્યકર્તાઓ આ સેવાકીય આયોજનને સફળ બનાવવા માટે સહયોગી બન્યા હતા. શહેર પ્રમુખ ડો. માધવ દ્વેના જન્મદિવસને સેવાકાર્યો સાથે જોડીને કાર્યકર્તાઓએ સમાજના વિવિધ વર્ગો પ્રત્યે પોતાની સંવેદનશીલતા અને જવાબદારી વ્યક્ત કરવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પ્રબુદ્ધ નાગરિક સંમેલનમાં બાર એસો. ના સભ્યો ઉપસ્થિત રહ્યા

ભાજપ સાંસદ, રાષ્ટ્રીય પ્રવક્તા સંબિત પાત્રાએ પ્રેરક વક્તવ્ય આપ્યું

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

શહેરના અટલ બિહારી બાજપાઈ ઓડિટોરિયમ ખાતે તારીખ ૨૫-૧૧-૨૦૨૬ના રોજ પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું હતું. આ સંમેલન અરાજકતા હટાવો, ઠેશ બચાવોના અનુસંધાને યોજાયેલ હતું, જેમાં ભાજપના સાંસદ, રાષ્ટ્રીય પ્રવક્તા સંબિત પાત્રાએ પ્રેરક વક્તવ્ય આપ્યું હતું.સંબિત પાત્રાએ પોતાના વક્તવ્યમાં ઠેશની વર્તમાન પરિસ્થિતિ, રાષ્ટ્રીય એકતા, લોકશાહીના મૂલ્યો અને ઠેશહિત માટે દરેક નાગરિકની જવાબદારી અંગે વિસ્તૃત વાત કરી હતી. ઠેશને આગળ લઈ જવા માટે પ્રબુદ્ધ નાગરિકો, વકીલો અને બુદ્ધિજીવીઓની ભૂમિકા કેટલી મહત્વપૂર્ણ છે તે અંગે પણ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં લીગલ સેલના હોદ્દેદારો અને કાર્યકરોએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.ભાજપ લીગલ સેલને માન આપી કાર્યક્રમમાં ભાજપ લીગલ સેલ ના બહોળી સંખ્યામાં વકીલ મિત્રો હાજર રહેલ હતા. જેમાસિનિયર એડવોકેટ ગીરીશભાઈ ભટ્ટ , એસ.કે વોરા, પ્રદેશ લીગલ સેલના કારોબારી સભ્ય કિશોરભાઈ સખીયા, રાજકોટ મહાનગર સંયોજક પિયુષભાઈ શાહ, સહ-સંયોજક કમલેશભાઈ ડોડીયા, સિનિયર એડવોકેટ અર્જુનભાઈ પટેલ, પી સી વ્યાસ ,બકુલભાઈ રાજાણી, દિલેશભાઈ શાહ, અજયભાઈ જોશી, મુંજ્ઞાભાઈ ર્હાજી સી એચ પટેલ આબિદભાઈ શોષ્ઞ , મહાનગરપાલિકા બાગ બગીચા સમિતિના ચેરમેન રક્ષિતભાઈ કલોલ મહાનગરપાલિકા લાઈટિંગ સમિતિના ચેરમેન પરેશભાઈ ઠાકર સંદીપ વેકરીયા તરુણભાઈ માથુર અનિલભાઈ ગોગીયા કિરીટભાઈ નકુમ અને મહિલા ધારાશાસ્ત્રી હિરલબેન જોશીના નેતૃત્વમાં બહોળી સંખ્યામાં મહિલા વકીલ બહેનો પણ ઉપસ્થિત રહેલા હતા આ તકે ભાજપ લીગલ સેલ દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા તમામ વકીલ મિત્રોનો હ્રદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો.

ગ્રીનલેન્ડ ચોકડીથી વાંકાનેર બાઉન્ડ્રી સુધીના સર્વિસ રોડને સીસી રોડ બનાવો

હેવી કન્ટેનર અને ટ્રકોના ભારણથી ડામર રોડ વારંવાર ક્ષતિગ્રસ્ત થઈ રહ્યા છે

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટની ભાગોળે આવેલી ગ્રીનલેન્ડ ચોકડીથી અમદાવાદ હાઈવે પરની વાંકાનેર બાઉન્ડ્રી સુધીના અંદાજે ૩૫ થી ૪૦ કિલોમીટરના ઔદ્યોગિક પટ્ટામાં આવેલા તમામ ઓવરબ્રિજ અને અન્ડરપાસની બંને બાજુના સર્વિસ રોડને ડામરને બદલે સિમેન્ટ કોંક્રીટ (સીસી) રોડ બનાવવા માટે કુવાડવા ઈન્ડસ્ટ્રિયલ એરિયા એસોસિએશન અને કુવાડવા જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીઝ એસો. દ્વારા રાજ્યના માર્ગ અને મકાન વિભાગના સચિવને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

બંને એસો.ના પ્રમુખ દ્વારા પાઠવેલા પત્રોમાં જણાવ્યું છે કે, આ સમગ્ર કોરીડોરમાં ૩,૦૦૦થી વધુ ઔદ્યોગિક એકમો, અનેક ગામડાંઓ તેમજ રાજકોટનું નવું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ આવેલું હોવાથી આ માર્ગ સૌરાષ્ટ્રની આર્થિક ધોરીનસ સમાન છે. રજૂઆતમાં વિવિધ ઔદ્યોગિક વિસ્તારોના ટ્રાફિકનું મહત્ત્વ સમજાવતા જણાવાયું છે કે, ગ્રીનલેન્ડ ચોકડીથી માલીયાસણ-તરઘડીયા પટ્ટામાં ઓટોમોટિવ, પંપ, બેરિંગ્સ અને લોજિસ્ટિક પાર્ક ઉપરાંત બેડી માર્કેટ યાર્ડ નજીક હોવાથી ૧૬ થી ૨૨ વ્હીલર ટ્રકોનું સતત વહન રહે છે. આ ઉપરાંત, સોખડા રોડ, સાત હનુમાન અને નવા મેડિકલ પાર્ક જીઆઈડીસી ક્લસ્ટરમાં કાસ્ટિંગ, ફાઉન્ડ્રી અને હેવી એન્જિનિયરિંગ ઉદ્યોગોને કારણે કાચા માલ તથા તૈયાર મશીનરીની ભારે હેરફેર થાય છે. તેવી જ રીતે, કુવાડવા અને બામણબોર જીઆઈડીસી તેમજ રણપુર-મેસવડા બેલ્ટના ફોર્જિંગ અને એન્જિનિયરિંગ પ્લાન્ટ્સમાંથી કંડલા, મુન્દ્રા અને પીપાવાવ પોર્ટ તરફ દૈનિક સેંકડો એક્સપોર્ટ કન્ટેનરો રવાના થાય છે, જ્યારે વાંકાનેર બાઉન્ડ્રી તરફ મોરબી સીરામીક ઝોનના ઓવરલોડેડ ટ્રકોની સતત અવરજવર રહે છે.

હાલમાં આ સર્વિસ રોડ ડામરના હોવાથી હેવી મલ્ટી-એક્સલ કન્ટેનરો અને ભારે વાહનોના વજન તેમજ ચોમાસામાં પાણી ભરાવાને કારણે રોડ વારંવાર તૂટી જાય છે, જેનાથી ખાડા પડવા, ટ્રાફિક જામ અને અકસ્માતની ભીતિ રહે છે. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે સમગ્ર પટ્ટાના સર્વિસ રોડને ડ્રેનેજ સુવિધા સાથે રિજિડ પેવમેન્ટ (સીસી રોડ) તરીકે મંજૂર કરવામાં આવે તો ૩,૦૦૦થી વધુ ઉદ્યોગો, એરપોર્ટના મુસાફરો અને સ્થાનિક ગ્રામજનોને સુરક્ષિત અને ટકાઉ પરિવહનની સુવિધા મળી રહેશે.

શહેર પ્રમુખ ડો. માધવ દ્વે દ્વારા ડો.આંબેડકરને હૃદ્યાંજલી અર્પણ

આજકાલ કાર્યાલય
રાજકોટ



શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દ્વેએ તા.૨૬ નવેમ્બર સંવિધાન દિવસ અંતર્ગત બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરને હૃદ્યાંજલી અર્પણ કરતા જણાવ્યું હતું કે, ૨૬ મી નવેમ્બર,૧૯૪૯ના રોજ બંધારણના મુસદ્દાનો સ્વીકાર થયો હતો અને ૨ વર્ષ ૧૧ મહીના અને ૧૮ દિવસમાં આપણું બંધારણ તૈયાર થયું હતુ. અને બંધારણ દિવસ મનાવવાની શરૂઆત વર્ષ૨૦૧૫માં થઈ હતી.ત્યારે બંધારણની ખાસ વાત એ છે કે તેમાં અધિકાર અને કર્તવ્ય વિશે વિસ્તારથી વર્ણન કરાયું છે. રાજકોટ મહાનગરના તમામ વોર્ડમાં યોજવામાં આવેલ સંવિધાન ગૌરવ પદયાત્રામાં સંવિધાન વાંચન, પ્રતિજ્ઞા,સંવિધાનનું પુજન અને પુષ્પાંજલીનો કાર્યક્રમ શહેર પ્રમુખ ડો. માધવ દવે અને પ્રદેશના સંવિધાન ગૌરવ દિવસના ઈન્ચાર્જ પ્રદેશ અનુસુચિત જાતિ મોરચાના ઉપપ્રમુખ પ્રમુખ ગૌતમ ગેડીયાના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમના રાજકોટ શહેરના ઈન્ચાર્જ રાજકોટ શહેર પૂર્વ ઉપપ્રમુખ મહેશ રાઠોડ, પૂર્વ પ્રમુખ કમલેશ મીરાણી,પરિમલ પરડવા, શહેર મંત્રી સુનિલ ગોહિલ, અનુસુચિત જાતિ મોરચાના પૂર્વ પ્રમુખ રતા પરમાર, અનુસુચિત જાતિ મોરચાના મહામંત્રી સંજય બગડા, અભિષેક ગોરીની આગેવાનીમાં ૨૬મી નવેમ્બર સંવિધાન ગૌરવ દિવસની પદયાત્રામાં સંવિધાન વાંચન, પ્રતિજ્ઞા, સંવિધાનનું પુજન અને પુષ્પાંજલીનો કાર્યક્રમ શહેરના વોર્ડમાં યોજવામાં આવેલ હતો. સંવિધાન ગૌરવ દિવસ અંતર્ગત યોજાયેલ પદયાત્રામાં તમામ વોર્ડના મુખ્ય આગેવાનો, વોર્ડના તમામ હોદ્દેદારો, કોર્પોરેટરઓ સહિત તમામ શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાલે સત્ય સાંઈ સમિતિ દ્વારા જેનેરીક દવાઓનું ફ્રી વિતરણ

આજકાલ કર્યાલય
રાજકોટ

સત્ય સાંઈ સેવા સમિતિ, રાજકોટ દ્વારા બી.પી. અને ડાયાબીટીસના દર્દીઓને એક મહિનાની જેનેરીક દવાઓનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવે છે. આ સેવા તા.૨૯ને, રવિવારના રોજ સાંજે ૬ થી ૭ વાગ્યા સુધી, સત્ય સાંઈ હાર્ટ હોસ્પિટલ, કાલાવડ રોડ, રાજકોટના પ્રાર્થના ખંડમાં ભજનપૂર્ણ થયે આ દવાઓ વિના મુલ્યે આપવામાં આવશે. દર્દીઓ હાલ જે દવાઓ લેતા હોય તેની વિગત, ડોકટરના પ્રીસ્ક્રીપ્શન સાથે રાખવા. આ આયોજનમાં જરૂર લાગશે તેવા દર્દીઓને ડાયાબીટીસ, સુગર ટેસ્ટ તથા બ્લડ પ્રેશર ફ્રીમાં માપી આપવામાં આવશે.

જલારામ પબ્લીસીટી
જનકભાઈ - ૯૮૨૪૫ ૮૮૦૭૦ ૯૩૨૭૦ ૮૫૪૧૨
Email : jalaram.publicity@gmail.com
---- કોઇપણ દૈનિક ન્યુઝ પેપરની --ટચુકડી --નોટિસ --શ્રધ્ધાંજલી --ડિસ્પ્લે એડ આપવા માટે મળો. ----
"જલારામ પબ્લીસીટી" ૩૦૬, મણી કોમ્પલેક્ષ, ઈમ્પીરીયલ પેલેસની સામે, જનકપુરી હોલની બાજુમાં, થાફ્રિક રોડ, રાજકોટ.

હોમ, મોર્ગેજ, મશીનરી, કોટેશન પર પર્સનલ પ્લોટ ખેતીની જમીન ફલેટ આવકના ખૂટતા પુરાવા ૫ લાખથી ૫ કરોડ સુધીની બિઝનેસલોન, સી.સી. લોન, ખરાબ સીબીલ, એન.પી.એ કેસ જેવી કોઈપણ વાંધાવાળી લોન મિલકત જેવી કોઈપણ ડીફોલ્ડર,શિબિર બ્લેક લિસ્ટેડ અથવા કોઈપણ વાંધા વાળી લોન ૯૮૨૫૪ ૦૪૫૦૪ (જે)

મકાનો વેચવાના
૫બીએચકે, ૮૦વાર કારપાર્કિંગ, રૈયારોડ, (૬૦લાખ), (૨) ૪બીએચકે, રૈયારોડ, તિરૂપતીનગર, (૫૦લાખ), ૮૦વાર, (૩) શુભાષનગર-૦૩મા, રૈયારોડ, ૫૨વાર, (૨૩લાખ) માલીક:- ૯૮૨૪૫૮૮૦૭૦ (જે)

૩ બીએચકે નવો ફ્લેટ
૧,૧૨૦ કાર્પેટ જાગનાથ હવેલી, દેરાસર નજીક:- ૯૮૨૪૫ ૮૮૦૭૦ (જે)

॥ હરિ ૐ ॥
ભરોસાપાત્ર બ્રોકર, રજિસ્ટ્રેશન ફી ફક્ત ૧૨૫/- (કાયમી) બ્રોકર મો:-૯૨૬૫૦ ૬૩૪૩૪ (જે)

શુભ સંકેત
લે -વેચ -ભાડે માટે કોન્ટેક કરો મો.૯૨૬૫૦ ૬૩૪૩૪ ભરોસાપત્ર બ્રોકર બિરજુભાઈ આર.ઉનડકટ (જે)

ફ્લેટ વે.છે ચંદન પાર્કમાં,
રૈયા રોડ, પહેલો માળ- ૧૫ લાખ:- ૭૦૪૬૪ ૧૫૪૬૪ (જે)

મકાન વે.છે ૧૫ લાખ,
હરસિદ્ધિ પાર્ક -૨, નાણાવટી ચોક પાસે માલિક :- ૭૦૪૬૪ ૧૫૪૬૪ (જે)

દુકાનો ભાડે તથાવેચવાની
આઈસ્ક્રીમ/ ફ્રેક ફાસ્ટફૂડ/ રેડીમેન્ટ હેર પાર્લર લાયક બેસ્ટ લોકેશન ૭૪૦૫૦ ૭૭૭૮૭ (જે)

ફ્લેટો ભાડે દેવાના છે
રાજકોટના બેસ્ટ લોકેશન ૨/૩ બીએચકે ફર્નિસ્ડ, સેમી ફર્નિચર:- ૭૪૦૫૦ ૭૭૭૮૭ (જે)

ઘણાપીઠમાં દુકાન વે.છે
૨૫૦ ફૂટ પહેલા માળે ફક્ત ૨૫ લાખમાં લિફ્ટ એગ્રો પ્રોડક્ટ ગોડાઉન માટે ઉત્તમ.-એગ્રો હોલસેલ એજન્સી.અને ઓફીસ માટે ઉત્તમ ૭૪૦૫૦ ૭૭૭૮૭ (જે)

ચાર ચોકની દુકાન વે.છે
અપર લેવલ ૩૭૩ ફૂટ ઓફિસના ભાવે ૧૪૦૦૦/ પર ફૂટ મોટી ટાંકી ચોક પાસે (૧) કાપડ સાથે ટેલરિંગ માટે ઉત્તમ (૨) જેન્ટ્સ હેર સલૂન માટે ઉત્તમ (૩) શેર બજાર માટે ઉત્તમ (૪) સી.એ માટે ઉત્તમ (૫) ડેન્ટીસ માટે ઉત્તમ (૬) કોર્પોરેટ કંપની ઓફિસ માટે ઉત્તમ ફર્નિચર સાથે છે (૭) દવા બજાર હોલસેલ ડિસ્ટ્રીબ્યુટર માટે ઉત્તમ:- ૭૪૦૫૦ ૭૭૭૮૭ (જે)

લેડીસ સ્ટાફ સેલ્સ કાઉન્ટર
સંભાળી શકે/ કોમ્પ્યુટર જ્ઞાનવાળા મળો જાસ પરફ્યુમ ઢેબર રોડ બસ સ્ટેશન સામે:- ૭૫૭૩૦ ૬૪૪૦૩ (જે)

ફુલટાઈમ જોઈએ છે
પુસ્તકોના શોરૂમ માટે આકર્ષક પગારથી કાયમી ધોરણે ભાઈઓ તથા બહેનો ધો. ૧૦-૧૨, કોલેજ કરેલ (પાસ-નપાસ) અનુભવની જરૂર નથી, બહારથી આવતા બહેનો માટે ખાસ રહેવા-જમવાની સુવીધા (ગ્રુપમાં ૩થી૮ બહેનો હોઈતો) રવી પ્રકાશન શો-રૂમ : યાજ્ઞિક રોડ, જાગનાથ-૧, બ્રાન્ચ: યાજ્ઞિક રોડ, રામકૃષ્ણ આશ્રમની બાજુમાં, બ્રાન્ચ : કે.કે.વી. હોલ પાસે, પંજાબ હોન્ડાના શો-રૂમ સામે, રીઝયુમ સાથે રાત્રે ૮ થી ૯ માં રૂબરૂ ચિરાગભાઈને મળવું મો. ૯૩૧૬૫ ૩૩૫૮૮ (જે)

ફુલટાઈમ જોઈએ છે
પુસ્તકોના શોરૂમ માટે આકર્ષક પગારથી કાયમી ધોરણે ભાઈઓ તથા બહેનો ધો. ૧૦-૧૨, કોલેજ કરેલ (પાસ-નપાસ) અનુભવની જરૂર નથી રવી પ્રકાશન શો-રૂમ : યાજ્ઞિક રોડ, જાગનાથ-૧, બ્રાન્ચ: યાજ્ઞિક રોડ, રામકૃષ્ણ આશ્રમની બાજુમાં, બ્રાન્ચ : કે.કે.વી. હોલ પાસે, પંજાબ હોન્ડાના શો-રૂમ સામે, રીઝયુમ સાથે રાત્રે ૮ થી ૯ માં રૂબરૂ ચિરાગભાઈને મળવું મો. ૯૩૧૬૫ ૩૩૫૮૮ (જે)

એકાઉન્ટીંગ તથા સેલ્સ
પર્સન જોઈએ (કુલ ટાઈમ માટે જ) ભાઈઓ તથા બહેનો- મીકેલ અને ટેલીના અનુભવીને પ્રથમ પસંગી રીઝીયુમ સાથે રૂબરૂ મળો- રવિ પ્રકાશન યાજ્ઞિક રોડ, જાગનાથ-૨ રાત્રે ૮થી ૯માં ચિરાગભાઈને મળવું. મો- ૯૩૧૬૫ ૩૩૫૮૮ (જે)

માણસ જો.છે કારખાનામાં
હિસાબ/ પરચુરણ કામ માટે- પારેવડી ચોક, બેડીપરા (ઉંમર- ૨૫થી૩૫ વર્ષ) પગાર - ૧૫,૦૦૦ (લાયકાત મુજબ) ૯થી સાંજે૮ સુધી- ૯૯૨૫૧ ૯૫૩૫૨ (જે)

૨ બીએચકે ફ્લેટ વે.છે
૬૦૦ કાર્પેટ ઈ-૧૧૦૪, સનસીટી હેવન, શાંતીનગર, પાણીના ટાકા સામે, રામાપીર ચોકડી ૧૫૦ ફૂટ રોડ:- ૯૮૨૪૨ ૨૯૩૧૦ (જે)

મકાન વેચવાનું છે
અલય ગાર્ડન્સ સોસાયટી માં , ૧૫૦ ફૂટ રીંગ રોડ, વાવડી નું પ્રાઈમ લોકેશન , ૩ બેડ હોલ કીચન , બીમકોલમ, ૧૦૦ વાર, (૧૬.૫X૫૫) ગેસ અને પાણી ની લાઈન, બોરવેલ પટેલ એરીયા, ગેટપેક સોસાયટી, ૮૧૬૦૦ ૩૮૩૭૨ (જે)

દ્વારકેશ યાત્રા પ્રવાસ
ચંપારણ્ય, જગન્નાથપુરી, કલકત્તા, ગંગાસાગર, જાન્યુઆરી માસ રહેવા- જમવાનું સાઈટસીન રેલ્વે બુકીંગ ચાલુ વલ્લભભાઈ મજીઠીયા- ૯૪૨૭૨ ૪૨૮૨૬ (જે)

દ્વારકેશ યાત્રા પ્રવાસ
ચંપારણ્ય, જગન્નાથપુરી, કલકત્તા, ગંગાસાગર, ૧૯-૧-૨૦૨૭ (પ્રવાસ-૨) નેપાળ, પશુપતિનાથ, પોખરા, મુક્તિનાથ, કાઠમંડુ, જનકપુર, હાજીપુર, અયોધ્યા, ગયા, બોધગયા, વારાણસી, પ્રયાગરાજ, ચિત્રકૂટ, અડેલ, છપ્પૈયા ઉપડશે ૨૬-૦૨-૨૦૨૭રહેવા-જમવા તથા સાઈટસીન રેલ્વે બુકીંગ ચાલુ વલ્લભભાઈ મજીઠીયા- ૯૪૨૭૨ ૪૨૮૨૬ (જે)

ટચૂકડી જાહેર ખબર દર શનિવારે
ધંધાકીય, જમીન-મકાન લે-વેચ, સ્ટાફની જરૂરીયાત જાહેરાતો નજીવા દરે
એક લાઈન ના રૂા. ૬/- દેશ-પરદેશની આજકાલ
Mo : 99984 70400
Ph : (0281) 2480557 / 8
૯ મો માળ, 'ધનરજની' કોમ્પ્લેક્ષ, ડો. થાફ્રિક રોડ, રાજકોટ.

ફલેટ વેચવાનો છે
શહેરની મધ્યમાં બસ સ્ટેશન, રેલવે સ્ટેશન, જ્યુબેલી માર્કેટ, ધર્મેન્દ્ર રોડ, ગુંદાવાડીથી તદ્દન નજીક, ૨ બીએચકેફલેટ, ૭૪૦ સ્કે.ફુટ, ૪૦૦ વારનો પ્લોટ સાઈઝનો, ૨૪ કલાક વોચમેન સુવિધા, લીફ્ટ, ફૂલ પાણી, હવા-ઉજાસ, મનહર પ્લોટ-૧, અવધ એપાર્ટમેન્ટ, ૪થા માળે કિ.૩૦ લાખ. મો.૯૯૭૯૮ ૭૦૦૦૮. બ્રોકર આવકાર્ય છે. ભાવ. ૨,૮૦,૦૦૦ (નેગોસીયેબલ છે).

જમીન જોઇએ છે
૨૦થી ૨૫ એકર જમીન ખેતી, બીનખેતી ખરીદ કરવાની છે. વાગુદડ, વાજડી, ઈશ્વરિયા, ઢોકળિયા ન્યારા, આજુબાજુ. બ્રો. ૯૦૧૬૩ ૪૦૦૩૯.

અમીન માર્ગ ઉપર મકાન વેચવાનું છે
શાંતિ નિકેતન, દેના બેન્ક સોસાયટી, શેરી નંબર-૧, ૨૦૪ વાર. મો.૯૯૭૪૩ ૩૪૫૦૭. બ્રોકર આવકાર્ય.

આશાપુરા રોડ, ઋતુરાજ સીઝનની બાજુમાં, હરેશભાઈ કટારિયા મો.૯૮૯૮૯ ૮૬૭૬૫. વોટસએપ ઉપર જાહેરાત મોકલો, ઓનલાઈન પેમેન્ટ કરો.

મુખ્યમંત્રી અમૃતમ યોજના તથા આયુષ્યમાન કાર્ડ ધારકો માટે
➡ સારણગાંઠ, એપેન્ડીકસ
➡ કિડનીની પથરી
➡ મુત્રાશયના રોગો
➡ પેશાબની નળીમાં પથરી
➡ હીમો ડાયાલીસીસ
વિનામુલ્યે કરી આપવામાં આવશે.
સદ્ભાવના હોસ્પિટલ NABH Accredited Hospital
૧૫૦ ફુટ રીંગ રોડ, ગાંધીગ્રામ, રાજકોટ. ફોન : ૦૨૮૧-૨૫૭૪૩૩૫ મો. ૯૫૧૨૩ ૧૦૧૦૮

નયન પબ્લીસીટી
સોરઠીયાવાડી ચોક, મહેશભાઈ લખતરિયા
મો.૯૮૨૪૫ ૩૧૪૧૭, ૯૭૩૭૪ ૮૦૨૪૮

કોમ્પ્યુટર ઓપરેટર જો. છે.
કોઠારીયા રોડ મો.૯૯૭૪૫ ૯૪૭૪૫ (એન)

છોકરાઓ જોઈએ છે.
આઈસ્ક્રીમની ડીલીવરી માટે, કોઠારિયા રોડ મો.૯૯૭૪૫ ૯૪૭૪૫ (એન)

સુચિત મકાન વે. છે.
કોઠારીયા રામ રણુંજા મંદિર પાસે, ૬૦ વાર મો.૯૦૮૧૫ ૬૬૬૫૫ (એન)

જાહેરાત માટે મળો
દરેક છાપામાં ટચુકડી ડિસ્પ્લે શ્રધ્ધાંજલિ વિગેરે જાહેરાત આપવા માટે મળો. નયન બુક સ્ટોલ એન્ડ પબ્લિસિટી સોરઠીયાવાડી ચોક, રાજકોટ (એન)

જમીન વેચવાની
નાકરાવાડી-સણોસરા ૩ એકર મો.૯૨૭૬૮ ૨૨૬૬૦ (એન)

હેલ્પર જોઈએ છે.
રેડીયમ સ્ટીકરના કામ માટે. ઉ.વ.૧૮થી ૩૫ આકર્ષક પગારથી મો.

સલમાનની માતૃભૂમિના સંવાદો રાજકોટના ચિંતન શાહે લખ્યા

મૂળ રાજકોટના ચિંતન શાહે ફિલ્મના ડાયલોગ લખવાની સાથે રિસર્ચથી લઈને શૂટિંગ સુધી મહત્વની ભૂમિકા ભજવી, સલમાન ખાન સાથે પણ બંધાયો આત્મીયતાનો નાતો



આજકાલ કાર્યાલય
રાજકોટ

રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્ર માટે ગૌરવની વાત છે કે બોલિવૂડના સુપરસ્ટાર સલમાન ખાનની આગામી ફિલ્મ માતૃભૂમિના લેખકોમાં રાજકોટના ચિંતન શાહનો સમાવેશ થયો છે. ફિલ્મના ત્રણ લેખકો પૈકીના એક ચિંતન શાહે ફિલ્મની વાર્તા અને ખાસ કરીને ચોટદાર સંવાદો લખવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. જાણીતા પત્રકાર અને લેખક નરેશ શાહના પુત્ર ચિંતન શાહે રાજકોટની સિસ્ટર નિવેદિતા સ્કૂલ અને ક્રાઈસ્ટ કોલેજમાં અભ્યાસ કર્યો હતો.

ચિંતન શાહે કારકિર્દીની શરૂઆત દરમિયાન ઝી ગુજરાતી ચેનલ પર લાઈવ શોનું સંચાલન પણ કર્યું હતું. ત્યારબાદ મુંબઈમાં બોલિવૂડ સાથે જોડાઈને લેખક અને દિગ્દર્શક તરીકે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. અપૂર્વ લાખિયાના દિગ્દર્શનમાં બની રહેલી માતૃભૂમિ ફિલ્મ સાથે તેઓ રિસર્ચના તબક્કાથી જ જોડાયા હતા. લદ્દાખમાં ૨૬ દિવસના શૂટિંગ ઉપરાંત મુંબઈ ફિલ્મસિટી અને ગોરાઈમાં થયેલા શૂટિંગ દરમિયાન પણ તેઓ સતત હાજર રહ્યા હતા. ફિલ્મના ડાયલોગ લખવા દરમિયાન ચિંતન શાહ સામે બેવડો પડકાર હતો. એક તરફ સલમાન ખાનના સ્ટારડમને અનુરૂપ સંવાદો લખવાના હતા, તો બીજી તરફ સૈનિકના જીવન, દેશભક્તિ અને દેશદાઝની લાગણીને પણ અસરકારક રીતે રજૂ કરવાની હતી. હમ સૈનિક હૈ, હમ ઐસે દિનો કે લિયે હી બને હૈ જેવા સંવાદો તેમની લેખનશૈલી દર્શાવે છે. ગુજરાતી કહેવત દ્વારા કોઈક કાળું છેને યાદ કરાવતો શેઝવાન મેં કુછ કાલા હૈ સંવાદ પણ ખાસ ચર્ચામાં છે. ફિલ્મનો એક બિહારી સો પર ભારી સંવાદ તો રિલીઝ પહેલાં જ લોકપ્રિય બન્યો છે. ચિંતન શાહે યે દિલ બિલ ફિલ્મનું લેખન અને દિગ્દર્શન કર્યું છે. આ ઉપરાંત મુંબાઈ, કેકડાઉન વેબસિરીઝ, નકાબ અને સેલ્ફી નાટકો તથા ગુજરાતી ફિલ્મ ફિરકી સાથે પણ તેઓ જોડાઈ ચૂક્યા છે. રાજકોટની ધરતીના આ સર્જક બોલિવૂડમાં પોતાની કલમથી આગવી ઓળખ ઊભી કરી છે.

સલમાન સરનો એકદમ કેરિંગ નેચરઃ ચિંતન શાહ

ચિંતન શાહે સલમાન ખાનના સ્વભાવનો એક રસપ્રદ અનુભવ પણ શેર કર્યો છે. ફિલ્મસિટીમાં શૂટિંગ દરમિયાન ચિંતને ભૂખ લાગતાં સ્પોટબોય પાસે ચા અને નાસ્તો મંગાવ્યો હતો. આ વાત સાંભળી ગયેલા સલમાન ખાન તેમને પોતાની બીઇંગ હ્યુમન કિચન વાનમાં લઈ ગયા અને પ્રેમથી ભોજન કરાવ્યું હતું. ચિંતન એકલા જમતાં સંકોચ અનુભવે છે તે સમજીને સલમાને અન્ય કલાકારોને પણ સાથે જમવા બોલાવ્યા હતા.

ફિલ્મના કામ દરમિયાન સલમાન ખાન અને ચિંતન શાહ વચ્ચે આત્મીયતા પણ વધી

ફિલ્મના કામ દરમિયાન સલમાન ખાન અને ચિંતન શાહ વચ્ચે આત્મીયતા પણ વધી હતી. સલમાન ખાનના ડબિંગ વખતે ચિંતન શાહ હાજર રહે તેવી તેમની ખાસ ઇચ્છા રહેતી હતી. એટલું જ નહીં, ચિંતનના પુત્રનું નામ પણ સલમાન ખાને પોતે સૂઝી પાડ્યું હતું. ચિંતન શાહે સલમાન ખાનના સ્વભાવનો એક રસપ્રદ અનુભવ પણ શેર કર્યો છે. ફિલ્મસિટીમાં શૂટિંગ દરમિયાન ચિંતને ભૂખ લાગતાં સ્પોટબોય પાસે ચા અને નાસ્તો મંગાવ્યો હતો. આ વાત સાંભળી ગયેલા સલમાન ખાન તેમને પોતાની બીઇંગ હ્યુમન કિચન વાનમાં લઈ ગયા અને પ્રેમથી ભોજન કરાવ્યું હતું. ચિંતન એકલા જમતાં સંકોચ અનુભવે છે તે સમજીને સલમાને અન્ય કલાકારોને પણ સાથે જમવા બોલાવ્યા હતા.

મર્મ ચિકિત્સાના પ્રસાર માટે આત્મીય યુનિ.અને મૃત્યુંજય મિશન વચ્ચે એમઓયુ

વિશ્વવિખ્યાત મર્મ ચિકિત્સક વૈદ્ય સુનિલકુમાર જોશી રાજકોટમાં આવશે, જ આવતીકાલથી બે દિવસ દર્દીઓ માટે વિશેષ નિદાન અને મર્મ ચિકિત્સા સેવા

આજકાલ કાર્યાલય
રાજકોટ

ભારતીય ઋષિપરંપરાની અમૂલ્ય આરોગ્યવિદ્યા ગણાતી મર્મ ચિકિત્સાના શિક્ષણ, સંશોધન અને પ્રસાર માટે આત્મીય યુનિવર્સિટી અને મૃત્યુંજય મિશન, દહેરાદૂન વચ્ચે મહત્વપૂર્ણ સમજૂતીકરવામાં આવી રહી છે. આ સમજૂતી અંતર્ગત મર્મ ચિકિત્સા વિષયક પ્રમાણિત તાલીમ કાર્યક્રમો, વિશેષ વર્કશોપ, સંશોધન પ્રવૃત્તિઓ તેમજ જનજાગૃતિ અભિયાનોનું આયોજન કરવામાં આવશે. આ સમજૂતી પર આત્મીય યુનિ.ના કુલપતિ ડો. રાકેશ મુદ્દગલ અને મૃત્યુંજય મિશનના અધ્યક્ષ વૈદ્ય સુનિલકુમાર જોશી હસ્તાક્ષર કરશે. આ સમજૂતી માટે વિશ્વવિખ્યાત મર્મ ચિકિત્સક, આયુર્વેદાચાર્ય અને ઉત્તરાખંડ આયુર્વેદ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ તેમજ મૃત્યુંજય મિશનના અધ્યક્ષ વૈદ્ય સુનિલકુમાર જોશી તા. ૨૯ અને ૩૦ના રોજ રાજકોટની મુલાકાતે આવી રહ્યા છે. તેમની ઉપસ્થિતિમાં દર્દીઓ માટે વિશેષ નિદાન અને મર્મ ચિકિત્સા સારવાર સેવાઓ ઉપલબ્ધ થશે. ઉપરાંત આરોગ્યક્ષેત્રના વ્યાવસાયિકો તથા વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સત્રો પણ યોજાશે. મર્મ ચિકિત્સા દ્વારા સારવાર / માર્ગદર્શન માટે તા.૨૯ના રોજ રવિવારે સવારે ૧૧ થી ૧૨:૩૦ અને સાંજે ૪ થી ૬ તેમજ તા. ૩૦ના રોજ સવારે ૭:૩૦ થી ૧૧:૩૦ સુધી વૈદ્ય સુનિલકુમાર જોશી આત્મીય યુનિવર્સિટી, યોગીધામ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે મળી શકશે.



વૈદ્ય સુનિલકુમાર જોશીનું માનવું છે કે આયુર્વેદ, એલોપેથી, ફિઝિયોથેરાપી, હોમિયોપેથી, નેચરોપેથી કે અન્ય કોઈપણ સારવાર પદ્ધતિ સાથે મર્મ ચિકિત્સાનો સમન્વય દર્દીઓને વધુ ઝડપી, સુરક્ષિત અને અસરકારક આરોગ્યલાભ પ્રદાન કરી શકે છે મર્મ ચિકિત્સા ખાસ કરીને કમરનો દુખાવો, સર્વાઈકલ સ્પોન્ડિલાઈટિસ, ઘૂંટણ અને સાંધાના દુખાવા, ફ્રોઝન શોલ્ડર, સાયટિકા, માઈગ્રેન, વારંવાર થતો માથાનો દુખાવો, ચક્કર, તણાવ, ચિંતા, અનિદ્રા, નર્વસ સિસ્ટમની સમસ્યાઓ, રમતગમતની ઈજાઓ તેમજ પક્ષાઘાત પછીની પુનઃપ્રાપ્તિમાં લાભદાયી માનવામાં આવે છે.

આત્મીય યુનિવર્સિટીના અધ્યક્ષ ત્યાગવલ્લભ સ્વામીએ જણાવ્યું છે કે, આત્મીય યુનિવર્સિટી અને મૃત્યુંજય મિશન વચ્ચેની આ સમજૂતી મર્મ ચિકિત્સાને શૈક્ષણિક અને વ્યવહારિક બંને સ્તરે પ્રોત્સાહન આપશે. ખાસ કરીને આરોગ્ય ક્ષેત્રના વિદ્યાર્થીઓ, તબીબો, ફિઝિયોથેરાપિસ્ટ અને અન્ય આરોગ્યકર્મીઓને વૈજ્ઞાનિક તથા વ્યવસ્થિત તાલીમ પ્રાપ્ત કરવાની તક મળશે. વૈદ્ય સુનિલકુમાર જોશીનાં માર્ગદર્શન અને સારવારનો લાભ લેવા આત્મીય યુનિવર્સિટી દ્વારા દર્દીઓને અનુરોધ કરવામાં આવ્યો છે.

કાલે ચાર વિધાનસભા વિસ્તારોમાં પીએમ મોદીની મન કી બાત કાર્યક્રમ યોજાશે

મહાનગરના મન કી બાત કાર્યક્રમના ઈન્ચાર્જ અને પૂર્વ ઉપપ્રમુખ મહેશ રાઠોડના માર્ગદર્શન હેઠળ મહિલા મોરચા દ્વારા આયોજન

આજકાલ કાર્યાલય
રાજકોટ



શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, મહામંત્રી વલ્લભ દુધાત્રા, લલીત વાડોલીયા, યોગેન્દ્રસિંહ ઝાલાની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવાયું છે કે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો લોકપ્રિય કાર્યક્રમ મન કી બાત દ્વારા દર માસના અંતિમ રવીવારે મન કી બાત કાર્યક્રમ યોજવામાં આવે છે. આ માસનો મન કી બાતનો કાર્યક્રમ આવતીકાલ તા. ૨૯-૧૧-૨૦૨૬ ને રવીવારે સવારે ૧૧ કલાકે દરેક સ્થાન ઉપર નિહાળવામાં આવશે. ત્યારે રાજકોટ મહાનગરના મન કી બાત કાર્યક્રમના ઈન્ચાર્જ અને પૂર્વ ઉપપ્રમુખ મહેશ રાઠોડના માર્ગદર્શન હેઠળ મહિલા મોરચાના પ્રમુખ લીનાબેન રાવલ, મહામંત્રી માધવીબેન જોગીયા, મયુરીબેન ભાલાળાની આગેવાનીમાં મન કી બાતનો કાર્યક્રમ નિહાળવા માટે વિધાનસભાવાઈઝ મહિલા મોરચાના કાર્યકર્તાઓ માટે ખાસ આયોજન કરવામાં આવેલ છે. જે મુજબ વિધાનસભા-૬૮ ના વોર્ડ નં. ૩ ના લોર્ડ કૃષ્ણ સીટી, બીલીપત્ર રેસીડેન્સ-૨, આસ્થા ચોક, રેલનગર મેઈન રોડ ખાતે ધારાસભ્ય ઉદય કાનગડની ઉપસ્થિતિમાં તેમજ પ્રદેશ યુવા ભાજપ મહામંત્રી ડો. દેવાંગીબેન મૈયડ, શહેર મહામંત્રી વલ્લભ દુધાત્રા, પૂર્વ મેયર નયનાબેન પેઢડીયા, શહેર મંત્રી કિન્નરીબેન ચૌહાણ સહિત વિધાનસભા-૬૮ ના તમામ શ્રેણીના મહિલા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે, વિધાનસભા-૬૯ ના વોર્ડ નં. ૭ માં આવેલ ડો. દર્શિતાબેન શાહના કાર્યાલય, મોટી ટાંકી ચોક પાસે, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહની ઉપસ્થિતિમાં તેમજ મહામંત્રી લલીત વાડોલીયા, ડે.મેયર દક્ષાબેન વસાણી, શહેર ઉપપ્રમુખ દીપાબેન કાચા, મેઘાબેન વૈષ્ણવ, મંત્રી અરુણાબેન પરમાર સહિત વિધાનસભા-૬૯ ના તમામ શ્રેણીના મહિલા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે તેમજ વિધાનસભા-૭૦ના વોર્ડ નં.૧૪ માં આવેલ રમેશ ટીલાળાના કાર્યાલય, ભક્તિનગર સર્કલ ખાતે ધારાસભ્ય રમેશ ટીલાળા તેમજ સાંસદ પરશોતમ રૂપાલાની ઉપસ્થિતિમાં મન કી બાતના સહસંયોજક અને શહેર મંત્રી નીશાબેન રાણપરા, શહેર મંત્રી ચાંદનીબેન ગોંડલીયા, ધર્મીષ્ઠાબેન વાઘેલા સહિત વિધાનસભા-૭૦ ના તમામ શ્રેણીના મહિલા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે અને વિધાનસભા-૭૧ ના વોર્ડ નં. ૧૧ માં આવેલ બી-૮૦૪, લાલા લજપતરાય ટાઉનશીપ, હેવલોક એપાર્ટમેન્ટ સામે, ભીમનગર ચોક, નાના મવા રાજકોટ ખાતે ધારાસભ્ય ભાનુબેન બાબરીયાની ઉપસ્થિતિમાં તેમજ મેયર ડો. નેહલ શુકલ, મહામંત્રી યોગેન્દ્રસિંહ જાડેજા સહિત મહિલા મોરચાના તમામ શ્રેણીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે. તો આ કાર્યક્રમમાં શહેર ભાજપની તમામ શ્રેણીના કાર્યકર્તાઓને જોડાવવા શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, મહામંત્રી વલ્લભભાઈ દુધાત્રા, લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજાએ જાહેર અનુરોધ કર્યો છે. આ કાર્યક્રમની વ્યવસ્થા રાજકોટ મહાનગરના મહિલા મોરચાના પ્રમુખ લીનાબેન રાવલ, મહામંત્રી માધવીબેન જોગીયા, મયુરીબેન ભાલાળા મન કી બાતના કાર્યક્રમની વ્યવસ્થા સંભાળી રહ્યા છે.

કંપની સમાચાર

AMAZON.IN પર બ્લેક ફ્રાઇડે સેલ ૨૭ નવેમ્બરથી શરૂ

બેંગલોરઃ AMAZON.IN સેમસંગ, વનપ્લસ, જેબીએલ, એલજી, બોટ, ફિલિપ્સ, હિરો બજાજ અને લોરિઅલ પેરિસ સહિતની ટોચની બ્રાન્ડ્સની વિવિધ પ્રોડક્ટ્સ પર ડીલ્સની સાથે ગ્રાહકો માટે બ્લેક ફ્રાઇડે સેલ દ્વારા આકર્ષક બચત લઇને આવી રહ્યું છે. ગ્રાહકો વધુ સારા ફિચર્સ, પ્રદર્શન અને મૂલ્ય આપતી પ્રિમિયમ પ્રોડક્ટ્સ તરફ વધુ વળી રહ્યા છે ત્યારે આ સેલ વિવિધ કેટેગરીઝમાં પ્રોડક્ટ્સની વિશાળ કેટેગરીઝ શોધવાની અને અપગ્રેડ કરવાની ઓફર કરે છે. ગ્રાહકો પોતાના સ્માર્ટફોન્સ અપગ્રેડ કરવા માગતા હોય કે તેમના હોમ એન્ટરટેઇનમેન્ટ અનુભવને વધુ સારો બનાવવા, તેમના વોર્ડ્રોબને રિફ્રેશ કરવા કે તેમના નવા ઘરો માટે કંઇક નવું શોધવા માગતા હોય, તેઓ એક જ સ્થળે આકર્ષક ડીલ્સ અને બચતનો લાભ લઈ શકે છે. ગ્રાહકો એચડીએફસી બેંક અને એક્સિસ બેંક ક્રેડિટ કાર્ડ્સ પર ત્વરીત ૧૦% ડિસ્કાઉન્ટ્સ, નો કોસ્ટ ઇએમઆઇ, વધારાનાં કુપન ડિસ્કાઉન્ટ્સ, એક્સચેન્જ ઓફર્સ અને એમેઝોન પે રિવોર્ડ્સની સાથે તેમની બચતને વધારી શકે છે. પ્રાઇમ સભ્યો વિવિધ કેટેગરીઝ પર પસંદગીની પ્રોડક્ટ્સ પર વધારાની ૫% બચત મેળવી શકે છે, જેનાથી પ્રિમિયમ અપગ્રેડ વધુ સરળ બને છે. બ્લેક ફ્રાઇડે સેલનો મહત્તમ લાભ લેવા અને તમારી ખરીદી પર વધુ બચત અનલોક કરવા માટે પ્રાઇમમાં જોડાઓ.

ટોયોટા કિર્લોસ્કર મોટરે લોન્ચ કરી ઓલ-ન્યૂ ઇનોવા હાયક્રોસ

નવી દિલ્હીઃટોયોટા કિર્લોસ્કર મોટર એ આજે ઓલ-ન્યૂ ઇનોવા હાયક્રોસ, ભારતનું પ્રથમ ફ્લેક્સ હાઇબ્રિડ ઇલેક્ટ્રિક વાહન લોન્ચ કરવાની જાહેરાત કરી છે. સેલ્ફ-ચાર્જિંગ હાઇબ્રિડ ટેકનોલોજીની સુવિધા અને ઇ૨૦ થી ઈ૮૫ સુધીના તમામ ઇથેનોલ ફ્યુઅલ બ્લેન્ડ્સનો ઉપયોગ કરવાની લવચીકતા સાથે, આ વાહન ગ્રાહકોને ડબલ માનસિક શાંતિ પ્રદાન કરે છે. વિશ્વસનીયતા અને બ્રાન્ડ પ્રત્યેના મજબૂત વિશ્વાસની ઇનોવા હાયક્રોસની પ્રતિષ્ઠિત પરંપરાને આગળ વધારતા, આ નવા મોડેલમાં નવતર ડિઝાઇન, પ્રીમિયમ આરામ અને વધુ સુવિધાજનક ફીચર્સનો સમાવેશ કરવામાં આવ્યો છે.એફએફવી-એસએચવી ટેકનોલોજીની રજૂઆત સાથે, ઓલ-ન્યૂ ઇનોવા હાયક્રોસ - ફ્લેક્સ હાઇબ્રિડ ઇલેક્ટ્રિક વાહન ટોયોટાના મલ્ટી-પાથવે અભિગમને વધુ આગળ વધારે છે, જેમાં ઇલેક્ટ્રિફિકેશન અને ફ્લેક્સિબલ ફ્યુઅલ ક્ષમતાનું સંયોજન કરવામાં આવ્યું છે. સ્થાનિક સ્તરે ઉત્પાદિત ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિન અને ઈ-ડ્રાઇવ દ્વારા સંચાલિત આ ટેક્નોલોજી, ભારત માટે સંબંધિત અને ટકાઉ ગતિશીલતા ઉકેલો વિકસાવવા પ્રત્યેના ટોયોટાના સતત ફોકસને પ્રતિબિંબિત કરે છે, સાથે જ દેશની ઊર્જા સુરક્ષા અને ડિકાર્બનાઇઝેશનના લક્ષ્યોમાં યોગદાન આપે છે.

કેન્ટાબિલે જામનગરમાં નવો સ્ટોર શરૂ કર્યો



ગુજરાતઃકેન્ટાબિલ રિટેલ ઇન્ડિયા લિમિટેડ ભારતના અગ્રણી એપેરલ ઉત્પાદક અ રિટેલર પૈકીનું એક ગુજરાતમાં પોતાન મજબૂત હાજરીને વધુ મજબૂત બનાવત જામનગર,ગુજરાતમાં તેનો બીજો સ્ટો લોન્ચ કર્યો છે. ૯૭૫ સ્કવેર ફૂટ વિસ્તારમ ફેલાયેલો આ બ્રાન્ડસ્ટોર, શોપનં જીડીજે, ગ્રાઉન્ડફ્લોર, ઓશનસ્કવેર રણજીત સાગર રોડ, ગ્રીનસિટી, ભાનુ પેટ્રોલ પંપની નજીક ખાતેઆવેલો છે, જે બ્રાન્ડના વિસ્તરણ પ્રવાસમાં એકમ હત્વપૂર્ણ માઇલસ્ટોન દર્શાવે છે.પુરુષો માટે કેઝ્યુઅલ, પાર્ટી અને ફોર્મલ-વેરની વ્યાપક પસંદગી તેમજ સૌથી ટ્રેન્ડી એક્સેસરીઝની શ્રેણી પ્રદાન કરવા માટે સમર્પિત, કેન્ટાબિલે રિટેલ અનુભવને નવી વ્યાખ્યા આપી છે. કેન્ટાબિલે ફેશન ઇન્ડસ્ટ્રીમાં પોતાની આગવી ઓળખ મજબૂત બનાવીછે.આ ઉત્સાહ જનક લોન્ચ અંગે કેન્ટાબિલ રિટેલ ઇન્ડિયા લિમિટેડના ડિરેક્ટર શ્રીદીપક બંસલે પોતાની ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું અમે જામનગર, ગુજરાતમાં અમારા નવા પુરુષો અને એક્સેસરીઝના વિશિષ્ટ સ્ટોરને રજૂ કરતાં ખૂબ જ ઉત્સાહિત છીએ

મહાપાલિકામાં વોર્ડ કક્ષાની સમિતિઓ મારફતે પ્રજાના પ્રશ્નો ઉકેલવા રજૂઆત

વર્ષ ૨૦૦૧થી ૨૦૦૫ના સમયગાળાની પદ્ધતિ અમલમાં મુકવા અને વોર્ડની સમસ્યાઓના ઝડપી નિકાલ માટે સૂચન કર્યા

આજકાલ કાર્યાલય
રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકામાં વર્ષ ૨૦૦૧થી ૨૦૦૫ના શાસનકાળ દરમિયાન જે તે વોર્ડના પ્રશ્નો અને અરજદારોની રજૂઆતો સંબંધિત સમિતિઓમાં મોકલવાની પદ્ધતિ અમલમાં હતી. આ પદ્ધતિ અંતર્ગત રોશની કારોબારી, આરોગ્ય, વોટર વર્ક સમિતિ, માર્કેટ સમિતિ, હાઉસીંગ સમિતિ, સેનીટેશન સમીતી, બાંધકામ સમિતિ, બાગ-બગીચા સમિતિ, ડ્રેનેજ સમિતિ, સમાજ કલ્યાણ કારોબારી સહિતની વિવિધ સમિતિઓમાં પ્રજાજનોની ફરિયાદો અને રજૂઆતો ચર્ચા માટે મોકલવામાં આવતી હતી. જે તે સમિતિના ચેરમેન સમક્ષ અરજદારોની ફરિયાદો રજૂ થયા બાદ કારોબારી સમિતિમાં ચર્ચા કરવામાં આવતી હતી. ચર્ચાના અંતે શાસક પક્ષના નેતા, સ્ટે. કમીટી ચેરમેન, ડે. મેયર અને કમીશનર તરફ જરૂરી કાર્યવાહી માટે રજૂઆત મોકલવાની વ્યવસ્થા હતી. આ પદ્ધતિને ધ્યાનમાં રાખીને પ્રજાજનોની ફરિયાદોનો ઝડપી નિકાલ થાય તે માટે પ્રજાજનો સીધી ફરિયાદ કમીશ્નર સમક્ષ રજૂ કરે તે જરૂરી હોવાનું જણાવાયું છે. આ રજૂઆતોને લક્ષમાં લઈને શાસક પક્ષના નેતાએ સ્ટેન્ડીંગ કમીટીમાં દરખાસ્ત મોકલી આગળની કાર્યવાહી કરવી જોઈએ તેવી રજૂઆત પૂર્વ ડે.મ્યુટી મેયર મોહન લાલજીભાઈ સોજીત્રા દ્વારા કરવામાં આવી છે. રાજકોટ શહેરના જે તે વોર્ડમાં ચૂંટાયેલા સભ્યો દ્વારા પોતાના વિસ્તારની વર્તમાન સમસ્યાઓ તેમજ નજીકના ભવિષ્યમાં હાથ ધરવાનાં વિકાસકાર્યોની વિસ્તૃત યાદી તૈયાર કરવામાં આવે છે. આ યાદી સ્ટેન્ડીંગ પાર્ટીના નેતા, મેયર અને સ્ટેન્ડીંગ કમીટી ચેરમેનને સુપ્રત કરવામાં આવે છે. ત્યારબાદ સૂચવાયેલા કામોના અમલીકરણ માટે સંબંધિત વિભાગના અધિકારીઓને યાદી મોકલવામાં આવે છે. વિભાગીય અધિકારીઓ દ્વારા સૂચિત કામોનું નાણાકીય એસ્ટીમેન્ટ તૈયાર કર્યા બાદ તેની વિધિવત દરખાસ્ત મંજૂરી માટે સ્ટેન્ડીંગ કમીટી સમક્ષ મોકલવામાં આવે છે. આ પ્રક્રિયાથી રાજકોટ શહેરમાં પારદર્શિતા અને ગતિશીલતા જળવાઈ રહે તેવો આશય વ્યક્ત કરવામાં આવ્યો છે. શાસક પક્ષના નેતાના માર્ગદર્શન હેઠળ જે તે સમિતિઓમાં સંબંધિત પ્રશ્નો અને વિકાસકાર્યો અંગે ચર્ચા કરીને નિર્ણય લેવાય અને ત્યારબાદ મેયર તથા સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન તરફ જરૂરી કાર્યવાહી માટે મોકલવામાં આવે તેવી વ્યવસ્થા કરવા રજૂઆત કરવામાં આવી છે. રાજકોટ શહેરના તમામ ૧૮ વોર્ડમાંથી ચૂંટાઈને આવેલા નગરસેવકોના જુદા જુદા વિસ્તારોની ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં રાખીને શહેરના વિકાસ માટે સમિતિઓની વ્યવસ્થા અમલમાં છે. આ સમિતિઓના ચેરમેનશ્રીઓની કારોબારી સમિતિમાં ચર્ચા બાદ આખરી નિર્ણય માટે મેયરશ્રી અને સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેનનું ધ્યાન દોરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે.

આ ઉપરાંત પોતાના વિસ્તારની પ્રાથમિક સુવિધાઓ જેવી કે રોડ-રસ્તા, પાણી, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ અને સફાઈ સહિતની પ્રવર્તમાન સમસ્યાઓ તેમજ જરૂરી વિકાસકાર્યો અંગે પ્રજાજનોને સરળતાથી સુવિધા મળી રહે અને શહેરનો સમતોલ વિકાસ થાય તે દિશામાં જરૂરી કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે.

કણકોટ ખાતે નવનિર્મિત આયુષમાન આરોગ્ય મંદિરના નવી ઈમારતનું લોકાર્પણ

ગ્રામીણ સ્તરે પ્રાથમિક આરોગ્ય સેવાઓ વધુ મજબૂત બનશે

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ



ગ્રામીણ વિસ્તારના નાગરિકોને ઘરઆંગણે જ ઉત્તમ, આધુનિક અને નિઃશુલ્ક પ્રાથમિક આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે રાજકોટ તાલુકાના કણકોટ ખાતે નવનિર્મિત આયુષમાન આરોગ્ય મંદિરની અદ્યતન ઈમારતનો ઉદઘાટન સમારોહ યોજાયો હતો.

નવનિર્મિત આરોગ્ય મંદિરમાં દર્દીઓ માટે સુવિધાયુક્ત ઓ.પી.ડી., પ્રાથમિક સારવાર, લેબોરેટરી તપાસ, સગર્ભા બહેનોની તપાસ અને બાળકોના રસીકરણ માટે અલાયદી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. નિઃશુલ્ક દવાઓ અને નિદાનઃ અહીં ગ્રામજનોને જરૂરી તમામ આવશ્યક દવાઓ તથા ડાયાબિટીસ, બ્લડ પ્રેશર જેવા બિનચેપી રોગોનું નિદાન વિનામૂલ્યે ઉપલબ્ધ થશે. ત્યારે કણકોટ અને આસપાસના વિસ્તારના લોકોને હવે નાની-મોટી સારવાર માટે દૂર સુધી જવું નહીં પડે. આ પ્રસંગે રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ સંજય પીપળીયા, રાજકોટ ગ્રામ્ય ધારાસભ્ય પ્રતિનિધિ મનહર બાબરીયા, જિ. પં.ના કારોબારી સમિતિના ચેરમેન નરશિ સોજીત્રા, આરોગ્ય સમિતિના ચેરમેન વિલાસ ઢાંકેચા, સભ્ય પ્રતિનિધિ રાજા ચાવડા, રાજકોટ જિલ્લા પંચાયત સભ્ય પ્રતિનિધિ ભરત મકવાણા, રાજકોટ તાલુકા પંચાયતના પ્રમુખ વિજયાબેન દાફડા, રાજકોટ તાલુકા ભાજપાના પ્રમુખ કેયૂર ઢોલરીયા, માર્કેટિંગ યાર્ડના ચેરમેન જયેશ બોઘરા, કણકોટ ગામના સરપંચ મનીષાબેન વેકરીયા, તાલુકા આરોગ્ય અધિકારી ડો. કે.જી.પોપટ, ગામના આગેવાનો અને ગ્રામજનો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

કાલે પ્રોજેક્ટ લાઈફ દ્વારા કિડની રોગથી સાવધાન વિષય પર ફેસબુક ટોક

આજકાલ કાર્યાલય
રાજકોટ

લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, પ્રોજેક્ટ લાઈફ, રેસકોર્સ રીંગ રોડ, રાજકોટ દ્વારા આયોજિત આરોગ્યલક્ષી પ્રવચન શ્રેણી શું કરીએ તો સદાય સાજા રહીએ અંતર્ગત ૩૪૧મા પ્રવચનનું આવતીકાલ રવિવાર તા.૨૯ના રોજ સવારે ૧૦ થી ૧૧ સુધી આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ડો. રોનક ભાલોડિયા દ્વારા કિડની રોગથી સાવધાનઃ જાણો, સમજો અને બચો પર મહત્વની માહિતી આપવામાં આવશે.આ બાબતમાં ઊંડાણપૂર્વક માહિતી મેળવવા માટે ડિજીટલી પ્રસારિત થનાર આ ટોક આપના માટે ઉપયોગી બની શકે છે.

શહેરની રોજનીશી

આવતીકાલે નાથળિયા ઉનેવાળ બ્રહ્મસમાજનું સ્નેહમિલન યોજાશે

રાજકોટઃ રાજકોટમાં રહેતા નાથળીયા ઉનેવાળ બ્રહ્મસમાજનું સ્નેહમિલન તથા વિદ્યાર્થી સન્માન વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરનારા વ્યક્તિઓના સન્માનનો કાર્યક્રમ, બેન્કર્સ ક્રિકેશન કલબ, શ્રોફ રોડ, નવી કલેકટર ઓફિસ પાસે, ગણેશ પાન સામેનો રોડ, રાજકોટ ખાતે તા ૨૯ને રવિવારે સાંજે ૪-૩૦ વાગ્યે રાખેલ છે. સર્વે જ્ઞાતિજનોએ સમયસર હાજર રહેવા અનુરોધ કરાયો છે.

આજે હીરકજડિત વૈભવની અલૌકિક આભામાં સંકલ્પસિદ્ધ હનુમાનજીના દર્શન



રાજકોટઃ સંકલ્પસિદ્ધ હનુમાનજી મહારાજ આજે અલૌકિક શણગારમાં દિવ્ય દર્શન આપી રહ્યા છે. કોપર ગોલ્ડન રંગમાં રસ્ટ બ્રાઉન અને એન્ટિક ગોલ્ડન શેડના સમન્વયથી તૈયાર કરાયેલ વેલ્વેટનાં વાઘા દાદાની શોભામાં અનેરો નિખાર લાવી રહ્યા છે. વાઘા પર ઉત્તમ કક્ષાના મોટા હીરાજડિત જડતરની કલાત્મક કામગીરી અદભુત આકર્ષણ સર્જે છે. મસ્તક પર ક્રીમ રંગનો ભવ્ય સાફો, જેમાં હીરાજડિત કલગી અને શ્વેત પીંછું વિશેષ શોભા વધારી રહ્યાં છે. કાનમાં હીરાજડિત કુંડળ અને કંઠમાં અલંકારોની ઝળહળતી શોભા દાદાના સ્વરૂપને વધુ તેજસ્વી બનાવે છે.ખભા પર સુવર્ણ છાંટ ધરાવતો ક્રીમ રંગનો ખેસ મનોહર રીતે શોભી રહ્યો છે. સંપૂર્ણ શણગારમાં હીરાજડિત જડતરની ઝીણવટભરી અને કલાત્મક કામગીરી દાદાના સ્વરૂપને વૈભવી આભા અર્પે છે. પશ્ચાદભૂમાં શોભતી કાળી પિછવાઈ આ સમગ્ર શણગારની રંગછટાને વિશેષ ઉપસાવી રહી છે. આમ, હીરાની ચમક, વેલ્વેટની ભવ્યતા અને ક્રીમવર્ણી આભાથી શોભતા દાદાનાં દર્શન ભક્તજનોના હૃદયને ભક્તિભાવ અને આનંદથી ભરી દે છે.

આજે ઔદિચ્ય મહારાજ દેવલારામજી બ્રાહ્મણ સોશિયલ ગ્રુપ દ્વારા સ્નેહમિલન

રાજકોટઃ ઔદિચ્ય મહારાજશ્રી દેવલારામજી બ્રાહ્મણ સોશિયલ ગ્રુપ, રાજકોટ દ્વારા નૂતન વર્ષાભિનંદન નિમિત્તે ભવ્ય સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.આ કાર્યક્રમ આજ તા. ૨૮ ને શનિવારે સાંજે ૭ કલાકે રાજકોટના રજપૂતપરા સ્થિત જ.જ. પાઠક સમસ્ત બ્રાહ્મણ બોર્ડિંગ ખાતે યોજાશે.આ પ્રસંગે વિદ્યાર્થી પારિતોષિક વિ

દર સપ્તાહે ૩,૬૧૯ સાઈબર એટેક સરકારી અને બેન્કિંગ ક્ષેત્ર મુખ્ય ટાર્ગેટ

સમગ્ર વિશ્વમાં સાઈબર હુમલાની સાપ્તાહિક સરેરાશ ૨,૪૩૫ કેસ હતી, ભારત તેનાથી ચ આગળ ,ચેક પોઈન્ટ રિસર્ચના અહેવાલમાં ચોંકાવનારો ખુલાસો

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

ભારતમાં સાઈબર ગુનાખોરીનું જોખમ ઝડપથી વધી રહ્યું છે. દેશની સરકારી સંસ્થાઓ, બેન્કો અને ખાનગી કંપનીઓ પર દર અઠવાડિયે હજારો સાઈબર હુમલા થઈ રહ્યા છે.

ચેક પોઈન્ટ રિસર્ચના એક અહેવાલમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે ૨૫ મે, ૨૦૨૬થી ૧૬ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન ભારતીય સંસ્થાઓ પર દર અઠવાડિયે સરેરાશ ૩,૬૧૯ સાઈબર હુમલા થયા હતા. તેની સામે સમગ્ર વિશ્વમાં સાઈબર હુમલાની સાપ્તાહિક સરેરાશ ૨,૪૩૫ હતી.



અહેવાલ પ્રમાણે, ભારતમાં સરકારી અને નાણાકીય સેવાઓ સાથે સંકળાયેલી સંસ્થાઓ સાઈબર ગુનેગારોના નિશાના પર છે. ભારતમાં બેન્કિંગ ક્ષેત્રને નુકસાન પહોંચાડતા દૂષિત સોફ્ટવેરનો ખતરો વૈશ્વિક સરેરાશ કરતાં લગભગ ત્રણ ગણો વધારે છે.

સીઈઆરટી-ઈનએ સાવધ રહેવા ખાસ ચેતવણી જારી કરી

આ અહેવાલ એવા સમયે આવ્યો છે જ્યારે ભારતીય કમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ (સીઈઆરટી-ઈન)એ પણ ચેતવણી જાહેર કરી છે. તેમાં નાણાકીય વ્યવહારોમાં છેતરપિંડી, ચુકવણી વ્યવસ્થાના દુરુપયોગ અને કૃત્રિમ બુદ્ધિમત્તા આધારિત સાઇબર હુમલાઓ અંગે સાવચેત રહેવા જણાવાયું છે.ચેક પોઇન્ટ સોફ્ટવેર ટેકનોલોજીસના મેનેજિંગ ડિરેક્ટર અને ભારત તથા દક્ષિણ એશિયાના વડા કૃષ્ણન વી.વી.એ જણાવ્યું હતું કે સંસ્થાઓએ પોતાનાં નેટવર્ક, કમ્પ્યુટર વ્યવસ્થા અને વપરાશકર્તાનાં ખાતાં પર સતત નજર રાખવી જોઇએ.તેમણે કહ્યું કે કંપનીઓએ સુરક્ષામાં રહેલી ખામીઓને સમયસર દૂર કરવાની અને શંકાસ્પદ પ્રવૃત્તિઓને તાત્કાલિક ઓળખવાની જરૂર છે.અહેવાલમાં સંસ્થાઓને ઇન્ટરનેટ સાથે જોડાયેલી કમ્પ્યુટર વ્યવસ્થા, એપ્લિકેશન અને તૃતીય પક્ષ સાથેના જોડાણોની અદ્યતન માહિતી રાખવાની સલાહ આપવામાં આવી છે.આ ઉપરાંત વપરાશકર્તાનાં ખાતાં, વિશેષ અધિકાર ધરાવતાં ખાતાં અને સેવા સાથે જોડાયેલાં ઓળખપત્રોની નિયમિત તપાસ કરવા પણ જણાવાયું છે.

ગીતગુર્જરી ઉપાશ્રય સ્થાનકવાસી જૈનમાં ૧૨૧ દિવસીય ચાતુર્માસની ભાવભેર પૂર્ણાહુતિ

જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની વિવિધ આરાધનાઓથી ગુંજતો રહ્યો ઉપાશ્રય મહાસતીઓ હવે સાવરકુંડલા સંઘની અપીલ સ્વીકારી વિહાર કરશે

આજકાલ કાર્યાલય
રાજકોટ

ગોંડલ સંપ્રદાયનાં શાસન ચંદ્રિકા ગુરુણી હીરાબાઈ મહાસતીનાં સુશિષ્યા જ્યોતિબાઈ મહાસતી,જશુબાઈ મહાસતી,ઉષાબાઈ મહાસતી તથા પ્રવચન પ્રભાવક સ્મિતાબાઈ મહાસતી આદી સતીવૃંદ ગીતગુર્જરી સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં બરાબર ૧૨૧ દિવસ બિરાજમાન રહ્યાં હતાં. આ દરમિયાન જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની વિવિધ આરાધનાઓથી ઉપાશ્રય સતત ગુંજતો રહ્યો હતો. પ્રવેશથી પરિવર્તન સુધીના તમામ પ્રસંગો યાદગાર બન્યા હતા.

દિવાળીના પર્વ બાદ જ્ઞાનપાંચમનું પૂજન વિશાળ સંખ્યામાં ભાઈઓ, બહેનો અને બાળકોએ ભાવભક્તિપૂર્વક કર્યું હતું.સ્મિતાબાઈ મહાસતીએ પાંચ જ્ઞાન સહિત સ્થાનકવાસી પરંપરાનાં ૩૨ આગમ શાસ્ત્રો અને નંદી સૂત્રની સમજણ સાથે જાપ કરાવ્યા હતા. ગુમ એકાસણાની આરાધના પણ યોજાઈ હતી. જિનવાણી આરાધના અંતર્ગત પ્રવચન પ્રભાવના યોજાઈ હતી. ગાદીપતી ગુરુદેવનાં સંસારી સ્વજનો પ્રતિભાબેન મહેતા, વિમલ બોબીભાઈ શેઠ, જિજ્ઞાશાબેન શેઠ અને હિરેનભાઈ દ્વારા કૌન બનેગા જિનેશ્વર (કેબીસી સ્ટાઈલ) તથા જૈન ધર્મની જ્ઞાનસભર ક્વિઝ ગેમ યોજાઈ હતી.

તેરસ, ચૌદશ અને ચોમાસી પાખીના પોળા આઠમ નિમિત્તે એકાસણા તથા પાખી પૌષધની આરાધના યોજાઈ હતી. ચોમાસી પાખીના પ્રસંગે પૂ. સ્મિતાબાઈ મહાસતીજીએ વીર લોકાશાહ, કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને પરમ કૃપાળુદેવની જન્મજયંતિનો ઉલ્લેખ કરી ચુંદર ભાવો વ્યક્ત કર્યા હતા.

સંઘના ટ્રસ્ટી શીરીષ બાટવીયા, જગદીશભાઈ, મહિલા મંડળ, રીનાબેન, પ્રિતીબેન, નવકાર સખી મંડળ અને પ્રતિક્રમણ મંડળના પ્રતિનિધિઓ સહિત શ્રાવકોએ ચાતુર્માસની સફળતા અંગે ભાવ વ્યક્ત કર્યા હતા. સમગ્ર ચાતુર્માસ દરમિયાન પર્યુષણ પર્વ જેવો માહોલ રહ્યો હોવાનું જણાવ્યું હતું. ગુરુણી ભગવંતોના પરિવારો અને ભાવિકો દ્વારા પ્રભાવના, પાવન પગલાં અને નવકારશીના લાભ લેવામાં આવ્યા હતા.

ગૌ સન્માન અભિયાન અંતર્ગત સીએમ પટેલને સવા કરોડ ડિજિટલ હસ્તાક્ષર અર્પણ કરાયા

જગદ્ગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતી મહારાજ, નંદબાબા સહિત ૫૦૦થી વધુ સંતોની ઉપસ્થિતિમાં ગૌરક્ષા માટે સંકલ્પ વ્યક્ત કરાયો

આજકાલ કાર્યાલય
રાજકોટ

સમગ્ર ભારતમાં ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ, ગૌમાતાને રાષ્ટ્રમાતા અથવા રાષ્ટ્રીય આરાધ્યાનું સંવિધાનિક પદ, ગૌસેવા માટે કેન્દ્રીય કાનૂન, ગોચરબોર્ડની રચના, ચારા સુરક્ષા નીતિ અને ગૌઆધારિત કૃષિ સહિતની વિવિધ માંગણીઓ સાથે નંદબાબાની અધ્યક્ષતામાં દેશવ્યાપી ગૌ સન્માન અભિયાન ચાલી રહ્યું છે. આ અભિયાન અંતર્ગત દેશભરમાં ગૌપ્રેમી ભક્તોના હસ્તાક્ષર મેળવવામાં આવી રહ્યા છે. દેશભરમાં હસ્તાક્ષરનો આંકડો ૩૦ કરોડ સુધી પહોંચવા જઈ રહ્યો છે, જ્યારે



ગુજરાતમાં પણ બે કરોડથી વધુ લોકોએ હસ્તાક્ષર સમર્પિત કર્યા છે.

અભિયાનના તૃતીય ચરણ અંતર્ગત યોજાયેલા કાર્યક્રમમાં ગૌ સન્માન અભિયાનના મુખ્ય સૂત્રધાર નંદબાબા સાથે સંતઓ ગોપાળાનંદ સરસ્વતી, અચ્યુતાનંદ સરસ્વતી, પ્રકાશનારાયણ ગિરિ, ગોપેશકૃષ્ણદાસ, પ્રકાશદાસ, ચંદ્રમાદાસ, રામતીર્થદાસ,અમૃતાનંદ, મુકુંદપ્રકાશ બ્રહ્મચારી અને યોગી દેવનાથ બાપુજી સહિત લગભગ ૫૦૦ થી વધુ સંતો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમની શરૂઆત સવારે ગૌપૂજન અને સત્સંગથી કરવામાં આવી હતી. ત્યારબાદ સંતોના પ્રવચનો, હસ્તાક્ષરોની પોથીયાત્રાનું પૂજન અને તમામ સંતો-મહંતોની ઉપસ્થિતિમાં ગૌમાતાની આરતી યોજાઈ હતી. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી, ધારાસભ્ય માવજી દેસાઈ, પૂર્વ ધારાસભ્ય શશીકાંત પંડ્યા, ધારાસભ્ય અલ્પેશ ઠાકોર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર અભિયાનમાં ધારાસભ્ય સી જે ચાવડાનો પણ ગૌભક્તોને સહકાર મળ્યો હતો.

કાર્યક્રમની વિશેષ ઉપલબ્ધિરૂપે શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતી મહારાજ અને નંદબાબાઓ દ્વારા સંયુક્ત રીતે આશરે સવા કરોડ ડિજિટલ હસ્તાક્ષર ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને અર્પણ કરવામાં આવ્યા હતા.

જગદ્ગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતી મહારાજે ગૌમાતાને રાષ્ટ્રમાતાનો દરજ્જો આપવા સહિતની માંગણીઓ અંગે રાજ્ય સરકારને જરૂરી પહેલ કરવા અનુરોધ કર્યો હતો.અચ્યુતાનંદ સરસ્વતી મહારાજ અને ગોપાલાનંદ સરસ્વતીમહારાજે ગૌસંવર્ધન, ગૌરક્ષા અને ગોચરની જમીનોના સંરક્ષણ માટે સરકાર દ્વારા અસરકારક પગલાં લેવા માંગ કરી હતી. કચ્છનાટ્રેવનાથ બાપુ, ત્રિકમદાસ મહારાજ, ભાવનગરના જયસુખરામ મહારાજ અને ગઢડાના એસ.પી. સ્વામી સહિતના સંતોએ પણ ગૌસેવાનો સંદેશ આપ્યો હતો.

આરબીઆઈ ડિસેમ્બરની બેઠકમાં ફરી રેપો રેટમાં ૦.૫૦ ટકાનો વધારો કરે તેવી શક્યતા

હોમ લોન અને ઈએમઆઈ મોંઘી થઈ શકે

મોંઘવારીના વધતા દબાણ વચ્ચે વ્યાજદર ૫.૫૦ ટકાથી વધીને ૬ ટકા થઈ શકે

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ)ની આગામી નાણાકીય નીતિ સમિતિની બેઠક ૨થી ૪ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન યોજાય તેવી શક્યતા છે. ગવર્નર સંજય મલ્હોત્રાની અધ્યક્ષતામાં યોજનારી આ બેઠક પર દેશના શેરબજારથી લઈને વૈશ્વિક નાણાકીય બજારોની નજર રહેશે. આ બેઠકમાં દેશની આર્થિક સ્થિતિ, મોંઘવારી, રેપો રેટ અને નાણાકીય નીતિ સાથે જોડાયેલા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

ગત ૭ ઓક્ટોબરે એમપીસીની બેઠક પૂર્ણ થયા બાદ આરબીઆઈએ રેપો રેટમાં ૦.૨૫ ટકાનો વધારો કરીને તેને ૫.૨૫ ટકાથી વધારી ૫.૫૦ ટકા કર્યો હતો. હવે ડિસેમ્બરની બેઠકમાં ફરી એકવાર વ્યાજદરમાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ખાસ વાત એ છે કે આ વખતે અગાઉના વધારા કરતાં બમણો વધારો થઈ શકે છે.અહેવાલ અનુસાર, આંતરરાષ્ટ્રીય બ્રોકરેજ ફર્મ નોમુરાએ આરબીઆઈના આગામી નિર્ણય અંગે પોતાનું અનુમાન બદલ્યું છે. અગાઉ ૦.૨૫ ટકાના વધારાની શક્યતા વ્યક્ત કરનાર નોમુરાએ હવે રેપો રેટમાં ૦.૫૦ ટકાના વધારાનો અંદાજ લગાવ્યો છે. આ વધારા સાથે રેપો રેટ વર્તમાન ૫.૫૦ ટકાથી વધીને ૬ ટકા થઈ શકે છે.નોમુરાના જણાવ્યા અનુસાર, ડિસેમ્બરની બેઠકમાં ૦.૫૦ ટકાના વધારાની શક્યતા ૬૦ ટકા છે, જ્યારે ૦.૨૫ ટકાના વધારાની શક્યતા ૪૦ ટકા માનવામાં આવી રહી છે. બ્રોકરેજ ફર્મનું માનવું છે કે ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં વધારો થવાને કારણે આગામી બે ત્રિમાસિક ગાળા સુધી છૂટક મોંઘવારીનો દર ૬ ટકાથી ઉપર રહી શકે છે.

નોમુરાએ રેપો રેટમાં સંભવિત વધારા પાછળ ખાદ્ય ચીજવસ્તુઓના વધતા ભાવ, કોર મોંઘવારીમાં વધારો અને મજબૂત આર્થિક વિકાસને મુખ્ય કારણ ગણાવ્યાં છે. બ્રોકરેજ ફર્મના અનુમાન મુજબ, ઓક્ટોબરમાં ૬.૧ ટકા રહેલો છૂટક મોંઘવારી દર નવેમ્બરમાં વધીને ૬.૪ ટકા સુધી પહોંચી શકે છે.

અનાજ, કઠોળ અને અન્ય ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં વધારો મોંઘવારી વધવાનું મુખ્ય કારણ બની શકે છે. નોમુરાના અંદાજ પ્રમાણે ઓક્ટોબરથી ડિસેમ્બર દરમિયાન સરેરાશ મોંઘવારી દર ૬.૩ ટકા રહી શકે છે, જે આરબીઆઈના ૬ ટકાના અંદાજ કરતાં વધારે છે. આ ઉપરાંત કંપનીઓ ઉત્પાદન ખર્ચમાં થયેલા વધારાનો બોજ ગ્રાહકો પર નાખી રહી હોવાથી કોર મોંઘવારીમાં પણ વધારો જોવા મળી રહ્યો છે.

આગામી દિવસોમાં નવી લોન લેનારા ગ્રાહકો માટે પણ લોન મોંઘી થવાની શક્યતા છે.

કોરોનાની રસીની

(પહેલા પાનાનું ચાલુ)

'ધ જો રોગન એક્સપિરિયન્સ' પોડકાસ્ટ પર વાતચીત દરમિયાન, માર્ક ઝુકરબર્ગે કોવિડ-૧૯ મહામારી દરમિયાન અમલમાં મૂકવામાં આવેલી કન્ટેન્ટ મોડરેશન નીતિઓ વિશે વાત કરી. ઝકરબર્ગના જણાવ્યા અનુસાર, જ્યારે કોવિડ-૧૯ રસીકરણ કાર્યક્રમ ચાલી રહ્યો હતો, ત્યારે અમેરિકી વહીવટીતંત્રે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર દબાણ કર્યું હતું. તેમણે આરોપ લગાવ્યો કે એવી સામગ્રીને હટાવવા માટે દબાણ કરવામાં આવ્યું હતું જેમાં રસીઓની સંભવિત આડઅસરોનો ઉલ્લેખ હતો.ઝકરબર્ગે કહ્યું કે મેટાએ આવી સામગ્રી હટાવવાનો ઇનકાર કર્યો હતો, કારણ કે રસીની આડઅસરો અંગેની તે માહિતી હકીકતમાં સચોટ હતી. ઝકરબર્ગે એમ પણ સ્પષ્ટ કર્યું કે તેઓ પોતે આ ચર્ચાઓમાં સીધા સામેલ નહોતા અને બાઈડેન વહીવટીતંત્રના વ્યક્તિઓની ભૂમિકા અંગેની તેમની ટિપ્પણીઓ તેમની પોતાની સમજણ પર આધારિત હતી.

ગોવા બાદ બંગાળમાં

(પહેલા પાનાનું ચાલુ)

નામના રસાયણનું પ્રમાણ નિર્ધારિત મર્યાદા કરતાં વધારે જણાયું હતું. કંપનીએ આ પરિણામ સામે વાંધો ઉઠાવતાં નમૂનાની ફરી તપાસ કરવામાં આવી હતી. રેફરલ લેબોરેટરીમાં પોલિન્યુક્લિયર એરોમેટિક હાઈડ્રોકાર્બન નામનાં હાનિકારક રસાયણો મળી આવ્યાં હતાં. આથી પાણીનો નમૂનો અસુરક્ષિત જાહેર કરીને કંપની સામે કાર્યવાહી કરવાની મંજૂરી અપાઈ હતી.બિસલેરીએ ગોવાના કેસમાં જણાવ્યું હતું કે તેનું પાણી પીવા માટે સુરક્ષિત છે. કંપનીના જણાવ્યા પ્રમાણે ઉત્પાદનની દરેક તબક્કાની પ્રક્રિયા દરમિયાન ગુણવત્તાની ૯૦થી વધુ તપાસ કરવામાં આવે છે. કંપનીએ નિયમનકારી સંસ્થાને સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી છે. ગોવાના નમૂનાની સ્વતંત્ર તપાસમાં બ્રોમેટનું પ્રમાણ મર્યાદામાં હોવાનું પણ કંપનીએ જણાવ્યું હતું.

સીમાંકન બિલને

(પહેલા પાનાનું ચાલુ)

નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું, ઇન્ડિયા ગઠબંધન સીમાંકન બિલનો વિરોધ કરશે. તે લોકશાહી માટે ખતરો છે. તેમાં એસસી-એસટી (અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) સમુદાયોના હિતોને ધ્યાનમાં લેવામાં આવ્યા નથી. લોકશાહીને નષ્ટ કરીને તમામ સત્તા પોતાના હાથમાં કેન્દ્રિત કરવાના ઈરાદાથી, તેઓ હવે '૮૦૦ બેઠકો પાર' કરવાની વાત કરી રહ્યા છે.

ખડગેએ ટિપ્પણી કરી, આજે, અમારા ઇન્ડિયા ગઠબંધનના તમામ પક્ષોના નેતાઓએ સામૂહિક રીતે નિર્ણય લીધો છે કે મોદી સરકાર દ્વારા રજૂ કરવામાં આવી રહેલું સીમાંકન સંબંધિત બંધારણીય સુધારા બિલ લોકશાહી માટે ગંભીર ખતરો છે. તેઓ લોકશાહીને ખતમ કરવા અને સંપૂર્ણ સત્તા હસ્તગત કરવાના ઈરાદાથી '૮૦૦ બેઠકો પાર' કરવાની વાત કરી રહ્યા છે. ગત ચૂંટણીમાં તેમનો નારો '૪૦૦ બેઠકો પાર' કરવાનો હતો. હવે, બેઠકોની સંખ્યા વધારીને, તેઓ અનિશ્ચિત સમય માટે સત્તા પોતાના હાથમાં રાખવા માંગે છે.

વરુણ પટેલ અને હાર્દિક

(છેલ્લા પાનાનું ચાલુ)

કોના માટે હતા તે અંગે સવાલો ઊઠ્યા છે. જોકે, વરુણ પટેલે કોઈનું નામ જાહેર કર્યું નથી. આ અંગે પૂછતાં તેમણે સમય આવ્યે બધું સ્પષ્ટ થશે તેમ કહી વેઈટ એન્ડ વોચનો જવાબ આપ્યો હતો.બીજી તરફ, વિરમગામ વિધાનસભા બેઠકના રાજકીય સમીકરણો વચ્ચે હાર્દિક પટેલ અને વરુણ પટેલ વચ્ચે સોશિયલ મીડિયા પર નામ લીધા વગરની આક્ષેપબાજી પણ ચર્ચામાં છે. ખાસ કરીને આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં વિરમગામ બેઠકની ટિકિટ અને સ્થાનિક રાજકીય વર્ચસ્વને લઈને બંને નેતાઓના નિવેદનોને અલગ-અલગ અર્થમાં જોવામાં આવી રહ્યાં છે.

મહત્ત્વનું એ છે કે વરુણ પટેલે ૨૦૨૭ની ચૂંટણી પહેલાં ચૂંટણી લડવાના સંકેતો પણ આપ્યા છે. જોકે, તેઓ કયા પક્ષમાંથી કે કઈ બેઠક પરથી ચૂંટણી લડશે તે અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. ફેબ્રુઆરીના પાટીદાર કાર્યક્રમને રાજકીય સ્વરૂપ મળશે કે સામાજિક મંચ પૂરતો સીમિત રહેશે તે પણ જોવાનું રહેશે. હાલ વરુણ પટેલના નિવેદનોએ પાટીદાર રાજકારણમાં ફરી ચર્ચાનો વિષય ઊભો કર્યો છે અને વિરમગામ બેઠક પર સૌની નજર કેન્દ્રિત કરી છે.

રાજકોટ ઈન્ટરનેશનલ

(છેલ્લા પાનાનું ચાલુ)

હોવાનો અહેવાલમાં ઉલ્લેખ છે. ગત સપ્તાહે પણ એરપોર્ટના એટીસી ટાવર અને ટર્મિનલ બિલ્ડિંગ સહિતના વિસ્તારોમાં આ પ્રકારની દુર્ગંધ ફેલાઈ હોવાનું અહેવાલમાં જણાવાયું છે. વારંવાર આવી સ્થિતિ ઊભી થતી હોવા છતાં દુર્ગંધના ચોક્કસ કારણ અને તેના સ્રોત અંગે સ્પષ્ટતા ન થતાં એરપોર્ટ પર કામ કરતા કર્મચારીઓ અને મુસાફરોમાં ચિંતા વધી છે.દુર્ગંધથી બચવા માટે નાના બાળકો સહિતના મુસાફરોને ખાસ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. મુસાફરોને સુરક્ષિત રાખવા માટે માસ્ક પહેરવાની ફરજ પડી હતી. મોટી રાત સુધી દુર્ગંધની અસર રહેતી હોવાની પણ નોંધ કરવામાં આવી છે. આ સ્થિતિને કારણે એરપોર્ટના રોજિંદા કામકાજ અને મુસાફરોની સુવિધા સામે પણ સવાલો ઊભા થયા છે.એરપોર્ટ જેવા સંવેદનશીલ સ્થળે વારંવાર આવી દુર્ગંધ ફેલાવાની ઘટના ગંભીર બાબત છે. આસપાસની ઔદ્યોગિક પ્રવૃત્તિઓમાંથી કોઈ ગેસનું ઉત્સર્જન થઈ રહ્યું છે કે કેમ, તેની તપાસ કરી જવાબદારો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માગ ઊઠી છે. એરપોર્ટ પર આવતા હજારો મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા કાયમી ઉકેલ લાવવો જરૂરી બન્યો છે.

રાજકોટમાં આઠ દિવસમાં

(છેલ્લા પાનાનું ચાલુ)

ભાઈ મકવાણા અને તેનો મિત્ર જયવીન ગોહેલ જયેશને જોઈ ત્યાં ઊભા રહી ગયા હતા અને અગાઉ થયેલી માથાકૂટનો ખાર રાખી ગાળા ગાળી કરવા લાગ્યા હતા યુવકે ગાળો આપવાની ના પાડતા ત્રણેય વચ્ચે ઝપાઝપી થઈ હતી અને યુવકને ઢીકાપાટુનો મારમાર્યો હતો. ઉશ્કેરાયેલા ધવલ ઉર્ફે ટકાએ નેફામાંથી છરી કાઢી યુવકને છાતી અને ગળાના ભાગે ઘા મારી દેતા યુવક લોહી લુહાણ હાલતમાં ત્યાંજ ઢળી પડ્યો હતો. દેકારો થતા બંને એક્ટિવા લઈને નાશી ગયા હતા. બનાવના પગલે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને કોઈએ ૧૦૮ને જાણ કરતા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવની જાણ યુવકના મિત્રએ પરિવારજનોને કરતા પરિવારના સભ્યો પણ હોસ્પિટલે દોડી ગયા હતા. યુવકને ગંભીર ઈજા થતા સારવાર ચાલુ કરવામાં આવી હતી દરમિયાન મોડી રાત્રીના દમ તોડી દેતા બનાવ હત્યામાં પલટાયો હતો.

ઘટનાના પગલે થોરાળા પોલીસ હોસ્પિટલે દોડી ગઈ હતી અને જરૂરી કાર્યવાહી કરી મૃતકના પિતા મુકેશભાઈ જેન્તીભાઈ ચાવડા (ઉ.વ.૪૮)ની ફરિયાદ પરથી ધવલ ઉર્ફે તકો વિજયભાઈ મકવાણા (રહે-ગોકુળપરા શેરી નંબર૪) અને જયવીન નટુભાઈ ગોહેલ (રહે-વિજયનગર નવા થોરાળા) સામે હત્યાનો ગુનો નોંધી ધરપકડની તજવીજ હાથ ધરી હતી જેમાં છરીના ઘા ઝિંકનાર ધવલ ઉર્ફે ટકાને પોલીસે સંકજા લઈ જયવીનની શોધખોળ હાથ ધરી છે.

મૃતક બે ભાઈમાં વચેટ ને અપરણિત હતો, કારખાનામાં મજૂરી કામ કરતો હતો. અગાઉ ધવલ ઉર્ફે ટકા સાથે બાઈક સામ સામે આવી જવા બાબતે બોલાચાલી થઈ હતી જે વાતનો ખાર રાખી ગઈકાલે ફાકી ખાવા આવેલા જયેશને ધવલ ઉર્ફે ટકાએ જોઈ લેતા હુમલો કર્યો હતો. યુવાન પુત્રના મોતથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. વધુ તપાસ થોરાળા પોલીસે હાથ ધરી છે.

ક્યાંથી ભણશે રાજકોટ?

(છેલ્લા પાનાનું ચાલુ)

સમિતિની ચૂંટણીનું પરિણામ આવી ગયાને પણ દોઢ મહિનો વિતી ગયો છે છતાં નિમણૂંક કેમ અધ્ધરતાલ રાખવામાં આવી રહી છે.

વાર્ષિક રૂા.૧૧૦ કરોડથી વધુ રકમનું બજેટ અને ૧૦૦થી વધુ શાળાઓના કાર્યક્ષેત્ર સાથે સ્વાયત્ત દરજ્જો ધરાવતી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્ય બનવા માટે અનેક દાવેદારો મેદાને હતા તેથી ૧૮ વોર્ડમાંથી કુલ ૪૦૦થી વધુ દાવેદારોની અરજીનો ઢગલો થયો હતો. દરમિયાન પ્રદેશ ભાજપ દ્વારા સભ્યપદ માટેનો ફાઈટેરિયા સુનિશ્ચિત કરવામાં આવતા મોટાભાગના દાવેદારોની દાવેદારીનો છેદ ઉડી ગયો હતો અને પક્ષની પસંદગી મુજબના નિર્ધારિત નામોની પસંદગી કરવામાં આવી હતી. સમિતિની ચૂંટણી માટે ઉમેદવારોના નામ જાહેર થયા બાદ જો વિપક્ષ ચૂંટણી ઈચ્છે તો ચૂંટણી થાય તેમ હતી પરંતુ વિપક્ષના એક સભ્યને સ્થાન અપાતા ચૂંટણી પ્રક્રિયા પણ બિનહરીફ થઈ હતી. અલબત્ત ચૂંટણી થાય તો પણ મતદારોની સંખ્યા મુજબ વિપક્ષના એક સભ્ય ચૂંટાય તેમ હતા. એકંદરે શાસક-વિપક્ષ બન્નેની સહમતિથી શિક્ષણ સમિતિ બિન હરીફ થઈ હતી.

શિક્ષણ સમિતિની ચૂંટણીનું પરિણામ આવ્યાને આજે દોઢ મહિનાથી વધુ સમય વિતી ગયો છે તેમ છતાં આજ દિવસ સુધી ચેરમેન અને વાઈસ ચેરમેનની નિયુક્તિ માટે કોઈ નિર્ણય લેવામાં નહીં આવતા હવે તો ચૂંટાયેલામાં પણ નારાજગી જોવા મળી રહી છે. વિલંબ થવાનું રાજકીય કારણ જે કંઈ હોય તે પરંતુ વિલંબિત નિયુક્તિ શિક્ષણના તેમજ વિદ્યાર્થીઓના હિતમાં નથી તે ભૂલવું ન જોઈએ, જ્યાંથી જેનું માર્ગદર્શન લેવાનું હોય તે લઈને હવે શિક્ષણ સમિતિ કાર્યરત થવી જોઈએ અન્યથા ભણશે રાજકોટ જેવા સૂત્રો દીવાલોમાં જ લખેલા રહેશે અને સમિતિની શાળાઓનું શિક્ષણ કથળશે. ફક્ત પોતાનું જ હિત જોતા રાજકારણીઓએ શિક્ષણ જગત અને ગરીબ વિદ્યાર્થીઓનું હિત પણ જોવું જોઈએ.

બેટરી લો હોય તો

(પહેલા પાનાનું ચાલુ)

બ્લિંકિટે સ્પષ્ટતા કરી છે કે વાઈફાઈ નેટવર્કની માહિતીનો ઉપયોગ ગ્રાહકનું સ્થાન ઝડપથી ઓળખવા માટે કરવામાં આવે છે. દરેક વખતે જીપીએસ દ્વારા સ્થાન મેળવવામાં સમય ન લાગે તે માટે અગાઉની માહિતી ઉપયોગી બને છે. કંપનીના જણાવ્યા પ્રમાણે આ માહિતીનો ઉપયોગ પરિવારના સભ્યોની ઓળખ કરવા કે માર્કેટિંગ માટે કરવામાં આવતો નથી.

ફોનની બેટરી ઓછી હોય ત્યારે ગ્રાહકને મોંઘી વસ્તુઓ બતાવવામાં આવતી હોવાની આશંકા પણ વ્યક્ત થઈ છે. જોકે આવી પદ્ધતિનો ખરેખર ઉપયોગ થયો હોવાનો પુરાવો સામે આવ્યો નથી.આ સમગ્ર વિવાદે મોબાઈલ એપ દ્વારા એકત્ર કરવામાં આવતી માહિતી અને ગ્રાહકની ગોપનીયતા અંગે નવા પ્રશ્નો ઊભા કર્યા છે.

એપમાં માહિતી મેળવવાની ટેકનિકલ ક્ષમતા હોવી અને તે માહિતીનો વાસ્તવમાં દુરુપયોગ થવો બંને અલગ બાબતો છે. આથી કંપનીની સ્પષ્ટતા ઉપરાંત માહિતીના વાસ્તવિક ઉપયોગની સ્વતંત્ર તપાસ પણ મહત્વની બની રહે છે.

ઈટાલીની શાળાઓમાં

(પહેલા પાનાનું ચાલુ)

હતા. વધુમાં, આ કાયદો પ્રથમ વર્ષના વર્ગખંડોમાં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા પર ૩૦%ની મર્યાદા (કેપ) નક્કી કરે છે. જે વિદ્યાર્થીઓને ઈટાલિયન ભાષા પર સારી પકડ હોય, તેમને આ ૩૦%ની મર્યાદામાંથી મુક્તિ આપવામાં આવી છે.

જો કોઈ શાળા આ મર્યાદાનું પાલન કરવામાં નિષ્ફળ જાય, તો શિક્ષણ સત્તાવાળાઓ વિદ્યાર્થીઓને નજીકની અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં સ્થાનાંતરિત કરવાની વ્યવસ્થા કરી શકે છે. નવા નિયમોમાં એવા વિદેશી વાલીઓ માટે ઈટાલિયન ભાષાના અભ્યાસક્રમોની જોગવાઈ પણ સામેલ છે, જેમની ભાષાકીય મુશ્કેલીઓ તેમના બાળકોના શિક્ષણ પર અસર કરી રહી હોય.

દરમિયાન, વિરોધ પક્ષોએ આ કાયદાની આકરી ટીકા કરી છે અને સરકાર પર ભેદભાવને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો છે. મતદાન દરમિયાન, વિરોધ પક્ષના ધારાસભ્યોએ એક પ્લેકાર્ડ પ્રદર્શિત કર્યું હતું જેના પર લખ્યું હતું, શાળામાં કોઈ વિદેશી હોતા નથી. આ કાયદાના બચાવમાં, શિક્ષણ મંત્રી જિયુસેપ વાલ્દિતારાએ જણાવ્યું હતું કે, આ કાયદો ઈટાલિયન ભાષાના જ્ઞાન અને સહિયારા નિયમોના સન્માન દ્વારા એકતાને પ્રોત્સાહન આપશે. નવા શિક્ષણ કાયદામાં ડિજિટલ પાઠ્યપુસ્તકો, દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે સહાય અને શિક્ષકોની ભરતી અંગેની જોગવાઈઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

અવસાન નોંધ

ચક્ષુદાન એજ મહાદાન

રાજકોટઃ જગદીશભાઈ જમનાદાસભાઈ બાટવિયા તે ગં.સ્વ. નિરુબેનના પતિ તેમજ જમનાદાસ ગોકળદાસ બાટવિયાના પુત્ર,તે સ્વ.મણીલાલ દામજીભાઈ કોટક(પડધરી)ના જમાઈ અને વિશાલભાઈ તથા મનીષાબેન લાલના પિતાશ્રી તેમજ દિવ્ય અને ક્રિષાના દાદા,હેમ તથા ભક્તિના નાના, હિરેનકુમાર મનસુખભાઈ લાલ અને પ્રિતીબેન વિશાલભાઈ બાટવિયાના સસરા,હસમુખભાઈ, સુરેશભાઈ, શૈલેષભાઈ, ચંપાબેન કોટક, સ્વ. સુશીલાબેન ગણાત્રા, નીમુબેન સવાણી તથા કુસુમબેન પોપટના ભાઈ તેમજ હિતેષભાઈના કા

શ્રદ્ધા કપૂરે લાવણી શીખવા માટે કરી હતી તનતોડ મહેનત

'જી જી રે જી'ની તૈયારી અને અભિનેત્રીની લચક જોઈ જોઈ ચાહકો થયા ખુશ



બોલિવૂડ અભિનેત્રી શ્રદ્ધા કપૂર પોતાની આગામી ફિલ્મ 'ઈથા'ને લઈને ચર્ચામાં છે. આ ફિલ્મમાં તે મહારાષ્ટ્રની જાણીતી લોકકલાકાર વિઠાબાઈ ભાઉ માંગ નારાયણગાંવકરની ભૂમિકા ભજવી રહી છે. ફિલ્મમાં પોતાના પાત્રને વાસ્તવિક બનાવવા માટે શ્રદ્ધા ખાસ મહેનત કરી રહી છે. તાજેતરમાં જ નૃત્ય દિગ્દર્શક વૈભવી મર્ચન્ટે ફિલ્મના ગીત 'જી જી રે જી'ની તૈયારીનો પડદા પાછળનો વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં શ્રદ્ધા લાવણી નૃત્યની પ્રેક્ટિસ કરતી જોવા મળી રહી છે.

વૈભવી મર્ચન્ટે શેર કરેલા વીડિયોમાં શ્રદ્ધા કપૂર અને અન્ય નૃત્યાંગનાઓ લાવણી નૃત્યની પ્રેક્ટિસ કરતાં જોવા મળે છે. વૈભવી માઈકોફોન દ્વારા કલાકારોને નૃત્યના હાવભાવ, શરીરની મુદ્રા અને પગલાં સમજાવી રહી છે. વીડિયોમાં શ્રદ્ધા પણ વૈભવીના માર્ગદર્શન હેઠળ નૃત્યનાં વિવિધ પગલાં શીખતી અને તેનું શૂટિંગ કરતી જોવા મળે છે. ગીતનું દૃશ્ય તમાશાના ભવ્ય માહોલમાં તૈયાર કરવામાં આવ્યું છે. રંગબેરંગી સજાવટ, સુંદર પ્રકાશ વ્યવસ્થા અને પરંપરાગત વાદ્યો સાથે આ ગીતને ખાસ અંદાજમાં રજૂ કરવામાં આવ્યું છે.

વીડિયો શેર કરતી વખતે વૈભવી મર્ચન્ટે લખ્યું કે દરેક ગીતની પાછળ નૃત્યનાં પગલાંથી આગળ વધીને એક અલગ વાર્તા હોય છે. 'જી જી રે જી' ગીત બનાવતી વખતે વિતાવેલી કેટલીક ખાસ ક્ષણો તેમના માટે ખૂબ જ યાદગાર છે અને આ યાદો તેમની સાથે જીવનભર રહેશે. આ ગીતને શ્રેયા ઘોષાલે પોતાનો અવાજ આપ્યો છે. વૈભવી મર્ચન્ટે વીડિયો શેર કર્યા બાદ શ્રેયા ઘોષાલે પણ તેના પર પ્રતિક્રિયા આપી હતી. તેમણે વૈભવીનાં વખાણ કરતાં લખ્યું કે તેમની કળા ગતિમાં વહેતી કવિતા જેવી છે અને તેમનું કામ ખૂબ જ સુંદર છે. ફિલ્મ 'ઈથા' મહારાષ્ટ્રની પ્રખ્યાત લોકકલાકાર વિઠાબાઈ ભાઉ માંગ નારાયણગાંવકરના જીવન પર આધારિત છે. તેમણે તમાશા અને લાવણી જેવી પરંપરાગત લોકકલાઓમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.

ફિલ્મમાં શ્રદ્ધા કપૂર વિઠાબાઈની ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મ દ્વારા તેમના જીવનસંઘર્ષ, કલા પ્રત્યેના સમર્પણ અને લોકનૃત્યની દુનિયાને મોટા પડદા પર રજૂ કરવામાં આવશે. ફિલ્મનું દિગ્દર્શન લક્ષ્મણ ઉતેકરે કર્યું છે.

૨૬ વર્ષ બાદ ફરીથી રોમાંચથી ધડકી ઉઠશે દર્શકોનાં દિલ: 'ધડકન-૨'ની તૈયારી શરૂ

અક્ષય કુમાર અને શિલ્પા શેટ્ટીની થશે બાદબાકી, સુનીલ શેટ્ટીની થશે વાપસી



બોલિવૂડમાં જૂની હિટ ફિલ્મોની બીજી આવૃત્તિ બનાવવાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. હવે વર્ષ ૨૦૦૦માં રિલીઝ થયેલી સુપરહિટ રોમેન્ટિક ફિલ્મ 'ધડકન'ની બીજી આવૃત્તિને લઈને ચર્ચાઓ શરૂ થઈ છે. લગભગ ૨૬ વર્ષ બાદ આ ફિલ્મનો બીજો ભાગ દર્શકો સમક્ષ આવી શકે છે. જોકે, આ વખતે ફિલ્મમાં જૂની કલાકારોની જોડી જોવા નહીં મળે તેવી માહિતી સામે આવી છે. અક્ષય કુમાર અને શિલ્પા શેટ્ટીની જગ્યાએ નવા કલાકારોને તક આપવાની તૈયારી ચાલી રહી છે. બીજી તરફ, સુનીલ શેટ્ટી ખાસ ભૂમિકામાં જોવા મળી શકે છે.નિર્માતાઓ 'ધડકન ૨' બનાવવા માટે પ્રાથમિક સ્તરે ચર્ચા કરી રહ્યા છે. જોકે, આ ફિલ્મ પહેલી ફિલ્મની વાર્તાને આગળ વધારતી નહીં હોય. પહેલી ફિલ્મની જેમ જ નવી ફિલ્મની વાર્તામાં પ્રેમ, સંબંધો, ભાવનાત્મક ગૂંચવણો અને વિરહ જેવા વિષયોને આવરી લેવામાં આવશે. વર્ષ ૨૦૦૦માં રિલીઝ થયેલી ફિલ્મ 'ધડકન'માં અક્ષય કુમારે રામ, શિલ્પા શેટ્ટીએ અંજલિ અને સુનીલ શેટ્ટીએ દેવની ભૂમિકા ભજવી હતી. આ ત્રણેય કલાકારોના અભિનય અને ફિલ્મની પ્રેમકથાને દર્શકોએ ખૂબ પસંદ કરી હતી. જોકે, 'ધડકન ૨' માટે નિર્માતાઓ નવા કલાકારો વિશે વિચારી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. આથી અક્ષય કુમાર અને શિલ્પા શેટ્ટી મુખ્ય ભૂમિકામાં જોવા મળે તેવી શક્યતા હાલ ઓછી છે. આ ફિલ્મને લઈને સૌથી મહત્ત્વના સમાચાર સુનીલ શેટ્ટીની સંભવિત વાપસીના છે. પહેલી ફિલ્મમાં દેવનું પાત્ર ભજવીને સુનીલ શેટ્ટીએ દર્શકોના દિલમાં ખાસ સ્થાન બનાવ્યું હતું.

હવે નવી ફિલ્મમાં તેમને મહેમાન કલાકાર તરીકેની ભૂમિકા માટે સંપર્ક કરવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. જોકે, તેમની ભૂમિકા ચોક્કસ કેવી હશે અને વાર્તામાં તેનું કેટલું મહત્ત્વ હશે, તે અંગે હજુ સ્પષ્ટતા કરવામાં આવી નથી. પહેલી ફિલ્મ 'ધડકન'નું દિગ્દર્શન ધર્મેશ દર્શને કર્યું હતું. જોકે, બીજા ભાગ માટે નવા દિગ્દર્શકના નામની ચર્ચા ચાલી રહી છે.

'ટોયલેટ : એક પ્રેમ કથા' અને 'બત્તી ગુલ મીટર ચાલુ' જેવી ફિલ્મોનું દિગ્દર્શન કરનારા શ્રી નારાયણ સિંહને આ જવાબદારી સોંપવામાં આવે તેવી શક્યતા છે. આ પ્રોજેક્ટને લઈને નિર્માતાઓ અને દિગ્દર્શક વચ્ચે પ્રાથમિક ચર્ચા ચાલી રહી હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. 'ધડકન ૨' અંગેની ચર્ચા હજુ પ્રાથમિક તબક્કામાં છે. ફિલ્મની પટકથા અને નિર્માણ પૂર્વેની તૈયારીઓ શરૂઆતના તબક્કામાં હોવાનું કહેવાય છે.



ઈમરાન હાશ્મી-જેનેલિયાની કેમેસ્ટ્રી પર દર્શકો થયાં ફિદા

'ગનમાસ્ટર જી૯'ને મળી શાનદાર પ્રતિક્રિયા!

બોલિવૂડ અભિનેતા ઈમરાન હાશ્મી અને અભિનેત્રી જેનેલિયા ડિસોઝાની ફિલ્મ 'ગનમાસ્ટર જી૯' સિનેમાઘરોમાં રિલીઝ થઈ ગઈ છે. આ ફિલ્મમાં પહેલીવાર બંને કલાકારો એકસાથે પડદા પર જોવા મળી રહ્યા છે. ફિલ્મ રિલીઝ થતાં જ દર્શકોએ સામાજિક માધ્યમો પર પોતાની પ્રતિક્રિયાઓ આપવાનું શરૂ કરી દીધું છે. ખાસ કરીને ઈમરાન અને જેનેલિયાની જોડીને દર્શકો ખૂબ પસંદ કરી રહ્યા છે. કેટલાક દર્શકોએ તો બંનેની જોડીને સૌથી સુંદર જોડી ગણાવી છે.

'ગનમાસ્ટર જી૯'નાં ગીતો અને ફિલ્મના પ્રથમ દેખાવે પહેલેથી જ દર્શકોમાં ઉત્સુકતા જગાવી હતી. હવે ફિલ્મ સિનેમાઘરોમાં પહોંચ્યા બાદ તેને દર્શકો તરફથી મિશ્ર પરંતુ ઘણી હકારાત્મક પ્રતિક્રિયાઓ મળી રહી છે. સામાજિક માધ્યમો પર એક દર્શકે ઈમરાન હાશ્મી અને જેનેલિયા ડિસોઝાની કેમેસ્ટ્રીને સૌથી સુંદર ગણાવી છે. દર્શકોનું કહેવું છે કે બંને પહેલીવાર સાથે જોવા મળી રહ્યા હોવા છતાં તેમની જોડી પડદા પર ખૂબ સારી લાગી રહી છે.

ફિલ્મમાં ઈમરાન હાશ્મી ઈશ્વરના પાત્રમાં જોવા મળે છે. ઈશ્વર એક ડેરી ફાર્મ ચલાવતો સામાન્ય માણસ છે, જે પોતાના પરિવાર સાથે શાંતિપૂર્ણ જીવન જીવી રહ્યો છે. પરંતુ એક ખતરનાક ગેંગ તેના પરિવારને નિશાન બનાવે છે. ત્યારબાદ પરિવારને બચાવવા માટે ઈશ્વરને પોતાના ભૂતકાળનો સામનો કરવાની ફરજ પડે છે.

દર્શકોને ઈમરાનનો એક્શન અવતાર પસંદ આવી રહ્યો છે. ફિલ્મમાં તેમણે જોરદાર એક્શન દૃશ્યો આપ્યાં છે. તેમના સંવાદો અને પડદા પરની હાજરીનાં પણ વખાણ થઈ રહ્યાં છે. ફિલ્મમાં જેનેલિયા ડિસોઝા આરતીની ભૂમિકામાં જોવા મળે છે. જ્યારે અપારશક્તિ ખુરાના નકારાત્મક ભૂમિકામાં છે. ફિલ્મમાં તેમનું નામ દેસુ છે. દર્શકોએ અપારશક્તિના અલગ અંદાજની પણ પ્રશંસા કરી છે. આ ઉપરાંત ફિલ્મમાં અભિષેક સિંહ, ઈનાયત વર્મા અને સ્નેહિલ દીક્ષિત મહેરા પણ મહત્ત્વની ભૂમિકામાં છે.

ફિલ્મને એક તરફ એક્શન દૃશ્યો, કલાકારોના અભિનય અને સંગીત માટે પ્રશંસા મળી રહી છે, તો બીજી તરફ કેટલાક દર્શકોએ તેની વાર્તાને જૂની અને અનુમાન લગાવી શકાય તેવી ગણાવી છે. કેટલાક દર્શકોને ફિલ્મનો પ્રથમ ભાગ ધીમો લાગ્યો છે. જ્યારે કેટલાકે વધુ પડતી હિંસા અને વાર્તાની રજૂઆત અંગે પણ નારાજગી વ્યક્ત કરી છે. આમ, ફિલ્મને લઈને દર્શકોમાં અલગ-અલગ અભિપ્રાયો જોવા મળી રહ્યા છે. જોકે, ઈમરાન અને જેનેલિયાની નવી જોડીએ ચોક્કસપણે સૌનું ધ્યાન ખેંચ્યું છે.

આ ફિલ્મની એક ખાસ વાત એ પણ છે કે ઈમરાન હાશ્મી, દિગ્દર્શક આદિત્ય દત્ત અને સંગીતકાર હિમેશ રેશમિયા લગભગ ૨૦ વર્ષ બાદ ફરી એકસાથે કામ કરી રહ્યા છે.

આ ત્રણેય અગાઉ 'આશિક બનાયા આપને' અને 'દિલ દિયા હૈ' જેવી ફિલ્મોમાં સાથે કામ કરી ચૂક્યા છે. 'ગનમાસ્ટર જી૯'નું દિગ્દર્શન આદિત્ય દત્તે કર્યું છે.

આયુષ્માનની 'યે પ્રેમ મોલ લિયા'એ મારી બાજી, ઈમરાન 'ગનમાસ્ટર જી૯' પહેલા જ દિવસે પછડાઈ

રણબીર કપૂર અને યશની ફિલ્મ 'રામાયણ'ના લીધે બન્ને ફિલ્મની કમાણી પર અસર



બોલિવૂડમાં ૨૭ નવેમ્બરે બે નવી ફિલ્મો વચ્ચે બોક્સ ઓફિસ પર ટક્કર જોવા મળી હતી. એક તરફ આયુષ્માન ખુરાના અને શર્વરીની ફિલ્મ 'યે પ્રેમ મોલ લિયા' સિનેમાઘરોમાં રજૂ થઈ હતી, તો બીજી તરફ ઈમરાન હાશ્મી અને જેનેલિયા ડિસોઝાની ફિલ્મ 'ગનમાસ્ટર જી૯'એ પણ દસ્તક આપી હતી. બંને ફિલ્મોને શરૂઆતના દિવસે સારો દર્શકવર્ગ મળવાની અપેક્ષા હતી, પરંતુ બંનેની શરૂઆત અપેક્ષા કરતાં ધીમી રહી હતી. જોકે, કમાણીના મામલે આયુષ્માન ખુરાનાની ફિલ્મે ઈમરાન હાશ્મીની ફિલ્મને પાછળ છોડી દીધી છે. આંકડા અનુસાર, સૂરજ બડજાત્યાની ફિલ્મ 'યે પ્રેમ મોલ લિયા'એ પહેલા દિવસે ભારતમાં ૪ કરોડ રૂપિયાની ચોખ્ખી કમાણી કરી છે. જ્યારે ફિલ્મની કુલ આવક ૪.૭૦ કરોડ રૂપિયા રહી છે.

ફિલ્મમાં આયુષ્માન ખુરાના અને શર્વરી મુખ્ય ભૂમિકામાં છે. આ ઉપરાંત અનુપમ ખેર, સીમા પાહવા, સુપ્રિયા પાઠક અને સ્વાનંદ કિર્કિરે પણ મહત્ત્વની ભૂમિકાઓ ભજવી છે.

બીજી તરફ ઈમરાન હાશ્મીની ફિલ્મ 'ગનમાસ્ટર જી૯' પહેલા દિવસે કમાણીના મામલે પાછળ રહી ગઈ હતી. ફિલ્મે ભારતમાં ૩.૬૫ કરોડ રૂપિયાની ચોખ્ખી કમાણી કરી હતી, જ્યારે તેની કુલ આવક ૪.૩૦ કરોડ રૂપિયા રહી હતી. ફિલ્મમાં ઈમરાન હાશ્મી ઉપરાંત જેનેલિયા ડિસોઝા અને અપારશક્તિ ખુરાના પણ મહત્ત્વની ભૂમિકામાં છે. આ એક્શન થ્રિલર ફિલ્મનું દિગ્દર્શન આદિત્ય દત્તે કર્યું છે.

પહેલા દિવસની કમાણીના આંકડા પ્રમાણે બંને ફિલ્મો વચ્ચે બહુ મોટો તફાવત નથી. 'યે પ્રેમ મોલ લિયા'એ ૪ કરોડ રૂપિયાની ચોખ્ખી કમાણી કરી છે, જ્યારે 'ગનમાસ્ટર જી૯'એ ૩.૬૫ કરોડ રૂપિયા મેળવ્યા છે. એટલે બંને ફિલ્મોની કમાણી વચ્ચે માત્ર ૩૫ લાખ રૂપિયાનું અંતર રહ્યું છે. બંને નવી ફિલ્મોની ધીમી શરૂઆત પાછળનું એક મોટું કારણ રણબીર કપૂર અને યશની ફિલ્મ 'રામાયણ' પણ માનવામાં આવી રહી છે. આ ફિલ્મ ત્રીજા સપ્તાહમાં પણ સિનેમાઘરોમાં દર્શકોને આકર્ષી રહી છે.

શુક્રવારે પણ 'રામાયણ'એ ૩ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી હતી. તેના કારણે નવી રજૂ થયેલી ફિલ્મોના દર્શકવર્ગ અને ટિકિટબારીની કમાણી પર અસર પડી હોવાનું માનવામાં આવે છે.હવે શનિવાર અને રવિવાર બંને ફિલ્મો માટે મહત્ત્વપૂર્ણ રહેશે. સપ્તાહાંતમાં દર્શકોનો પ્રતિસાદ કેવો રહે છે તેના પરથી બંને ફિલ્મોની આગળની કમાણીનો અંદાજ આવશે.

'કિંગ'નું નવું ગીત 'ડેડી કૂલ' રિલીઝ થતાં જ ચાહકોમાં ખુશી છલક છલક



શાહરૂખ ખાનની આગામી ફિલ્મ 'કિંગ'નું નવું ગીત 'ડેડી કૂલ' રિલીઝ થઈ ગયું છે. આ પહેલાં ફિલ્મનું ગીત 'તૂ મિલ જાયે' રિલીઝ થયું હતું, જેને દર્શકોએ ખૂબ પસંદ કર્યું હતું. હવે નિર્માતાઓએ ફિલ્મનું વધુ એક ગીત રજૂ કર્યું છે. આ ગીતમાં શાહરૂખ ખાન જાણીતી અભિનેત્રી કરીના કપૂર ખાન સાથે ડાન્સ કરતા જોવા મળી રહ્યા છે. બંનેની જોડી અને તેમની વચ્ચેની કેમેસ્ટ્રી ચાહકોનાં દિલ જીતી રહી છે. ગીતની શરૂઆતમાં કરીના કપૂર ખાન લાલ રંગના ડ્રેસમાં ડાન્સ કરતી જોવા મળે છે. આ દરમિયાન ડાન્સ ફ્લોર પર શાહરૂખ ખાનની એન્ટ્રી થાય છે. કાળા રંગના ડ્રેસમાં જોવા મળતા શાહરૂખ ખાન કરીનાને જોઈને સ્મિત કરે છે.

ગીતની શરૂઆતની પંક્તિઓ છે, 'આજા કર લે પૂરી જો જિદ્દ હૈ તેરી, મૈં ભી દેખું કહાં તક હૈ હદ યે તેરી. આ પંક્તિઓ પૂરી થતાં જ શાહરૂખ અને કરીના એકબીજાની બાહોમાં આવી જાય છે. ત્યારબાદ શાહરૂખ પણ ડાન્સ ફ્લોર પર ઝૂમવા લાગે છે. આ એક ઊર્જાથી ભરપૂર અને જોશીલું ગીત છે, જેને અરિજિત સિંહ અને શિલ્પા રાવે ગાયું છે. જ્યારે આ ગીતને સચિન-જિગરની જોડીએ સંગીત આપ્યું છે.

ઉલ્લેખનીય છે કે આ ગીત બોની એમ.ના જાણીતા વૈશ્વિક હિટ ગીત 'ડેડી કૂલ'થી પ્રેરિત છે. કરીના કપૂર ખાન અને શાહરૂખ ખાનની જોડી આ ગીત દ્વારા ૧૫ વર્ષના લાંબા સમયગાળા બાદ પડદા પર જોવા મળશે. પડદાની આ લોકપ્રિય જોડી છેલ્લે વર્ષ ૨૦૧૧માં આવેલી ફિલ્મ 'રા.વન'માં જોવા મળી હતી.

ફિલ્મ 'વારાણસી'માં ભગવાન રામના અવતારમાં જોવા મળશે મહેશ બાબુ

ફિલ્મમાં હશે કંઈક અનોખું તેવી રાજામૌલીએ આપી ખાતરી



દક્ષિણ ભારતીય સિનેમાના જાણીતા દિગ્દર્શક એસ.એસ. રાજામૌલીની આગામી ફિલ્મ 'વારાણસી'ને લઈને દર્શકોમાં ભારે ઉત્સુકતા છે. વર્ષ ૨૦૨૭માં રિલીઝ થનારી આ ફિલ્મને દક્ષિણ ભારતીય સિનેમાની અત્યાર સુધીની સૌથી મોટી ફિલ્મોમાંની એક માનવામાં આવી રહી છે. ફિલ્મના મોટા બજેટ અને ભવ્યતા વચ્ચે હવે મુખ્ય અભિનેતા મહેશ બાબુના પાત્રને લઈને એક મહત્ત્વપૂર્ણ માહિતી સામે આવી છે. અહેવાલો અનુસાર, મહેશ બાબુ ફિલ્મમાં ભગવાન રામના અવતારમાં પણ જોવા મળશે. જોકે, આ પાત્રને લઈને એક ખાસ વળાંક છે. તાજેતરમાં રણબીર કપૂર ફિલ્મ 'રામાયણ'માં ભગવાન રામની ભૂમિકામાં જોવા મળ્યા છે. હવે મહેશ બાબુ પણ 'વારાણસી'માં રામની છબીમાં જોવા મળશે. જોકે, તેમનું પાત્ર સીધું ભગવાન રામનું નહીં હોય, પરંતુ ભગવાન રામથી પ્રેરિત હશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, મહેશ બાબુ ફિલ્મના એક ભાગમાં ભગવાન રામના અવતારમાં જોવા મળશે. આ કંઈક એવું જ હશે, જેવું ફિલ્મ 'આરઆરઆર'માં રામચરણના પાત્ર સાથે જોવા મળ્યું હતું. તે ફિલ્મમાં એક લડાઈના દૃશ્ય દરમિયાન રામચરણની છબી ભગવાન રામ જેવી દર્શાવવામાં આવી હતી અને એક મોટા એક્શન દૃશ્યમાં તેઓ આ અવતારમાં જોવા મળ્યા હતા. હવે મહેશ બાબુ પણ 'વારાણસી'ના એક ભાગમાં ભગવાન રામની છબીમાં જોવા મળશે. જોકે, આ તેમના પાત્રનો માત્ર એક ભાગ હશે. ફિલ્મમાં તેમનું બાકીનું પાત્ર રહસ્યમય અને અનેક સ્તરો ધરાવતું જોવા મળશે.

ફિલ્મની વાર્તા વિશે હજુ સુધી વધુ વિગતો જાહેર કરવામાં આવી નથી. જોકે, અત્યાર સુધી મળેલી માહિતી અનુસાર ફિલ્મની વાર્તા પૌરાણિક કથાઓ અને કાલ્પનિક ભવિષ્યના સમાજ સાથે જોડાયેલી હશે. માનવામાં આવે છે કે એસ.એસ. રાજામૌલીએ મહેશ બાબુના પાત્રને ખૂબ જ ઝીણવટપૂર્વક તૈયાર કર્યું છે. ફિલ્મમાં મહેશ બાબુની સામે પૃથ્વીરાજ સુકુમારન મુખ્ય ખલનાયકની ભૂમિકામાં જોવા મળશે. જ્યારે પ્રિયંકા ચોપરા મુખ્ય અભિનેત્રી તરીકે જોવા મળશે.

રિલીઝ પહેલાં જ 'એવેન્જર્સ ડૂમ્સડે'નો સુપર બ્લાસ્ટ! ફાઇનલ ટ્રેલરને ૨૪ કલાકમાં મળ્યા ૫૬.૩ કરોડ વ્યૂઝ



હોલિવૂડની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'એવેન્જર્સ ડૂમ્સડે' રિલીઝ પહેલાં જ દુનિયાભરમાં ચર્ચાનો વિષય બની ગઈ છે. ફિલ્મના ફાઇનલ ટ્રેલરે એવો રેકોર્ડ બનાવ્યો છે કે સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા છે. આ ટ્રેલરને રિલીઝ થયાના માત્ર ૨૪ કલાકમાં ૫૬.૩ કરોડ વ્યૂઝ મળ્યા છે. આ સાથે જ તે અત્યાર સુધીનું દુનિયાનું બીજું સૌથી વધુ જોવાયેલું ફિલ્મનું ટ્રેલર બની ગયું છે.

માર્વેલ સ્ટુડિયોની ફિલ્મ 'એવેન્જર્સ ડૂમ્સડે'ના ફાઇનલ ટ્રેલરને ૨૩ નવેમ્બરના રોજ રજૂ કરવામાં આવ્યું હતું. આ ટ્રેલરને પ્રથમ ૨૪ કલાકમાં ૫૬૩ મિલિયન એટલે કે ૫૬.૩ કરોડ વ્યૂઝ મળ્યા હતા.અહેવાલ અનુસાર, રસ્સો બ્રધર્સના દિગ્દર્શનમાં બનેલી આ ફિલ્મનું ટ્રેલર અત્યાર સુધીનું સૌથી વધુ જોવાયેલું ડિઝની ટ્રેલર બની ગયું છે. સાથે જ દુનિયાભરમાં સૌથી વધુ જોવાયેલા ફિલ્મ ટ્રેલરની યાદીમાં તેને બીજું સ્થાન મળ્યું છેને

સૌથી વધુ જોવાયેલા ટ્રેલરની યાદીમાં પ્રથમ સ્થાન પર 'સ્પાઇડરમેન : બ્રાન્ડ ન્યૂ ડે'નું ટ્રેલર છે. આ ટ્રેલરને રિલીઝના પ્રથમ ૨૪ કલાકમાં ૭૧૮.૬ મિલિયન એટલે કે ૭૧.૮૬ કરોડ વ્યૂઝ મળ્યા હતા. જોકે, 'એવેન્જર્સ ડૂમ્સડે'ના ફાઇનલ ટ્રેલરે પોતાની જ ફિલ્મના અગાઉ રજૂ થયેલા ટીઝરને પાછળ છોડી દીધું છે. અગાઉના ટીઝરને પ્રથમ ૨૪ કલાકમાં ૫૦૩ મિલિયન એટલે કે ૫૦.૩ કરોડ વ્યૂઝ મળ્યા હતા.

આ ઉપરાંત વર્ષ ૨૦૨૪માં આવેલી ફિલ્મ 'ડેડપૂલ એન્ડ વોલ્વરિન'ના સુપર બાઉલ ટીઝરને પણ આ ટ્રેલરે પાછળ છોડી દીધું છે. તે ટીઝરને ૩૬.૫ કરોડ વ્યૂઝ મળ્યા હતા. 'એવેન્જર્સ ડૂમ્સડે'ના સમગ્ર પ્રચાર અભિયાનને અત્યાર સુધીમાં આશરે ૩.૩ અબજ એટલે કે ૩૩૦ કરોડ વ્યૂઝ મળ્યા છે. આ ઉપરાંત સામાજિક માધ્યમો પર ફિલ્મનો ઉલ્લેખ લગભગ ૪૮ લાખ વખત કરવામાં આવ્યો છે.

ફિલ્મના પ્રચારમાં રોબર્ટ ડાઉની જુનિયરની જાહેરાત, સેન ડિયેગો કોમિક-કોનનો કાર્યક્રમ, કલાકારોની જાહેરાત અને અલગ-અલગ ટીઝરનો સમાવેશ થાય છે. 'એવેન્જર્સ ડૂમ્સડે'ને લઈને ભારતમાં પણ દર્શકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ફિલ્મ ભારતમાં ૧૭ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. ફિલ્મમાં રોબર્ટ ડાઉની જુનિયર ડોક્ટર ડૂમની ભૂમિકામાં જોવા મળશે. આ ઉપરાંત ક્રિસ ઈવાન્સ, ક્રિસ હેમ્સવર્થ, પેડ્રો પાસ્કલ અને અન્ય જાણીતા કલાકારો પણ ફિલ્મનો ભાગ છે.

હોલિવૂડના દિગ્ગજ અભિનેતા ટોમ હેન્ક્સ અભિનેત્રી સચના નાભિદાસના જબરા ફેન

વિજય સેતુપતિની ફિલ્મ 'મહારાજા'માં સચનાનો અભિનય જોઈને કર્યા વખાણ





હોલિવૂડના જાણીતા અભિનેતા ટોમ હેન્ક્સ ભારતીય ફિલ્મ અને કલાકારોના અભિનયથી પ્રભાવિત થયા છે. તેમણે દક્ષિણ ભારતીય અભિનેતા વિજય સેતુપતિની ફિલ્મ 'મહારાજા' જોઈ છે અને તેમાં અભિનય કરનારી યુવા અભિનેત્રી સચના નાભિદાસના ભારોભાર વખાણ કર્યા છે. ટોમ હેન્ક્સે સચનાના અભિનયને અદ્ભુત ગણાવ્યો છે. તેમની આ પ્રશંસાથી સચના ખૂબ જ ખુશ છે. આ વાતનો ખુલાસો ઈન્ટરનેશનલ એકેડેમી ઓફ ટેલિવિઝન આર્ટ્સ એન્ડ સાયન્સિસનાં બોર્ડ સભ્ય કવિતા ગુમાએ કર્યો છે. તેમણે 'ધ હોલિવૂડ રિપોર્ટર ઈન્ડિયા' સાથેની વાતચીતમાં ટોમ હેન્ક્સ સાથે થયેલી મુલાકાતનો અનુભવ શેર કર્યો હતો. કવિતા ગુમાના જણાવ્યા અનુસાર, આ વર્ષની શરૂઆતમાં તેમની મુલાકાત લોસ એન્જલસ કાઉન્ટી મ્યુઝિયમ ઓફ આર્ટના એક કાર્યક્રમમાં ટોમ હેન્ક્સ સાથે થઈ હતી. આ દરમિયાન ટોમ હેન્ક્સે તેમને ભારતની ત્રણ સારી ફિલ્મો સૂચવવા કહ્યું હતું.

કવિતા ગુમાએ તેમને વિજય સેતુપતિની ફિલ્મ 'મહારાજા' જોવાની સલાહ આપી હતી. ત્યારબાદ ૭ નવેમ્બરે લોસ એન્જલસમાં યોજાયેલા બીજા એક કાર્યક્રમમાં બંનેની ફરી મુલાકાત થઈ હતી. આ વખતે ટોમ હેન્ક્સે જાતે જ ફિલ્મનો ઉલ્લેખ કર્યો હતો અને સચના નાભિદાસના અભિનયનાં વખાણ કર્યા હતા.

ટોમ હેન્ક્સે કહ્યું હતું કે, ''હું હજુ પણ તે છોકરીને ભૂલી શકતો નથી. તે કેટલી અદ્ભુત અભિનેત્રી છે! મને નથી લાગતું કે હું આવું કરી શક્યો હોત. હું તો તે વ્યક્તિને મારી નાખત!'ટોમ હેન્ક્સની આ વાતથી સ્પષ્ટ થાય છે કે સચનાના અભિનયે તેમના પર ઊંડી છાપ છોડી છે. વર્ષ ૨૦૨૪માં રિલીઝ થયેલી તમિલ ફિલ્મ 'મહારાજા'માં વિજય સેતુપતિ મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યા હતા. સચના નાભિદાસે આ ફિલ્મમાં જ્યોતિનું પાત્ર ભજવ્યું હતું, જે વિજય સેતુપતિના પાત્રની દીકરી છે. ફિલ્મની વાર્તા એક વાળંદની આસપાસ ફરે છે, જે પોતાના ઘરમાં બનેલી એક ઘટના બાદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા પહોંચે છે. ફિલ્મની વાર્તા અલગ-અલગ સમયગાળામાં આગળ વધે છે અને ધીમે ધીમે એક ચોંકાવનારી હકીકત સામે આવે છે. સચનાના અભિનયની ખૂબ પ્રશંસા થઈ હતી અને આ પાત્ર માટે તેમને શ્રેષ્ઠ સહાયક અભિનેત્રીનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર પણ મળ્યો હતો.

ફિલ્મમાં વિજય સેતુપતિ ઉપરાંત અનુરાગ કશ્યપ, મમતા મોહનદાસ અને નટ્ટી સુબ્રમણ્યમ પણ મહત્ત્વની ભૂમિકામાં જોવા મળ્યા હતા.

સાઈ પલ્લવીને જેવી છે તેવી જ દેખાવું ગમે, મેકઅપ ટાળે

અભિનેત્રીએ કહ્યું અસલી મહિલાઓના પાત્રો ભજવતી વખતે ચહેરા પર બનાવટી ચમક નથી જોઈતી



દક્ષિણ ભારતીય ફિલ્મોની જાણીતી અભિનેત્રી સાઈ પલ્લવી આજકાલ પોતાની ફિલ્મ 'રામાયણ'ની સફળતાનો આનંદ માણી રહી છે. આ ફિલ્મમાં તેમણે માતા સીતાની ભૂમિકા ભજવી છે. સાઈ પલ્લવીએ તાજેતરમાં જ ફિલ્મ જગતમાં પોતાના ૧૦ વર્ષ પૂર્ણ કર્યા છે. તેમની એક ખાસ વાત એ છે કે તેઓ મોટાભાગે મેકઅપ વગર જ જોવા મળે છે. એટલું જ નહીં, તેઓ ફિલ્મોના શૂટિંગ દરમિયાન પણ શક્ય હોય ત્યાં સુધી મેકઅપ કરવાનું ટાળે છે. કાર્યક્રમો અને મુલાકાતોમાં પણ તેઓ મેકઅપ વગર જ પહોંચે છે.

સાઈ પલ્લવીએ પોતાની પહેલી ફિલ્મ 'પ્રેમમ'માં પણ શક્ય તેટલો ઓછો મેકઅપ કર્યો હતો. તાજેતરમાં તેમને પૂછવામાં આવ્યું કે જાહેર જીવનની જાણીતી વ્યક્તિ હોવા છતાં તેમણે મેકઅપ વગર રહેવાનો નિર્ણય કેવી રીતે લીધો અને તેમના આ નિર્ણય પર દિગ્દર્શકોની કેવી પ્રતિક્રિયા રહેતી હતી. સાઈ પલ્લવીએ કહ્યું, ''આ એવો વિષય છે જેના વિશે છેલ્લાં ૧૦ વર્ષથી દરેક વ્યક્તિ વાત કરી રહી છે. સાચું કહું તો મારી કારકિર્દીની શરૂઆતમાં હું ઘણી અસુરક્ષિત અનુભવતી હતી. પરંતુ સમય જતાં મને સમજાયું કે ઘણી એવી ફિલ્મો હોય છે, જે ખરેખર દર્શકો અને પાત્ર ભજવનારા કલાકારો વચ્ચેનો સંબંધ હોય છે. તેથી તમે એવું નહીં ઈચ્છો કે તમારો ચહેરો એકદમ બનાવટી દેખાય, જેથી લોકો તે પાત્ર સાથે જોડાઈ જ ન શકે. હું હંમેશાં મારાં પાત્રો પ્રત્યે પ્રામાણિક રહી છું અને દિગ્દર્શકોને પણ તેમાં કંઈ ખોટું લાગ્યું નથી.

સાઈએ આગળ કહ્યું, ''સમયની સાથે મેં જે

ઈડીની મનમાની ચલાવી નહીં લેવાયઃ સીજેઆઈ

મની લોન્ડરિંગના કેસોમાં મિલકતો જપ્ત કરવાના મામલે સુપ્રીમ કોર્ટનો મહત્વનો ચુકાદો, હવે ન્યાયિક સભ્યની હાજરી ફરજિયાત

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પાસે મની લોન્ડરિંગના કેસોમાં મિલકત જપ્ત કરવાની સત્તા છે. પરંતુ શું એક માત્ર વહીવટી અધિકારી લાંબા સમય સુધી વ્યક્તિની મિલકત સ્થગિત કરવાનો નિર્ણય લઈ શકે છે? સુપ્રીમ કોર્ટે ૨૬ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ આ કાનૂની પ્રશ્ન પર એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે સ્પષ્ટ કર્યું કે મિલકત જપ્તીની અંતિમ પુષ્ટિ ન્યાયિક સભ્યની સંડોવણી વિના કરી શકાતી નથી. આ ચુકાદાથી મની લોન્ડરિંગના કેસોમાં ઈડી દ્વારા મિલકત જપ્ત કરવાની સત્તા પર ન્યાયિક દેખરેખ વધુ મજબૂત બનશે. સાથે જ મિલકત જપ્તીથી પ્રભાવિત વ્યક્તિને નિષ્પક્ષ સુનાવણી અને કાયદાકીય પ્રક્રિયાનો અધિકાર સુનિશ્ચિત



કરવામાં મદદ મળશે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને ન્યાયાધીશ વી. મોહનાની ત્રણ સભ્યોની પીઠે ૨૬ નવેમ્બરે આ ચુકાદો આપ્યો હતો.ન્યાયિક સભ્ય વિના મિલકત જપ્તીનો અંતિમ નિર્ણય નહીં. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે પીએમએલએની કલમ ૮(૨) અને ૮(૩) હેઠળ મિલકત મની લોન્ડરિંગ સાથે સંકળાયેલી છે કે નહીં અને તેની જપ્તી ચાલુ રાખવી કે નહીં તે નક્કી કરવાની પ્રક્રિયામાં ન્યાયિક સભ્ય હોવો જરૂરી છે.

કોર્ટે સ્પષ્ટતા કરી કે આ પ્રક્રિયામાં પુરાવાઓની તપાસ, કાયદાકીય જોગવાઈઓનું અર્થઘટન અને બંને પક્ષોની દલીલો પર વિચાર કરવાનો હોય છે. તેથી આટલા મહત્ત્વપૂર્ણ નિર્ણયમાં કાયદાકીય સમજ અને ન્યાયિક અનુભવ ધરાવતી વ્યક્તિની ભાગીદારી જરૂરી છે.

કોર્ટે એમ પણ કહ્યું કે મિલકત જપ્તીનો અંતિમ આદેશ વ્યક્તિના સંપત્તિ રાખવાના અધિકારને અસર કરી શકે છે. આવી સ્થિતિમાં નિષ્પક્ષ અને કાયદેસર નિર્ણય થાય તે સુનિશ્ચિત કરવું જરૂરી છે.સુપ્રીમ કોર્ટે દેશમાં મની લોન્ડરિંગના કેસોની વધતી સંખ્યા અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. કોર્ટે કેન્દ્ર સરકારને એક જ સત્તામંડળના બદલે ફરીથી એકથી વધુ નિર્ણય લેનારાં સત્તામંડળો બનાવવાની શક્યતા પર વિચાર કરવાની ભલામણ કરી છે.કોર્ટના જણાવ્યા અનુસાર, ઈડી દ્વારા કરવામાં આવતા કામચલાઉ મિલકત જપ્તીના આદેશોની સંખ્યા ૨૦૨૦-૨૧માં ૧૮૫ હતી, જે ૨૦૨૫-૨૬માં વધીને ૩૧૨ થઈ ગઈ હતી.

એક સભ્યની પીઠ પણ લઈ શકશે નિર્ણય

સુપ્રીમ કોર્ટે પીએમએલએની કલમ ૬(૫)(બી) અને ૬(૭)ની કાયદેસર માન્યતા પણ જાળવી રાખી છે. આ જોગવાઈઓ હેઠળ સત્તામંડળ એક અથવા બે સભ્યોની પીઠ બનાવી શકે છે.કોર્ટે સ્પષ્ટ કર્યું કે દરેક પીઠમાં ન્યાયિક સભ્ય હોવો જરૂરી નથી. જોકે, મિલકત જપ્તી અંગેનો અંતિમ નિર્ણય લેતી વખતે ન્યાયિક સભ્ય હોવો આવશ્યક છે.આ ઉપરાંત સત્તામંડળના અધ્યક્ષ પાસે ન્યાયિક પૃષ્ઠભૂમિ હોવી જ જોઇએ તેવી કોઈ કાયદાકીય જોગવાઈ નથી. એટલે અધ્યક્ષ બિનન્યાયિક પૃષ્ઠભૂમિ ધરાવતી વ્યક્તિ પણ હોઈ શકે છે.

દેશમાં ૩માંથી ૨ કિશોરમાં વિટામિન બી-૧૨ની ઉણપ

ગર્ભવતી અને સ્તનપાન કરાવતી મહિલાઓ પણ પ્રભાવિત હોવાનું આઈસીએમઆરના અહેવાલમાં ખુલ્યું

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

ભારતમાં કિશોરોમાં પોષક તત્ત્વોની ઉણપની ગંભીર સમસ્યા સામે આવી છે. ભારતીય તબીબી સંશોધન પરિષદ (આઈસીએમઆર) અને રાષ્ટ્રીય પોષણ સંસ્થા (એનઆઈએન) દ્વારા કરવામાં આવેલા રાષ્ટ્રીય સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે દેશના લગભગ બે તૃતીયાંશ કિશોરોમાં વિટામિન બી૧૨ની ઉણપ છે. આ સમસ્યા કિશોર છોકરાઓમાં છોકરીઓની સરખામણીએ થોડી વધારે જોવા મળી છે. એટલું જ નહીં, ગર્ભવતી અને સ્તનપાન કરાવતી મહિલાઓમાં પણ વિટામિન બી૧૨ની ઉણપ નોંધાઈ છે.આઈસીએમઆર-એનઆઈએનના સર્વેક્ષણ અનુસાર, ૧૦થી ૧૯ વર્ષની વયના ૬૬.૧ ટકા કિશોર છોકરાઓ અને ૬૫.૪ ટકા કિશોરીઓમાં વિટામિન બી૧૨નું પ્રમાણ નિર્ધારિત સ્તર કરતાં ઓછું જોવા મળ્યું છે.

સર્વેક્ષણમાં લોહીના સીરમમાં વિટામિન બી૧૨નું પ્રમાણ ૨૦૩ પિકોગ્રામ પ્રતિ મિલીલીટરથી ઓછું હોય તો તેને તેની ઉણપ માનવામાં આવી છે.

આ તારણો ૨૦૨૩થી ૨૦૨૫ દરમિયાન હાથ ધરવામાં આવેલા સંપદા સર્વેક્ષણનો ભાગ છે. આ સર્વેક્ષણનો હેતુ દેશના વિવિધ વયજૂથોમાં લોહીની ઊણપ અને સૂક્ષ્મ પોષક તત્ત્વોની ઉણપનું પ્રમાણ જાણવાનો હતો.

નાનાં બાળકો પણ બાકાત નથી

સર્વેક્ષણમાં બાળકોમાં પણ વિટામિન બી૧૨ની ઉણપ જોવા મળી છે. ૧૨થી ૫૯ મહિનાની વયનાં ૩૭.૩ ટકા બાળકોમાં આ ઉણપ નોંધાઈ હતી. જ્યારે પથી ૯ વર્ષની વયનાં ૪૬.૫ ટકા બાળકોમાં વિટામિન બી૧૨નું પ્રમાણ ઓછું હતું.આ આંકડા દર્શાવે છે કે વિટામિન બી૧૨ની ઉણપની સમસ્યા નાની ઉંમરથી જ શરૂ થઈ શકે છે અને જીવનનાં અલગ-અલગ તબક્કામાં જોવા મળે છે.

એરપોર્ટ કંપનીનું લિસ્ટિંગ પણ થશેઃ દેશમાં રોજની ૩૦ હજાર ફ્લાઇટની જરૂર પડશે એવો કંપનીનો અંદાજ

અદાણી જૂથ એરલાઈન ક્ષેત્રમાં પ્રવેશવાની તૈયારીમાંઃ કેન્દ્ર સરકાર પાસે મંજૂરી માગી

આજકાલ પ્રતિનિધિ
અમદાવાદ

દેશના એરપોર્ટ ક્ષેત્રમાં મોટી હાજરી ધરાવતું અદાણી જૂથ હવે એરલાઈનના વ્યવસાયમાં પણ રોકાણ કરવાની તૈયારી કરી રહ્યું છે. જૂથે આ ક્ષેત્રમાં રોકાણ કરવા માટે કેન્દ્ર સરકાર પાસે મંજૂરી માગી છે. સરકારની મંજૂરી મળે તો અદાણી જૂથ કોઈ એરલાઈન કંપનીમાં સીધું અથવા રોકાણ ભંડોળ મારફતે રોકાણ કરી શકે છે. આ સાથે જૂથ પોતાની એરપોર્ટ કંપનીને ૨૦૨૭માં શેરબજારમાં લાવવાની યોજના પર પણ કામ કરી રહ્યું છે.

અદાણી જૂથના મુખ્ય નાણાકીય અધિકારી જુગેશિન્દર રોબી સિંહે શુક્રવારે આ માહિતી આપી હતી. તેમણે



જણાવ્યું હતું કે ભારતમાં હવાઈ મુસાફરીની માંગ આગામી વર્ષોમાં નોંધપાત્ર વધવાની શક્યતા છે. દેશના ૬૦ કરોડથી વધુ લોકો હવાઈ મુસાફરી કરવાની આર્થિક ક્ષમતા ધરાવે છે.

તેમના અંદાજ અનુસાર ભવિષ્યમાં ભારતમાં દરરોજ લગભગ ૩૦ હજાર ફ્લાઈટની જરૂર પડી શકે છે. આ માટે હાલની હવાઈ સેવા ક્ષમતામાં લગભગ દસ ગણો વધારો કરવો પડશે. આટલી મોટી માંગ પૂરી કરવા માટે નવી એરલાઈન કંપનીઓ, વધુ વિમાનો અને મોટા પ્રમાણમાં રોકાણની જરૂર પડશે.

અદાણી જૂથ હાલમાં દેશનાં આઠ એરપોર્ટનું સંચાલન કરે છે. તેમાં મુંબઈ, નવી મુંબઈ, અમદાવાદ, લખનઉ અને ગુવાહાટી સહિતનાં એરપોર્ટનો સમાવેશ થાય છે. જૂથના એરપોર્ટ નેટવર્કમાંથી દેશના કુલ હવાઈ મુસાફરોના એક ચતુર્થાંશથી વધુ મુસાફરો પસાર થતા હોવાનું જણાવાય છે.અદાણી જૂથને એરલાઈન ક્ષેત્રમાં રોકાણ કરવાની મંજૂરી મળે તો તેની હાજરી એરપોર્ટના સંચાલનથી આગળ વધીને હવાઈ મુસાફરીની સેવાઓ સુધી વિસ્તરી શકે છે. જોકે કંપનીએ પોતાની નવી એરલાઈન શરૂ કરવાની કોઈ ચોક્કસ જાહેરાત કરી નથી. હાલની દરખાસ્ત એરલાઈન ક્ષેત્રમાં રોકાણ કરવાની છે.

ગ્લોબલ વોર્મિંગની અસરથી આકાશી વીજળી પડવાની ઘટનાઓ ૧૪૦ ટકા સુધી વધી જશે

વર્ષ ૨૧૦૦ સુધીમાં વીજળી પડવાની ઘટનાઓનું જોખમ વધશે, અમેરિકા, દક્ષિણ-પૂર્વ એશિયા અને ઓશનિયામાં સૌથી વધુ અસર થવાની શક્યતા

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

વિશ્વભરમાં વધી રહેલા તાપમાન અને જળવાયુ પરિવર્તનની અસર હવે કુદરતી આફતો પર પણ જોવા મળી રહી છે. વૈજ્ઞાનિકોના એક અભ્યાસમાં ચેતવણી આપવામાં આવી છે કે પૃથ્વીનું તાપમાન વધતું રહેશે તો ભવિષ્યમાં આકાશી વીજળી પડવાની ઘટનાઓમાં મોટો વધારો થઈ શકે છે. અંદાજ મુજબ, વર્ષ ૨૧૦૦ સુધીમાં આકાશી વીજળી પડવાની ઘટનાઓ ૧૯૯૫થી ૨૦૧૪ના સમયગાળાની સરખામણીએ ૭૬થી ૧૪૦ ટકા સુધી વધી શકે છે. આ સ્થિતિ માનવજીવન, ખેતી, જંગલો અને



પર્યાવરણ માટે નવો પડકાર ઊભો કરી શકે છે.વૈજ્ઞાનિકોના અનુમાન પ્રમાણે, એમેઝોન, દક્ષિણ-પૂર્વ એશિયા અને ઓશનિયા જેવા વિસ્તારોમાં વીજળી પડવાની ઘટનાઓમાં સૌથી વધુ વધારો થઈ શકે છે. જ્યારે અમેરિકાના અલાસ્કા વિસ્તારમાં વીજળી પડવાની ઘટનાઓની સંખ્યા વર્તમાન સ્તરની સરખામણીએ લગભગ છ ગણી એટલે કે ૧૧૬ ટકાથી વધીને ૫૮૪ ટકા સુધી પહોંચી શકે છે.

અભ્યાસમાં જણાવ્યા મુજબ, પૃથ્વીના તાપમાનમાં થતો દરેક ડિગ્રીનો વધારો આકાશી વીજળી પડવાની ઘટનાઓમાં પણ વધારો કરી શકે છે. વર્ષ ૧૯૦૧થી ૧૯૨૦ અને વર્ષ ૧૯૯૫થી ૨૦૧૪ વચ્ચેના આંકડાઓની સરખામણી કરવામાં આવી હતી. આ સમયગાળા દરમિયાન વીજળી પડવાની ઘટનાઓમાં આશરે ૧૧ ટકાનો વધારો નોંધાયો હતો. તાપમાનમાં દરેક એક ડિગ્રીના વધારા સાથે વીજળી પડવાની ઘટનાઓમાં લગભગ ૧૨ ટકાનો વધારો થતો હોવાનું પણ અભ્યાસમાં સામે આવ્યું છે.

અમેરિકાના નાણામંત્રી સ્કોટ બેસેન્ટે પોતાનું આલીશાન નિવાસસ્થાન છોડ્યું

ઈરાનથી ડરીને રૂબિયો સહિતના ટ્રમ્પના મંત્રીઓ લશ્કરી મથકોમાં રહેવા માટે ગયા

આજકાલ પ્રતિનિધિ
વોશિંગ્ટન

અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવને પગલે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટી તંત્રના અનેક વરિષ્ઠ અધિકારીઓની સુરક્ષા વધારવામાં આવી છે. ઈરાન તરફથી મળતી હોવાની જણાવાતી ધમકીઓ અને અમેરિકામાં રાજકીય હિંસાની આશંકાને ધ્યાનમાં રાખીને લગભગ છ કેબિનેટ સભ્યો તથા ઉચ્ચ અધિકારીઓને વોશિંગ્ટનના સુરક્ષિત લશ્કરી મથકોમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

અમેરિકન સમાચાર સંસ્થા સીએનએનના અહેવાલ અનુસાર વિદેશમંત્રી માર્કો રૂબિયો, નાણામંત્રી સ્કોટ બેસેન્ટ અને સંરક્ષણમંત્રી પીટ હેગસેથ સહિતના અધિકારીઓ આ સુરક્ષા વ્યવસ્થાનો લાભ લઈ રહ્યા છે. સામાન્ય રીતે લશ્કરના ઉચ્ચ અધિકારીઓ માટે અનામત રાખવામાં આવતાં આવાસોમાં તેમને રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ આવાસો લશ્કરી મથકોની અંદર આવેલા હોવાથી સામાન્ય નાગરિકોનો પ્રવેશ નિયંત્રિત હોય છે. કેટલાક મકાનો સો વર્ષ કરતાં પણ જૂનાં છે, પરંતુ તેમની આસપાસ કડક સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવે છે. બહારના લોકો માટે પ્રવેશ મેળવવો મુશ્કેલ હોવાથી ઉચ્ચ અધિકારીઓની સુરક્ષા માટે આ સ્થળો પસંદ કરવામાં આવ્યાં છે.

નાણામંત્રી સ્કોટ બેસેન્ટ તાજેતરમાં જ જ્યોર્જટાઉન વિસ્તારમાં આવેલું પોતાનું આલીશાન નિવાસસ્થાન છોડીને લશ્કરી મથકમાં રહેવા ગયા છે. તેમને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી હોવાનું જણાવાયું છે. બેસેન્ટ ટ્રમ્પ સરકારની ઈરાન સામે આર્થિક પ્રતિબંધો વધુ કડક બનાવવાની નીતિમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.

બેસેન્ટે સ્વીકાર્યું છે કે તેમને અને કેબિનેટના અન્ય સભ્યોને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી છે. જોકે તેમણે સ્પષ્ટ કર્યું હતું કે આવી ધમકીઓથી તેઓ ડરવાના નથી અને સરકારની નીતિમાં ફેરફાર કરવામાં આવશે નહીં.અમેરિકાના એટર્ની જનરલ ટોડ બ્લેન્ચ પણ સુરક્ષાને ધ્યાનમાં રાખીને લશ્કરી આવાસમાં રહેવા ગયા હોવાનું અહેવાલમાં જણાવાયું છે. વિદેશમંત્રી રૂબિયો અને સંરક્ષણમંત્રી હેગસેથની સુરક્ષા માટે પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

ઈરાન સાથેના સંઘર્ષ પછી અમેરિકાના ઉચ્ચ અધિકારીઓ સામે સુરક્ષાનું જોખમ વધ્યું હોવાનું માનવામાં આવે છે.

વિકસિત દેશોની નાગરિકતા મેળવવામાં ભારતીયો સૌથી આગળઃ પાંચ વર્ષમાં ૪૧.૪ ટકાનો વધારો થયો

પાંચ વર્ષમાં ૯.૨૫ લાખ ભારતીયોએ ઓઈસીડી દેશોની નાગરિકતા મેળવી, વર્ષ ૨૦૧૫થી ૨૦૧૯ દરમિયાન આ આંકડો ૬.૫૪ લાખ હતો

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

વિદેશમાં સ્થાયી થવાની અને વિકસિત દેશોની નાગરિકતા મેળવવાની ભારતીયોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આર્થિક તકો, રોજગાર, શિક્ષણ અને વધુ સારી જીવનશૈલીની શોધમાં મોટી સંખ્યામાં ભારતીયો વિદેશ તરફ વળી રહ્યા છે. ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (ઓઈસીડી)ના અહેવાલ મુજબ, વર્ષ ૨૦૨૦થી ૨૦૨૪ દરમિયાન કુલ ૯.૨૫ લાખ ભારતીયોએ ઓઈસીડીના સભ્ય દેશોની નાગરિકતા મેળવી છે. વર્ષ ૨૦૧૫થી ૨૦૧૯ દરમિયાન આ આંકડો ૬.૫૪ લાખ હતો. એટલે કે પાંચ વર્ષમાં નાગરિકતા મેળવનારા ભારતીયોની સંખ્યામાં



૪૧.૪ ટકાનો વધારો નોંધાયો છે.

ઓઈસીડીના આંકડા પ્રમાણે, વિકસિત દેશોની નાગરિકતા મેળવનાર લોકોમાં ભારતીયો પ્રથમ ક્રમે છે. ભારત પછી મેક્સિકો અને સીરિયાનો ક્રમ આવે છે. વર્ષ ૨૦૨૦થી ૨૦૨૪ દરમિયાન મેક્સિકોના ૫.૯૦ લાખ અને સીરિયાના ૫.૮૮ લાખ નાગરિકોએ ઓઈસીડી દેશોની નાગરિકતા મેળવી હતી. આ યાદીમાં મોરોક્કોના ૫.૦૮ લાખ, ફિલિપાઈન્સના ૫.૦૪ લાખ અને ચીનના ૩.૪૩ લાખ લોકોનો સમાવેશ થાય છે.

વિદેશી નાગરિકતા મેળવવા ઈચ્છતા ભારતીયો માટે કેનેડા સૌથી પસંદગીનો દેશ બની રહ્યો છે. વર્ષ ૨૦૨૪માં ૮૭,૩૨૦ ભારતીયોએ કેનેડાની નાગરિકતા મેળવી હતી. જ્યારે વર્ષ ૨૦૨૩માં આ સંખ્યા ૭૮,૪૮૭ હતી. એટલે કે એક વર્ષમાં ૧૧.૨ ટકાનો વધારો થયો છે.

બીજી તરફ અમેરિકામાં વર્ષ ૨૦૨૪ દરમિયાન ૪૮,૮૨૦ ભારતીયોને નાગરિકતા મળી હતી, જ્યારે ૨૦૨૩માં આ આંકડો ૫૨,૩૬૦ હતો. ઓસ્ટ્રેલિયામાં ૨૦૨૩માં ૪૦,૩૬૧ ભારતીયોએ નાગરિકતા મેળવી હતી, જે ૨૦૨૪માં ઘટીને ૨૮,૯૬૯ થઈ હતી. જોકે, બ્રિટનમાં ભારતીયોની સંખ્યા વધી હતી. વર્ષ ૨૦૨૩માં ૧૮,૩૧૯ની સામે ૨૦૨૪માં ૨૪,૮૮૮ ભારતીયોને બ્રિટનની નાગરિકતા મળી હતી. ન્યૂઝીલેન્ડમાં આ આંકડો ૬,૬૦૯થી ઘટીને ૫,૭૭૮ થયો હતો.

ઓઈસીડી દેશોમાં અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ ભારતનું સ્થાન મહત્ત્વનું છે. આ દેશોમાં સૌથી વધુ ૮.૫૦ લાખ ચીનના વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે, જ્યારે ૮.૩૦ લાખ વિદ્યાર્થીઓ સાથે ભારત બીજા ક્રમે છે. આ આંકડા દર્શાવે છે કે ઉચ્ચ શિક્ષણ માટે પણ ભારતીય યુવાનો વિકસિત દેશોને પ્રાથમિકતા આપી રહ્યા છે.

અહેવાલમાં પ્રવાસીઓના આર્થિક યોગદાન અંગે પણ મહત્ત્વની માહિતી આપવામાં આવી છે. વર્ષ ૨૦૧૫માં ઓઈસીડી દેશોની કુલ વસ્તીમાં પ્રવાસીઓનો હિસ્સો ૯ ટકા હતો.

ઝારખંડ હાઈકોર્ટના ન્યાયાધીશ સામે તપાસનો આદેશ

મુખ્ય ન્યાયાધીશે જ પ્રામાણિકતા અંગે ફરિયાદ કરી

જસ્ટિસ સુજિત નારાયણ પ્રસાદ સામે મળેલી ફરિયાદોની તપાસ કરવા દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતનો આદેશઃ દસ્તાવેજો પણ રજૂ કરાયા

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

ઝારખંડ હાઈકોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ સુજિત નારાયણ પ્રસાદની પ્રામાણિકતા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા બાદ દેશના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે તેમની સામે મળેલી ફરિયાદોની તપાસ કરવાનો આદેશ આપ્યો છે. આ ઘટનાની વિશેષ બાબત એ છે કે ફરિયાદ કરનારાઓમાં ઝારખંડ હાઈકોર્ટના તત્કાલીન મુખ્ય ન્યાયાધીશ એમ.એસ. સોનાકનો પણ સમાવેશ થાય છે.

જસ્ટિસ સોનાકે પોતાની જ હાઈકોર્ટના ન્યાયાધીશ સામે ફરિયાદ કરીને તેમની પ્રામાણિકતા અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. આ ફરિયાદ દેશના મુખ્ય



ન્યાયાધીશ સુધી પહોંચ્યા બાદ તપાસનો નિર્ણય લેવામાં આવ્યો છે. ન્યાયતંત્રમાં એક હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ દ્વારા પોતાની જ અદાલતના અન્ય ન્યાયાધીશ સામે આવી ફરિયાદ કરવામાં આવે તે અસામાન્ય ઘટના ગણાય છે.

મળતી માહિતી અનુસાર જસ્ટિસ સુજિત નારાયણ પ્રસાદ સામે એક કરતાં વધુ ફરિયાદો કરવામાં આવી છે. કેટલાક ફરિયાદીઓએ પોતાના આક્ષેપોના સમર્થનમાં દસ્તાવેજો પણ રજૂ કર્યા છે. જોકે ફરિયાદોમાં કરવામાં આવેલા આક્ષેપોની સત્યતા તપાસમાં નક્કી થવાની બાકી છે.સામાન્ય રીતે દેશના મુખ્ય ન્યાયાધીશની કચેરીને વિવિધ હાઈકોર્ટના ન્યાયાધીશો સામે ફરિયાદો મળતી રહે છે. આવી ફરિયાદો કરનારાઓમાં કેસના પક્ષકારો અથવા વકીલોનો સમાવેશ થતો હોય છે. પરંતુ વર્તમાન કેસમાં હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરફથી જ ફરિયાદ કરવામાં આવી હોવાથી ઘટનાને વિશેષ મહત્વ મળ્યું છે.અહેવાલ અનુસાર ઝારખંડ સરકારના સૂત્રોએ જણાવ્યું છે કે જસ્ટિસ પ્રસાદ સામેની ફરિયાદો મુખ્યમંત્રી હેમંત સોરેન સુધી પણ પહોંચી હતી.

નવી વ્યૂહરચના તૈયાર કરવાની અત્યંત જરૂર

પાકિસ્તાનને ચીન-તુર્કીની અવકાશી મદદથી ખતરો

ભારત પોતાની ઉપગ્રહ ક્ષમતા વધારશેઃ સીડીએસ

ચીન પાસેની જાસૂસી, નેવિગેશન અને લક્ષ્યની ઓળખ કરવાની ટેકનોલોજી પાકિસ્તાનને મળી શકે છે

આજકાલ પ્રતિનિધિ
નવી દિલ્હી

ચીન અને તુર્કીની મદદથી પાકિસ્તાન પોતાની અવકાશી અને લશ્કરી ક્ષમતામાં વધારો કરી રહ્યું છે ત્યારે ભારતે આ બદલાતી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સંરક્ષણ વ્યૂહરચના તૈયાર કરવી પડશે. ભારતના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ એન.એસ. રાજા સુબ્રમણિએ આ ચેતવણી આપતાં જણાવ્યું છે કે ચીન પાસે રહેલી અવકાશ આધારિત જાસૂસી અને લશ્કરી માહિતી મેળવવાની ક્ષમતાઓનો લાભ પાકિસ્તાનને પણ મળી શકે છે.

જનરલ સુબ્રમણિએ જણાવ્યું હતું કે પાકિસ્તાનની અવકાશ સંશોધન સંસ્થા સુપાર્કો પોતાની ક્ષમતાઓ વધારવા માટે



કામ કરી રહી છે. ચીન ઉપરાંત તુર્કી તરફથી પણ પાકિસ્તાનને ટેકનોલોજી અને અન્ય પ્રકારની સહાય મળવાની શક્યતા છે. ભારતે હવે એવી ધારણા રાખીને તૈયારી કરવી જોઈએ કે ચીનની મહત્વની અવકાશી ક્ષમતાઓ પાકિસ્તાન માટે પણ ઉપલબ્ધ થઈ શકે છે.

તેમણે ખાસ કરીને ગુપ્ત માહિતી મેળવવા, દેખરેખ રાખવા અને દુશ્મનના લક્ષ્યની ઓળખ કરવા માટે ઉપયોગમાં લેવાતી આઈએસઆર ટેકનોલોજીનો ઉલ્લેખ કર્યો હતો. આ ઉપરાંત ચોક્કસ સ્થાન નક્કી કરવું, માર્ગદર્શન આપવું અને સમયનું સંકલન કરવું જેવી ક્ષમતાઓ આધુનિક યુદ્ધમાં અત્યંત મહત્વની બની ગઈ છે.

ઉપગ્રહોની મદદથી સૈન્યની હિલચાલ, હથિયારોની ગોઠવણી અને સરહદી વિસ્તારોની સ્થિતિ અંગે માહિતી મેળવી શકાય છે. આ માહિતી મિસાઈલ અને અન્ય શસ્ત્રોના ઉપયોગમાં પણ મદદરૂપ બને છે. ચીનની આવી ક્ષમતાઓ પાકિસ્તાનને ઉપલબ્ધ થાય તો ભારતીય સેનાએ પોતાની કામગીરી અને સુરક્ષા વ્યવસ્થામાં જરૂરી ફેરફારો કરવા પડશે.

સીડીએસએ જણાવ્યું હતું કે ભારત અવકાશ આધારિત દેખરેખની ત્રીજા તબક્કાની યોજના, એસબીએસ-૩, પર કામ કરી રહ્યું છે. આ યોજના કાર્યરત થયા પછી ભારતની દેખરેખ અને માહિતી એકત્ર કરવાની ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે. વધુ ઉપગ્રહો બનાવવાની અને તેમને અવકાશમાં મોકલવાની ક્ષમતા વિકસાવવા માટે પણ પ્રયાસ ચાલી રહ્યા છે.

આ કામગીરીમાં ખાનગી ક્ષેત્રની કંપનીઓ અને ઉદ્યોગસાહસિકોને જોડવામાં આવી રહ્યા છે. સંરક્ષણ ક્ષેત્રમાં માત્ર સરકારી સંસ્થાઓ પર આધાર રાખવાને બદલે ખાનગી ક્ષેત્રની ટેકનોલોજી અને સંશોધનનો લાભ લેવાની દિશામાં ભારત આગળ વધી રહ્યું છે.

રાજકોટમાં આઠ દિવસમાં ત્રીજી હત્યાઃ થોરાળામાં યુવકને વેતરી નાખ્યો

અગાઉ સામ સામે બાઈક અડી જતાં થયેલા ઝઘડાનો ખાર રાખી બે શખસોએ માર મારી છરીથી હુમલો કરતા યુવકનું મોતઃ એક આરોપી સકંજામાં

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટમાં દશ દિવસમાં ત્રીજી હત્યાનો બનાવ બન્યો છે. આઠેક દિવસ પૂર્વે એક જ દિવસમાં મોરબી રોડ પર રહેતી મહિલાની પતિએ આડા સંબંધની શંકાએ પત્નીને છરીથી હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધી હતી એજ દિવસે રાત્રીના ગાંધીગ્રામમાં એસ.કે.ચોક પાસે બેલડીએ યુવકને છરીના ઘા મારી હત્યા નિપજાવી હોવાના બનાવ હજુ તાજા છે ત્યાં ગત રાત્રીના નવા થોરાળા વિસ્તારમાં અગાઉના ઝગડાનો ખાર રાખી યુવકને બે શખસોએ ઢીકાપાટુનો મારમારી છરીના બે ઘા મારી હત્યા નિપજાવ્યાનો બનાવ બન્યો હતો. બનાવના પગલે થોરાળા પોલીસ દોડી ગઈ હતી અને તપાસ હાથ ધરી હતી.



પ્રાપ્ત વિગત મુજબ નવા થોરાળામાં અવધ પાર્ક શેરી નં-૪માં રહેતો જયેશ મુકેશભાઈ ચાવડા (ઉ.વ.૧૯)નો યુવક ગઈકાલે રાત્રે સાડા દશેક વાગ્યે મિત્ર સાથે નવા ગોકુળપરા શેરી નંબર-૪માં સિધ્ધાર્થ પાન નામની કેબીને ફાકી ખાવા માટે ઉભો હતો ત્યારે ત્યાંથી એક્ટિવા લઈને નીકળેલા ધવલ ઉર્ફે ટકો વિજય

(અનુ. ૧૧મા પાને)

ધવલ ઉર્ફે ટકો શામજી મકા ગેંગનો સાગરીત

મૃતકના પરિવારે આક્ષેપ કર્યો હતો હતો, ધવલ ઉર્ફે ટકો જુદા જુદા ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકેલો છે અને તાજેતરમાં જ રાજકોટ પોલીસે શામજી મકા ગેંગ સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી કરી હતી તેનો જ સાગરીત છે, પોલીસે ધવલ સામે પણ ગુજસીટોકનો ગુનો નોંધે તેવી માગ કરી છે. પોલીસે ધવલ ઉર્ફે ટકાને ગણતરીની કલાકોમાં જ સંકજામાં લઈ વધુ પુછપરછ હાથ ધરી છે.

રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઝેરી ગેસની દુર્ગંધથી અફરાતફરી, ૪૦૦થી વધુ લોકો ગૂંગળાયા

એરપોર્ટના એટીસી ટાવરથી ટર્મિનલ સુધી ફેલાઈ દુર્ગંધ, અધિકારીઓથી લઈને મુસાફરો સુધી માસ્ક પહેરવાની ફરજ પડી

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટના હીરાસર નજીક આવેલા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફરી એક વખત ઝેરી ગેસની દુર્ગંધ ફેલાતાં ચિંતાજનક સ્થિતિ સર્જાઈ હતી. એરપોર્ટના વિવિધ વિસ્તારોમાં અચાનક ફેલાયેલી તીવ્ર દુર્ગંધને કારણે એરપોર્ટ પર ફરજ બજાવતા અધિકારીઓ, કર્મચારીઓ, સુરક્ષા જવાનો અને મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. આ દુર્ગંધની અસરને કારણે ૪૦૦થી વધુ લોકો ગૂંગળામણનો અનુભવ કરતા હોવાના અહેવાલ સામે આવ્યા છે. પરિસ્થિતિ એવી બની હતી કે એરપોર્ટના અધિકારીઓ અને કર્મચારીઓ સહિત મુસાફરોએ પણ માસ્ક પહેરવાની ફરજ પડી હતી.

મળતી માહિતી મુજબ, રાજકોટના ઈન્ટરનેશનલ એરપોર્ટના એટીસી ટાવર, ટર્મિનલ બિલ્ડિંગ સહિતના વિસ્તારોમાં ઝેરી ગેસ જેવી તીવ્ર દુર્ગંધ પ્રસરી હતી. ખાસ કરીને હવાઈ સેવા અને ટર્મિનલ વિસ્તારમાં કામ કરતા કર્મચારીઓ માટે આ સ્થિતિ મુશ્કેલીજનક બની હતી. એરપોર્ટ પર હાજર મુસાફરોને પણ શ્વાસ લેવામાં તકલીફ અને ગૂંગળામણ જેવી પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો.

આ ઘટનાને લઈને એરપોર્ટ ઓથોરિટી દ્વારા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને જાણ કરવામાં આવી હતી. પ્રાથમિક આશંકા મુજબ એરપોર્ટની આસપાસ આવેલી કેમિકલ ફેક્ટરીઓમાંથી કોઈ ઝેરી ગેસ લીકેજ થયો હોઈ શકે છે. જોકે, ગેસના ચોક્કસ સ્ત્રોત અંગે સત્તાવાર તપાસ બાદ જ સ્પષ્ટતા થઈ શકે તેમ છે. પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આ મામલે તપાસ કરવામાં આવી

(અનુ. ૧૧મા પાને)

કોર્પોરેશન ચોકના ટ્રાફિક સિગ્નલ બંધ કરવા મેયર નેહલ શુકલનો પોલીસ તંત્રને આદેશ

નાગરિકોમાંથી વ્યાપક ફરિયાદો મળતા મેયરએ તાત્કાલિક પોલીસને જાણ કરીઃ એસટી બસ સ્ટેશન અને મુખ્ય ફાયર સ્ટેશન નજીક એક કિ.મી.માં ત્રણ ટ્રાફિક સિગ્નલ કાર્યરત થતાં ટ્રાફિક સમસ્યા વકરી

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકાની મુખ્ય કચેરી પાસે કોર્પોરેશન ચોકમાં મુકાયેલા ટ્રાફિક સિગ્નલ મુદ્દે સ્થાનિક નાગરિકો, વાહન ચાલકો તેમજ મ્યુનિ. સ્ટાફમાંથી વ્યાપક ફરિયાદો મળતા મેયર ડો.નેહલ શુક્લ દ્વારા કોર્પોરેશન ચોકનું ટ્રાફિક સિગ્નલ બંધ કરવા પોલીસ વિભાગને આદેશ કરવામાં આવ્યો હતો.

ઢેબર રોડ ઉપર ભૂતખાના ચોક, કોર્પોરેશન ચોક અને ત્રિકોણબાગ ચોક ખાતે તેમ ફક્ત એક કિલોમીટરના વિસ્તારમાં ત્રણ ત્રણ ટ્રાફિક સિગ્નલ



કાર્યરત થતા સિગ્નલના કારણે ટ્રાફિક જામ થવા લાગ્યો હતો.

તદ્ઉપરાંત નજીકમાં જ એસટી બસ સ્ટેશન આવેલું હોય ત્યાં આગળ દિવસ દરમિયાન કુલ ૧૨૦૦થી વધુ બસોની આવન જાવન થતી હોય આ તમામ બાબતોને ધ્યાને લઈને તેમજ મુખ્યત્વે નાગરિકોને પડતી હાલાકીને ધ્યાને લઈને કોર્પોરેશન ચોકમાંથી ટ્રાફિક સિગ્નલ બંધ કરવા મેયર ડો.નેહલ શુક્લએ જાણ કરતા હવે ટૂંક સમયમાં કોર્પોરેશન ચોકનું ટ્રાફિક સિગ્નલ બંધ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ક્યાંથી ભણશે રાજકોટ? મનપામાં નવી ટીમને છ મહિના પૂર્ણ છતાં શિક્ષણ સમિતિ લટકતી

મહાપાલિકાના નવા પદાધિકારીઓની તા.૨૮ મેએ નિમણૂક થયાને આજે છ મહિના પૂર્ણઃ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન અને વાઈસ ચેરમેનની નિમણૂક નહીં કરવાનું કારણ શું? ભાજપમાં એક જ ચર્ચા

આજકાલ પ્રતિનિધિ
રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકામાં ભાજપની નવી ટીમે તા.૨૮ મે ૨૦૨૬ના રોજ સુકાન સંભાળ્યાને આજ રોજ તા.૨૮ નવેમ્બરે છ મહિના પૂર્ણ થયા છે તેમ છતાં હજુ સુધી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન અને વાઈસ ચેરમેનની નિમણુંક કરાતી ન હોય હાલ રાજકોટ શહેર ભાજપમાં માત્ર એક જ ચર્ચા જોવા મળી રહી છે કે કયા કારણોસર નવા પદાધિકારીઓની નિયુક્તિ કરવામાં આવી રહી નથી અને

(અનુ. ૧૧મા પાને)


પેપરના પાર્સલો લઇ જવા રીક્ષા જોઇએ છે
લાયસન્સ હોવું જરૂરી
રૂબરૂ સંપર્ક કરો
આજકાલ કાર્યાલય - રવાનગી વિભાગ
ઘનરજની બિલ્ડીંગ, ૯મો માળ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ
સમય સાંજે ૬ થી ૭, મો. 81601 81381

લીંબુ હરસિદ્ધિ લીંબુ
સી. એ. કોલ્ડ સ્ટોરેજ
લીંબુ સ્ટોરેજ કરી બહોળો નફો કમાવાની સુવર્ણ તક
સ્ટોર કરવા માટેનો દક્ષિણ ગુજરાતનો એક માત્ર કોલ્ડ સ્ટોરેજ
અમારે ત્યાંથી લીંબુ ખરીદી, વેચાણ તેમજ સ્ટોર કરી આપવામાં આવશે.
ઊંડાય રોડ, જેસીયા ફળીયા, તા. ચીખલી, જી. નવસારી - ૩૯૬ ૨૨૫
Mo.9712664733, 9714244733

વરુણ પટેલ અને હાર્દિક પટેલ વચ્ચે સોશિયલ મીડિયા પર આક્ષેપ યુદ્ધ

ફેબ્રુઆરીમાં પાટીદાર સમાજનું મહાસંમેલન યોજવાની તૈયારી, ઝોનવાઈઝ યાત્રા, ગામેગામ સભાઓ યોજાશે

આજકાલ પ્રતિનિધિ
ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં પાટીદાર સમાજ અને ખાસ કરીને વિરમગામ વિધાનસભા બેઠકના રાજકીય સમીકરણોને લઈને ફરી ચર્ચા શરૂ થઈ છે. પાટીદાર અનામત આંદોલનના જાણીતા ચહેરા વરુણ પટેલની તાજેતરની સોશિયલ મીડિયા પોસ્ટ્સ અને નિવેદનોએ રાજકીય વર્તુળોમાં નવી ચર્ચા જગાવી છે. વરુણ પટેલે આગામી દિવસોમાં ગુજરાતમાં મોટી સામાજિક અને રાજકીય ક્રાંતિ થવાના સંકેત આપતાં પાટીદાર રાજકારણમાં નવી હલચલ ઊભી કરી છે.

વરુણ પટેલના જણાવ્યા અનુસાર,



આગામી ફેબ્રુઆરી મહિનામાં પાટીદાર સમાજનો વિશાળ કાર્યક્રમ યોજવાની તૈયારી ચાલી રહી છે. આ કાર્યક્રમના ભાગરૂપે રાજ્યભરમાં ઝોનવાઈઝ યાત્રા કાઢવા ઉપરાંત ગામેગામ જાહેર સભાઓ યોજવાનું આયોજન છે. જોકે, આ કાર્યક્રમનો ચોક્કસ એજન્ડા, નેતૃત્વ અને રાજકીય દિશા અંગે હજુ સુધી વિગતવાર સ્પષ્ટતા કરવામાં આવી નથી.

વરુણ પટેલે સોશિયલ મીડિયા પર કોઈનું નામ લીધા વગર આક્રમક અંદાજમાં લખ્યું હતું કે, અભી તો ચિનગારી ભડકાઈ હૈ ઔર ચૂહે તિલમિલાને લગે... અભી તો સિર્ફ શોલા ભડકાયા હૈ, આગે દેખો સૈલાબ હોગા, ઈંકલાબ હોગા, બહુત કુછ બદલને વાલા હૈ. તેમની આ પોસ્ટમાં ઉંદર અને દરવાજા બંધ કરી દેવા જેવા શબ્દપ્રયોગો

(અનુ. ૧૧મા પાને)

જય બજરંગ
ફ્લોર એન્ડ મસાલા મીલ
ચણા તુવેર મગ, અડદની ચોખ્ખી દાળ બનાવી આપશું
માંડવી ફોલી આપશું
સિંદ્યાલુ હીંગ દળી આપશું
સાકર દળી આપશું
93273 08756



કિવઝની વિશેષતાઓ

- જ્ઞાનની નવી જ્યોત — વિકસિત ભારત અને સરકારની લોકાભિમુખ યોજનાઓ સાથે જોડાવાની તક
- કોણ ભાગ લઈ શકે? — શાળાના ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ, કૉલેજના વિદ્યાર્થીઓ તથા રાજ્યના નાગરિકો
- ૩ સ્તરની ક્વિઝ — તાલુકા/મહાનગરપાલિકા, જિલ્લાકક્ષાએ ક્વિઝ અને રાજ્યકક્ષાએ ગ્રાન્ડ ફાઈનલ
- ₹૧૧ કરોડથી વધુના રોકડ પુરસ્કાર — તાલુકા, મહાનગરપાલિકા, જિલ્લા અને રાજ્યકક્ષાએ હજારો વિજેતાઓને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા પુરસ્કાર
- ૮ અઠવાડિયાની ક્વિઝ — દર રવિવારથી શુક્રવાર સવારે ૮ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી
- વિશેષ રાજ્યકક્ષાના પુરસ્કાર — શાળાકક્ષાના પ્રથમ વિજેતા: ₹૧ લાખ; કૉલેજકક્ષાના પ્રથમ વિજેતા: ₹૩ લાખ

તબક્કો-2: 4 અઠવાડિયાં

અઠવાડિયું	ક્વિઝ રમવાનો સમય	વિજેતા જાહેર કરવાની તારીખ
અઠવાડિયું - 5	રવિવાર, 29 નવેમ્બર 2026થી શુક્રવાર, 4 ડિસેમ્બર 2026	શનિવાર, 5 ડિસેમ્બર 2026
અઠવાડિયું - 6	રવિવાર, 6 ડિસેમ્બર 2026થી શુક્રવાર, 11 ડિસેમ્બર 2026	શનિવાર, 12 ડિસેમ્બર 2026
અઠવાડિયું - 7	રવિવાર, 13 ડિસેમ્બર 2026થી શુક્રવાર, 18 ડિસેમ્બર 2026	શનિવાર, 19 ડિસેમ્બર 2026
અઠવાડિયું - 8	રવિવાર, 20 ડિસેમ્બર 2026થી શુક્રવાર, 25 ડિસેમ્બર 2026	શનિવાર, 26 ડિસેમ્બર 2026

ત્યારબાદ, જિલ્લાકક્ષા: સોમવાર, 28 ડિસેમ્બર 2026 – મંગળવાર, 29 ડિસેમ્બર 2026
ગ્રાન્ડ ફાઇનલ - રાજ્યકક્ષા: 1લી/2જી જાન્યુઆરી 2027

ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ ૨૦૨૬
www.G3Q.ai
માટે વેબસાઈટ વિઝિટ કરો

"શિક્ષણ અને સ્પર્ધાનો અદ્ભુત સંગમ એટલે G3Q
ચાલો, જ્ઞાનની આ સફરમાં ઉત્સાહભેર આગળ વધીએ."
હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

તાત્કાલીક મકાન વેચવાનું છે
1 BHK જગ્યા કપ વાર
રેલનગર કો.ઓપરેટિવ હાઉસીંગ સોસાયટી આનંદ વિદ્યાલય પાસે
8866971435

લેથ મશીનના કારીગર જોઈએ છે
અનુભવી (રાજકોટ માટે)
Mo. 97270 23956

ચુ-ફોમ ગાદલા સોફા મટીરીયલ્સ
વ્યાજબી ભાવે છુટક તથા જથ્થાબંધ મળશે
આપની ડીઝાઈન મુજબ સોફાસેટ બનાવી આપીશું
લાલા ફોમ એજન્સી
પ્રજુ આર્કેડ, ૨–ભક્તિનગર સ્ટેશન રોડ, બેંક ઓફ બરોડાની બાજુમાં, રાજકોટ.
સંપર્ક : 98253 60033, 98242 18687

ઉઠમણા - બેસણા માટેના ફોટા
તાત્કાલીક મેળવો
(એકસ્ટ્રા ચાર્જ વગર)
રાજુ ડીજી. સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.

